# સૌ ચાલો ગિરનાર જઈએ...



# શ્રી ગિરનારના પાંચ મુખ્ય ચૈત્યવંદન



તળેટીમાં આદિનાથ
જિનાલયનું પહેલુ ચૈત્યવંદન



જય તળેટીનું
બીજુ ચૈત્યવંદન



મૂળનાયક નેમિનાથદાદાનું ત્રીજુ ચૈત્યવંદન



મુખ્ય જિનાલયની પાછળ આદિનાથ
ભગવાનનું ચોથુ ચૈત્યવંદન




અમીઝરા પાર્શ્વનાથ ભગવાનનું
પાંચમુ ચૈત્યવંદન

સહસાવનથી ઉપર ચડતી વખતે તળેટીમાં આદિનાથ જિનાલય, જયતળેટીનું ચૈત્યવંદન કરીને, દીક્ષા કલ્યાણકની દેરી, કેવળજ્ઞાન કલ્યાણક દેરી તથા સમવસરણ મંદિર એમ ત્રણ ચૈત્યવંદન કરીને પહેલી ટૂંકના ત્રણ ચૈત્યવંદન કરવા.

ગિરનારમંડન શ્રી નેમિનાથાય નમઃ
શ્રીવરદત્ત ગણધરાય નમઃ

# સૌ ચાલો ગિરનાર જઈએ...

## જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયની દૃષ્ટિએ
## સચિત્ર ગિરનાર માહાત્મ્ય



લેખક/સંકલન
શાસનપ્રભાવક
પરમપૂજ્ય પંન્યાસ ચન્દ્રશેખર વિજયજી
ગણિવર્યના તપસ્વી શિષ્યરત્ન
પ.પૂ.આ. ધર્મરક્ષિતસૂરીશ્વરજી મહારાજ સાહેબના
શિષ્ય
પ.પૂ.આ.હેમવલ્લભસૂરિ મહારાજ સાહેબ


પ્રકાશક

**સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધાર સમિતિ**

C/o, ગૌરવશાળી ગિરનાર દર્શન ધર્મશાળા, રૂપાયતન રોડ, શિવ નિકેતનની બાજુમાં,
ભવનાથ તળેટી, જૂનાગઢ-૩૬૨૦૦૧.
**Telephone No.** (૦૨૮૫) ૨૬૫૭૦૯૯ / **M. No. :** ૯૪૦૯૬ ૮૫૯૯૯
**E-mail :** girnarbhakti@gmail.com
**Web :** www.girnardarshan.com



**નેમિપ્રભુ જન્મ દીક્ષા/કલ્યાણક દિન**
**વિ. સં. ૨૦૭૯, શ્રાવણ સુદ-૫/૬**
**સાતમી આવૃત્તિ - ૩૦૦૦ નકલ**
**કિંમત : ૧૦૦ રૂપિયા**

**પ્રાપ્તિસ્થાન**

**ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા**
**રૂપાયતન રોડ, મીનરાજ સ્કૂલની સામે,**
**ભવનાથ તળેટી, જૂનાગઢ-૩૬૨ ૦૦૧.**
**મો. ૯૪૦૯૬ ૮૫૯૯૯**

**ભગીરથભાઈ**
**આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૭.**
**મો. ૯૮૨૫૨ ૮૮૯૯૧**

**અર્હમ્ ક્રિએશન**
**પાલ, સુરત-૩૯૫ ૦૦૯.**
**મો. ૯૯૨૪૭ ૨૨૩૨૨**

**નવભારત સાહિત્ય મંદિર**
**ગાંધી રોડ, અમદાવાદ.**
**મહેન્દ્રભાઈ મો. ૯૮૨૫૦ ૪૭૮૪૧**

**જૈનદર્શન પ્રકાશન મંદિર**
**ધરણીધર રોડ, અમદાવાદ.**
**હેમંતભાઈ ગાંધી મો. ૯૪૨૬૩ ૦૨૫૬૮**

**સાગરભાઈ (પરેલ, મુંબઈ)**
મો. ૯૬૯૯૨ ૧૦૯૭૯

**કીર્તિભાઈ ધરોડ**
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
મો. ૯૮૨૦૭ ૬૫૦૯૭


**મનોજભાઈ બી. મહેતા**
ભૂલેશ્વર + મલાડ (વેસ્ટ) મુંબઈ.
મો. ૯૯૬૯૨ ૮૭૯૬૬

**કેયૂરભાઈ શેઠ**
નિઝામપુરા, વડોદરા.
મો. ૭૨૮૫૦ ૦૫૧૫૨

**જયેશભાઈ**
હજૂર પાયગા રોડ, ભાવનગર.
મો. ૮૮૬૬૧ ૪૫૧૯૯ / ૯૪૨૭૧ ૪૫૧૯૯

**ભાવેશભાઈ**
મહેતા ડેરી, પાલિતાણા.
મો. ૯૯૭૯૦ ૫૧૪૦૦ / ૬૩૫૧૫ ૨૦૪૬૦

**On Line**
R. K. Group
No. ૧/૧, 3rd Floor,
1st Cross Vinayaka Towers,
Gandhinagar, Bangalore - ૫૬૦ ૦૦૯.
મો. ૭૨૫૯૩ ૮૪૧૩૬





**પ્રશાંતમૂર્તિ**
**સુવિશાલ ગચ્છાધિપતિશ્રી**
**પરમ પૂજ્ય આચાર્ય**

# શ્રીમદ્વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજાના

**કરકમલમાં....**





યુગપ્રધાન આચાર્યસમ પરમ પૂજ્ય
પંન્યાસ ચન્દ્રશેખર વિજયજી ગણિવર્યના શિષ્યરત્ન
ગિરનાર તીર્થોપદેશક
પરમ પૂજ્ય

# આચાર્ય ધર્મરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની

પુણ્યસ્મૃતિ સ્વરૂપે સાદર અર્પણ....





## પ્રાક્ કથન (પ્રથમ આવૃત્તિ અવસરે)


ચૌદ રાજલોકમાં લોકોત્તર એવા જિનશાસનમાં ત્રણેય ભુવનમાં સર્વોત્કૃષ્ટ તીર્થ તરીકે શત્રુંજય અને ગિરનાર મહાતીર્થની ગણના કરવામાં આવે છે.

વર્તમાન ચતુર્વિધ સંઘમાં તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિ મહાતીર્થનો મહિમા સુપ્રસિદ્ધ છે, જ્યારે તેવા જ મહામહિમાવંત- મહાપ્રભાવક શ્રી ગિરનાર મહાતીર્થના માહાત્મ્યથી સકળ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ લગભગ અજ્ઞાત છે, જેના કારણે છેલ્લાં કેટલાંય વર્ષોથી જાણ્યે-અજાણ્યે પણ આ મહાતીર્થની ઉપેક્ષા સેવાતી હોવાનું સ્પષ્ટ જણાય છે.

આજે જગપ્રસિદ્ધ એવા શત્રુંજય ગિરિરાજની યાત્રા કરવા દર વર્ષે લાખો જૈન શ્વેતામ્બર ભાવુક વર્ગ જાય છે, જ્યારે તેવા જ જગપ્રસિદ્ધ શ્રી રૈવતગિરિરાજ (ગિરનાર) મહાતીર્થની યાત્રા કરવા દર વર્ષે મુશ્કેલીથી ૫૦ હજાર જૈન શ્વેતામ્બર ભાવુકજનો જાય છે. ભારતભરના વિવિધ ધર્મ-સંપ્રદાયમાં સૌ-સૌના ધર્મગ્રન્થોમાં અનેક પ્રકારે ગિરનાર મહાતીર્થનો મહિમા ગાવામાં આવ્યો છે. આજે હિન્દુ સમાજમાં વૈષ્ણવ, બ્રાહ્મણ, શિવભક્ત, રામભક્ત, દત્તભક્ત, અંબાભક્ત, બૌદ્ધમત આદિ તથા જૈન શાસનમાં દિગમ્બર અને શ્વેતામ્બર સંપ્રદાય ધર્મના અનેક ભક્તજનોની આસ્થાનું પ્રતિક આ ગિરનાર ગિરિવર બનેલ છે.

વિવિધ ધર્મ-સંપ્રદાયના ગિરનાર અંગેના વિવિધ માહાત્મ્યને કારણે પૂર્વકાળથી કેટલાક સ્થાનના હક્ક અને કબ્જાની બાબતમાં અનેકવિધ વાદ-વિવાદોના વાયુવંટોળના ધસમસતા વાવાઝોડાની વચ્ચે ઝીંક લેતો ગઢ ગિરનાર આજે પણ અડોલ ઊભો રહી લાખો શ્રદ્ધાવંત ભક્તજનોની શાંતિ અને સમાધિનું ધામ બનેલ છે.

મારા ભવોદધિતારક ગુરૂદેવશ્રી પ.પૂ. પં. ચન્દ્રશેખર વિજયજી મહારાજ સાહેબની ભાવનાનુસાર સહસાવન તીર્થોદ્ધારક, સાધિક ૩,૦૦૦ ઉપવાસ અને ૧૧,૫૦૦ આયંબિલના ઘોર તપસ્વી સ્વ. પૂજ્યપાદ આચાર્ય હિમાંશુસૂરીશ્વરજી મહારાજ સાહેબની જીવનસંધ્યાના ૧૩-૧૩ વર્ષ સુધી તેમના શીતળ સાનિધ્યમાં રહેવાનું સૌભાગ્ય પામ્યો છું.





શ્રી શત્રુંજય અને ગિરનાર મહાતીર્થના પરમોપાસક, અવિહડ શાસનરાગ ધરાવતા પૂજ્યપાદશ્રીની શાસનના વિવિધ અંગોના પ્રશ્નો અંગેની વેદનાઓને ખૂબ નિકટથી નિહાળી છે. જેમાં છેલ્લાં કેટલાંય વર્ષોથી જૈન શ્વેતામ્બર સમાજ દ્વારા આ ગિરનાર મહાતીર્થની થતી ઉપેક્ષાથી તેઓશ્રી અત્યંત વ્યથિત હતા. તેથી જીવનના છેલ્લા દિવસોમાં પણ સમસ્ત જૈન શ્વેતામ્બર ભવ્યજીવો ગિરનારના મહિમાને જાણે અને યોગ્ય ન્યાય આપે, તે માટે કોઈ સાહિત્યની રચના થાય, તેવી ભાવના મારી પાસે પ્રગટ કરી, તે જ દિવસે તેઓશ્રીના આશિષ લઈ ગિરનાર મહાતીર્થ વિશે એક દળદાર ગ્રંથના પ્રકાશનના સંકલ્પપૂર્વક લેખનકાર્ય શરૂ કર્યું.


આજપર્યંત અનેક પુસ્તકાદિના અભ્યાસથી એકઠી થયેલ માહિતીને ગૂંથવાનું કાર્ય ચાલુ જ હતું, તેવામાં ગિરનારની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને હાલ તાત્કાલિક સંક્ષિપ્તમાં પણ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયની દષ્ટિએ ગિરનારના માહાત્મ્યને વર્ણવતી એક પુસ્તિકા લખાય તેવું અનેક પૂજ્યોનું સૂચન અને શ્રાવક વર્ગની માંગણી આવી.

વિવિધ ગ્રંથના વાંચન દ્વારા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયની દષ્ટિએ ગિરનાર મહાતીર્થની જે જે મહત્ત્વની માહિતી પ્રાપ્ત થઈ, તેના આધારે આ તીર્થના મહાપ્રભાવને લોકભોગ્ય ભાષામાં સંક્ષિપ્તમાં વર્ણવવાનો અલ્પ પ્રયાસ કરેલ છે. વાચકવર્ગના ગિરનાર મહાતીર્થયાત્રા કરવાના ઉલ્લાસમાં આ પુસ્તક વિશેષ વૃદ્ધિકારક બને અને સૌના હૈયામાં તીર્થભક્તિની ભાવધારામાં વધારો કરવામાં સહાયક બને, એ જ અભિલાષા.

પ્રાન્તે આ પુસ્તિકાના લેખન દરમ્યાન સહાયક બનેલ અનેક ગ્રંથાદિના લેખક-પ્રકાશકાદિનો હું અત્યંત ઋણી છું. જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈ લખાઈ ગયું હોય તો ત્રિવિધ - ત્રિવિધ ક્ષમા યાચું છું. આ પુસ્તિકાના વાંચન દ્વારા અનંતા તીર્થંકરોની સિદ્ધભૂમિની આરાધના દ્વારા આપ સૌ પણ સિદ્ધપદને પામો, એ જ મંગલકામના સાથે વિરમું છું.

**લિ. ભવોદધિતારક ગુરૂપાદપદ્મરેણુ**
**મુનિ હેમવલ્લભવિજય**

શ્રી નેમિનાથ દીક્ષા કલ્યાણકદિન
શ્રાવણ સુદ-૬, સં. ૨૦૬૫.
ગિરનાર તળેટી.





## સપ્તમ આવૃત્તિ અવસરે...


**હેમવલ્લભવિજય**

વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર નેમિનાથ પરમાત્મા સહિત અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણકથી પાવન થયેલ તીર્થ એટલે ગિરનાર !

છેલ્લા કેટલાય વર્ષોથી ગિરનાર મહાતીર્થના માહાત્મ્યથી બહુધા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સમાજ અજ્ઞાત હતો. જેના શ્વાસોશ્વાસમાં ગિરનાર અને નેમિનાથ ગુંજતા હતા તેવા તપસ્વી સમ્રાટ પરમ પૂજ્ય આચાર્ય હિમાંશુસૂરીશ્વરજી મહારાજાએ પોતાની જીવનસંધ્યાના અંતિમ તબક્કે ગિરનારના માહાત્મ્યના વર્ણન સભર એક પુસ્તક તૈયાર કરવા માટે મને પ્રેરણા કરી હતી. તેઓશ્રીના સ્વર્ગાગમનના ત્રણ દિવસ પૂર્વે આ પુસ્તક લેખનના બીજ વવાયા (વિ.સં. ૨૦૫૯) હતા. અનેક ગ્રંથાદિના અભ્યાસ બાદ વિ.સં. ૨૦૬૫ના નૂતનવર્ષની મંગલપ્રભાતે "સૌ ચાલો ગિરનાર જઈએ..." પુસ્તકનું સૌપ્રથમ પ્રકાશન થયું હતું.

ગિરનાર માહાત્મ્યની અવનવી વાતો ચતુર્વિધ સંઘમાં જન જન અને સૌના મન મન સુધી પહોંચવા લાગી. આબાલવૃદ્ધ સૌ ગિરનાર - નેમિનાથ પ્રભુની પ્રીતમાં પાગલ બની ભાવોલ્લાસપૂર્વક તેની ભક્તિમાં જોડાવા લાગ્યા. લગભગ ૧૪ વર્ષના ગાળા દરમ્યાન એક... બે ત્રણ... ચાર... પાંચ... અને છ-છ આવૃત્તિઓ બહાર પડી ત્યારે લગભગ સાધિક ૫૦,૦૦૦ નકલોનું વિતરણ થયું હતું.

ગિરનાર મહાતીર્થની ગોદમાં સામૂહિક ચાતુર્માસ - નવ્વાણુ યાત્રા, શાશ્વતી ઓળી, ઉપધાન તપ આદિ અનુષ્ઠાનોના આયોજનો થવા લાગ્યા અને ચતુર્વિધ સંઘના પ્રયાસ - પુરુષાર્થ અને પુણ્યપ્રભાવે વિશ્વ માત્રના જૈન શ્વેતામ્બર સમાજના ઘર - ઘરમાં અને ઘટ ઘટમાં "જય જય ગરવો ગિરનાર..." નો નાદ ગુંજવા લાગ્યો. -



વર્ષો વર્ષના અભ્યાસ દરમ્યાન પ્રાપ્ત થયેલ ગિરનારના ઈતિહાસની અવનવી વાતોને સૌ જાણે અને માણે તેવા શુભાશયથી "સૌ ચાલો ગિરનાર જઈએ..."ની આ સપ્તમ આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે.

આ પુસ્તક તૈયાર કરવામાં ઉપયોગી બનેલ ગ્રંથોના ગ્રંથકારો, પ્રકાશકો અને મારા સુધી તે ગ્રંથો પહોંચાડવામાં નિમિત્તભૂત બનેલ પુણ્યાત્માઓ, અવસરે અવસરે સહાયક બનેલ ચતુર્વિધ સંઘ તથા લોકસાહિત્યક્ષેત્રે અનેકવિધ પુરસ્કાર અને એવોર્ડ વિજેતા શ્રી લક્ષ્મણભાઈ પિંગળશીભાઈ ગઢવીએ અમૂલ્ય સમય ફાળવી આ પુસ્તકની પ્રસ્તાવના લખી મોકલાવી તે બદલ તેઓશ્રીનો પણ હું ઋણી રહીશ.

પ્રાન્તે આ પુસ્તકને ખૂબ ટૂંકા સમયમાં તૈયાર કરાવી આપનાર **નીરવભાઈ (નીરવ પ્રકાશન)** તથા આ લેખન કાર્ય માટે બધી અનુકૂળતા કરી આપનાર, મારી સહાયમાં હરપળ ખડે પગે તત્પર રહેતા મારા શિષ્ય વર્ગના ઉપકારોને તો કેમ વિસરાય ?

મહામહિમાવંત આ ગિરનાર મહાતીર્થના માહાત્મ્યને વાંચી આ મહાતીર્થની સાધના - આરાધના અને ઉપાસનાના આલંબને અનંતા તીર્થંકરોના કલ્યાણકોની ઊર્જાભૂમિના સહારે વાચક વર્ગ આત્મસ્વરૂપનું આસ્વાદ કરે એ જ મંગલ કામના.

આ પુસ્તકમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ લખાયું હોય તો મન-વચન-કાયાએ કરી ત્રિવિધે ત્રિવિધ ક્ષમા યાચી વિરમું છું.

**- હેમવલ્લભવિજય**

વર્ધમાનતીર્થ વઢવાણ (સીટી)
ભાદરવા વદ - ૩
વિક્રમ સંવત - ૨૦૭૯

# ગિરનારની પ્રભુતા

મહાકવિ માઘે એક શ્લોકમાં ગિરનાર ક્ષેત્ર માટે કહ્યું છે કે, "હજાર મસ્તકોથી આકાશને ઘેરી ઊભેલો, હજાર પગલાંથી પૃથ્વીને ઘેરીને રહેલો, સૂર્ય - ચંદ્ર જેનાં નેત્રો છે, જેનાં ગર્ભમાં હિરણ્ય છે, એ ગિરનાર હિરણ્ય ગર્ભ બ્રહ્મ જેવો છે." ગિરનાર એ પુરાણ - પુરાતન પ્રસિદ્ધ પર્વત છે, તે સિદ્ધક્ષેત્ર છે, દિવ્ય ચેતનાથી ભરપૂર છે. જીવંત સ્વરૂપે બાહ્ય અને આંતરિક વ્યાપી રહેલ છે. અસંખ્ય મહાત્માઓનો ધબકતો આત્મા છે. દૈવી શક્તિનું સૂક્ષ્મ પડ આ પર્વતમાં વીંટળાઈ રહેલું છે, જે જોઈ શકાતું નથી, દેખાતા જગતની અંદર અનેક સૂક્ષ્મ જગત સૂક્ષ્મ રીતે વિદ્યમાન છે. દૈવીતત્ત્વ આકાશની જેમ, હવાની જેમ અરૂપ છે, તેથી તેને જોઈ શકાતું નથી. પ્રયાસ કરવાથી અનુભવી શકાય છે, તે માટે જ્ઞાન અને શ્રદ્ધા જરૂરી છે. સિદ્ધો, સંન્યાસી, આચાર્યો, મહંતો, સંતોનું એ આરાધનાનું ગુપ્ત મુખ્ય સ્થાન છે. ગિરનાર નેમિનાથજીનું તીર્થધામ છે. જૈન મત માટે મોટું, દિવ્ય અને અગત્યનું કેન્દ્ર છે. ગિરનાર પોતાના પેટાળમાં મહાન, વિશાળ ઈતિહાસ સાચવી બેઠો છે. સંસારી વૃત્તિવાળા લોકો ગિરનારને એક દૃષ્ટિથી જોવે છે અને સાધુ, સંતો, આચાર્યો ગિરનારને બીજી દૃષ્ટિથી જોવે છે. બીજી દષ્ટિથી જોવા માટે આપણે પ. પૂ. આ. શ્રી હેમવલ્લભસૂરિ મહારાજ સાહેબ લિખિત "સૌ ચાલો ગિરનાર જઈએ" ગ્રંથ જે જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયની દૃષ્ટિએ "સચિત્ર ગિરનાર માહાત્મ્ય"નો મહામૂલો ગ્રંથ કે જે **Reference Book** નહીં પણ **Reference Bank** છે. જે જૈન સાહિત્યમાં મોટી વૈશ્વિક કક્ષાની ઉપલબ્ધિ છે. આ સાતમી આવૃત્તિ ૩૦૦૦ નકલ સાથે અવતિરત થાય છે, જે પુસ્તક વિદ્વાનો અને અભ્યાસીઓને સ્ફોટક અસર ઊભી કરે છે. ૩૦ સંદર્ભ ગ્રંથો, ૨૫ અનુક્રમ, ૬ વિશેષ માહિતી, અર્વાચીન ઉદ્ધારકો, ગિરનારજી મહાતીર્થના મહાકલ્યાણકારી ૧૦૮ નામ જેવી પ્રાણવાન વિવિધ વાંચન સામગ્રી અવનવી છટાથી ચિત્રિત કર્યાં છે. ગ્રંથનું શીર્ષક આજ્ઞાવાચક છે. ગ્રંથ સર્જક પ્રભાવશાળી સમર્થ સર્જક છે. પ્રાચીન ઋષિઓ જેવું વ્યક્તિત્વ ધરાવે છે. ગ્રંથ સર્જક સૌ યાત્રિકોની સાથે ભોમીયા બનીને ઉત્સાહપૂર્વક ગિરનાર દર્શન કરવા પ્રેરે છે. જે ગ્રંથની યથાર્થતા અને ફળશ્રુતિ છે. એક ભવમાં આપણે ગિરનારનું અલૌકિક દર્શન પામી શકીએ તેમ નથી, જે પ. પૂ. આ. શ્રી હેમવલ્લભસૂરિ મહારાજ સાહેબની કૃપાથી ગિરનારના નવોન્મુષિત અને નવપલ્લવિતના દર્શન થાય છે. મહારાજ સાહેબની સર્જન માત્ર એક પવિત્ર પ્રક્રિયા છે. જેને કારણે

ન્યાયોચિત અભિવ્યક્તિ અને પરમોજ્જવળ ચિત્રની અપૂર્વ છબી પુસ્તકમાં નિર્માણ થાય છે. ભાષા અભિવ્યક્તિ સુપેરે અનુભવાય છે. ગદ્યની રમણીયતા અને પ્રવાહિતા હૃદયસ્થ થાય છે. જૈન સાહિત્યની મહત્ત્વની વિષય સામગ્રીને એક જ ગ્રંથમાં સંગ્રહી લેવાનો ભગીરથ પ્રયત્ન ગ્રંથમાં થયો છે. જેને કારણે જૈન સાહિત્યની પ્રાચીનતાના નિરૂપણમાં પ્રવિશિષ્ટતાનું સાદ્યંત નિર્વહણ થયું છે. તે પરિપૂર્ણતા મહત્ત્વની છે. જેણે જૈન શ્વેતામ્બર સંદર્ભે ગિરનારનું બાહ્ય વિશ્વ કેવું છે, તે જાણવું હોય તો આ ગ્રંથ અભ્યાસવો જ રહ્યો. સર્જકની સાંસ્કૃતિક, સાહિત્યિક, ઐતિહાસિક અને સામાજિક અભિરુચિથી મહત્ત્વની કહેવાય એવી વિશ્વાસપાત્ર સામગ્રી ઉપલબ્ધ થઈ છે, જે બહુ ઉપયોગી છે. જેણે ગુજરાતી સાહિત્યના સંશોધનમાં ગૌરવમાં યશકલગી ઉમેરી છે. કેટલાંક સ્થળો વિશે મતમતાંતરો છે, તેમાં તે સૌએ સૂઝ - બૂઝપૂર્વક પોતાની રીતે સ્વતંત્ર ઉકેલવાના છે.

ત્યાગ વિના તત્ત્વ સત્ત્વ સાંપડે નહીં. આજીવન આયંબિલના અભિગ્રહધારી તથા અખંડ ૯૫૦૦ ઉપરાંત આયંબિલના તપસ્વી, આચાર્ય મહારાજ સાહેબે ૩૫૦૦ થી અધિક ગિરનારની યાત્રા કરેલ છે. ગિરનારની પહેલી ટૂંકના ૧૪ જિનાલયોના જીર્ણોદ્ધારના કાર્યો કર્યા છે. વર્તમાનમાં વાર્ષિક ૪ લાખથી વધુ યાત્રિકોને ગિરનારની યાત્રા કરતા કર્યા છે. ગિરનાર વિષયક સમૃદ્ધ ગ્રંથાલય સ્થાપેલ છે. ગિરનાર વિષયવસ્તુના પ્રસારને પ્રચારમાં, લેખનમાં મૂલ્યવાન યોગદાન આપ્યું છે. તેઓના સમાજોપયોગી કાર્યો ભવનાથમાં અવિરતપણે ચાલુ છે.

વિદ્યમાન જગતમાં અમુક તપસ્વીઓ અવતરતા રહે છે. જેના સ્વભાવમાં શ્રેષ્ઠતા અને સાર્થકતા સમાયેલી હોય છે. પ. પૂ. આ. શ્રીહેમવલ્લભસૂરિ મહારાજ સાહેબ એનું સર્વોત્તમ ઉદાહરણ છે. તપશ્ચર્યાની પરાકાષ્ઠાએ પહોંચેલા એવા મૂઠી ઊંચેરા જૈન આચાર્ય છે. હૃદયમાં એમની કાળજી, ચીવટતા, કુશળ વ્યવસ્થાપનતા, દીર્ઘદ્રષ્ટિપણું, વ્યવહાર, ઔદાર્યતા, માર્ગદર્શકતા, ભગવદ્ પરાયણતા, પ્રેમાદરતા, સુલેખકપણું, વિદ્યાસાધક, સંશોધક, તેજસ્વી વાંચકતા, સમયદાનતા, પ્રેમાળતા, સેવાભક્તિ તથા ગુરુભક્તિ વગેરે સદ્ગુણોની સંપદા તેઓશ્રીને યુગપુરુષ તરીકે સન્માને છે.

જે રીતે હેમચંદ્રાચાર્યજીની પ્રેરણાએ સિદ્ધરાજને ગિરનાર ઉપર નેમિનાથજીની આરાધના કરાવી હતી. સ્વામી વિવેકાનંદજી ગિરનાર ઉપર ૩૧૦૦ ફૂટ ઊંચે ૧૪ જેટલાં જૈન મંદિરોની કામગીરી નિહાળી ત્યાં જ થંભી ગયા હતા, તેમ **"ચાલો ગિરનાર જઈએ"** ગ્રંથ ગિરનાર વિષયક સચોટ તલસ્પર્શી અભ્યાસ



અને અધ્યયન દ્વારા ગિરનારનો સાક્ષાત્કાર કરાવે છે. ગિરનારની આત્મીય સફર કરાવે છે. આવા ઉત્કૃષ્ટ ગ્રંથને ઝાઝેરા આદરમાન સાથે વધામણાંથી વધાવીએ. પ.પૂ. આ. શ્રીહેમવલ્લભસૂરિ મહારાજ સાહેબે ગિરનારની પવિત્રતાના તેજ વર્ષોથી ઝીલ્યા છે અને આ ગ્રંથ દ્વારા અન્યોને ઝીલાવ્યાં છે. એમની કલમપ્રસાદી દિવ્યતાસભર છે, તેને કારણે ગ્રંથ અનેરું અને અદમ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ગ્રંથ સર્જકશ્રીના પ્રામાણિક પુરુષાર્થ, તપશ્ચર્યા, વિદ્વત્તા, સાધુતા, સર્જનશીલતા, ગિરનારી ભેખને સાધુવાદને સાદર વંદન કરીને વિરમું છું...

તા. ૧૯-૦૯-૨૦૨૩
ગણેશ ચતુર્થી, સંવત્સરી


સરસ્વતી બંગ્લોઝ, ૯-A, પટેલ કોલોની,
રોડ - ૪, કવિશ્રી પિંગળશીભાઈ ગઢવી માર્ગ,
જામનગર - ૩૬૧૦૦૮.


**- લક્ષ્મણ પિંગળશીભાઇ ગઢવી**
મો. નં. : ૯૯૨૫૦ ૫૭૮૫૬
૯૪૨૭૪ ૧૧૦૧૯


## લક્ષ્મણભાઈનો પરિચય

લક્ષ્મણભાઈ લોકસાહિત્ય, ચારણી સાહિત્ય, લોક સંસ્કૃતિ અને લોકકલાના પરંપરાગત અને પુરાતન વારસાના વારસદાર છે. તેઓના સર્જનમાં ઊડીને આંખે વળગે તેવો સૌરાષ્ટ્ર પ્રદેશનો સર્વાંગી પરિચયાત્મક શ્રેષ્ઠ ગ્રંથ “સૌરાષ્ટ્ર : સત્યમ્, શિવમ્, સુંદર” છે, તો લોક ગરબા ગીત સંગીત - રાસ - નૃત્ય વગેરે ૧૪ સ્પર્ધાઓ અંગેની એ ટુ ઝેડ વિગતો, માહિતી અને જાણકારીના ખજાના સભર એક માત્ર સર્વ પ્રથમ ગ્રંથ “સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ” છે.

### પુરસ્કાર / એવોર્ડ વિજેતા

(૧) ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય સુવર્ણ ચંદ્રક
(૨) લોકવિદ્યા પારિતોષિક
(૩) લોકસાહિત્ય જુનિયર ફેલોશિપ
(૪) લોકસાહિત્ય પારિતોષિક
(૫) લોકકલા ગૌરવ પુરસ્કાર
(૬) કવિશ્રી કાગબાપુ લોકસાહિત્ય એવોર્ડ
(૭) મેયર એવોર્ડ (જામનગર) એવોર્ડ સ્મરણિકા



# સંદર્ભસૂચિ


૧. પ્રભાવક ચરિત્ર
૨. પ્રબંધ ચિંતામણી
૩. સમ્યક્ત્વ સપ્તતિકા
૪. રૈવતક ઉદ્ધાર પ્રબંધ
૫. પ્રબંધ કોશ
૬. ચતુર્વિંશતિ પ્રબંધ
૭. કુમારપાળ પ્રબંધ
૮. કુમારપાલ પ્રતિબોધ
૯. વસ્તુપાલ ચરિત
૧૦. રૈવતગિરિકલ્પ સંક્ષેપ
૧૧. રૈવતગિરિકલ્પ
૧૨. ઉજ્જયન્ત સ્તવ
૧૩. ઉજ્જયન્ત મહાતીર્થકલ્પ
૧૪. ગિરનારકલ્પ
૧૫. શ્રી ગિરનારમહાતીર્થકલ્પ
૧૬. તીર્થમાળા સંગ્રહ
૧૭. સુકૃતસાગર
૧૮. રૈવતગિરિ રાસુ
૧૯. રૈવતગિરિ સ્પર્શના
૨૦. શત્રુંજય માહાત્મ્ય
૨૧. ગરવી ગાથા ગિરનારની
૨૨. આવશ્યક નિર્યુક્તિ
૨૩. જૈન પરંપરાનો ઈતિહાસ
૨૪. ઐતિહાસિક રાસસંગ્રહ
૨૫. તીર્થોદ્ધારક આચાર્ય
૨૬. શાસનસમ્રાટ
૨૭. ૨૦મી સદીની વિરલ વિભૂતિ
૨૮. ઉજ્જયંતગિરિનાં જિનાલયો
૨૯. ઉપદેશ સપ્તતિ
૩૦. ઉપદેશ તરંગિણી



# અનુક્રમ


| | | |
|---|---|---|
| ❖ | શ્રી નેમિપ્રભુના મુખેથી ગિરનાર મહાતીર્થનું માહાત્મ્ય | xiv |
| ❖ | પ્રભુ મહાવીર દ્વારા શ્રી ગિરનાર મહાતીર્થનું માહાત્મ્ય | xvi |
| ❖ | સૌ ચાલો ગિરનાર જઈએ... | xviii |
| ❖ | શ્રી ગિરનાર મહાતીર્થ સ્તુતિ | xix |
| ❖ | શ્રી ગિરનાર વંદનાવલી | xx |
| ❖ | ગિરનાર મહાતીર્થના ખમાસમણાના દુહા | xxii |
| ❖ | ગિરનારના આરતી-મંગળદીવો | xxiv |
| ૧. | ગિરનારનો મહિમા ન્યારો, એનો ગાતાં નાવે આરો... | ૧ |
| ૨. | શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાનો ઈતિહાસ | ૯ |
| ૩. | શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાનું પુનઃપ્રાગટ્ય અને રત્નસાર શ્રાવક | ૧૬ |
| ૪. | વર્તમાન શ્રી નેમિનાથ જિનાલયનો ઈતિહાસ | ૨૪ |
| ૫. | ગોમેધ યક્ષ | ૩૨ |
| ૬. | શ્રી નેમિનાથ પરમાત્માના શાસન અધિષ્ઠાયિકા અંબિકાદેવીની ઉત્પત્તિ | ૩૬ |
| ૭. | ગુણવંતો ગજપદકુંડ | ૪૭ |
| ૮. | સિદ્ધિદાયક રૈવતગિરિ | ૫૩ |
| ૯. | રાજર્ષિ ભીમસેન | ૫૬ |
| ૧૦. | વશિષ્ટ મુનિ | ૬૭ |
| ૧૧. | અશોકચન્દ્ર | ૭૧ |
| ૧૨. | સૌભાગ્યમંજરી | ૭૫ |
| ૧૩. | ગિરનાર મહાતીર્થના અધિષ્ઠાયક દેવો | ૭૯ |
| ૧૪. | વિચક્ષણ વસ્તુપાળ | ૮૨ |
| ૧૫. | તીર્થભક્તિ | ૯૧ |
| ૧૬. | સત્યમેવ જયતે | ૧૦૧ |
| ૧૭. | મંત્રનો પ્રભાવ | ૧૦૬ |















| | | |
|---|---|---|
| ૧૮. | અન્ય સ્થાને રહી ધ્યાવે રૈવતગિરિ... પામે કેવળજ્ઞાન... | ૧૧૨ |
| ૧૯. | પરમાત્માની પ્રતિમાનો પ્રભાવ | ૧૧૬ |
| ૨૦. | તીર્થભક્તિનો પ્રભાવ | ૧૨૨ |
| ૨૧. | તીર્થરક્ષાનો તેજ સિતારો | ૧૨૪ |
| ૨૨. | ગજપદ કુંડની ઉત્પત્તિ | ૧૩૨ |
| ૨૩. | અનાર્યમાં આર્યતાનો પ્રકાશ નેબુચંદ નેઝર | ૧૩૪ |
| ૨૪. | ગિરનારની છત્રછાયામાં અનશન આચાર્ય માનદેવસૂરિ (પહેલા) | ૧૩૬ |
| ૨૫. | પ્રભુ સીમંધરદત્ત સૂરિમંત્ર આચાર્ય માનદેવસૂરિ (બીજા) | ૧૪૦ |
| ૨૬. | ગુરુવચને ગિરનારભક્તિ નાગાર્જુન | ૧૪૩ |
| ૨૭. | જબ પ્રાણ તન સે નીકલે... વાદિવેતાલ આચાર્ય શાંતિસૂરિ મહારાજ સાહેબ | ૧૪૬ |
| ૨૮. | ઔદાર્યભાવનો ઉજાસ ભીમો સાથરીયો (વંથલી) | ૧૫૧ |
| ૨૯. | સાધુવેશનો પ્રભાવ ઉદયનમંત્રીનો નિર્યામક ભીમો ભરવાડ | ૧૫૪ |
| ૩૦. | શાસનદેવીની સહાય આચાર્ય હેમચન્દ્રસૂરિ વગેરે ત્રણ મહાત્મા | ૧૫૭ |
| ૩૧. | સિદ્ધચક્રમંત્ર સાધના આચાર્ય હેમચન્દ્રસૂરિ આદિ ત્રણ આચાર્ય ભગવંત | ૧૬૦ |
| ૩૨. | સુવર્ણથી મઢેલ શિખરો આચાર્ય રત્નસિંહસૂરિ | ૧૬૪ |
| ૩૩. | ગિરનારની ગૌરવ યાત્રા | ૧૬૮ |
| ૨૪. | શ્રી ગિરનાર ગિરિરાજનાં ગૌરવવંતા જિનાલયો વગેરે | ૧૭૧ |
| ૨૫. | ગિરનારની અજબ-ગજબની વાતો | ૧૯૮ |
| ❖ | શ્રી ગિરનાર મહાતીર્થના ચોથા આરામાં થયેલા ઉદ્ધારો | ૨૦૬ |
| ❖ | શ્રી ગિરનાર મહાતીર્થના પાંચમા આરામાં થયેલા ઉદ્ધારો | ૨૦૮ |
| ❖ | શ્રી ગિરનારના અર્વાચીન ઉદ્ધારો | ૨૧૧ |
| ❖ | ગિરનાર જિનવર જુહારીએ... | ૨૨૬ |
| ❖ | શ્રી ગિરનારજી મહાતીર્થનાં મહાકલ્યાણકારી ૧૦૮ નામ | ૨૩૫ |
| ❖ | ગિરનારતપ આરાધના | ૨૩૭ |
| ❖ | અમાસના દિવસે કલ્યાણકારી કલ્યાણકભૂમિની સ્પર્શના | ૨૩૯ |
| ❖ | શ્રી ગિરનાર મહાતીર્થની ૯૯ યાત્રાની વિધિ | ૨૪૧ |
| ❖ | સજ્જન ! સાદ સૂણજો... | ૨૪૪ |
| ❖ | ગિરનાર વિષયક નવા પ્રકાશનો | ૨૪૫ |










# શ્રી નેમિપ્રભુના શ્રીમુખેથી ગિરનાર મહાતીર્થનું માહાત્મ્ય
## (શત્રુંજય માહાત્મ્ય-સર્ગ ૧૩, ગાથા ૨૫ થી ૫૦)

રૈવતાચલગિરિ પુંડરીક ગિરિરાજનું સુવર્ણમય મુખ્ય શિખર છે. મંદાર અને કલ્પવૃક્ષો વગેરે ઉત્તમ વૃક્ષોથી વીંટાઈને રહેલું છે. તે મહાતીર્થ ઝરતા ઝરણાઓથી હંમેશાં પ્રાણીઓનાં પાતકને ધોઈ નાંખે છે અને સ્પર્શથી પણ હિંસાના પાપને ટાળે છે. આ ગિરિરાજ પુણ્યનો રાશિ અને પૃથ્વીના તિલક જેવો છે. વળી, સર્વજ્ઞ ભગવાનનાં ચરણથી પવિત્ર થવાના યોગે ત્રણ લોકના આભૂષણરૂપે શોભે છે. સર્વ તીર્થોમાં ઉત્તમ અને સર્વ તીર્થની યાત્રા ફળને આપનાર આ ગિરિરાજ દર્શન અને સ્પર્શનમાત્રથી સર્વ પાપોને હણે છે. જલ તથા ફલ સહિત અને ભદ્રશાળાદિ વનથી વિંટાયેલો આ રમણીય રૈવતગિરિ ઈન્દ્રોનો એક ક્રીડાપર્વત છે. જ્યાં સુધી રૈવતાચલે જવાય નહિ, ત્યાં સુધી જ સર્વ પાપ, ત્યાં સુધી જ સર્વ દુઃખ અને ત્યાં સુધી જ સંસારમાં વાસ છે. આ ગિરિરાજ પર આવીને જેઓ પોતાના ન્યાયોપાર્જિત ધનનો સુપાત્રમાં સદ્વ્યય કરે છે, તેઓને ભવોભવ સર્વ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે. ભવ્ય પ્રાણીઓમાં ઉત્તમ એવો જે કોઈ પ્રાણી આ તીર્થમાં માત્ર એક દિવસ પણ શીલ ધારણ કરે છે, તે હંમેશાં સુર, અસુર, નર અને નારીઓથી સેવવા યોગ્ય થાય છે. વળી જે વિવેકી પુરુષ અહીં દશ પ્રકારના પ્રત્યાખ્યાન (તપ) કરે છે, તેને અનુક્રમે દશ પ્રકારના સ્વર્ગસુખ મળે છે. આ તીર્થમાં જેઓ ચતુર્થ, છટ્ઠ અને અટ્ઠમ આદિ તપ કરે છે, તેઓ સર્વ સુખને ભોગવી અવશ્ય પરમપદને પામે છે.'

જે પ્રાણી અહીં ભાવથી શ્રી જિનપ્રતિમાની પૂજા કરે છે, તે શિવસુખને પ્રાપ્ત કરે છે, તો માનવસુખની તો વાત જ શી કરવી ? જે પ્રાણી અહીં ભાવથી સુસાધુને શુદ્ધ અન્ન, વસ્ત્ર અને પાત્ર વગેરે વહોરાવે છે, તે મુક્તિરૂપી સ્ત્રીના હૃદયને આનંદ આપનારો થાય છે. આ તીર્થમાં સુવર્ણ, રૂપ્ય, અન્ન અને વસ્ત્રાદિક જે ભાવપૂર્વક જેટલા પ્રમાણમાં આપે છે, તેના કરતાં અનંતગણું લીલામાત્રમાં તે મેળવે છે. ત્રણ જગતમાં સર્વ તીર્થોને વિષે ઉત્કૃષ્ટ એવું આ મહાતીર્થ છે, જેમાં નિવાસ કરવાથી તિર્યંચ પણ આઠ ભવની અંદર સિદ્ધિને પામે છે. આ રૈવતગિરિ ઉપર વસતાં વૃક્ષો અને મયૂરાદિ પક્ષીઓ પણ ધન્ય





અને પુણ્યશાળી છે, તો મનુષ્યોની શી વાત કરવી ? દેવતાઓ, ઋષિઓ, સિદ્ધ પુરુષો, ગંધર્વો અને કિન્નરાદિ આ તીર્થની સેવા કરવાને માટે સદા ઉત્સાહથી આવે છે. તેવી કોઈ પણ શાશ્વતી દિવ્ય ઔષધિઓ, સ્વર્ણાદિક સિદ્ધિઓ અને રસકૂપિકાઓ નથી, કે જે આ ગિરિરાજ પર ન હોય ! આ તીર્થમાં મોક્ષલક્ષ્મીના મુખરૂપ ગજેન્દ્રપદ નામે કુંડ છે, જે તેની સ્પર્શના કરનાર જીવોના પાપનો નાશ કરવાને સમર્થ છે. આ ગિરિરાજ ઉપર રહેલા બીજા પણ કુંડોનો જુદો જુદો પ્રભાવ છે, જેમાં છ માસ માત્ર સ્નાન કરવાથી પ્રાણીઓના કુષ્ટાદિક રોગો નાશ પામે છે.'

આ પ્રમાણે શ્રી નેમિનાથ પ્રભુનાં મુખકમળથી ગિરનાર ગિરિનો મહિમા સાંભળીને પુણ્યવાન એવા સુર, અસુર અને નરેશ્વરો હર્ષ પામ્યા. પછી કૃષ્ણ વાસુદેવે પૂછ્યું, 'હે પ્રભુ ! આ પ્રતિમા મારા પ્રાસાદમાં સ્થાપન કરવાની છે. તે ત્યાં કેટલો કાલ રહેશે અને પછી બીજે ક્યાં ક્યાં પૂજાશે ?' પ્રભુ બોલ્યા; 'જ્યાં સુધી તમારું નગર રહેશે, ત્યાં સુધી તમારા પ્રાસાદમાં પૂજાશે અને પછી કાંચનગિરિ પર દેવતાઓથી પૂજાશે. અમારા નિર્વાણસમય પછી અતિદુ:ખદાયક બે હજાર વર્ષ ઉલ્લંઘન થશે, ત્યાર પછી અંબિકાની આજ્ઞાથી રત્ન નામે એક ઉત્તમ અને સારી ભાવનાવાળો વણિક ત્યાંથી લાવી, આ રૈવતગિરિ પર પ્રાસાદ કરાવી, તેમાં સ્થાપિત કરીને તે પ્રતિમાની પૂજા કરશે. પછી એક લાખ, ત્રણ હજાર, બસો ને પચાશ (૧,૦૩,૨૫૦) વર્ષ સુધી ત્યાં ને પછી ત્યાંથી તે અંતર્ધાન થઈ જશે. એકાંત દુષમા કાળમાં તેને સમુદ્રમાં રાખીને અંબિકાદેવી તેની પૂજા કરશે અને હે હરિ, પછી તેને બીજા દેવતાઓ પૂજશે.'








# પ્રભુ મહાવીર દ્વારા શ્રી ગિરનાર મહાતીર્થનું માહાત્મ્ય

## (શત્રુંજય માહાત્મ્ય-સર્ગ ૧૦, ગાથા ૮ થી ૪૧)

હે ઈન્દ્ર ! સાંભળ, આ સિદ્ધગિરિનું પાંચમું શિખર રૈવતગિરિ (ગિરનાર) છે, તે પાંચમા જ્ઞાન (કેવળજ્ઞાન)ને આપવાવાળું છે. સર્વ રાજાઓએ સેવવા યોગ્ય, સર્વ પર્વતોનો પતિ અને આશ્રિતજનોના દુઃખનો હરનાર એ રૈવતગિરિ જયવંત વર્તે છે. એ ગિરિ અનેક અજ્ઞાનરૂપ અંધકારના સમૂહને તિરસ્કાર કરવામાં સૂર્યરૂપ છે, જગતના પાપને દૂર કરનાર છે અને લક્ષ્મીના ઉલ્લાસ વડે તેજસ્વી છે. ત્યાં ભક્તિ વડે ઉચિત દાન કે અનુકંપા દાન વગેરે આપ્યાં હોય તો તે આલોક અને પરલોકમાં હિતકારક એવાં સર્વે સુખો આપે છે અને તેના પ્રકાશિત પુણ્યનાં કિરણોથી ક્ષણવારમાં માખણની જેમ ભવભ્રમણથી ઉત્પન્ન થયેલો પાપપિંડ પણ ગળી જાય છે. જેઓએ વારંવાર સુકૃત કર્યા હોય તેવા કૃતાર્થ પ્રાણીઓ જ સર્વદેવતામય આ ગિરિરાજને દૃષ્ટિ વડે દેખે છે. સર્વદા સર્વદાયક એવો એ ગિરિ જાણે સર્વ પર્વતોનો રાજા હોય તેમ જણાવવાને ચમરી ગાયો ચામરથી સર્વકાલ તેને વીંજ્યા કરે છે. જે ગિરિમાં પ્રાણીઓને આપત્તિનો લેશ-આપલ્લવો ફક્ત વૃક્ષોમાં જ હતો, અંધકાર ગુફાઓમાં જ હતો, (પાણી) જડતા સરોવરમાં જ હતી, ખરાબ વર્ણ દુવર્ણ ધાતુઓમાં જ હતો, દ્વિજિહ્‌વપણું (પક્ષે પિશુનપણું) સર્પમાં જ હતું, કુમુદાકર (પોયણાનો સમૂહ, પો કુ-નઠારો હર્ષ.) જડ (પક્ષે જલ)માં જ હતો, કઠિનતા પાષાણોમાં જ હતી, ઉગ્રપણું તપસ્યામાં હતું, ચપળતા લતાઓમાં જ હતી, પક્ષ (પક્ષપાત-પાંખો) પક્ષીઓમાં જ હતો, પ્રદોષ (સાયંકાલ, પક્ષે ઉત્કૃષ્ટ દોષ), રાત્રિના મુખમાં જ હતો અને ભય પાપમાં જ હતો. જે ગિરિમાં આહાર છોડી, શુભ આચાર પાળી, કામદેવને જીતનારા અને મનને હરનારા મુનિઓ અને દેવતાઓ નિત્ય શ્રી નેમિનાથ પ્રભુને નમે છે. જ્યાં કોઈ જગ્યાએ અપરિમિત ધ્યાન વડે માનને ગ્લાનિ કરતા અને જ્ઞાનના ઉદયથી શોભતા એવા મુનિઓ નિત્ય મહાન અર્હત્ પ્રભુનાં તેજનું ધ્યાન કરે છે; પવનનો પવિત્ર આહાર કરતા અને વિષમમાર્ગે ચાલતા એવા યોગીઓ જ્યાં અર્હંપદની ઉપાસના કરતા કોઈ ઠેકાણે દૃષ્ટિએ પડે છે; અપ્સરાઓના ગણ, ગંધર્વો, સિદ્ધપુરુષો, વિદ્યાધરો અને નાગકુમારો નિર્મલ હૃદયથી જ્યાં સદા શ્રી નેમિનાથ પ્રભુની સેવા કરે છે; જે પવિત્ર પર્વત ઉપર માર્ઝાર અને મૂષક, સિંહ અને





હાથી, સર્પ અને મયૂર; પરસ્પરના જાતિવેરને શાંત કરીને રહેલા છે; જ્યાં મણિઓની કાંતિવડે જ સૂર્ય ચન્દ્ર વિના પણ પ્રકાશના સંચારવાળા સર્વ પ્રદેશો છે. જ્યાં સર્વ ગ્રહો નજીક ઉદયના મિષથી શ્રી નેમિનાથ પ્રભુની આરાધના કરવા માટે હંમેશાં ભ્રમણ કરે છે. જ્યાં વસંતાદિ છએ ઋતુઓ શ્રી નેમિનાથ પ્રભુને નમવાને માટે એક એકની સ્પર્ધા કરતી હોય, તેમ આકુલતાથી પોતાનો ક્રમ છોડી સદૈવ પ્રવર્તે છે, ચન્દ્રકિરણોના સ્પર્શથી ઝરતા ચન્દ્રકાંત મણિના જલવડે મનોહર દ્રહોને ઉલ્લાસતી નદીઓ જ્યાં શોભે છે; સૂર્યનાં કિરણોવડે પ્રકાશિત સૂર્યકાંત મણિમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિવડે જ્યાં પ્રાણીઓ ગાઢ કર્મરૂપ ઈંધણાંઓને જાણે બાળી નાંખે છે. પોલા વાંસના વાદ્યથી, કિન્નરીઓના ગીતથી અને ઝરણાંના ઝંકારથી પોતાની મેળે ઉત્પન્ન થયેલું ત્રણ પ્રકારનું સંગીત હંમેશાં જેની સેવા કરે છે; જેની ચોતરફ ચારે દિશાઓમાં ચાર ગતિરૂપ ભવદુઃખથી રક્ષા કરવામાં ચતુર એવા પર્વતો શોભી રહ્યા છે; જેની ચારે દિશાઓમાં ઉલ્લાસ પામતા સ્વચ્છ જલવડે પાપરૂપ મોટી આપત્તિને છેદનારી ચાર મહાનદીઓ રહેલી છે; જ્યાં હાથીપગલાં વગેરે પવિત્ર કુંડો દેવતાઓએ અમરપણા માટે જાણે અમૃતથી ભરેલા હોય તેવા પરિપૂર્ણ શોભે છે; પોતાની પાસે યાચનાર પ્રાણીઓનાં દુઃખને હણવાને અને મોક્ષદાનનો અભ્યાસ કરવા માટે હોય તેમ કલ્પવૃક્ષો જ્યાં પોતે આવીને નિવાસ કરી રહેલા છે; સુવર્ણસિદ્ધિ કરનારી અને સર્વ ઈચ્છિતફલને આપનારી પણ પુણ્યહીન પ્રાણીઓને નહિ દેખાતી રસકૂપિકા જ્યાં રહેલી છે; જ્યાં પવિત્ર જળના ભ્રમવડે સરોવરો પ્રાણીઓનાં મોટાં પાપકર્મોને ક્ષણમાં ક્ષય કરે છે અને સુખનાં સ્થાનોને આપે છે; જ્યાં કમલોનાં ઉદયના મિષથી કમલાલક્ષ્મીનો ઉદય કરનારા મનોહર જલના દ્રહો કમલોના વિકાસથી અતિહર્ષ આપે છે; જ્યાંના દ્રહો રાજહંસ-પદ માટે ઉપાસવા યોગ્ય છે, રાજહંસપદ (સિદ્ધિપદ)ને આપનારા છે અને તેઓમાં રાજહંસપદની પ્રાપ્તિ કરનારા કુમુદ (કમળો) વિકાસી રહેલા છે - એવો એ સિદ્ધગિરિના શિખર ઉપર રેવતગિરિ સ્મરણ કરવાથી સુખ આપે છે. દર્શનથી કષ્ટ હરે છે અને સ્પર્શ કરવાથી ઈષ્ટવસ્તુને આપે છે. શ્રીમાન્ નેમિનાથ પ્રભુ બીજા પર્વતોને છોડી, જેનો સર્વદા આશ્રય કરીને રહેલા છે, તે રૈવતગિરિનું વિશેષ શું વર્ણન કરવું ? અર્થાત્ તેના મહિમાનું વર્ણન કરવું અશક્ય છે. જેવી રીતે શત્રુંજય પર દાન આપવાથી અને તપશ્ચર્યા કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે, તેવી રીતે અહીં પણ તે કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે. સમુદ્રની રેતીના રજકણની સંખ્યા કરવાને સમર્થ એવી બૃહસ્પતિની જિહ્વા પણ જેના લોકોત્તર ગુણગ્રામને કહેવા સમર્થ નથી.





# સૌ ચાલો ગિરનાર જઈએ...

## (રાગ : સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ...)

સૌ ચાલો ગિરનાર જઈએ, પ્રભુ ભેટી ભવજલ તરીયે; સોરઠ દેશે તરવાનું મોટું જહાજ છે.... સૌ.૧

જ્યાં સન્યાસીઓ હોવે, ધર્મભાવથી ગિરિવર જોવે; એવું સુંદર જૂનાગઢ ગામ છે.... સૌ.૨

જ્યાં ગિરનાર દ્વાર આવે, વિવિધ ભાવના સૌ ભાવે; એવું મોહક રળિયામણું આ સ્થાન છે.... સૌ.૩

જ્યાં તળેટી સમીપે જાતાં, આદેશ્વરના દર્શન થાતાં; ધર્મશાળા ને તળેટી અભિરામ છે... સૌ.૪

જ્યાં ગિરિ ચઢતાં જમણે, અંબા સન્મુખ ઉગમણે; મસ્તકે પગલાં પ્રભુ નેમિકુમારનાં છે... સૌ.૫

જ્યાં ગિરિ ચઢતા ભાવે, ભવ્યાત્મા કર્મ ખપાવે; એવો મારગ મુક્તિપુરી જાય છે... સૌ.૬

જ્યાં ચડાણ આકરાં આવે, દાદાની યાદ સતાવે; જપતાં હૈયે હાશ મોટી થાય છે.... સૌ.૭

જ્યાં પહેલી ટૂંકે જાતાં, દહેરાનાં દર્શન થાતાં; પ્રભુને જોવા હૈયું ઘેલું થાય છે.... સૌ.૮

જ્યાં અતીત ચોવીસી માંહે, સાગરપ્રભુના કાળે; ઈન્દ્રે ભરાવેલ મૂરતનાં દર્શન થાય છે.... સૌ.૯

જ્યાં શતત્રણ પગલાં ચડતાં, ગૌમુખીએ પાદ ધરતાં, ચોવીસ પ્રભુનાં પગલાં પાવનકાર છે. સૌ.૧૦

જ્યાં અંબા-ગોરખ જાતાં, શાંબપ્રદ્યુમ્નના પગલાં દેખાતાં; નમન કરતાં સૌ આગળ ચાલી જાય છે.... સૌ.૧૧

જ્યાં પાંચમી ટૂંકે પહોતાં, મોક્ષકલ્યાણક પ્રભુનું જોતાં; રોમે રોમે આનંદ અપાર છે... સૌ.૧૨

જ્યાં સહસાવને જાતાં, દીક્ષા-નાણ પ્રભુના થાતાં; પગલે પગલે કોયલના ટહૂકાર છે... સૌ.૧૩

જ્યાં જિનશાસનના પાને, પ્રથમ ચોમાસું તળેટી થાવે; છત્રછાયા હિમાંશુસૂરિ રાય છે... સૌ.૧૪

જ્યાં વીર છવ્વીસસો વરસે, હેમ નવ્વાણું વાર ફરશે; પ્રેમ-ચંદ્ર-ધર્મ ની પસાય છે ... સૌ.૧૫





# શ્રી ગિરનાર મહાતીર્થ સ્તુતિ
## (રાગ : એવા પ્રભુ અરિહંતને)

૧. બે તીર્થ જગમાં છે વડા તે, શત્રુંજયને ગિરનાર,
એક ગઢ સમોસર્યા આદિજિનને, બીજે શ્રી નેમિ જુહાર;
એ તીર્થ ભક્તિના પ્રભાવે, થાયે સૌનો બેડોપાર,
એ **તીર્થરાજ**ને વંદતાં, મુજ જન્મ આજ સફળ થયો...

૨. દેવાંગનાને દેવતાઓ, જેની સેવના ઝંખતા,
મળી તીર્થ કલ્પો વળી , જેના ગુણલાં ગાવતાં;
જિનો અનંતા જે ભૂમિએ, પરમપદને પામતાં,
એ **ગિરનાર**ને વંદતાં, મુજ જન્મ આજ સફળ થયો...

૩. પશુઓના પોકાર સુણી, કરૂણા દિલમાં આણતાં,
રડતી મેલી રાજીમતિને, વિવાહમંડપે ત્યાગતાં;
સંયમવધૂ કેવલશ્રી, શિવરમણીને પરણતાં,
એ **નેમિનાથ**ને વંદતાં, મુજ જન્મ આજ સફળ થયો...

૪. શિવાનંદને પરણવાના, મનોરથોને સેવતાં,
પ્રિતમતણા પગલે-પગલે, ગિરનારે સંયમ સાધતાં,
નેમથી વરસો પહેલાં, મુક્તિપદને પામતાં,
એ **રાજીમતિ**ને વંદતાં, મુજ જન્મ આજ સફળ થયો...


૫. કનક કામિનીને ત્યાગી, નેમજી પધારતાં,
સંયમગ્રહી સંગ્રામ માંડી, ઘાતીકર્મ જ્યાં ચૂરતાં;
રાજીમતિ દીક્ષા ગ્રહી, શિવશર્મને જ્યાં પામતાં,
એ **સહસાવન**ને વંદતાં, મુજ જન્મ આજ સફળ થયો...

૬. અવસર્પિણીમાં સૌ પ્રથમ, અરિહંતપદે જે શોભતાં,
તીર્થતણી રચના કરી, યુગલાધર્મ નિવારતાં;
અજ્ઞાનીના તિમિર ટાળી, જ્ઞાનજ્યોત જલાવતાં,
એ **આદિનાથ**ને વંદતાં, મુજ જન્મ આજ સફળ થયો...

૭. કમઠતણા ઉપસર્ગોને, સમભાવથી જે ઝીલતાં,
જે બિંબથી અમીરસતણા, ઝરણાઓ સહેજે ઝરતાં;
જેના પ્રગટપ્રભાવથી, ભવિના દુઃખડા ભાંગતાં,
એ **અમીઝરાપાર્શ્વ** વંદતાં, મુજ જન્મ આજ સફળ થયો...

૮. નેમસમીપે વ્રતગ્રહી, ગુફામાં ધ્યાનને ધ્યાવતાં,
અશુભકર્મના ઉદયથી જે, વ્રતમાં ડગમગ થાવતાં;
પ્રતિબોધ પામી રાજુલ વયણે, મોક્ષમારગ સાધતાં
એ **રહનેમિને** વંદતાં, મુજ જન્મ આજ સફળ થયો...

૯. બાલબ્રહ્મચારી નેમનાથ, પરમપદ જ્યાં પામતાં,
ભવિજનો મળીને ભક્તિકાજે, પગલાં ને ત્યાં ઠાવતાં;
પરતીર્થીઓ જેને વળી, દત્તાત્રય નામે પૂજતાં,
એ **પાંચમી ટૂંક**ને વંદતાં,મુજ જન્મ આજ સફળ થયો...





# શ્રી ગિરનાર વંદનાવલી

## (રાગ : અરિહંત વંદનાવલી / મંદિર છો મુકિત...)

૧. બે તીર્થ જગમાં છે વડા તે, શત્રુંજય ને ગિરનાર,
એક ગઢ સમોસર્યા આદિજિનને, બીજે શ્રી નેમિ જુહાર;
એ તીર્થ ભક્તિના પ્રભાવે, થાય સૌનો બેડો પાર,
એ તીર્થરાજને વંદતાં, પાપો બધાં દૂરે જતાં ...(૨)

૨. ગત ચોવીસીમાં જે ભૂમિએ, સિધ્ધિવધૂજિનદસ વર્યા,
ને આવતી ચોવીસી માંહે, સૌ જિનો શાસ્ત્રે કહ્યાં;
એ ગિરનારના ગુણઘણા પણ, અંશથી શબ્દે વણ્યા,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૩. નંદભદ્ર, ગિરનાર, સ્વર્ણગિરિ, ને શાશ્વતો રૈવત મળી,
ઉજ્જયંત, કૈલાસ, એમ કરીને છ આરે નામો ધરી ;
ઉત્સર્પિણીએ શતધનુથી, છત્રીસ યોજન બની,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૪. અપ્સરાઓ ઋષિઓ, વળી સિધ્ધપુરૂષને ગાંધર્વો,
આ તીર્થકેરી સેવા કાજે, આવતાં સૌ ભવિજનો;
ઘેરબેઠાં પણ તસ ધ્યાન ધરતાં, ચોથે ભવે શિવસુખ લહો,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૫. ત્રણ ત્રણ કલ્યાણક ભાવિકાળે, નૈમિજિનના જ્યાં જાણી,
ભરતેશ્વરે રચના કરાવી, "સુરસુંદર" મંદિર તણી;
શોભતી જેમાં પ્રભુની, મણિમય મૂરત ઘણી,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૬. અજ્ઞાન ટાળી ભવ્યજનના, જ્ઞાનજયોત જલાવતાં,
"સ્વસ્તિકાવર્તક" પ્રાસાદને, ભરતચક્રી કરાવતાં,
જેમાં માણિકય રત્નને વળી, સ્વર્ણબિંબો ભરાવતાં,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૭. પ્રાસાદની પ્રતિષ્ઠા કાજે, ગણધરો પધારતાં,
હર્ષે ભરેલાં ઈન્દ્રો પણ, ઐરાવત પર આવતાં;
હસ્તિપાદે ભક્તિકાજે, ગજપદ કુંડ કરાવતાં,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૮. ત્રણ ભુવનની સરિતાતણા, સુરભિ પ્રવાહ તે ઝીલતાં,
જે જલ ફરસતાં આધિ - વ્યાધિ, રોગ સૌના ક્ષય થતાં ;
તે જલ થકી જિન અર્ચતા, અજરામરપદ પામતાં,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૯. દેવતાઓ ઉર્વશીઓ, યક્ષોને વિદ્યાધરો,
વળી ગાંધર્વો સ્વસિધ્ધિ કાજે, તીર્થની સ્તવના કરે ;
જ્યાં સૂર્ય-ચંદ્ર વિમાન વિરામી, હર્ષથી સ્તવના કરે,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૧૦. જયાં દેવાંગનાના ગાનમાં, આસકત મયૂરો નાચતાં,
પવને પૂરેલ વેણુને, ઝરણાંઓ સૂરને પૂરતાં;
જયાં વાયુવેગે વિવિધવૃક્ષો, નૃત્ય કરતાં ભાસતાં,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)





૧૧. ગુફાઓમાં સાધકો વળી, મંત્રોને આરાધતાં,
નવરંધ્રોથી પ્રાણોને રોધી, પરમનું ધ્યાન ધ્યાવતાં ;
વળી વિવિધ યોગાસનો વડે જે, યોગ સાધના સાધતાં,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૧૨. સ્વર્ણમણિ માણિક્યરત્નો, સૃષ્ટિને અજવાળતાં,
દિવસે મણિરત્નો વળી ઔષધો રાત્રે દીપતાં ;
ને કદલીઓના ધ્વજપતાકા, અનંત વૈભવે શોભતાં,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૧૩. આ તીર્થ ભૂમિએ પક્ષીઓની, છાયા પણ આવી પડે ;
ભવભ્રમણ કેરાં દુર્ગતિના, બંધનો તેનાં ટળે ;
મહાદુષ્ટને વળી કુષ્ટરોગી, સર્વસુખ ભાજન બને,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૧૪. આ તીર્થપર જે ભાવથી, અલ્પ ધર્મ પણ કરે,
આ લોકથી પરલોક વળી, તે પરમલોકને જઈ વરે ;
જે તીર્થની સેવા થકી, ફેરા ભવોભવના ટળે,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૧૫. નેમ આવ્યા જાન જોડી, પરણવા રાજુલ ઘરે,
પશુઓ તણા પોકાર સુણી, તે નેમજી પાછા ફરે ;
વૈરાગ્યના રંગે રમેને, શિવવધૂ મનને હરે,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૧૬. સહસાવને વૈભવ ત્યજી, દીક્ષા ગ્રહે રાજુલપ્રભુ,
યુધ્ધ આદરી ચોપનદિને, કર્મ કરે તે લઘુ ;
આસો અમાસે ચિત્રા કાળે, કૈવલ્ય પામે જગવિભુ,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)


૧૭. સુરવૃંદ નાચે હર્ષ સાથે, ભાવથી ત્રણ ગઢ રચી,
વરદત્ત - યક્ષિણીવળી, દશાર્હને તસશ્રી મળી ;
તીર્થથાપનાને કરી, ગૌમેધ યક્ષ અંબા ભળી,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૧૮. સાગર પ્રભુના કાળમાં, અતીત ચોવીસી મહી,
બ્રહ્મેન્દ્રે નિજભાવિ જાણી, નેમની પ્રતિમા ભરી ;
ગણધર પ્રભુના એ થયા, વરદત્ત શિવવધૂ ધણી,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૧૯. આર્ય-અનાર્ય પૃથ્વી પર, પ્રતિબોધતાં વિચરણ કરે,
નિર્વાણકાળ સમીપ જાણી, રૈવતે પ્રભુ પાછા ફરે,
અનશનગ્રહી અષાઢ માસે, શુભાષ્ટમે સિધ્ધિ વરે,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૨૦. અલ્પમતિ મનમાં ધરીને, ભાવ અપાર હૈયે ભરી,
સંવત સહસ્ર યુગલને, સંવરતણા વરસે વળી ;
વર્ષાન્તમાસે શુભ પડવે, શબ્દો તણી ગૂંથણી કરી,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)

૨૧. ગિરનાર મહિમા આજ ગાયો, શત્રુંજય મહાતમથી લઈ,
પ્રેમ - ચંદ્ર - ધર્મ પસાય, હેમ સૂરોને ગ્રહી ;
હર્ષિત બન્યા નરનારી સૌ, અદ્ ભુત ગરીમાને સુણી,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...(૨)





# શ્રી ગિરનાર મહાતીર્થના ખમાસમણાના દુહા

૧. રૈવતગિરિ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
માનવભવ પામી કરી, ધ્યાવું વારંવાર

૨. સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
સહસાવન ફરશ્યો નહીં, એનો એળે ગયો અવતાર ....

૩. દીક્ષા કેવલ સહસાવને, પંચમે ગઢ નિર્વાણ;
પાવનભૂમિને ફરશતાં, જનમ સફળ થયો જાણ ....

૪. જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર ....

૫. કૈલાસ ગિરિવરે શિવવર્યા, તીર્થંકરો અનંત;
આગે અનંતા પામશે, તીરથકલ્પ વદંત ....

૬. ગજપદ કુંડે નાહીને, મુખબાંધી મુખકોશ ;
દેવ નેમિજિન પૂજતાં, નાશે સઘળા દોષ ....

૭. એકેકું પગલું ચઢે, સ્વર્ણગિરિનું જેહ;
હેમ વદે ભવોભવતણાં, પાતિક થાયે છેહ ....

૮. ઉજ્જયંત ગિરિવર મંડણો, શિવાદેવીનો નંદ;
યદુકુળવંશ ઉજાળીયો, નમો નમો નેમિજિણંદ ..

૯. આધિ વ્યાધિ ઉપાધિ સૌ, જાયે તત્કાળ દૂર;
ભાવથી નંદભદ્ર વંદતા, પામે શિવસુખ નૂર ....

અવસર્પિણીના છ આરામાં આ તીર્થના અનુક્રમે ૬ નામ : (૧) કૈલાસગિરિ (૨) ઉજ્જયંતગિરિ (૩) રૈવતગિરિ (૪) સ્વર્ણગિરિ (૫) ગિરનારગિરિ (૬) નંદભદ્રગિરિ.


એક ખમાસમણ આપીને શ્રી રૈવતગિરિ મહાતીર્થ આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઈચ્છં રૈવતગિરિ મહાતીર્થ આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં. વંદણવત્તિયાએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ, સદ્ધાએ, મેહાએ, ધીઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨. એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ.






(૯ લોગસ્સનો કાઉસ્સગ્ગ ન આવડે તો ૩૬ નવકારનો કાઉસ્સગ્ગ કરી નમો અરિહંતાણં...બોલી)

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલિ (૧) ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈંચ; પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે (૨) સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જંચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ (૩) કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ (૪) એવં, મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ (૫) કિત્તિય-વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ, (૬) ચંદેસુનિમ્મલયરા, આઈચ્ચેસુઅહિયં પયાસરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ખમાસમણું આપી , અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં.







# ગિરનારના આરતી-મંગળ દીવો

## ગિરનાર નેમિનાથજીની આરતી

૧. જય જય આરતી નેમિજિણંદા ,
સમુદ્રવિજય શિવાદેવીકો નંદા...

૨. પહેલી આરતી ભાવથી કીજે ,
ગિરનાર ભેટી ને પુણ્ય લહીજે...

૩. દૂસરી આરતી જિનો અનંતા ,
દીક્ષા -કેવલ-શિવસુખ ધરંતા...

૪. તીસરી આરતી નેમિજિણંદા ,
સહસાવને વ્રત-નાણ વરંતા...

૫. ચોથી આરતી ભવપાર થાવે ,
પાંચમી ટૂંકે પરમ પદ પાવે...

૬. પંચમી આરતી ચિંતામણિ પાયા ,
ગિરનાર નેમિગુણ હેમને ગાયા...

## ગિરનાર નેમિનાથજીનો મંગલ દીવો


૧. દીવો રે દીવો રે , પ્રભુ મંગલિક દીવો રે ;
આરતી ઉતારણ રે ગઢ ગિરનારની રે... દીવો રે...

૨. સોહામણો એ, ગઢ ગિરનાર ;
ભવિજનનોએ, તારણહાર... દીવો રે...

૩. નિત્ય ધ્યાવે તસ , ભવ અજવાળે ;
ભવચોથે એ, શિવપુર નિહાળે.... દીવો રે...

૪. સુરનરદેવા , કરે ગિરિ સેવા ;
આરતી ઉતારી , પામે શિવ સુખ મેવા... દીવો રે...


૫. આ ભવ મંગલિક , પરભવ મંગલિક ,
મંગલિક ભવોભવ, સૌનું હોજો દીવો રે...






# ૧

# ગિરનારનો મહિમા ન્યારો,
# એનો ગાતાં નાવે આરો...







- ગિરનાર ગિરિવર પણ શત્રુંજયગિરિની માફક પ્રાયઃ શાશ્વત છે. પાંચમા આરાના અંતે જ્યારે શત્રુંજયની ઊંચાઈ ઘટીને સાત હાથ થશે ત્યારે ગિરનારની ઊંચાઈ સો ધનુષ્ય રહેશે.
- રૈવતગિરિ (ગિરનાર) એ શત્રુંજયગિરિનું પાંચમું શિખર હોવાથી તે પાંચમું જ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન અપાવનારું છે.
- આ મનોહર એવો ગિરનાર સમવસરણની શોભાને ધારણ કરે છે, કારણકે મધ્યમાં ચૈત્યવૃક્ષ જેવું મુખ્ય શિખર અને ગઢ જેવા આજુબાજુમાં અન્ય નાના પર્વતો આવેલા છે. જાણે કે ચાર દિશામાં ઝરણાં વહેતાં હોય તેવા ચાર દ્વારોરૂપ ચાર પર્વતો શોભી રહ્યા છે.
- ગિરનાર ઉપર અનંતા તીર્થંકરો આવેલા છે અને મહાસિદ્ધિ અર્થાત્ મોક્ષપદને પામેલા છે. બીજા અનંતા તીર્થંકરના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક થયા છે. તેમ જ અનેક મુનિઓ પણ મોક્ષપદને પામ્યા છે અને ભવિષ્યમાં પામશે.

❖ ગઈ ચોવીસીમાં થયેલા (૧) શ્રી અસ્તાગ, (૨) શ્રી નમીશ્વર, (૩) શ્રી અનિલ, (૪) શ્રી યશોધર, (૫) શ્રી કૃતાર્થ, (૬) શ્રી જિનેશ્વર, (૭) શ્રી શુદ્ધમતિ, (૮) શ્રી શિવંકર, (૯) શ્રી સ્યંદન, (૧૦) શ્રી સંપ્રતિ નામના દસ તીર્થંકર ભગવંતોમાંથી પ્રથમ ૮ તીર્થંકર ભગવંતોના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક અને છેલ્લા બે તીર્થંકર ભગવંતના માત્ર મોક્ષકલ્યાણક ગિરનાર ગિરિવર ઉપર થયા હતા.


❖ વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક ગિરનાર ઉપર થયા છે, તેમાં દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક સહસાવન (સહસ્રામ્રવન) માં તથા મોક્ષકલ્યાણક પાંચમી ટૂંક ઉપર થયેલ છે.

❖ આવતી ચોવીસીમાં થનારા (૧) શ્રી પદ્મનાભ (૨) શ્રી સુરદેવ (૩) શ્રી સુપાર્શ્વ (૪) શ્રી સ્વયંપ્રભ (૫) શ્રી સર્વાનુભૂતિ (૬) શ્રી દેવશ્રુત (૭) શ્રી ઉદય (૮) શ્રી પેઢાલ (૯) શ્રી પોટ્ટિલ (૧૦) શ્રી શત્ કીર્તિ (૧૧) શ્રી મુનિસુવ્રત (૧૨) શ્રી અમમ (૧૩) શ્રી નિષ્કષાય (૧૪) શ્રી નિષ્પુલાક (૧૫) શ્રી નિર્મમ (૧૬) શ્રી ચિત્રગુપ્ત (૧૭) શ્રી સમાધિ (૧૮) શ્રી સંવર (૧૯) શ્રી યશોધર (૨૦) શ્રી વિજય (૨૧) શ્રી મલ્લિજિન (૨૨) શ્રી દેવ - આ બાવીસ તીર્થંકર પરમાત્માના માત્ર મોક્ષકલ્યાણક તથા (૨૩) શ્રી અનંતવીર્ય (૨૪) શ્રી ભદ્રકૃત - આ બે તીર્થંકર પરમાત્માના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક ગિરનાર મહાતીર્થ ઉપર થશે.

❖ ગિરનાર મહાતીર્થની ભક્તિ દ્વારા શ્રી નેમિનાથ ભગવાનના રહનેમિ સહિત આઠ ભાઈઓ, શાંબ, પ્રદ્યુમ્ન આદિ અનેક કુમારો, કૃષ્ણ મહારાજાની આઠ પટ્ટરાણીઓ, સાધ્વી રાજીમતિશ્રી આદિ અનેક ભવ્યાત્માઓ મોક્ષપદને પામ્યા છે અને કૃષ્ણ મહારાજાએ તો આ તીર્થભક્તિના પ્રભાવે તીર્થંકરનામકર્મ બાંધેલ છે, તેથી તેમનો આત્મા આવતી ચોવીસીમાં બારમા તીર્થંકર શ્રી અમમસ્વામી બની મોક્ષપદને પામશે.



- ગિરનાર મહાતીર્થ તથા શ્રી નેમિનાથ ભગવાન ઉપર અવિહડરાગના પ્રભાવે ધામણઉલી ગામના ધાર નામના વેપારીના પાંચ પુત્રો (૧) કાલમેઘ (૨) મેઘનાદ (૩) ભેરવ (૪) એકપદ અને (૫) ત્રૈલોક્યપદ - આ પાંચેય પુત્રો મરીને તીર્થના ક્ષેત્રાધિપતિ દેવ થયા છે.
- સ્વર્ગલોક, પાતાળલોક અને મૃત્યુલોકના ચૈત્યોમાં સુર,અસુર અને રાજાઓ ગિરનારના આકારને હંમેશા પૂજે છે.
- વલ્લભીપૂરનો ભંગ થતાં ઈન્દ્ર મહારાજાએ સ્થાપન કરેલ શ્રી નેમિનાથ ભગવાનના બિંબની રત્નકાંતિ ગિરનારમાં લુપ્ત કરવામાં આવી હતી, તે મૂર્તિ આજે ગિરનારમાં મૂળનાયકના સ્થાને બિરાજમાન છે.
- ગિરનાર મહાતીર્થમાં વિશ્વની સૌથી પ્રાચીન એવી મૂળનાયક તરીકે બિરાજમાન શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિ લગભગ ૧,૬૫,૭૫૮ વર્ષ ન્યૂન (ઓછા) એવા ૨૦ કોડાકોડી સાગરોપમ વર્ષ પ્રાચીન છે, જે ગઈ ચોવીસીના ત્રીજા સાગર નામના તીર્થંકરના કાળમાં બ્રહ્મેન્દ્ર દ્વારા બનાવવામાં આવેલ હતી. આ પ્રતિમાને પ્રતિષ્ઠિત કર્યાને લગભગ ૮૪,૫૪૯ વર્ષ થયાં છે. તે મૂર્તિ આ જ સ્થાને હજુ લગભગ ૧૮,૪૫૪ વર્ષ સુધી પૂજાશે, ત્યાર બાદ શાસન અધિષ્ઠાયિકા દ્વારા પાતાળ લોકમાં લઈ જઈને પૂજાશે.
- ગિરનાર ઉપર ઈન્દ્ર મહારાજાએ વજ્રથી છિદ્ર પાડીને સોનાના બલાનક-ઝરૂખાવાળું રૂપાનું ચૈત્ય બનાવીને મધ્ય ભાગમાં શ્રી નેમિનાથ પરમાત્માની ચાલીસ હાથ ઊંચાઈની શ્યામવર્ણની રત્નની મૂર્તિ સ્થાપન કરી હતી.
- ઈન્દ્ર મહારાજાએ પૂર્વે બનાવ્યું હતું તેવું પૂર્વાભિમુખ જિનાલય શ્રી નેમિનાથ ભગવાનના નિર્વાણ સ્થાને પણ બનાવ્યું હતું.
- ગિરનારમાં એક સમયે કલ્યાણના કારણસ્વરૂપ છત્રશિલા, અક્ષરશિલા, ઘંટાશિલા, અંજનશિલા, જ્ઞાનશિલા, બિન્દુશિલા અને સિદ્ધશિલા - આદિ શિલાઓ શોભતી હતી.



❖ જેમ મલયગિરિ ઉપર બીજાં વૃક્ષો પણ ચંદનમય બની જાય છે, તેમ ગિરનાર ઉપર આવનાર પાપી પ્રાણીઓ પણ પુણ્યવાન થઈ જાય છે.

❖ જેમ પારસમણિના સ્પર્શથી લોઢું સુવર્ણ થઈ જાય છે, તેમ ગિરનારના સ્પર્શથી પ્રાણી ચિન્મય સ્વરૂપી બની જાય છે.

❖ ગિરનારની ભક્તિ કરનારને આ ભવમાં કે પરભવમાં દારિદ્ર આવતું નથી.

❖ ગિરનાર મહાતીર્થમાં નિવાસ કરતાં તિર્યંચો (જનાવરો) પણ આઠ ભવની અંદર સિદ્ધિપદને પામે છે.

❖ ગિરનાર મહાતીર્થ એ પુણ્યનો ઢગલો છે.

❖ ગિરનાર મહાતીર્થ એ પૃથ્વીના તિલક સમાન છે.

❖ અનેક વિદ્યાધરો, દેવતાઓ, કિન્નરો, અપ્સરાઓ અને યક્ષો પોતપોતાની ઈષ્ટ સિદ્ધિને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી ગિરનારમાં નિવાસ કરે છે.

❖ ગિરનાર ગિરિવરના પવનનો પવિત્ર આહાર કરતા અને વિષમ માર્ગે ચાલતા એવા યોગીઓ અર્હઁ પદની ઉપાસના કરતાં ગુફાઓમાં સાધના કરતાં હોય છે.


❖ ગિરનાર મહાતીર્થની સેવાથી કેટલાય પુણ્યાત્માઓ આ લોકમાં સર્વસંપત્તિ અને પરલોકમાં પરમપદને પામે છે.

❖ ગિરનાર મહાતીર્થની સેવાથી પાપી જીવો પણ સર્વકર્મનો સંક્ષેપ કરી અવ્યક્ત અને અક્ષય એવા શિવપદને પામે છે.

❖ સર્વ તીર્થોમાં ઉત્તમ અને સર્વ તીર્થની યાત્રાના ફળને આપનાર આ ગિરનાર મહાતીર્થના દર્શન અને સ્પર્શન માત્રથી સર્વ પાપો હણાઈ જાય છે.



- ગિરનાર મહાતીર્થની ભક્તિ દ્વારા મહાપાપના કરનારા અને મહાદુષ્ટ એવા કુષ્ટાદિક રોગવાળા જીવો પણ સર્વસુખનાં ભાજન થાય છે.
- ગિરનાર મહાતીર્થના શિખર ઉપર રહેલા કલ્પવૃક્ષો યાચકોનાં ઈચ્છિતને પૂરે છે, તે આ ગિરિનો જ મહિમા છે. અહીં રહેલા ગિરિઓ, નદીઓ, વૃક્ષો, કુંડો અને ભૂમિઓ અન્ય સ્થાને રહેલા એક તીર્થની માફક અહીં તીર્થપણાને પામે છે અર્થાત્ તે બધા પણ તીર્થમય બની જાય છે.
- ગિરનાર મહાતીર્થમાં પુણ્યહીન પ્રાણીઓને નહીં દેખાતી એવી સુવર્ણસિદ્ધિ કરનારી અને સર્વ ઈચ્છિત ફલને આપનારી રસકૂપિકાઓ રહેલી છે.
- ગિરનાર મહાતીર્થની માટીને ગુરૂગમના યોગથી તેલ અને ઘીની સાથે ભેળવીને અગ્નિમાં તપાવવાથી તે સુવર્ણમય બની જાય છે.
- ભદ્રશાલ વગેરે વનમાં સર્વ ઋતુઓમાં બધી જ જાતનાં ફૂલો ખીલેલાં હોય છે, જલ અને ફલ સહિત ભદ્રશાલાદિ વનથી વિંટળાયેલો આ રમણીય ગિરનાર પર્વત ઈન્દ્રોનો એક ક્રીડાપર્વત છે.
- ગિરનાર મહાતીર્થમાં દરેક શિખરોની ઉપર જલ, સ્થળ ને આકાશમાં ફરનારા જે - જે જીવો હોય છે, તે સર્વે ત્રણ ભવમાં મોક્ષે જાય છે.
- ગિરનાર મહાતીર્થ ઉપર વૃક્ષો, પાષાણો, પૃથ્વીકાય, અપ્ કાય, વાયુકાય અને અગ્નિકાયના જીવો છે, તે વ્યક્ત ચેતના નહિ હોવા છતાં આ તીર્થના પ્રભાવથી કેટલાક કાળે મોક્ષે જનારા થાય છે.
- જે જીવો ગિરનાર મહાતીર્થ ઉપર આવી પોતાના ન્યાયોપાર્જિત ધનનો સુપાત્ર દાન દ્વારા સદ્વ્યય કરે છે, તેઓને ભવોભવ સર્વ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે.
- ઉત્તમ એવા ભવ્યજીવો ગિરનાર મહાતીર્થમાં માત્ર એક દિવસ પણ શીલ ધારણ કરે છે, તે હંમેશા સુર, અસુર, નર અને નારીઓથી સેવવા યોગ્ય થાય છે.





❖ ગિરનાર મહાતીર્થમાં જે ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ આદિ તપ કરે છે તે સર્વ સુખોને ભોગવી પરમપદને અવશ્ય પામે છે.

❖ જે જીવો ગિરનાર મહાતીર્થ ઉપર આવી ભાવથી જિનપ્રતિમાની પૂજા કરે છે તે શીઘ્ર શિવસુખને પ્રાપ્ત કરે છે. ઘેરબેઠા પણ શુદ્ધ ભાવપૂર્વક ગિરનારનું ધ્યાન ધરનાર ચોથાભવે મોક્ષપદને પામે છે.

❖ ગિરનાર ગિરિવરના પવિત્ર શિખરો, સરિતાઓ, ઝરણાંઓ, ધાતુઓ અને વૃક્ષો સર્વ પ્રાણીઓને સુખ આપનારા થાય છે.

❖ ગિરનાર ગિરિવર ઉપર શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા અવસરે પ્રભુજીના સ્નાત્રાભિષેક માટે ત્રણેય જગતની નદીઓ વિશાળ એવા ગજેન્દ્રપદકુંડમાં ઉતરી આવી હતી.

❖ ગિરનાર ગિરિવરમાં મોક્ષલક્ષ્મીના મુખરૂપે રહેલા ગજેન્દ્રપદ (ગજપદ) નામના કુંડના પવિત્ર જલના સ્પર્શમાત્રથી જીવોના અનેક ભવનાં પાપો નાશ પામે છે.


❖ ગિરનાર ગિરિવરના ગજપદકુંડના જલથી સ્નાન કરીને જેણે જિનેશ્વર પરમાત્માને સ્નાન (પ્રક્ષાલ) કરાવેલ છે, તેણે કર્મમળવડે લેપાયેલા પોતાના આત્માને પવિત્ર કર્યો છે.

❖ ગિરનાર ગિરિવરના ગજપદકુંડના જલનું પાન કરવાથી કામ, શ્વાસ, અરૂચિ, ગ્લાનિ, પ્રસૂતિ અને ઉદરમાં ઉત્પન્ન થયેલા બાહ્ય રોગો પણ અંતરના કર્મમલની પીડાની જેમ નાશ પામે છે.

❖ જગતમાં કોઈપણ શાશ્વતી દિવ્ય ઔષધિઓ, સ્વર્ણાદિ સિદ્ધિઓ અને રસકૂપિકાઓ નથી કે જે આ ગિરનાર ગિરિવર ઉપર ન હોય!


❖ આકાશમાં ઉડતાં પક્ષીઓની છાયા પણ જો આ ગિરનાર મહાતીર્થનો સ્પર્શ પામે તો તેઓની પણ દુર્ગતિનો નાશ થાય છે.

❖ સહસાવનમાં નેમિનાથ ભગવાનની દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણકો થયા હતા.





- સહસાવનમાં (લક્ષારામવન) કરોડો દેવતાઓ દ્વારા શ્રી નેમિનાથ ભગવાનના પ્રથમ અને અંતિમ સમવસરણની રચના કરવામાં આવી હતી અને પ્રભુએ પ્રથમ તથા અંતિમ દેશના આપી હતી.
- સહસાવનમાં સોનાના ચૈત્યોની મનોહર ચોવીસીનું નિર્માણ કરવામાં આવ્યું હતું.
- સહસાવનમાં કૃષ્ણ વાસુદેવ દ્વારા રજત, સુવર્ણ અને રત્નમય પ્રતિમાયુક્ત ત્રણ જિનાલયોનું નિર્માણ થયું હતું.
- સહસાવન (લક્ષારામવન) ની એક ગુફામાં ભૂત, ભાવિ અને વર્તમાન - એમ ત્રણ ચોવીસીના બોંતેર પ્રતિમાઓ બિરાજમાન છે.
- સહસાવનમાં શ્રી રહનેમિજી તથા સાધ્વી રાજીમતિશ્રીજી આદિ મોક્ષપદને પામ્યા છે.
- સહસાવનમાં હાલ સંપ્રતિકાલીન શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાયુક્ત અદ્‌ભુત સમવસરણ મંદિર છે.
- ગિરનાર ગિરિવરની પહેલી ટૂંકે હાલ ચૌદ-ચૌદ બેનમૂન જિનાલયો ગિરિવર તિલક સમાન શોભી રહ્યા છે.
- ભારતભરમાં મૂળનાયક તરીકે તીર્થંકર ન હોય તેવા સામાન્ય કેવળી સિદ્ધાત્મા શ્રી રહનેમિનું એક માત્ર જિનાલય ગિરનાર ગિરિવર ઉપર છે.
- શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી બપ્પભટ્ટસૂરિ, શ્રી વસ્તુપાળ-તેજપાળ, શ્રી પેથડશા આદિ અનેક પુણ્યાત્માઓને સહાય કરનાર ગિરનાર મહાતીર્થના અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવી આજે પણ હાજરાહજૂર છે.
- જ્યાં સુધી ગિરનારની યાત્રા નથી કરી, ત્યાં સુધી જ જીવને સર્વ પાપ, સર્વ દુઃખ અને સંસારનું ભ્રમણ રહે છે.



## ૨


# શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાનો ઈતિહાસ

આ જંબુદ્વિપના ભરતક્ષેત્રની ગઈ ચોવીસીના સાગર નામના ત્રીજા તીર્થંકર કૈવલ્યલક્ષ્મીને પામ્યા હતા. ઉત્તમ જ્ઞાનની પ્રાપ્તિ બાદ વિવિધ પ્રદેશોમાં વિચરણ કરતાં કરતાં પોતાના ચરણકમલની રજ વડે ભરતખંડની ધન્ય ધરાને પાવન કરી રહ્યા હતા, અવસરે નગરીની બહાર ઉદ્યાનમાં કરોડો દેવો દ્વારા રચાયેલ સમવસરણમાં પ્રભુની સુમધુર દેશનાનું અમૃતપાન કરી રહેલા નરવાહન રાજાએ પરમાત્માને પ્રશ્ન કર્યો કે, “હે પ્રભુ ! મારો મોક્ષ ક્યારે થશે ?” પરમાત્માએ કહ્યું કે, “આવતી ચોવીસીના બાવીસમા તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનના શાસનમાં તારો મોક્ષ થશે.” પોતાના ભાવિ વૃતાંતને જાણી વૈરાગ્યવાસિત થયેલા નરવાહન રાજા ભગવાન પાસે દીક્ષા લઈ સંયમ ધર્મની ઉત્કૃષ્ટ આરાધના કરવા લાગ્યા, કાળક્રમે આયુષ્ય પૂર્ણ થતાં તે જીવ પાંચમા દેવલોકના દસ સાગરોપમના આયુષ્યવાળો ઈન્દ્ર થયો.

અષ્ટમહાપ્રાતિહાર્યયુક્ત વિશ્વવિભુ વિચરણ કરતાં - કરતાં ચંપાપુરીના મહોદ્યાનમાં સમવસર્યા, તે સમયે વૈરાગ્યસભરવાણી દ્વારા બારપર્ષદાને પ્રતિબોધ કરતાં પરમેશ્વર ચૌદરાજલોકમાં સિદ્ધશિલા અને સિદ્ધજીવોના સ્વરૂપને સુરમ્ય વાણી વડે પ્રકાશી રહ્યા હતા કે -

“૪૫ લાખ યોજનના વિસ્તારવાળી, ઊંધા કરેલા છત્રના આકારવાળી, ઉજ્જવલ વર્ણની સિદ્ધશિલા છે, તે ચૌદરાજલોકના અગ્રભાગે બારદેવલોક, નવગ્રૈવેયક, સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનથી ૧૨ યોજન ઉપર આવેલ છે. તે સિદ્ધશિલા મધ્યભાગે આઠ યોજન જાડી છે અને બન્ને તરફ પાતળી થતી - થતી માખીની પાંખ જેવી અતિ પાતળી થાય છે. મોતી, શંખ કે સ્ફટિકરત્ન સમાન અતિનિર્મલ ઉજ્જવલ સિદ્ધશિલા અને અલોક વચ્ચે એક યોજનનું અંતર રહે છે, જેમાં ઉપરની સપાટીએ ઉત્કૃષ્ટથી ૩૩૩ ધનુષ્ય અને ૩૨ આંગળના ઉત્કૃષ્ટ દેહપ્રમાણવાળા


સિદ્ધના જીવો અષ્ટકર્મથી મુક્ત થઈ અલોકની સપાટીએ સ્પર્શીને રહેલા હોય છે, તે ભાગને મોક્ષ કહેવાય છે - જેના મુક્તિ, સિદ્ધિ, પરમપદ, ભવનિસ્તાર, અપુનર્ભવ, શિવ, નિઃશ્રેયસ, નિર્વાણ, અમૃત, મહોદય, બ્રહ્મ, મહાનંદ આદિ અનેક નામો છે. તે મુક્તિપુરીમાં અનંતા સિદ્ધના જીવો અનંતા સુખમાં વિરાજે છે. જેઓ અવિકૃત, અવ્યયરૂપ, અનંત, અચલ, શાંત, શિવ, અસંખ્ય, મહંત, અક્ષય, અરૂપ અને અવ્યક્ત છે, જેનું સ્વરૂપ માત્ર જિનેશ્વર પરમાત્મા કે કેવળી ભગવંત જ જાણે છે. સર્વાર્થસિદ્ધ વિમાનમાં નિર્મળ અવધિવાળા મહેન્દ્રોને એક પડખું ફેરવતાં ૧૬ || સાગરોપમ અને બીજું પડખું ફેરવતાં વળી ૧૬ || સાગરોપમનો કાળ પસાર થાય તેવા 33 સાગરોપમના આયુષ્યને અગાધ સુખમાં સૂતાં સૂતાં જ પૂર્ણ કરે છે; તેના કરતાં પણ અનંતગણું સુખ મોક્ષમાં છે, યોગથી પવિત્ર એવો પુરુષ કર્મનો નાશ થવાથી પોતે જ જાણી શકે; પરંતુ વચન વડે વર્ણન ન થઈ શકે એવું મુક્તિસુખ સિદ્ધના જીવો પામે છે.''







આ દેશના સમયે નરવાહન રાજાનો પાંચમા દેવલોકનો ઈન્દ્ર થયેલ આત્મા વીતરાગની વાણીનું સુધાપાન કરીને, સ્વર્ગના સુખની નિઃસ્પૃહા કરીને, સર્વજ્ઞ ભગવંતને નમન કરીને પૂછે છે, “હે સ્વામી! મારું આ ભવસંસારનું પરિભ્રમણ ક્યારેય અટકી જશે કે નહીં ? આપે વર્ણવેલ મુક્તિરૂપી મેવાનું આસ્વાદ કરવાનો લ્હાવો મને મળશે કે નહીં ?” તેની શંકાનું નિવારણ કરતા ધર્મસાર્થવાહ એવા પ્રભુ કહે છે, “હે બ્રહ્મદેવ ! તમે આવતી અવસર્પિણીમાં શ્રીઅરિષ્ટનેમિ નામના બાવીસમા તીર્થંકર થવાના છે, તેના વરદત્ત નામે પ્રથમ ગણધરપદને પામી, ભવ્ય જીવોને બોધ પમાડી, સર્વકર્મનો ક્ષય કરી, રૈવતગિરિના આભૂષણ બની પરમપદને પામશો. આ નિઃસંશય વાત છે.” પ્રભુનાં આ અમૃત વચનોને સાંભળીને આનંદવિભોર બનેલો બહ્મેન્દ્ર સાગરપ્રભુને અનેરા આદરપૂર્વક અભિવંદન કરી પોતાના દેવલોકમાં જાય છે.



"અહો ! મારા અજ્ઞાનરૂપી અંધકારનું છેદન કરનારા, મારા ભવસંસારના તારણહાર શ્રી નેમિનિરંજનની ઉત્કૃષ્ટ રત્નોની મૂર્તિ બનાવી તેમની ભક્તિ દ્વારા મારા કર્મોનો ક્ષય કરું" એવા ભાવ સાથે બાર-બાર યોજન સુધી જેની કાંતિ ફેલાતી, તેવી અંજન સ્વરૂપી પ્રભુની વજ્રમય પ્રતિમા બનાવી દસ સાગરોપમ સુધી નિશદિન શાશ્વત પ્રતિમાની જેમ સંગીત-નૃત્ય-નાટકાદિ સાથે ત્રિકાલ તેની ઉપાસના કરે છે. તે રીતે શ્રી નેમિનાથની ભક્તિમાં ઉત્તરોત્તર ઉત્તમ ભાવ કેળવતાં સ્વ આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવીને અનેક મોટા મોટા ભવો પામીને તે નેમિનાથ પ્રભુનાં સમયમાં પુણ્યસાર નામે રાજા થાય છે.

"આ પુણ્યસાર રાજા પૂર્વ ભવોમાં પોતે કરાવેલ દેવાધિદેવની મૂર્તિની દસ-દસ સાગરરોપમના કાળ સુધી કરેલ ભક્તિના પ્રભાવે મારા વરદત્ત નામના પ્રથમ ગણધર થઈ અને શિવરમણીના સંગમાં શાશ્વત સુખની મોજ માણશે." સમવસરણમાં દેશના દરમ્યાન શ્રી નેમિનાથ પ્રભુનાં આવાં મધુર વચનો સાંભળી તે વખતના બ્રહ્મેન્દ્ર ઊઠીને પરમાત્માને નમસ્કાર કરીને જણાવે છે કે, "હે ભગવંત ! આપની તે મૂર્તિને હું આજે પણ પૂજું છું, અને મારા પૂર્વજ ઈન્દ્રોએ પણ તેની ભક્તિથી ઉપાસના કરેલ છે, પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થનારા બધા જ બ્રહ્મેન્દ્ર આપની તે પ્રતિમાની પૂજા ભક્તિ કરતાં હતા. આજે આપના ક્હેવાથી જ આ પ્રતિમા અશાશ્વતી હોવાનું જાણવામાં આવ્યું, બાકી અમે સૌ તો તે પ્રતિમા શાશ્વત જ હોવાનું માનતા હતાં." તે સમયે પ્રભુ પ્રકાશે છે કે -

"હે ઈન્દ્ર ! તીર્ચ્છાલોકની માફક દેવલોકમાં અશાશ્વતી પ્રતિમા હોતી નથી તેથી તમે તે પ્રતિમાને અહીં લાવો." પ્રભુની આજ્ઞાથી ઈન્દ્ર શીઘ્ર તે મૂર્તિને લઈ આવ્યા, કૃષ્ણ મહારાજાએ હર્ષથી પૂજા કરવા માટે એ મૂર્તિ પ્રભુ પાસેથી લીધી. સુર, અસુર અને નરના ઈશ્વરો શ્રી નેમિપ્રભુને નમીને તેઓના શ્રીમુખેથી આ રૈવતાચલગિરિનું માહાત્મ્ય સાંભળવા લાગ્યા.

પ્રભુ પ્રકાશે છે કે - "આ રૈવતાચલગિરિ પુંડરીક ગિરિરાજનું સુવર્ણમય પાંચમું મુખ્ય શિખર છે, જે મંદાર અને કલ્પવૃક્ષો વગેરે ઉત્તમ વૃક્ષોથી વિંટળાઈને રહેલું છે, તે મહાતીર્થ હંમેશા ઝરતા ઝરણાઓથી ભવ્ય પ્રાણીઓના પાપોનું પ્રક્ષાલન કરી દે છે, એ સ્પર્શ માત્રથી પણ હિંસાના પાપને ટાળી દે છે...

સર્વ તીર્થની યાત્રાના ફળને આપનાર આ ગિરનાર દર્શન અને સ્પર્શનમાત્રથી સર્વ પાપોને હણે છે....

આ ગિરનાર ઉપર આવીને જેઓ પોતાના ન્યાયોપાર્જિત ધનનો સુપાત્રમાં સદ્‌વ્યય કરે છે, તેઓને ભવોભવ સર્વ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે....

જે પ્રાણી અહીં ભાવથી જિનપ્રતિમાની પૂજા કરે છે, તે શિવસુખને પ્રાપ્ત કરે છે, તો માનવસુખની તો વાત જ શી કરવી?...

જે પ્રાણી અહીં સુસાધુને શુદ્ધ અન્ન, વસ્ત્ર અને પાત્ર વહોરાવે છે, તે મુક્તિ રૂપી સ્ત્રીના હૃદયને આનંદ આપનારો થાય છે.....

આ રૈવતગિરિ ઉપર વસતા વૃક્ષો અને મયૂરાદિ પક્ષીઓ પણ ધન્ય અને પુણ્યશાળી છે, તો મનુષ્યોની શી વાત કરવી?....

દેવતાઓ, ઋષિઓ, સિદ્ધ પુરૂષો, ગંધર્વો અને કિન્નરાદિ હંમેશા આ તીર્થની સેવા કરવા માટે આવે છે.... ગિરનાર ઉપર રહેલા ગજપદકુંડ આદિ અન્ય પણ કુંડોનો જુદો જુદો પ્રભાવ છે, જેમાં માત્ર છ માસ સ્નાન કરવાથી પ્રાણીઓના કુષ્ટાદિક રોગો નાશ પામે છે...."

આ પ્રમાણે બાલબ્રહ્મચારી શ્રી નેમિનિરંજનના મુખકમળથી ગિરનાર ગિરિવરનો મહિમા સાંભળીને પુણ્યવાન એવા સુર, અસુર અને નરેશ્વરો હર્ષ પામે છે, તે અવસરે શ્રી કૃષ્ણ વાસુદેવ પૂછે છે, "હે પરમ કરૂણાસાગર ! આ પ્રતિમા જે મારા પ્રાસાદમાં સ્થાપન કરવાની છે, તે ત્યાં કેટલો કાળ રહેશે ? અને પછી બીજે ક્યાં ક્યાં પૂજાશે ?"




પ્રભુ કહે છે, “જ્યાં સુધી દ્વારિકાપુરી રહેશે ત્યાં સુધી એ પ્રતિમા તમારા પ્રાસાદમાં પૂજાશે, ત્યાર પછી કાંચનગિરિ ઉપર દેવતાઓ તેની પૂજા કરશે. મારા નિર્વાણના બે હજાર વર્ષ બાદ અંબિકાદેવીની આજ્ઞાથી ઉત્તમ ભાવનાવાળો રત્નસાર નામનો એક વણિક એક ગુફામાંથી તે પ્રતિમાને લાવી આ રૈવતગિરિ પર પ્રાસાદમાં પધરાવી તેની પૂજા કરશે. પછી એક લાખ, ત્રણ હજાર બસો ને પચાસ વર્ષ સુધી તે પ્રતિમા ત્યાં રહીને પછી ત્યાંથી તે અદૃશ્ય થઈ જશે, તે વખતે એકાંતે દુષમ દુષમ કાળના છઠ્ઠા આરાનો પ્રારંભ થતાં અધિષ્ઠાયિકા અંબિકાદેવી તે જિનબિંબને પાતાળલોકમાં પૂજશે, પછી બીજા દેવતાઓ પણ તેની પૂજા કરશે.”

વર્તમાન કાળમાં બિરાજમાન ગિરનારમંડન શ્રી નેમિનાથ ભગવાનના અદ્‌ભુત ઈતિહાસને જાણીને તેનો સાર એ નીકળે છે કે, આ પ્રતિમા ગત ચોવીસીના ત્રીજા સાગર તીર્થંકર પરમાત્માના કાળમાં પાંચમા બ્રહ્મલોક દેવલોકના બ્રહ્મેન્દ્રે ભરાયેલ હોવાથી ભરતક્ષેત્રમાં વર્તમાનમાં સૌથી પ્રાચીનતમ પ્રતિમા તરીકે આ પ્રતિમાની ગણના થાય.

## શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિમાની પ્રાચીનતાનો કાળ

ગત ઉત્સર્પિણીના પ્રથમ આરાના ૨૧,૦૦૦ વર્ષ + બીજા આરાના ૨૧,૦૦૦ વર્ષ + ત્રીજા આરાના ૮૪,૩૦૪ વર્ષ બાદ શ્રી સાગર તીર્થંકર થયા હોવાથી ૨૧,૦૦૦ + ૨૧,૦૦૦ + ૮૪,૩૦૪ = ૧,૨૬,૩૦૪ વર્ષ વીત્યા બાદ અમુક વર્ષે બ્રહ્મેન્દ્ર દ્વારા પ્રતિમા ભરાવેલ હશે, તેથી ગત ઉત્સર્પિણીના ૧૦ કોડાકોડીસાગરોપમ માંથી સાધિક ૧,૨૬,૩૦૪ વર્ષ ઓછો કાળ ગત ઉત્સર્પિણી કાળનો થયો.

૧,૨૬,૩૦૪ વર્ષ ન્યૂન ૧૦ કોડાકોડી સાગરોપમમાં વર્તમાન અવસર્પિણી કાળના ૧૦ કોડાકોડી સાગરોપમ કાળમાંથી છટ્ઠા આરાના ૨૧,૦૦૦ વર્ષ તથા પાંચમા આરાનાં શેષ ૧૮,૪૫૪ વર્ષ બાદ કરતાં ૩૯,૪૫૪ વર્ષ ન્યૂન આ અવસર્પિણીકાળની પ્રાચીનતાનો થાય તેથી,



| |
|---|
| ૧,૨૬,૩૦૪ વર્ષ ન્યૂન ૧૦ કોડાકોડી સાગરોપમ |
| + ૩૯,૪૫૪ વર્ષ ન્યૂન ૧૦ કોડાકોડી સાગરોપમ |
| = ૧,૬૫,૭૫૮ વર્ષ ન્યૂન ૨૦ કોડાકોડી સાગરોપમ |

વર્તમાન શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમા ૧,૬૫,૭૫૮ વર્ષ ન્યૂન ૨૦ કોડાકોડી સાગરોપમ વર્ષ પ્રાચીન છે.

## આ પ્રતિમા વર્તમાન સ્થાન ઉપર પ્રતિષ્ઠિત થયાનો કાળ

શ્રી નેમિનાથ પ્રભુના નિર્વાણના ૨૦૦૦ વર્ષ પછી પ્રતિષ્ઠિત થયેલ હોવાથી તેમના શાસનના શેષ ૮૨,૦૦૦ વર્ષ **(ખાસ નોંધ : આ બધી ગણતરીમાં થોડાં વર્ષોની વધઘટ હોવાનો સંભવ છે, કારણ કે શ્રી સાગર તીર્થંકર પરમાત્માના જીવનકાળ દરમ્યાન આ ઘટના ક્યારે ઘટી, તેનું ચોક્કસ વર્ષ ઉપલબ્ધ નથી. હાલ તો આ બધી ગણતરી વિ. સં. ૨૦૭૯ની સાલમાં કરેલ છે. તત્ત્વ તો કેવલી ભગવંત જાણે.)** શ્રી મહાવીર સ્વામીના શાસનના ૨,૫૪૯ વર્ષથી આ પ્રતિમા પ્રતિષ્ઠિત થયેલ છે.

૮૨,૦૦૦ + ૨,૫૪૯ વર્ષ = ૮૪,૫૪૯ વર્ષથી આ પ્રતિમા આ સ્થાને બિરાજમાન છે.



# 3

# શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાનું પુનઃ પ્રાગટ્ય અને રત્નસાર શ્રાવક

વર્તમાન અવસર્પિણીના ભરતક્ષેત્રની ભવ્યભોમકા ઉપર બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ પરમાત્માના નિર્વાણ બાદ બે હજાર વર્ષનો કાળ વીતી ગયો હતો. તે અવસરે સોરઠ દેશની ધન્યધરા ઉપર કાંપિલ્પ નામના નગરમાં રત્નસાર નામનો એક ધનવાન શ્રાવક રહેતો હતો. અચાનક બાર-બાર વર્ષ સુધીના કારમા દુષ્કાળનો સમય આવ્યો. પશુઓ તો શું, માનવો પણ પાણીના અભાવે મોતને ઘાટ ઊતરવા લાગ્યા અને અનેક પશુ-માનવોના દ્રવ્ય અને ભાવપ્રાણનો નાશ થવા લાગ્યો હતો. તેવા અવસરે આજીવિકાની મુશ્કેલી પડવાથી ધનોપાર્જન માટે રત્નશ્રાવક દેશાંતરમાં ફરતો - ફરતો કાશ્મીર દેશના નગરમાં જઈને વસ્યો હતો. રત્નશ્રાવકનું સ્થળાંતર થવાની સાથે સાથે જાણે તેના નસીબનું પણ સ્થળાંતર ન થયું હોય ! તેમ કોઈ પ્રચંડ પુણ્યોદયથી દિન - પ્રતિદિન અઢળક ધન કમાવા લાગ્યો. પૂર્વભવોમાં બાંધેલા કોઈ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલ લક્ષ્મીના પગલે - પગલે તે સંપત્તિને સન્માર્ગે વ્યય કરવાના મનોરથ તેને જાગવા લાગ્યા. સંપત્તિનો સંગ્રહ કરવાને બદલે તેનો સદુપયોગ કરી સદ્ગતિ તરફ પ્રયાણાર્થે અરિહંત પરમાત્માની વિશિષ્ટ પૂજા-ભક્તિ માટે શ્રી આનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબની પુનિત નિશ્રામાં સિદ્ધાચલ, ગિરનાર આદિ મહાતીર્થોની સ્પર્શના કરવા પગપાળા સંઘ યાત્રાનું પ્રયાણ કરે છે.

ગામોગામ દેવ, ગુરુ અને સાધર્મિક ભક્તિ તથા નવા નવા જિનાલયોના નિર્માણ કરાવતાં - કરાવતાં શ્રી આનંદસૂરિ ગુરુની અપાર ભક્તિ કરવાપૂર્વક સંઘ આગેકૂચ કરી રહ્યો હતો. પૂર્વકૃત અશુભ કર્મોદયથી સંઘમાર્ગમાં અંતરાયભૂત બનતા ભૂત, વ્યંતર, વૈતાલ, રાક્ષસ અને યક્ષો દ્વારા




થતા ઉપસર્ગો અને વિઘ્નોનો નાશ કરવા શ્રી નેમિનિરંજનના શાસનના અધિષ્ઠાયિકા અંબિકાદેવીનું ધ્યાન ધરી રત્નસારશ્રાવક સંઘયાત્રાને આગળ વધારી રહ્યો હતો. સ્વવતન કાંપિલ્યનગરમાં સ્વામિવાત્સલ્ય સમેત ભક્તિથી ત્યાંના સંઘને નિમંત્રણ આપી, શ્રી આનંદસૂરિ ગુરુની આગેવાની હેઠળ શ્રી સંઘ આનંદસભર તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિના શીતળ સાંન્નિધ્યમાં આવ્યો. આનંદોલ્લાસપૂર્વક શાશ્વત તીર્થની ભક્તિ કરી શ્રીસંઘ રૈવતગિરિ મહાતીર્થના રમણીય વાતાવરણમાં પૂર્વમાં થયેલા અનંતા તીર્થંકરોની સિદ્ધભૂમિની સુવાસને માણવા લાગ્યો. વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુની કેવળજ્ઞાનભૂમિએ શ્રી નેમિજિનની પાવનીય પ્રતિમાની પૂજા કરી રત્નશ્રાવક સાથે સંઘ મુખ્ય શિખર ભણી આગળ વધી રહ્યો હતો. તે અવસરે રસ્તે જતાં સૌએ છત્રશિલાને નીચેથી કમ્પાયમાન થતી નિહાળી. રત્નશ્રાવક તરત જ અવધિજ્ઞાની ગુરુ આનંદસૂરિને આ છત્રશિલા કંપવાનું કારણ પૂછે છે ત્યારે અવધિજ્ઞાનના બળે પૂજ્ય ગુરુ ભગવંત આદરપૂર્વક જણાવે છે કે, “હે રત્નસાર ! તારાથી આ રૈવતગિરિ તીર્થનો ભંગ થશે અને તારાથી જ આ તીર્થનો ઉદ્ધાર પણ થશે.”

શ્રી જિનેશ્વર પરમાત્માનું શાસન જેના રોમેરોમમાં વસેલું છે, એવા આ રત્નશ્રાવક આ મહાતીર્થના ભંગમાં નિમિત્ત બનવા કેવી રીતે તૈયાર થાય? હૈયામાં ઉભરાતા ભાવ સાથે નેમિપ્રભુને નમવા આવેલો રત્નશ્રાવક અત્યંત ખેદ સાથે દૂર રહ્યો રહ્યો જ નમન કરી પાછો ફરી રહ્યો હતો. ગુરુ આનંદસૂરિ જણાવે છે, “રતન! આ તીર્થનો ભંગ તારાથી થવાનો અર્થ તારા અનુગામી શ્રાવકો દ્વારા થશે. તારાથી તો આ મહાન તીર્થનો અધિક ઉદ્ધાર થશે, માટે ખેદ ન કરીશ!” ગુરૂ ભગવંતના આવા ઉત્સાહપૂર્વકનાં વચનો સાંભળી રત્નશ્રાવક સંઘ સાથે રૈવતગિરિના મુખ્ય શિખરે પ્રવેશ કરે છે. હર્ષે ભરાયેલા સૌ યાત્રાળુઓ ગજેન્દ્રપદ કુંડ (હાથીપગલાં)થી શુદ્ધ જલ કાઢી કાઢીને સ્નાન કરવા લાગ્યાં. રત્નશ્રાવક પણ આ દિવ્યજલથી સ્નાન કરી, ઉત્તમ વસ્ત્રોના પરિધાનપૂર્વક ગજપદકુંડના જલને કુંભમાં ગ્રહણ કરી, જૈન ધર્મમાં દૃઢ એવા વિમલરાજા દ્વારા રૈવતગિરિ ઉપર સ્થાપન કરેલ લેપમયી શ્રી નેમિનાથ પ્રભુના કાષ્ટમય પ્રાસાદમાં પ્રવેશ કરે છે.



સૌ યાત્રાળુઓ હર્ષવિભોર બની ગજપદકુંડના શુદ્ધ જલના કુંભો ભરી ભરીને પુષ્કળ પાણી વડે પ્રક્ષાલન કરતા હતા, તે અવસરે અનેકવાર દેવતાઓ તથા પૂજારી દ્વારા નિષેધ કરવા છતાં તેમના આશયની અવગણના કરી, હર્ષાવેશમાં પુષ્કળ પાણી વડે પ્રક્ષાલન કરવાથી જલના એકધારા પ્રવાહના પ્રહારના કારણે લેપ્યમયી પ્રતિમાનો લેપ ગળવા લાગ્યો અને ક્ષણવારમાં તો તે પ્રતિમા અતિઆર્દ્ર માટીના પીંડ સ્વરૂપ બની રહી હતી. આ દૃશ્ય જોઈને રત્નશ્રાવક અત્યંત આઘાત સાથે શોકાતુર બની મૂર્છા પામ્યો અને સકળસંઘ શોકસાગરના ઊંડા જલમાં ડૂબી ગયો. ચોતરફ હાહાકાર મચી ગયો, સૌ નાસીપાસ થયા. સંઘપતિ રત્નશ્રાવક ઉપર શીતળ જલના ઉપચારો થતાં થોડીવારમાં તે પુનઃ સ્વસ્થતાને પામ્યો. પ્રભુજીની પ્રતિમા ગળવાથી ભાંગી પડેલા હૈયાવાળો રત્નશ્રાવક બેબાકળો બની વિલાપ કરવા લાગ્યો કે, “આ મહાતીર્થનો નાશ કરનાર એવો હું મહાપાપી ! મને ધિક્કાર હો ! અજ્ઞાની એવા મારા અનુયાયી યાત્રિકોને પણ ધિક્કાર હો ! અરે ! આ શું થઈ ગયું ? ઉછળતા હૈયાના ભાવ સાથે આ મહાતીર્થને ભેટવા આવ્યો અને તીર્થોદ્ધારને બદલે તીર્થનાશમાં નિમિત્ત બની ગયો ? હવે હું કયા દાન-શીલ-તપ-ભાવધર્મના કાર્ય કરું ? જેના પ્રભાવે મારું આ પાપકર્મ ધોવાઈ જાય ! ના ! ના ! હવે તો અનેક સુકૃતો કરવા છતાં પણ મારું આ દુષ્કૃત્ય ધોવાશે નહીં, એવું લાગે છે ! હવે વ્યર્થ ચિંતા કરવી શી કામની ? બસ ! હવે તો નેમિનાથ પરમાત્મા જ મને શરણભૂત હો !” એવા દૃઢ સંકલ્પ સાથે રત્નશ્રાવક તો ચારે આહારપાણીનો ત્યાગ કરી ત્યાં જ પ્રભુના ચરણોમાં આસન લગાવી બેસી ગયો.

કાળચક્રના પગલે - પગલે એક પછી એક દિવસો પસાર થવા લાગ્યા. રત્નશ્રાવકના સત્ત્વની પરીક્ષાનો પ્રારંભ થવા લાગ્યો. અનેક ઉપસર્ગો આવવા છતાં રત્ન પોતાના સંકલ્પમાં અડગ રહ્યો. રત્નના સત્ત્વ અને અડોલતાના પ્રભાવે સંતુષ્ટ થયેલ શાસનના અધિષ્ઠાયિકા અંબિકાદેવી એક માસના અંતે પ્રગટ થયા અને તેના દર્શન થતાં જ તપધર્મનો પ્રભાવ જાણી હર્ષાતુર થયેલો રત્ન અંબિકાદેવીને નમસ્કાર કરે છે. અંબિકાદેવી કહે છે “હે વત્સ ! તું ધન્ય છે, તું ખેદ શા માટે કરે છે ? સ્વયં તીર્થયાત્રા કરવા સાથે અનેક ભવ્ય જીવોને સંઘ સાથે આ મહાતીર્થની યાત્રા કરાવી તે તારા મનુષ્ય જન્મને સફળ કર્યો છે. આ પ્રતિમાનો જૂનો લેપ નાશ પામતાં નવો લેપ થયા જ કરે છે, તેથી જીર્ણવસ્ત્ર કાઢી નવું વસ્ત્ર ગ્રહણ કરાય તેમ તું પણ આ પ્રતિમાને નવો લેપ કરાવીને પુનઃ પ્રતિષ્ઠા



કરાવ !" અંબિકાદેવીનાં આ વચનો સાંભળી વિષાદગ્રસ્ત બનેલો રત્ન કહે છે "માં આપ આવાં વચન ન ઉચ્ચારો ! એક તો પૂર્વબિંબનો નાશ કરી હું ભારે કર્મી બન્યો છું, તેમાં આપની આજ્ઞાથી આ મૂર્તિને લેપ કરાવી પુનઃ સ્થાપન કરું તો ભવિષ્યમાં પુનઃમારી માફક અન્ય કોઈ અજ્ઞાની આવી આ બિંબનો નાશ કરનારો થશે. માટે હે મૈયા! જો આપ મારા તપથી ખરેખર સંતુષ્ટ થયા હો તો મને એવી કોઈ અભંગ મૂર્તિ આપો, જેથી ભાવિમાં કોઈનાથી તેનો નાશ ન થઈ શકે અને ભક્તજનો ભાવથી જલાભિષેક આદિ કરવાના પોતાના મનોરથોને પૂર્ણ કરી શકે!"



અંબિકાદેવી રત્નશ્રાવકનાં આ વચનોને સાંભળ્યા - ન સાંભળ્યા તુલ્ય બનાવી સ્વયં ત્યાંથી અદશ્ય થઈ ગયાં. અંબિકાદેવીને અદશ્ય થયેલાં નિહાળી ક્ષણ બે ક્ષણ તો રત્ન અસ્વસ્થ બન્યો. પરંતુ અજોડ સત્ત્વનો સ્વામિ રત્ન સ્વસ્થ બની પુનઃ અંબિકાદેવીનાં ધ્યાનમાં બેસી ગયો, તેના મહાસત્ત્વની કસોટી કરવા દેવીએ અનેક ઉપસર્ગો દ્વારા રત્નને પોતાના ધ્યાનમાંથી ચલાયમાન કરવાના ઘણા પ્રયત્નો કર્યા પણ મેરૂસમ અડોલ એવો રત્ન ટસનો મસ ન થયો. ત્યારે ગર્જના કરતા સિંહવાહનની ઉપર આરૂઢ થઈ ચારે દિશાના સમસ્ત પ્રદેશમાં પ્રકાશ પ્રસરાવતી અંબિકાદેવી પુનઃ પ્રત્યક્ષ થઈ કહે છે, “હે વત્સ ! તારા દૃઢ સત્ત્વથી હું ખૂબ સંતુષ્ટ છું, માટે તારા મનની જે ઈચ્છા હોય તે મારી પાસે માંગી લે.” દેવીનાં આ વચનો સાંભળતાની સાથે જ રત્નશ્રાવક કહે છે, “હે માં! આ મહાતીર્થના ઉદ્ધાર સિવાય મારો અન્ય કોઈ પણ મનોરથ નથી, આપ મને શ્રી નેમિનાથ પ્રભુની એવી વજ્રમય મૂર્તિ આપો કે જે શાશ્વત રહે, જેને પૂજીને મારો જન્મ કૃતાર્થ કરું અને અન્ય પૂજનાર જીવો પણ હર્ષોલ્લાસને પામે!”

અંબિકાદેવી કહે છે, “સર્વજ્ઞ ભગવંતે તારા હાથે તીર્થનો ઉદ્ધાર થવાનો કહ્યો છે, માટે તું મારી સાથે ચાલ ! મારા પગલે - પગલે આજુ બાજુ દૃષ્ટિ નાખ્યા વગર ચાલ્યો આવ”. રત્નશ્રાવક દેવીના પગલે - પગલે આગળ જવા લાગ્યો. ડાબા હાથ તરફના અન્ય શિખરોને છોડતાં - છોડતાં દેવી પૂર્વ દિશા તરફના હિમાદ્રિ પર્વતના કંચન શિખર ઉપર ગઈ, જ્યાં સુવર્ણ નામની ગુફા પાસે આવીને દેવી સિદ્ધવિનાયક નામના અધિષ્ઠાયક દેવને વિનંતી કરે છે, ‘હે ભદ્ર ! ઈન્દ્ર મહારાજાના આદેશથી આપ આ શિખરના રક્ષક છો, તેથી આ દ્વાર ઉઘાડો’ દેવીના આદેશથી સિદ્ધવિનાયક તરત જ ગુફાના દ્વારો ખોલે છે ત્યારે અંદરથી દિવ્ય તેજપૂંજનો પ્રકાશ પ્રગટ થયો અને આગળ અંબિકા દેવી અને પાછળ રત્નશ્રાવક આ દિવ્ય ગુફામાં પ્રવેશ કરે છે. સુવર્ણ મંદિરમાં બિરાજમાન એવી વિવિધ મણિ, રત્ન વગેરેની મૂર્તિઓ બતાવતાં કહે છે, “ હે રત્ન ! આ સૌધર્મ નામના ઈન્દ્રે

બનાવેલી મૂર્તિ છે, આ ધરણેન્દ્રે પદ્મરાગમણિમાંથી નિર્માણ કરેલ મૂર્તિ છે. આ મૂર્તિઓ ભરત મહારાજા, આદિત્યયશા, બાહુબલિ વગેરેએ રત્ન, માણેક વગેરેની બનાવેલી તથા દીર્ઘકાળ સુધી આ બિંબોની પૂજા - ભક્તિ કરેલ છે, આ બ્રહ્મેન્દ્ર દ્વારા રત્ન-મણિનો સાર ગ્રહણ કરીને બનાવેલી છે, જે શાશ્વત મૂર્તિ જેવી છે અને અસંખ્યાત કાળ સુધી તેમના બ્રહ્મલોકમાં પૂજાયેલી છે, આ રામ અને કૃષ્ણ દ્વારા બનાવેલી છે, આ મૂર્તિઓમાં તને જે પસંદ પડે તે મૂર્તિ તું ગ્રહણ કર!"

માનવીના મનને હરી લેનારા આવા મનોરમ્ય દેવાધિદેવના દિવ્ય બિંબોને નિહાળી રત્નશ્રાવક તો પ્રસન્નતાના પરમોચ્ચ શિખરોને સર કરવા લાગ્યો. આજે તેનો હર્ષ માતો ન હતો, એક પ્રતિમા જુઓ અને બીજી ભૂલો. કઈ પ્રતિમા ઉપર પસંદગી ઉતારવી, તેનો નિર્ણય કરવો અતિ કઠિન કાર્ય બની ગયું, અંતે તેણે મણિરત્નાદિમય જિનબિંબની પસંદગી કરી ત્યારે અંબિકાદેવીએ કહ્યુ, "હે વત્સ ! ભાવિના દુષમકાળમાં લોકો શંકારહિત, નિષ્ઠુર, લોભથી ગ્રસ્ત અને મર્યાદા વિનાના થશે. તેઓ આ મણિરત્નમય બિંબની આશાતના કરશે. તને આ તીર્થના ઉદ્ધારના પુણ્ય કરતાં પાછળથી ઘણો પશ્ચાતાપ થશે. માટે આ મણિરત્નમય મૂર્તિનો આગ્રહ છોડી દે અને બ્રહ્મેન્દ્ર દ્વારા રત્ન-માણિક્યના સાર વડે બનાવાયેલ સુદૃઢ, વિજળી, વાવાઝોડાં, અગ્નિ, જલ કે લોખંડ, પાષાણ કે વજ્રથી પણ અભેદ્ય, મહાપ્રભાવક એવી આ પ્રતિમાને ગ્રહણ કર !' આટલું કહી દેવીએ બાર યોજન દૂર સુધી પ્રકાશિત થતા તેજોમય મંડલને પોતાની દિવ્યશક્તિ વડે પાછું ખેંચી લઈ સામાન્ય પાષાણ જેવી તેજોમય પ્રભા વિનાની પ્રતિમા બનાવીને કહ્યું, "હવે આ મૂર્તિને કાચા સુતરના તાંતણા વડે બાંધીને આજુબાજુ કે પાછળ જોયા વગર સડસડાટ લઈ જા! જો માર્ગમાં ક્યાંય પણ વિરામ કરીશ તો આ બિંબ તે જ સ્થાનમાં સ્થિર થઈ જશે." રત્નશ્રાવકને આ પ્રમાણે સૂચના કરી અંબિકાદેવી સ્વસ્થાને પાછા ફર્યાં.

અંબિકાદેવીની અસીમ કૃપા બળે મેળવેલ પ્રતિમાને લઈ રત્નશ્રાવક દેવીના આદેશ મુજબ, આજુબાજુ કે પાછળ જોયા વગર અસ્ખલિત ગતિ વડે કાચા સુતરના તાંતણા વડે બંધાયેલ આ બિંબને જાણે કે, રૂનું પૂમડુ ઉપાડ્યું ન હોય! તેમ આ જિનબિંબને જિનાલયના મુખ્ય દ્વાર સુધી લાવે છે, તે અવસરે વિચારે છે કે જિનાલયમાં રહેલ પૂર્વની લેપમય પ્રતિમાને ખસેડીને અંદરની ભૂમિને પ્રમાર્જીને જ્યાં સુધી સાફસૂફ ન કરું ત્યાં સુધી આ નવા જિનબિંબને અહીં જ મૂકી રાખું. પ્રાસાદની અંદર સાફસૂફી કરીને બહાર આવીને રત્નશ્રાવકે જ્યાં નવા બિંબને અંદર લઈ જવાનો પ્રયાસ કર્યો ત્યાં જ તે પ્રતિમા તે જ સ્થાને મેરૂપર્વતની જેમ કરોડો મનુષ્યથી પણ ચલાયમાન ન થઈ શકે, તે રીતે અડગ થઈ






જાય છે, આ અવસરે રત્નશ્રાવક ચિંતાતુર બનીને ચારેય આહાર - પાણીનો ત્યાગ કરીને ફરી અંબિકાદેવીની આરાધનામાં મગ્ન બની જાય છે. નિરંતર સાત દિવસના ઉપવાસને અંતે અંબિકા દેવી પુનઃપ્રગટ થઈને કહે છે. "હે વત્સ! મેં તો તને પૂર્વે જ કહ્યું હતુ કે, માર્ગમાં ક્યાંય વિરામ કર્યા વગર આ બિંબને લઈ જઈને પધરાવજે! ફોગટ પ્રયાસ કરવાનો કોઈ અર્થ નથી. હવે કોઈ પણ રીતે આ પ્રતિમા ખસી શકશે નહીં. હવે આ પ્રતિમાને યથાવત્ રાખી પશ્ચિમાભિમુખ દ્વારવાળો પ્રાસાદ કરાવ! અન્ય તીર્થોમાં તો ઉદ્ધાર કરનારા બીજા ઘણા મળશે, પરંતુ હાલ તો આ તીર્થનો ઉદ્ધારક તું જ છે, તેથી તેમાં કોઈ વિલંબ ન કર!" આ પ્રમાણે સૂચન કરી અંબિકાદેવી અંતર્ધ્યાન થાય છે, ત્યારે રત્નશ્રાવક પણ તેમના સૂચન મુજબ પશ્ચિમાભિમુખ પ્રાસાદ કરાવે છે. સકળ સંઘ સાથે હર્ષોલ્લાસપૂર્વક પ્રતિષ્ઠા મહોત્સવ કરાવે છે, જેમાં આચાર્યો વડે સૂરિમંત્રોના પદોથી આકર્ષિત થયેલા દેવતાઓ તે બિંબ અને ચૈત્યને અધિષ્ઠાયકયુક્ત બનાવે છે, રત્નશ્રાવક અષ્ટકર્મનાશક અષ્ટપ્રકારી પૂજા કરી, લોકોત્તર એવા જિનશાસનની ગગનચુંબી ગરિમાને દર્શાવતી મહાધજાને આકાશમાં લહેરાવી, ઉદારતાપૂર્વક દાનાદિ વિધિ પૂર્ણ કરી ભક્તિથી નમ્ર બની, શ્રી નેમિનાથ પ્રભુની સન્મુખ ઊભો રહ્યો સ્તુતિ કરે છે-

"હે અનંત, જગન્નાથ, અવ્યક્ત, નિરંજન, ચિદાનંદમય અને ત્રૈલોક્યતારક એવા સ્વામી ! આપ જય પામો, હે પ્રભુ! જંગમ અને સ્થાવર દેહમાં આપ સદા શાશ્વત છો, અપ્રચ્યુત અને અનુત્પન્ન છો અને રોગથી વિવર્જીત છો. દેવતાઓથી પણ અચલિત છો, દેવ, દાનવ અને માનવથી પૂજીત છો, અચિન્ત્ય મહિમાવંત છો, ઉદાર છો, દ્રવ્ય અને ભાવ શત્રુઓના સમૂહને જીતનારાં છો, મસ્તકે ત્રણ છત્ર શોભાયમાન હોય, બન્ને બાજુ ચામરો વીંઝાતા હોય અને અષ્ટપ્રાતિહાર્યની શોભાથી ઉદાર એવા હે વિશ્વના આધાર ! પ્રભુ !આપને નમસ્કાર થાઓ !

ભાવવિભોર બની સ્તુતિ કર્યા બાદ રત્નશ્રાવક પંચાંગ પ્રણિપાત સમેત ભૂમિતલનો સ્પર્શ કરી અત્યંત રોમાંચ અનુભવતો જાણે કે સાક્ષાત્ શ્રીનેમિપ્રભુને જોતો ન હોય! તેમ તે મૂર્તિ સમક્ષ પ્રણામ કરે છે. તે અવસરે તેની ભક્તિથી સંતુષ્ટ થયેલા અંબિકાદેવી ક્ષેત્રપાલાદિ દેવતાઓ સહિત ત્યાં પધારે છે અને રત્નશ્રાવકના કંઠમાં પારિજાતનાં પુષ્પોની માળા પહેરાવે છે. પછી રત્નશ્રાવક કૃતાર્થ થઈ સ્વજન્મને સફળ થયેલો માનીને સૌરાષ્ટ્રની ભૂમિને જિનપ્રાસાદોથી વિભૂષિત કરી સાત ક્ષેત્રોમાં સંપત્તિ સ્વરૂપ બીજનું વાવેતર કરતો પરંપરાએ મોક્ષસુખનો સ્વામી થશે.






# ૪

# વર્તમાન શ્રીનેમિનાથ જિનાલયનો ઈતિહાસ

ગુર્જર દેશના પાટણ નગરની જાહોજલાલી તે અવસરે કંઈક ઓર જ હતી. આચાર્ય હેમચન્દ્રસૂરિ મહારાજ સાહેબના ઉપદેશથી પાટણથી ગિરનાર અને શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો પદયાત્રા સંઘ નીકળ્યો હતો. શ્રી સંઘે આચાર્યભગવંત સહિત વણથલી (વંથલી) ગામની પાદરે પડાવ નાખ્યો. સંઘના નરનારીઓ સ્નાનાદિવિધિ પતાવી બહુમૂલ્ય વસ્ત્રાદિ પરિધાન કરી, રત્નજડિત આભૂષણ ધારણ કરી પરમાત્માના જિનાલયમાં દર્શન-પૂજાદિ પરમાત્મભક્તિમાં લીન હતા, સંઘપતિ પાસે પણ ઘણું ધન હતું. આ બધું જોઈને સોરઠના રાજા રા'ખેંગારની દાનત બગડી હતી. તેનો ઈરાદો પાટણના આ ધનાઢ્ય યાત્રાસંઘને લૂંટવાનો હતો. તેઓથી તેને પુષ્કળ ધન અને સોના-ઝવેરાતના દાગીના મળવાની મોટી આશા હતી.

વાંદરાને નિસરણી મળે તેમ તેના કુસંગે પાસવાનોએ પણ રાજાને ચડાવ્યો કે, "રાજન્ ! તારા પ્રચંડ પુણ્યપ્રતાપે આજે ગુર્જર દેશના પાટણ નગરની ઘણી ધન-લક્ષ્મી તને સામેથી ચાંલ્લો કરવા આવી હોય તેમ તારા આંગણે આવી છે. રાજન્ આ સંઘને લૂંટી લે ! જેનાથી તારો ધન ભંડાર છલકાઈ જશે." પાસવાનની આ વાતો સાંભળી રાજાનું મન પીગળી ગયું અને સંઘનું સર્વસ્વ લૂંટી લેવાના મનોરથ જાગી ઉઠ્યા, પરંતુ રાજમર્યાદાનો ભંગ અને અપયશનો મોટો ડર તેના મસ્તકે તોળાતો હતો. ધનની લૂંટ ચલાવવા માટે કયો માર્ગ અપનાવવો, તેની વિમાસણમાં પડી ગયો હતો. સંઘને લૂંટવાના દુષ્ટ આશયથી સંઘને એક દિવસ વધુ રોકાઈ જવાનો કીમિયો અજમાવ્યો. બીજા દિવસે રાજકુટુંબમાં કોઈ મોટું મરણ થયું. તે દરમ્યાન આચાર્ય ભગવંતને રા'ખેંગારના દુષ્ટ મનનું પારખું થઈ ગયું, તેથી આ મૃત્યુના બહાનાથી રાજમહેલમાં જઈને રા'ખેંગારને ઉપદેશ આપી નીતિના માર્ગે આગળ વધવા હિતશિક્ષા આપી. શ્રીસંઘ ત્યાંથી રવાના થઈ શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરી પાછો પાટણ પહોંચી ગયો.



પાટણ નરેશ રાજા સિદ્ધરાજને રા'ખેંગારના આ દુષ્ટ વિચારોના સમાચાર મળતાં તેણે સોરઠ દેશ ઉપર ચઢાઈ કરીને વિ. સં. ૧૧૭૦માં રા'ખેંગારને હરાવીને જીવતો પકડીને પાંજરામાં પૂર્યો અને કાયમને માટે તેની પાશવી લીલાનો અંત આવ્યો. તે અવસરે મહારાજા સિદ્ધરાજનો મંત્રી સજ્જન ઉદિરાથી ખંભાત જતો હતો ત્યારે વચ્ચે સકરપુર નામના એક ગામમાં ભાવસારને ત્યાં ઉતર્યો હતો. ભાવસારના ઘરમાં કડાઈમાં સોનામહોરો ભરેલી હોવા છતાં કોઈપણ કારણસર તેને તે કોલસા જ છે, તેવું સમજતો હતો. સજ્જન મંત્રીએ પૂછ્યું કે, " ભાઈ ! આ સોનામહોરો આમાં કેમ રાખી છે ?" ભાવસારે સજ્જન મંત્રીને પુણ્યવાન માનીને તે બધી સોનામહોરો તેને સોંપી દીધી. સજ્જન મંત્રી પણ પારકું ધન ગ્રહણ નહીં કરવાની પ્રતિજ્ઞા હોવાથી તે સોનામહોરો રાજા સિદ્ધરાજને અર્પણ કરી દે છે. રાજા પણ સજ્જન મંત્રીને નામ તેવા ગુણવાળો, શુદ્ધ નૈતિક ભાવનાવાળો શ્રાવક જાણી ખૂબ ખુશ થયો અને તેને રાજ્યમાં ઊંચો હોદ્દો આપવાનો નિર્ણય કર્યો. રા'ખેંગારને હરાવ્યા બાદ તેના મરણ પછી મહામંત્રી બાહડના સૂચનથી સજ્જન મંત્રીને સૌરાષ્ટ્રના દંડનાયક તરીકે નીમવામાં આવ્યો.

પ્રતિભાશાળી પ્રજ્ઞાવાન, કાર્યક્ષેત્રમાં કુશળ, દીર્ઘદૃષ્ટા સજ્જનમાં કાર્ય કરવાની વિશિષ્ટ શક્તિ હોવાથી તેણે ખૂબ જ ટૂંકા ગાળામાં સોરઠની પ્રજાનો સ્નેહ સંપાદન કરી લીધો હતો. સોરઠ દેશના વહીવટ માટે સજ્જન મંત્રીએ જૂનાગઢને મુખ્ય સ્થાન બનાવ્યું. સોરઠ દેશની શાન વધારવા તેણે ભગીરથ પ્રયાસો કરીને સફળતા મેળવી. અવસરે ગિરનાર ગિરિવર ઉપર આરોહણ કરવાનું થયું ત્યારે તદ્દન જીર્ણ થયેલા જિનાલયોની દુઃસહ્ય પરિસ્થિતિ નિહાળી, એક પછી એક દેરાસર ખંડેર થવા મથી રહ્યા હોય તેવા તેના દેદાર જોઈને સજ્જન ખૂબ જ ઉદ્વિગ્ન બની ગયો. મહારાજા સિદ્ધરાજની હકૂમતમાં જિનેશ્વર પરમાત્માના જિનાલયોની આ હાલત ! તેનું અંતર કકળી ઉઠ્યું ! એ સમયે રાજગચ્છના સદા એકાંતરે ઉપવાસ તપની આરાધના કરતાં આચાર્ય ભદ્રેશ્વરસૂરિના શુભ ઉપદેશથી સજ્જન મંત્રીએ જીર્ણશીર્ણ હાલતમાં રહેતા કાષ્ઠ (લાકડા)ના બનેલા શ્રી નેમિનાથ પરમાત્માના મુખ્ય જિનાલયનો પાયામાંથી જીર્ણોદ્ધાર કરાવવાનો સંકલ્પ કર્યો.

શુભમુહૂર્ત ગિરિવરના જિનાલયનાં જીર્ણોદ્ધારનો પ્રારંભ થયો. કુશળ કારીગરો પોતાની કળાનો કસબ દેખાડવા લાગ્યા. ખંડેર થવા મથી રહેલા મંદિરો મહેલ સ્વરૂપ બનવા લાગ્યા. ગિરિરાજના શિખરે ટાંકણાઓના ટંકાર પડવા લાગ્યા. સજ્જન પોતાની સર્વશક્તિ જિનાલયના નિર્માણ પાછળ જોડી રહ્યા હતા. એક તરફ સોરઠ દેશનો રાજવહીવટ, બીજી તરફ જિનાલયનો જીર્ણોદ્ધાર ! આ બે મહત્વના કાર્યમાં સતત વ્યસ્ત રહેતાં સજ્જનને જીર્ણોદ્ધાર માટે આવશ્યક ધનની ચિંતા હતી. તે ધારે તો સૌરાષ્ટ્ર દેશના ગામોગામ ફરી અઢળક ધન સંપત્તિ એકઠી કરી શકે પરંતુ રાજની જવાબદારીના કારણે તે શક્ય ન હતું, તેથી હાલ તો સોરઠ દેશની આવક જે રાજભંડારમાં જમા કરવાની હતી તે ત્રણ વર્ષની આવકને આ જીર્ણોદ્ધારના કામમાં લગાવી અવસરે સૌરાષ્ટ્રના ગામડાઓમાંથી તે રકમ એકઠી કરી રાજભંડારમાં ભરી દેવાશે એવો નિર્ણય કરી ૭૨ લાખ દ્રમની રકમ જીર્ણોદ્ધારના કાર્યમાં જોડી દીધી. (આ જીર્ણોદ્ધાર વિ. સં. ૧૧૮૫ની સાલમાં થયો હતો)





વિઘ્નસંતોષીઓને શોધવા પડતા નથી તેમ ગિરનારના આ સર્વોત્તમકાર્ય કરતાં સજ્જન મંત્રીના ઉત્કર્ષને ખમી ન શકનારા કેટલાક જીવોએ પાટણનરેશ મહારાજા સિદ્ધરાજની કાનભંભેરણી કરી. સૌરાષ્ટ્રના સજ્જન મંત્રીએ ત્રણ ત્રણ વર્ષથી સોરઠ દેશની આવકની એક કોડી પણ રાજના ભંડારમાં જમા નથી કરી, નક્કી દાળમાં કંઈક કાળું હોવાની જૂઠી શંકા ઊભી કરી સિદ્ધરાજને સજ્જન મંત્રી સામે કડક પગલાં લેવા ઉશ્કેરવાના કાવતરા ઘડવાના શરૂ કર્યા. મહારાજા સિદ્ધરાજ પણ ઈર્ષ્યાથી બળતા તે રાજપુરૂષોની વાતો સાંભળી ઉકળી ઉઠ્યા અને સ્વયં જૂનાગઢ જઈ રાજવહીવટનો હિસાબ લેવા તત્પર બન્યા. રાજાને સજ્જન પ્રત્યે અનહદ અવિશ્વાસ જાગી ગયો. હવે કેમે કરી બાજી હાથમાં ઝાલવી મુશ્કેલ બની હતી. મહામંત્રી બાહડ પરિસ્થિતિને પામી આ સમાચાર શકયતઃ વહેલાસર જૂનાગઢ સજ્જન મંત્રીને પહોંચાડવા માંગતા હતા. એક પવનવેગી સાંઢણી અને અસવારના સહારે બાહડ મંત્રીએ મહારાજા સિદ્ધરાજના વાવડ સજ્જન મંત્રીને પહોંચાડ્યા. કુશાગ્રબુદ્ધિ સજ્જન મંત્રી પરિસ્થિતિને પામી ગયો. સોરઠની આવકની રકમ હવે કેવી રીતે ભરવી, તેની ભાવયાત્રામાં સજ્જન લાગી ગયો. તેની ભાવયાત્રાના પ્રથમ મુકામ સ્વરૂપે વણથલી (વંથલી) તીર્થ તેની નજર સમક્ષ આવ્યું. વંથલી તીર્થની રિદ્ધિ-સિદ્ધિને અનુલક્ષી ગિરનાર તીર્થ માટે તન-મન-ધન ન્યોચ્છાવર કરનારા શ્રાવકોની હારમાળા તેના સ્મૃતિપથ ઉપર ચાલવા લાગી.

જીર્ણોદ્ધાર તથા સોરઠ દેશની રાજવ્યવસ્થાના કાર્યમાં વ્યસ્ત એવા સજ્જન મંત્રીએ સિદ્ધરાજના આગમન પૂર્વે જીર્ણોદ્ધારના કાર્યમાં લાગેલી સોરઠ દેશની આવકની રકમ એકઠી કરવા વણથલી તરફ પ્રયાણ કર્યું. મહાજનને એકઠું કરી ગિરનાર જિનાલયના જીર્ણોદ્ધાર અંગેની રકમની વાત વહેતી મૂકી, ગામના શ્રેષ્ઠિઓએ પોતાના ફાળાની રકમ નોંધાવવાનો પ્રારંભ કરતા જ રકમ લખાવવા માટે પડાપડી થવા લાગી. સભાની ભરચક મેદનીને ચીરતો મેલાં-ઘેલાં કપડાં પહેરેલો એક માણસ આગળ આવવા મથામણ કરતો હતો ત્યારે ધક્કામુક્કીના કારણે આવેશમાં આવેલ કોઈ સભાજન બૂમ મારે છે, “અલ્યા તારે ત્યાં શું ખાવાનું દાટ્યું છે ? ગિરનાર ગિરિવરની આ ટીપ ચાલે છે તેમાં અંતરાય પાડવા કયાં જાય છે ? બે પૈસા પણ લખાવવાની તારી તેવડ છે ?” તે માણસ તો સૌની ઉપેક્ષા કરી મૌનપૂર્વક આગળ વધી સજ્જન મંત્રીની સમીપ પહોંચી ગયો.



સજ્જન મંત્રીના કાન પાસે જઈ કહે છે, "મંત્રીશ્વર ! આ મહાપ્રભાવક ગિરનાર માટે તો મારું સર્વસ્વ આપવા હું તૈયાર છું ત્યાં આ સોરઠ દેશની ત્રણ વર્ષની આવક જેવી મામૂલી રકમ માટે આપ શા માટે ટીપ કરાવો છો ? આ રાંકડા ઉપર કૃપા કરી આ લાભ મને જ લેવા દો." સજ્જન મંત્રી બે ક્ષણ તો આભા જ બની ગયા. આ લઘરવઘર મલિન વસ્ત્રવાળો માણસ અને સંપૂર્ણ રકમ આપવા તૈયાર ! આ કોણ છે ? તે વિચારમાં પડીને તેને પૂછે છે, "આપનું નામ ?" નમ્રભાવથી તે ઉત્તર આપે છે, "ભીમ-સાથરીયો, મંત્રીશ્વર ! ગામના શ્રેષ્ઠિઓ તો મહાભાગ્યવાન છે, તેઓને તો આવા દાન-પુણ્યના અવસર છાશવારે ને છાશવારે પ્રાપ્ત થાય છે, આજે આ ગરીબડાને બે પૈસાના પુણ્ય કમાવાની તક આપશો તો મારું જીવન ધન્ય બની જશે." એમ કહી સમસ્ત સભાજનો સમક્ષ પોતાની ભાવના વ્યકત કરી સજ્જન મંત્રીના ચરણસ્પર્શ કરી પોતાની ઝોળી ફેલાવે છે.






સજ્જન મંત્રી માનવ - મહેરામણ વચ્ચે ભીમા સાથરીયાની પ્રગટ થયેલી ભાવનાને ન્યાય આપી સમસ્ત મહાજનની ફાળો આપવાની ભાવનાનો સ્વીકાર કરવાની પોતાની અસમર્થતા દર્શાવે છે. ભીમા સાથરીયાના જીર્ણોદ્ધાર માટેની રકમના વચનને લઈ મંત્રીશ્વર પાછા જૂનાગઢ પધારે છે, ત્યાં તો મહારાજા સિદ્ધરાજ નજીક આવી ચૂક્યાના વાવડ આવે છે. વહેલી સવારે મહારાજાનો પ્રવેશ થાય છે, તે અવસરે જૂનાગઢના નગરજનો ધામધૂમથી સામૈયું કરી મહારાજાની પધરામણીના વધામણાં કરે છે. મહારાજા સિદ્ધરાજ મહેલમાં પધારતાં સજ્જન નતમસ્તક ઝૂકી મહારાજાના ખબર અંતર પૂછે છે ત્યારે સજ્જન મંત્રીના દુર્વ્યવહારની ખોટી વાતોથી ભરમાયેલા મહારાજાની અંદરની અગનજ્વાળા ભડભડતી બહાર આવી. તે કહે છે, ‘‘તમારા જેવા વિશ્વાસઘાતી અને રાજદ્રોહી આ રાજ્યમાં ઉચ્ચ હોદ્દે બિરાજમાન હોય ત્યાં સ્વસ્થતા કયાંથી હોય ? સોરઠની ધરતીની ત્રણ વર્ષની ઉપજની રકમનો હિસાબ કયાં છે?’’

મહારાજાની નિરર્થક પીડાના જાણકાર સજ્જને શાંત ચિત્તે પ્રત્યુત્તર આપ્યો, ‘‘મહારાજા ! રાજની આવકની આનાપાઈનો હિસાબ તૈયાર જ છે, આપ કૃપાળુ મુસાફરીનો થાક ઉતારવા થોડી વાર આરામ ફરમાવો.’’

સજ્જન મંત્રીના દૃઢતાપૂર્વકના નિર્ભય વચનો સાંભળી મહારાજા સિદ્ધરાજ ઘડી - બે ઘડીમાં તો ઠંડાગાર જેવા થઈ ગયા, પોતે કરેલા નિરર્થક આવેશ બદલ પશ્ચાતાપ કરવા લાગ્યા. દિવસ દરમ્યાન નગરજનોના સ્વમુખે સજ્જન મંત્રીની કાર્યકુશળતા અને રાજવહીવટની મુક્ત મને થતી પ્રશંસા સાંભળી, સાથે સાથે સજ્જન મંત્રીએ કરાવેલ જિનાલયના સુંદર જીર્ણોદ્ધારની પણ વાતો સાંભળતાં ઢળતી સંધ્યાએ મહારાજા મંત્રીને બોલાવી પ્રભાતે સંકલગામની પાદરથી નીકળી ગિરનાર ગિરિવર આરોહણ કરવાની પોતાની ભાવના વ્યકત કરે છે.



નવલી પ્રભાતે મહારાજા અને મંત્રી ગિરિ આરોહણ કરી રહ્યા છે, તે અવસરે શિખર ઉપર શોભતા ધવલચૈત્ય અને ગગનને આંબવા મથતી ફરકતી ધજાઓની શોભાને જોઈને મહારાજા પૂછે છે, “કયા ભાગ્યવાન માતા-પિતા છે ? જેના સંતાનોએ આવા સુંદર, મનોહર જિનાલયોની હારમાળાઓનું સર્જન કર્યુ છે !” ત્યારે મંત્રી કહે, “સ્વામી ! આપ પૂજ્યના માતા-પિતાનું જ તે સૌભાગ્ય છે કે, આપ જેવા મહાપુણ્યશાળીના પ્રતાપે આવું જાજ્વલ્યમાન સર્જન થયું છે.”

આશ્ચર્યચકિત થયેલા મહારાજા ક્ષણવાર મંત્રમુગ્ધ બની આ વાતનું રહસ્ય મંત્રીને પૂછે છે, ત્યારે મંત્રી કહે છે, “હે સ્વામી ! આપના પુણ્યપ્રભાવે જ આ અનેરૂં સર્જન થવા પામ્યું છે અને આપના પિતા કર્ણદેવ અને માતા મીનળદેવી જ ભાગ્યશાળી છે કે, આપના જેવા શૂરવીર પુત્ર ગુર્જરનરેશે પૂજ્ય પિતાની ચીરકાલીન સ્મૃતિ કાજે આવા દેદીપ્યમાન દેરાઓના સર્જન કર્યા છે, સોરઠ દેશની ધન્યધરાની ત્રણ-ત્રણ વર્ષની આવક આ જિનાલયના નવસર્જનમાં વપરાયેલ છે, જેના પ્રતાપે આ મંદિરો મન મોહી રહ્યા છે, આપ કૃપાળુ જ સોરઠ દેશના ધણી છો તેથી જ આપના પિતા કર્ણદેવ અને માતા મીનળદેવી ધન્ય બન્યા છે ! “કર્ણપ્રાસાદ” નામના આ જિનાલયથી ગિરનારની શોભામાં વૃદ્ધિ થયેલ છે જે આપના પિતાની સ્મૃતિને ચીરકાલીન બનાવવા સમર્થ છે, છતાં આપ સ્વામીને સોરઠની ત્રણ વર્ષની આવક રાજભંડારમાં જમા કરવી હોય તો આનાપાઈ સાથે તે રકમ ભંડારમાં જમા કરવા માટે નજીકના વણથલી ગામનો શ્રાવક ભીમ સાથરીયો એકલો તે રકમ ભરવા તૈયાર છે અને જો જીર્ણોદ્ધારનો ઉત્કૃષ્ટ લાભ લઈ આત્મભંડારમાં પુણ્ય જમા કરાવવાની તૈયારી હોય તો તે વિકલ્પ પણ આપના માટે ખૂલ્લો જ છે.”

સજ્જન મંત્રીનાં આ વચનો સાંભળી મહારાજા સિદ્ધરાજ તેમના ઉપર ઓવારી જાય છે અને કહે છે, “આવા મનોરમ્ય જિનાલયનો મહામૂલો લાભ મળતો હોય તો મારે તે ત્રણ વર્ષની આવક સાથે

કોઈ નિસ્બત નથી. મંત્રીવર ! તમે કમાલ કરી છે. તમારી બુદ્ધિ, કાર્ય પદ્ધતિ અને વફાદારી માટે મારા હૈયામાં ભારોભાર બહુમાન ઉપજી રહ્યું છે, મંત્રીવર ! તમારા માટે જે શંકા-કુશંકા થઈ છે, તે બદલ ક્ષમા માંગુ છું. આજે હું પણ ધન્ય બની ગયો છું."


આ તરફ મંત્રીશ્વરના વાવડની વાટ જોતો ભીમો સાથરીયો બેચેન હતો કે, "હજુ સજ્જન મંત્રીના કોઈ સમાચાર કેમ ન આવ્યા ? શું મારા મુખ સુધી આવેલો પુણ્યનો અમૃતકુંભ ઢોળાઈ જશે ?" સતત ચિંતામગ્ન બનેલ ભીમની ધીરજ ખૂટી અને અધીરા બનેલા તેણે જૂનાગઢ ભણી પ્રયાણ કર્યું. મંત્રીને જીર્ણોદ્ધાર માટેની રકમ માટે કોઈ સમાચાર ન આવવાનું કારણ પૂછ્યું, સજ્જને હકીકત જણાવતાં ભીમાને સખત આઘાત લાગ્યો, હાથમાં આવેલી પુણ્યની તક ઝૂંટવાઈ જવાથી તે ક્ષણ, બે ક્ષણ અવાચક્ બની ગયો. પુનઃ સ્વસ્થતા પ્રાપ્ત થતાં તે કહે છે, "મંત્રીશ્વર ! જીર્ણોદ્ધારના દાન માટે કલ્પેલી રકમ હવે મારે કોઈ ખપની નથી. આપ આ દ્રવ્યનો સ્વીકાર કરી તેનો યોગ્ય ઉપયોગ કરજો !"

વણથલી ગામ ભણી વળતાં પગલાં ભરતાં ભીમા સાથરીયાના ધનના ગાડાઓ સજ્જનમંત્રીના આંગણે આવી ચડ્યા. વિચક્ષણ બુદ્ધિ સજ્જને આ રકમમાંથી હાલનાં મેરકવશી નામના જિનાલયનું અને ભીમ-સાથરીયાની ચીરકાલીન સ્મૃતિ અર્થે શિખરના જિનાલયોની સમીપ "ભીમકુંડ" નામના એક વિશાળ કુંડનું નિર્માણ કરાવ્યું હતું.




# ૫

# ગોમેધ યક્ષ




ભરતક્ષેત્રની ભવ્યભૂમિ ઉપર સુગ્રામ નામનું રળિયામણું ગામ હતું. જેમાં ગોમેધ વગેરે અનેક પ્રકારના યજ્ઞકાંડ-ક્રિયા કરાવવાનો વ્યવસાય ધરાવતો બ્રાહ્મણ રહેતો હતો. મુખ્યતયા ગોમેધાદિ યજ્ઞ કરાવવામાં નિપુણ હોવાથી બ્રાહ્મણજનમાં તે ગોમેધ બ્રાહ્મણના નામે પ્રસિદ્ધ હતો. મિથ્યાત્વના ઘોર અંધકારના કારણે તે ધર્મના નામે યજ્ઞાદિ ક્રિયાઓ વડે અનેક પ્રાણીઓની હિંસામાં નિમિત્ત બનતો, જીવહિંસાના ભયંકર પાપકર્મના તાત્કાલિક ફળરૂપે તેની પત્ની અને પુત્રો મૃત્યુ પામ્યા. પુત્ર-પત્ની વિનાનો તે નિરાધાર થયેલો અત્યંત ઉદ્વિગ્ન ચિત્તે રહેવા લાગ્યો. અવસરે તેના દેહમાં ગળતો કુષ્ટરોગ ઉત્પન્ન થવાથી તેના પ્રત્યે લેશમાત્ર પણ



સહાનુભૂતિ બતાવ્યા વગર સ્વાર્થના સગાંઓએ તિરસ્કાર કરી તેને હડધૂત કરી દીધો. કુષ્ટરોગની મહાપીડાથી અત્યંત દુ: ખી અવસ્થામાં જીવન પસાર કરતો હતો, ત્યારે અધૂરામાં પૂરું તેના શરીરના રોમેરોમમાં અસંખ્યાતા કીડાઓ ઉત્પન્ન થવાથી તે સાક્ષાત્ નરકની કારમી પીડા ભોગવવા લાગ્યો. આવા અંગે અંગમાં ખદબદતા કીડાઓ અને સતત ઝરતા પરૂ વગેરે અશુચિ પદાર્થોથી તેના દેહમાંથી તીવ્ર દુર્ગંધ પ્રસરવા લાગી. દુર્ગંધ અને અશુચિથી ખદબદતાં તેના દેહ ઉપર અનેક માખીઓના બણબણાટથી તે અત્યંત ત્રાસ અનુભવી રહ્યો હતો. રોમે- રોમે અંગારાની અગનની વેદનાથી હવે તો વહેલામાં વહેલું મરણ આવે તેવી તીવ્ર ઈચ્છા સાથે આ કારમી વેદનાઓને સહન કરતો માર્ગમાં આમથી તેમ આળોટતો દુ:ખની કીકીયારી સાથે આક્રંદ કરી રહ્યો હતો.

સુકૃતના બીજ કયારે ને કયારે તો ફળદાયી બને જ, તેમ તેના પૂર્વભવના કોઈ સત્કૃત્યનો પ્રચંડોદય થવાનો હોય તેમ તે સમયે એક મુનિવર તે માર્ગથી પસાર થાય છે. ક્ષમાશ્રમણ, દયાના ભંડાર એવા મહાત્માએ તેની આ અવદશા જોઈને સહાનુભૂતિ દર્શાવીને કહ્યું કે, " હે ભાગ્યવાન ! તે ગુરૂના ઉપદેશના પ્રભાવથી ધર્મની બુદ્ધિથી અનેક જીવોની હિંસા કરવા રૂપ જે કુકર્મનું આચરણ કરેલ છે, તે પાપવૃક્ષના તો આ અંકુરા માત્ર પ્રગટ થયા છે, હજુ આ પાપકર્મનાં ફળ તો તને ભવાંતરમાં પ્રાપ્ત થશે. નરકાદિ દુર્ગતિની પરંપરાનું આ તો પ્રથમ સોપાન છે. હજુ પણ આ ઘોર ભયંકર પીડાથી તું ત્રાસી ગયો હોય અને ભવાંતરમાં આ પીડાથી દૂર રહેવા ઈચ્છતો હોય તો હજુ કંઈ મોડું થયું નથી. તું જીવદયા જ જેના મૂળમાં છે તેવા જીવદયાપાલક, કરૂણાસાગર, દયાના ભંડાર શ્રી જિનેશ્વર પરમાત્માએ પ્રરૂપણ કરેલા જિનધર્મનો સ્વીકાર કર ! આજ સુધી અનેક જીવોનો ઘાત કરી અનેક જીવોને ત્રાસ આપ્યો છે, તેની તું ક્ષમાયાચના કર ! વળી તારા કરેલા કુકર્મોના શમન માટે સમર્થ, અનેક દેવોથી પણ પૂજિત, અનંતા તીર્થંકરોના અનંતા કલ્યાણકોની કલ્યાણકારી ભૂમિ એવા શ્રી રૈવતગિરિ મહાતીર્થની સેવા-ભક્તિ કર ! જેના મહાપ્રભાવથી તારા સર્વપાપ વિલીન થઈ જશે."



નિષ્કારણબંધુ એવા સાધુ ભગવંતનાં વચનોને સાંભળી રૈવતગિરિ મહાતીર્થને હૈયામાં ધારણ કરતો ગોમેધ અમૃતરસના આસ્વાદનને અનુભવતાં સમતા સાગરમાં નિમગ્ન બની કોઈપણ પીડારહિત મૃત્યુ પામે છે. ઉપશમરસમાં ડૂબેલો, મહાતીર્થ અને પરમાત્માના ધ્યાનમાં લીન એવો ગોમેધ મહાઋદ્ધિમાન દેવપણાને પામીને યક્ષોના નાયકપણાને પામે છે. મુનિભગવંતના મુખકમલથી નીકળેલા અમૃત વચનના શ્રવણમાત્રથી તે અનેકવિધ દિવ્યદૃષ્ટિનો સ્વામી બન્યો, સાથે સાથે પરમાત્માના અસંખ્ય ગુણોનું સ્તવન કરવા માટે ત્રણ મુખને ધારણ કરનાર, શાસનના અનેકવિધ કાર્યો કરવા માટે સમર્થ બનવા માટે છ ભુજાઓને ધારણ કરનાર, જેમાં ડાબા ત્રણ હાથમાં શક્તિ, ફૂલ અને નકુલ તથા જમણા ત્રણ હાથમાં ચક્ર, પરશુ અને બીજોરૂં ધારણ કરનાર, દેહ ઉપર જનોઈ અને વાહન તરીકે પુરૂષને ધારણ કરનાર ગોમેધ નામે યક્ષ થઈને શાસન અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવીની માફક અનેક સેવકોથી પરિવરેલો દેવવિમાનમાં આરૂઢ થઈ તે જ સમયે રૈવતગિરિ તીર્થ ઉપર આવી પરમાત્માને વંદન કરે છે. પૂર્વભવમાં પ્રભુના નામસ્મરણ માત્રથી થયેલા ઉપકારનું સ્મરણ કરતો તે ગદ્ગદ્ સ્વરે પ્રભુની સ્તવના કરે છે. તે સમયે ઈન્દ્ર મહારાજ પણ તેને પરમાત્માનો પરમ ભક્ત જાણી શ્રી નેમિપ્રભુના શાસનના અધિષ્ઠાયક દેવ તરીકે સ્થાપન કરે છે.






# ૭

## શ્રી નેમિનાથ પરમાત્માના શાસનના અધિષ્ઠાયિકા

# અંબિકાદેવીની ઉત્પત્તિ

સોરઠ દેશના આભરણ સ્વરૂપ રૈવતાચલ પર્વતની દક્ષિણ દિશામાં દાક્ષિણ્યતા અને ન્યાયથી રક્ષિત થયેલું અને સમૃદ્ધિ વડે કુબેર ભંડારી જેવા માનવોથી ભરપૂર એવું કુબેર નામનું એક ઉત્તમ નગર હતું. જ્યાં આશ્ચર્યના અવલોકનથી નગરજનોના નેત્રરૂપી કમળો જેમાં વિકસિત થયેલાં હોય એવાં કમળવનો હતાં, જ્યાં શત્રુઓની શ્રેણીનો નાશ કરનારો ઊંચો કિલ્લો હતો, વળી જ્યાં પાપનો પ્રલય કરનારા મંદિરો હતાં, વળી પ્રત્યેક ચૈત્યમાં અરિહંત પરમાત્માની આશ્ચર્યદાયક પ્રતિમાની ભક્તિના પુણ્ય પ્રભાવે નગરજનો લક્ષ્મી સંબંધી સુખને યુક્તિથી પ્રાપ્ત કરી રહ્યાં હતાં. ઈન્દ્ર સમાન યશનામકર્મના ઉદયના ગુણવાળો, શત્રુરૂપી ગજેન્દ્રને વિદારવામાં વનકેસરી, પ્રયત્ન વગર મનોવાંછિત દાન કર્તા, યાદવવંશના રત્નરૂપ કૃષ્ણ નામનો રાજા રાજ્ય કરતો હતો. **"આ જગતમાં રત્નત્રયીનો આધાર ધર્મ જ છે."** એમ જણાવવાના ચિહ્ન રૂપે ત્રણ સૂતરના દોરાથી સુશોભિત અંગવાળો, મુનિ ભગવંતોની વાણીના અમૃતરસથી સિંચાયેલ બોધિવૃક્ષવાળો, અદ્ભુત મનોહર વિદ્યાને ધારણ કરતો દેવભટ્ટ નામનો બ્રાહ્મણ હતો. તેની દેવલ નામની ધર્મપત્ની હતી, જેનાથી તેને સોમભટ્ટ નામના પુત્રની પ્રાપ્તિ થઈ હતી. શૈશવ, કુમાર અવસ્થાઓ વટાવી સોમભટ્ટે યૌવનના ઉંબરે ડગ ભર્યા ત્યારે શીલાદિ અનેક ગુણ સમૂહથી અલંકૃત એવી સાક્ષાત્ લક્ષ્મી સમાન અંબિકા નામની કન્યા સાથે તેનાં લગ્ન થયાં. કાળક્રમે દેવભટ્ટ બ્રાહ્મણ મરણ પામતાં તેના આત્માની સાથે સાથે મિથ્યાત્વથી કલુષિત એવા તેના ગૃહમાંથી જૈન



ધર્મ પણ દૂર થયો અને તેઓ નિરંતર શ્રાદ્ધના દિવસોમાં કાગડાને પીંડ આપવો, નિત્ય પીપળાની પૂજા કરવી વગેરે પ્રવૃત્તિ કરવા લાગ્યા. અંબિકા તો તેઓની સાથે રહેતી હોવા છતાં ભદ્રક પરિણામી હોવાથી જૈન ધર્મમાં દૃઢ હતી.

એક વાર દેવભટ્ટ બ્રાહ્મણના શ્રાદ્ધનો દિવસ હતો, તેથી ખીરાદિ વિવિધ ભોજન રસોઈ ઘરમાં તૈયાર થયા હતા, તે અવસરે મધ્યાહ્નકાળમાં શમ અને સંવેગની સાક્ષાત્ મૂર્તિ સમાન માસોપવાસી મુનિયુગલ ભિક્ષાર્થે તેના ઘરે પધારે છે. તપ અને ક્ષમાથી જાણે સૂર્ય, ચંદ્ર જેવા ન



હોય ! એવા મુનિયુગલને નિહાળી હર્ષવિભોર બનેલી પ્રકૃષ્ટ ભક્તિભાવના કારણે રોમાંચિત થયેલા દેહવાળી અંબિકા વિચાર કરે છે, “અહો! આજે આ પર્વના દિવસે સકલ વિશ્વને પાવનકારી બનાવવા માટે સમર્થ એવા મુનિ ભગવંતોના મારા ઘર આંગણે પગલાં થતાં મારા પુણ્યનો પ્રકર્ષ થયો, મુનિદર્શનથી નેત્રો નિર્મળ થયા, હાલ મારા સાસુ પણ ઘરમાં નથી અને સાધુ ભગવંતને પ્રાયોગ્ય નિર્દોષ એવું ભોજન પણ તૈયાર છે તો લાવ આ સુવર્ણ અવસરને પામી શ્રમણ ભગવંતોને સુપાત્ર દાન કરી મારા મનુષ્ય ભવને સફળ કરું” પછી આ પ્રમાણે ચિંતન કરતી અંબિકા પોતાના સ્થાનથી ઊભી થઈ ભક્તિસભર હૈયે સ્વગૃહે રહેલા શુદ્ધ અન્નપાનાદિ ભોજન વડે પોતાને લાભ આપવા માટે મુનિ ભગવંતોને આજીજીભરી વિનંતી કરે છે. શાસ્ત્રાભ્યાસમાં પ્રવિણ એવા મહાત્માઓ પણ ખૂબ જ ગવેષણા કરી, પોતાને પ્રાયોગ્ય એવા ભોજનાદિને દ્રવ્ય અને ભાવ ઉભયથી શુદ્ધ જાણીને ૪૨ દોષ વર્જિત ભિક્ષાને ગ્રહણ કરી ધર્મલાભપૂર્વક આશિષ આપી સ્વસ્થાને પાછા વળે છે. અંબિકાના ચિત્તમાં સુપાત્ર દાન રૂપી ઘંટનાદનો રણકાર ચાલુ જ રહ્યો અને સતત પોતાને મળેલા લાભની અનુમોદના કરતાં - કરતાં અઢળક પુણ્ય રાશિના સંચય દ્વારા સુકૃતના લાભનો ગુણાકાર કરી રહી હતી.

અંબિકાના હૈયાના ભાવો આસમાને ચઢી રહ્યા હતા ત્યારે પાડોશમાં રહેલી સ્ત્રી મુનિદાનના દૃશ્યને નિહાળી ઈર્ષ્યાથી સળગી ઉઠી, પોતાનું વાંકુ મોં કરી વિકૃત કરાયેલા ચહેરાવાળી સાક્ષાત્ રાક્ષસી હોય તેમ પોતાના ઘરમાંથી બહાર આવી, પોતાના બન્ને હાથોને ઉછાળતી આજુબાજુના સઘળા પાડોશીની વચ્ચે અંબિકાને ઠપકો આપવા લાગી, “હે સ્વચ્છંદચારિણી વહુ ! તને ધિક્કાર થાઓ ! આ તારું કેવું વિચિત્ર આચરણ છે ? આજે આ શ્રાદ્ધના દિવસે હજુ તો પિતૃજનને પિંડદાન પણ કરવામાં નથી આવ્યું, દેવતાઓને પણ પિંડ આદિ ધરવામાં આવ્યા નથી, બ્રાહ્મણોને પણ હજુ જમાડવામાં આવ્યા નથી, તેની પહેલા મુંડીયાઓને દાન આપીને તેં તો તે સર્વભોજનને એંઠું કરી નાંખ્યું ! આ તારી સાસુ ઘરમાં નથી, તેથી તું આવું સ્વેચ્છાચારી વર્તન કરે છે ? વૈશ્યકુળને યોગ્ય એવું આ તારું આચરણ જરા પણ યોગ્ય નથી !”

આ રીતે ગાંડીઘેલી બનેલી પાડોશણ બૂમ બરાડા પાડતી તેના ઘરમાં ઘુસીને તેની સાસુને બોલાવા લાગી, અંબિકાએ કરેલ પ્રવૃતિને, મીઠું-મરચુ ભભરાવીને તેણે દૂરાચરણ કરેલ છે, તેમ જણાવી તેની સાસુને પણ ક્રોધાતુર બનાવી દીધી. તેની સાસુ પણ વાયુથી પ્રેરાઈને ધુમાડાના ગોટેગોટા ઉડવા માડે તેમ આ બધી વાતો સાંભળીને ક્રોધાંધ બનીને અંબિકા ઉપર ફિટકાર વરસાવવા લાગી.

“અરે રે હીનકુલિન, દૂરાચારિણી ! મારા જીવતે જીવ તું આ સ્વચ્છંદ વર્તન કેમ કરે છે ? હજુ હું જીવતી છું, છતાં આ રીતે દાન આપવાની સત્તા તને કોણે આપી ?” આ પ્રમાણે કટુવચનો વડે અંબિકાને તિરસ્કારવા લાગી ત્યારે સાસુ અને પડોશણ વચ્ચે રહેલી અંબિકા વાદળના પટ અને રાહુ મંડળની વચ્ચે રહેલ ચંદ્રની કળા ક્ષીણ થાય તેમ કૃશ થઈને અંતરથી કંપવા લાગી. એ અવસરે તેનો પતિ સોમભટ્ટ પણ બ્રાહ્મણોને બોલાવીને સ્વગૃહે આવ્યો, તે પણ માતા અને પડોશણના વચનોથી ખૂબ જ રોષે ભરાયેલો અંબિકાની ઉપર તિરસ્કારની ઝડી વરસાવવા લાગ્યો. તે વખતે નિરપરાધી હોવા છતાં સૌના આવાં કઠોર વચનોને સાંભળી મનમાં અત્યંત દુઃખી હોવા છતાં તે મૌનપૂર્વક પોતાના પુત્ર યુગલને લઈ ઘરનો ત્યાગ કરી ચાલી ત્યારે રૂદન કરતી એવી તે માર્ગમાં વિચારે છે કે -

“અહો ! મેં મારા સાસુ - સસરાના કોઈ વચનનું આજ સુધી ઉલ્લંઘન કર્યું નથી, નિત્ય પતિની ભક્તિમાં તત્પર રહી ઉભય કુળમાં ચર્ચાસ્પદ બને તેવું કોઈ અપ્રિય કાર્ય કર્યું નથી, અરે ! દેહને દુઃખ આપીને પણ ઘરનાં બધાં કાર્યો કરું છતાં નિરપરાધી એવી મને જનસંપદા સમક્ષ તિરસ્કારે છે, અરે ! આજના પર્વના પુણ્ય દિવસે સાધુ યુગલને નિર્દોષ ભિક્ષાનું દાન કરી ઉભયકુળને કલ્યાણકારી એવું કાર્ય કરવા છતાં મિથ્યાત્વથી અંધ બનેલા તેઓ મને નિરર્થક હેરાન કરે છે, શું મહામિથ્યાત્વનો ઉદય છે! જેથી આ લોકો અતિશય સૂકાયેલા વૃક્ષને જલના સિંચન દ્વારા ફલવત્ બનાવવાના નિરર્થક પ્રયત્નોની માફક પુત્રો દ્વારા અપાયેલા પિંડાદિ વડે મરેલા પ્રાણીઓને પ્રસન્ન કરવાના નિરર્થક પ્રયત્ન કરે છે. જેમ ઘુવડ સૂર્યપ્રકાશમાં જોઈ શકતું ન હોવાથી તે સૂર્યની નિંદા કરે

તેમ આ મિથ્યાત્વી લોકો અનંત પુણ્યફલને આપનારા સુપાત્રદાનની નિન્દા કરે છે, હવે મારે આ બાબત પ્રલાપ કરવો નકામો છે. મેં તો આ સુકૃત દ્વારા મારા દાનના ફળને સારી રીતે ગાંઠ બાંધીને સાચવી લીધું છે. બસ ! હવે હું તેની જ અનુમોદના કરું, હવે હું આ ગૃહવાસનો ત્યાગ કરી ભવસમુદ્રમાં શરણ કરવા યોગ્ય તે મુનિયુગલનું શરણું સ્વીકારું છું. હવે રૈવતગિરિ ઉપર જઈ ઈષ્ટદેવ એવા જિનેશ્વર પરમાત્માનું ધ્યાન ધરીને મારા અનંતાભવોના અશુભ કર્મોનો નાશ કરવા માટે નિરંતર તપશ્ચર્યા કરું'' આવો વિચાર કરતાં સ્વસ્થ ચિત્તવાળી બનીને એક બાળકને કેડ ઉપર મૂકી, બીજાને હાથની આંગળી પકડાવી શ્રી નેમિપ્રભુનું ધ્યાન ધરતી તે રૈવતાચલ પર્વત તરફ આગળ ચાલી.

અનેક દુઃખોથી આકુળ-વ્યાકુળ અંબિકા ધરાને માપતી - માપતી આગળ નગરથી બહાર થોડેક દૂર પહોંચે છે, ત્યાં કેડ ઉપર બેઠેલો વિભુકર નામનો નાનો બાળક અસ્પષ્ટ વર્ણ વડે કંઈક બોલતો-બોલતો રડવા લાગ્યો. અતિતૃષા લાગવાથી તે શિશુ મુખકમલમાંથી લાળ અને આંખોથી અશ્રુધારા વહાવતો પાણી-પાણી કહી આક્રંદ કરવા લાગ્યો. ત્યાં તો આંગળીએ રહેલો બીજો શુભંકર નામનો બાળક ભૂખથી પીડાતો અને માર્ગમાં સતત ચાલવાથી થાકના કારણે ''હે માતા! મને ખાવાનું આપ! હે માતા મને ભોજન આપ! મને ભૂખ લાગી છે !'' માખણના પિંડ જેવા સુકોમળ બાળકોની વેદનાની કીકીયારી સાંભળી અંબિકા અત્યંત બેબાકળી બની જાય છે.

ગ્રીષ્મ ઋતુના સૂર્યના તાપથી તપેલી પૃથ્વી ઉપર ભૂખ-તરસાદિ અનેક દુઃખોથી ખૂબ દુઃખી થયેલી તે વિચારે છે, ''મને ધિક્કાર થાઓ ! હું મારાં બાળકોની ભૂખ-તરસ છીપાવવા માટે પણ સમર્થ નથી. હે વિધાતા ! તે આ રીતે માત્ર દુઃખથી ભરેલી એવું મારું સર્જન શા માટે કર્યું ? હે ધરતીમાતા! મને અવકાશ આપો ! જેથી હું તેમાં પ્રવેશી મારા સર્વ દુઃખોનો નાશ કરું અથવા આ મારા જંગલના બડબડાટથી શું ? મારા પૂર્વભવોના વિષમ કર્મોનો જ આ વિપાક લાગે છે, તેથી ભલેને મારા ઉપર બધાં જ દુઃખો એક સાથે તૂટી પડે ! ભલે ! જે થવાનું હોય તે થાય, હવે તો હું આ દુઃખોને સ્વીકારીને જ રહીશ. બસ ! માત્ર જિનેશ્વર પરમાત્માનું શરણ જ મારા હૈયામાં સ્થાપિત

થાઓ!" આ ચિંતન કરી અંબિકા નિઃશ્વાસના પવનથી પાસે રહેલા વૃક્ષોને ઈષત્ કંપાવતી જરા નીચે બેઠી, એટલામાં તો તેણે પોતાની આગળ થોડે દૂર સ્વચ્છ શીતલ જલથી ભરેલું એક પવિત્ર સરોવર જોયું. તેની બન્ને બાજુએ કોયલના ટહૂકારના શબ્દોની સાથે જ પાકેલા પીળા આમ્રફળોની લુંબો તેના હાથમાં આવી. અંબિકાએ તરત જ બાળકોને સરોવર જળનું પાન અને આમ્રફળનું ભોજન કરાવીને સંતુષ્ટ કરી મુનિદાનનું આ કેવું તાત્કાલિક ફળ પ્રાપ્ત થયું છે! તેવું વિચારી તે જિનધર્મમાં વધુ દૃઢમનોબળવાળી બનીને થોડી વાર વિશ્રામ લેવા બેઠી.

આ તરફ અંબિકાની સાસુ દેવલ અંબિકાનો તિરસ્કાર કરી મુનિદાનના કારણે વધેલા ભોજનને એંઠું માનીને નવું ભોજન પકાવવા માટે ભોજનથી ભરેલાં વાસણોને જુએ છે. જ્યાં તે વાસણો જોવા માટે ખોલ્યાં ત્યાં તો જાણે કે પારસમણિના સ્પર્શથી પાષાણ પણ સુવર્ણમય બની જાય તેમ સુપાત્ર દાનના મહાપ્રભાવથી તે વાસણો સુવર્ણમય અને ભોજનાદિથી સંપૂર્ણ ભરેલાં જુએ છે. બસ ! આ અવસરે અત્યંત આશ્ચર્ય સાથે વિસ્મય પામેલી દેવલ આ પ્રમાણે વિચારે છે, "અરે ! નિરપરાધી, સાક્ષાત્ કલ્પલતા જેવી જંગમ લક્ષ્મી જેવી વહુને નિર્ભાગી એવી મારા વડે ઘરમાંથી બહાર કાઢી મુકાઈ ! મને ધિક્કાર છે !" તે સમયે આકાશવાણી થાય છે કે "અરે ! અભાગિણી ! અંબિકાના સુપાત્રદાનના સુખકારી ફળનો માત્ર અંશ જ તને દેખાડ્યો છે, પરંતુ પ્રચંડ પુણ્યશાળી એવી અંબિકાનો વૈભવ તો અદ્‌ભુત છે, તે તો આ સુપાત્ર દાનના ફળ સ્વરૂપે દેવોના પણ સ્વામિ વગેરે દ્વારા પૂજવા યોગ્ય ઉત્તમ સ્થાનને પ્રાપ્ત કરશે." આવી દિવ્ય આકાશવાણી સાંભળીને ભય પામેલી દેવલ ઝડપભેર પુત્ર પાસે દોડી જઈને સકળ ઘટના જણાવીને અંબિકાને શોધીને પાછી લઈ આવવા માટે સોમભટ્ટને મોકલે છે.

માતાની વાત સાંભળીને સોમભટ્ટ પણ પોતાની જાતની નિંદા કરતો હૈયામાં અંબિકા પ્રત્યે અત્યંત આદરભાવ ગ્રહણ કરી ઉતાવળે પગલે તેની શોધમાં નીકળી પડે છે. એક પછી એક શેરીઓને વટાવતો - વટાવતો નગર બહાર નીકળી જંગલ તરફના માર્ગે આગળ ચાલતો હતો ત્યાં દૂરથી બે બાળકોને સાથે લઈ નદી, વૃક્ષ અને કોતરોને બાજુએ મૂકી આગળ ચાલતી અંબિકાને જુએ છે. હૈયામાં સ્નેહના ફૂવારા ઉછળવા લાગ્યા અને વિરહની વ્યથા સાથે અત્યંત વ્યાકુળ બનેલો

સોમભટ્ટ બૂમ મારે છે, “ઓ અંબિકા ! મારી પ્રિયા ! તું થોડી વાર ઊભી રહે ! હું આવું જ છું !” કર્મસંયોગે સોમભટ્ટના લાગણીભર્યા શબ્દોને અસ્પષ્ટ સાંભળીને, તેને ખૂબ જ ઝડપથી પોતાની દિશામાં આવતો જોઈને અંબિકા ભય પામે છે. “નિશ્ચિત આ મને મારવા જ આવે છે, આ અરણ્યમાં મારા જેવી અબળાનું કોણ રક્ષણ કરશે? આ નિર્દય અને દુષ્ટ તો મારા ઉપર શું શું અત્યાચાર કરશે તેની ખબર નથી, હવે હું અહીંથી બચવા શું કરીશ? જાણે કે આકાશમાંથી પડેલાને કોઈ આધાર ન હોય તેમ હું નિરાધાર બની ગઈ છું, હવે તો મરણ એ જ મારું શરણ છે.” આવા વિચારોના ઊંડા કુવામાં પડે છે, ત્યાં જ નજીકમાં રહેલા કુવાની પાળે આવીને અંદર કૂદી પડવા તત્પર બનેલી અંબિકા બોલે છે,

‘શ્રી અરિહંત ભગવંતનું મારે શરણ હો !
શ્રી સિદ્ધ ભગવંતનું મારે શરણ હો !
શ્રી સાધુ ભગવંતનું મારે શરણ હો !
શ્રી જિનપ્રણીત ધર્મનું મારે શરણ હો !’

દ્વિજ, દરિદ્રી, કૃપણ, ભિન્ન, મ્લેચ્છ, કલંકી અને અધમ કુલમાં મારો જન્મ ન થાઓ !

યાચકપણું, મૂર્ખપણું, અજ્ઞાનીપણું, કૃપણપણું, મિથ્યાત્વ, સેનાપતિપણું, વિષ, અસ્ત્ર તથા મદ્યાદિરસ પદાર્થોનો વેપાર અને પ્રાણીઓની ખરીદી-વેચાણ મને ભવાંતરમાં ક્યારેય પ્રાપ્ત ન થાઓ !

આ મુનિયુગલને સુપાત્ર દાનનાં પ્રભાવથી દેવ-ગુરૂ અને ધર્મરત્નને જાણનારા, દેવને પૂજનારા, દાતાર, અધિકારી, ધનાઢ્ય અને હિતાહિતનો વિવેક કરનાર એવા કુલમાં તથા સૌરાષ્ટ્ર, મગધ, કીર, કાશ્મીર અને દક્ષિણ દિશાના દેશમાં મારો જન્મ થાઓ !

ધનાઢ્યતા, દાતારપણું, આરોગ્યતા અને ઈન્દ્રિયોનું સંપૂર્ણપણું મને પ્રાપ્ત થાઓ ! પ્રાણી પર અનુકંપા, દુઃખીજનની રક્ષા અને યોગ્યનો આશ્રય મળો !”



આ પ્રમાણે મનોરથોના મિનારે આરોહણ કરતાં - કરતાં બન્ને બાળકો સાથે જ કુવામાં ઝંપાપાત કર્યો અને તરત મરીને અનેક ઋદ્ધિમાન વ્યંતરના સમૂહ વડે સેવવા યોગ્ય વ્યંતર જાતિમાં દેવી તરીકે ઉત્પન્ન થઈ. ઝડપથી તેની પાછળ આવતો સોમભટ્ટ "હે અંબિકા ! હે પ્રિયા, તું મા પડ ! તું મા પડ !" એમ બૂમો મારતો હાંફતો - હાંફતો કુવાની પાળે આવે છે ત્યારે તો અંબિકા અને બે બાળકોને કુવામાં પડી મૃત્યુ પામેલાં નિહાળી અતિ દુઃખી થયેલ તે વિચારે છે કે, "મારા જેવા મૂર્ખને ધિક્કાર છે ! હું કેવો દુષ્ટ છું કે સાક્ષાત્ લક્ષ્મી સમાન પત્ની અને રાજકુવંર જેવા બે પુત્રોને મેં ઘરમાંથી કાઢી મૂક્યા, તે ત્રણેયના મરણ બાદ હવે તે મારે જીવવાનું શું કારણ છે ? હવે

તો મારે પણ મરણ એ જ શરણ છે" તેવું ચિંતવતો સોમભટ્ટ પણ અંબિકાનું ધ્યાન ધરતાં - ધરતાં કુવામાં ઝંપલાવી મરણને શરણ થાય છે. અંતકાળે અંબિકાનું સ્મરણ કરી કુવામાં પડેલ સોમભટ્ટ કંઈક પુણ્યસંયોગે મરીને તે અંબિકાદેવીના વાહનરૂપે સિંહ સ્વરૂપી દેવ થાય છે.

મંગલપ્રભાતના સૂર્ય જેવી સુવર્ણ કાંતિવાળા દેહ થકી સ્વર્ગલોકની ઉર્વશી અને અપ્સરાઓના સૌંદર્યના સમૂહને રૂપ વડે જીતી લીધું છે, સૂર્યોદય અવસરે જેમ ચારે દિશા તેજસ્વી રશ્મિ વડે પૂરાઈ જાય તેમ જેના દેહની પ્રભા સમસ્ત દેવલોકની દિશાઓમાં પ્રસરી ગયેલ છે, વનકેસરી સિંહવાહન ઉપર આરૂઢ થયેલ, સર્વ અંગોથી સુંદર, બહુમૂલ્યવાન મણિ-સુવર્ણ-રત્નાદિ આભૂષણોથી વિભૂષિત થયેલ, અનેક દેવ-દેવીઓ વડે ઉપાસના કરાતી, એક બાળક ખોળામાં અને એક બાળક સમીપ ઊભો છે, તેમ બે બાળકોથી અલંકૃત, ચારભુજાધારી, જેમાં જમણા બે હાથમાં પાશ અને ડાબા બે હાથમાં આંબાની લૂમ ધારણ કરેલ, સુવર્ણવર્ણીય, વરદાન આપવામાં પ્રવિણ વાણીવાળી, એવા અચિન્ત્ય પ્રભાવવાળી અંબિકાદેવીને નિહાળી તેના છડીદાર રૂપે રહેલા બે દેવો પૂછે છે : "હે સ્વામિની ! પૂર્વભવમાં આપે એવાં તો શું તપ કર્યાં ? દાન દીધું ? તીર્થ ભક્તિ કરી ? કે અન્ય કોઈ સુકૃત કર્યાં ? કે જેના મહાપ્રભાવથી આ વ્યંતરલોકની દિવ્યદેવાંગનાઓને પણ સેવવા યોગ્ય અમારા સ્વામિની થયા?" તે પ્રતિહારદેવના વચન સાંભળી અંબિકાદેવીએ અવધિજ્ઞાનનાં ઉપયોગ વડે પોતાના પૂર્વભવને નિહાળી સર્વવૃતાંત કહ્યો અને જૈન ધર્મના મહોપકારોનું સ્મરણ કરતાં આભિયોગિક દેવો વડે રચાયેલા દેવવિમાન દ્વારા સર્વ દિશાઓને પ્રકાશમાન કરતા ઝડપભેર રૈવતગિરિમાં સહસાવનના રમણીય સ્થાનમાં પધાર્યા.

તે અવસરે આ તરફ મયૂરના મધુર કિંકાર અને કોયલના ટહૂકાર કરતાં સહસાવનના ઉદ્યાનમાં "વેતસ" વૃક્ષની નીચે અટ્ઠમતપ સમેત કાયોત્સર્ગમાં સ્થિર રહેલા શ્રી નેમિપ્રભુના સર્વઘાતીકર્મોનાં બંધનો તૂટ્યાં અને આસો વદ અમાસ (ગુજરાતી ભાદરવા વદ અમાસ)ની અંધારી રાત્રિએ ચંદ્રના ચિત્રાનક્ષત્ર સમયે શ્રી નેમિપ્રભુને અનાદિકાળના ઘનઘાતીકર્મોના અંધકારને ભેદી નાંખનાર કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. સ્વ આચાર અનુસાર ક્રોડો દેવતાઓએ



સમવસરણની રચના કરી, એકસોવીસ ધનુષ્ય ઊંચા ચૈત્યવૃક્ષની નીચે રચાયેલા સિંહાસન પર પ્રભુ "નમો તિત્થસ્સ" કહીને આરુઢ થયા. અન્ય ત્રણ દિશાઓમાં વ્યંતર દેવતાઓએ સાક્ષાત્ પ્રભુની પ્રતિકૃતિ સ્વરૂપ પ્રભુના ત્રણ બિંબો સ્થાપ્યાં. સમવસરણના રજત, સુવર્ણ અને રત્નમય ત્રણ ગઢમાં સૌ જીવોએ પરમાત્માને વંદન કરી યથાયોગ્ય સ્થાન ગ્રહણ કરવા સાથે અંબિકાદેવીએ પણ પોતાનું સ્થાન ગ્રહણ કરી લીધું, ચતુર્વિધ સંઘ સાથે તિર્યંચના જીવો પણ પ્રભુની દેશના સાંભળવા માટે ઉત્સુક બન્યા.

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુએ પોતાની પ્રથમ દેશનાનો પ્રારંભ કર્યો-


"धर्मो जगत्बन्धुरकारणेन, धर्मो जगद्वत्सल आर्तिहर्त्ता ।
क्षेमंकरोऽस्मिन् भुवनेऽपि धर्मो, धर्मस्ततो भक्तिभरेण सेव्यः ।"

"જગતમાં ધર્મ તે કારણ વગરનો બંધુ છે, ધર્મ જગત્વત્સલ છે, ધર્મ પીડાઓનો નાશ કરનાર છે, આ ભુવનમાં ક્ષેમંકર અર્થાત્ સૌની સારસંભાળ રાખનાર છે, તેથી સર્વેએ અત્યંત ભક્તિપૂર્વક ધર્મનું સેવન કરવા યોગ્ય છે."

સમ્યક્ત્વ એ આ ધર્મરૂપી કલ્પવૃક્ષનું બીજ છે, ધર્મનું પાલન કરવામાં યથાશક્તિ ઉદ્યમ કરવો તે ધર્મનું થડ છે, સુપાત્રદાન, અખંડ શીલપાલન, યથાશક્તિ તપાચરણ અને શુભભાવ એ ધર્મની ચાર શાખા (ડાળી) છે.

સુવાસના, કોમળતા, અનુકંપા, આસ્તિક્યાદિ ધર્મવૃક્ષના પાંદડાઓ છે, સિદ્ધાચલ-રૈવતાચલાદિ તીર્થસેવા, જિનપૂજા, સદ્ગુરુસેવન અને પંચપરમેષ્ઠિ મંત્રપદ એ ધર્મવૃક્ષની અગ્ર શાખાના પુષ્પાંકુર છે, સ્વર્ગાદિસુખો તે ધર્મવૃક્ષનાં પુષ્પો છે અને મોક્ષ સુખ તે ધર્મવૃક્ષનું ફળ છે.

આ તત્ત્વને હૃદયકમલમાં સ્થાપન કરી જે જીવો તથાભવ્યત્વાદિ સર્વસામગ્રીની પ્રાપ્તિ સાથે અનંતભવભ્રમણમાં ભટકાવનાર પ્રમાદ દશાનો ત્યાગ કરી આ ધર્મરૂપી કલ્પવૃક્ષનું સેવન કરશે, તે જીવો શીઘ્રતમ શાશ્વત સુખના ભોગી બનશે."



શ્રી નેમિપ્રભુની વૈરાગ્ય ઝરતી અસ્ખલિત ધારાની દેશનાનું શ્રવણ કરી અમૃતપાન કર્યું હોય તેમ સર્વપર્ષદા પરમ સંતોષને પામે છે. વરદત્ત રાજા વૈરાગ્ય પામી પોતાના હજાર સેવકો સમેત રાજવૈભવ સાથે દીક્ષા ગ્રહણ કરી અઢાર ગણધરોમાં મુખ્યગણધર પદને પામે છે, યક્ષિણી નામની રાજકન્યા પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી અન્ય સાધ્વીઓમાં પ્રવર્તિની પદને પામે છે, દશાર્ણ, ભોજ, કૃષ્ણ અને બલભદ્રાદિ મુખ્ય શ્રાવકો થાય છે અને તેમની પત્નીઓ મુખ્ય શ્રાવિકા થાય છે.



આ પ્રમાણે ચારગતિરૂપ અંધકારમાં દીપક સમાન, દાન-શીલ-તપ-ભાવ એ ચાર પ્રકારના ધર્મરૂપ ગૃહના ચાર પાયા સમાન અને મુક્તિરૂપી વધૂના હાર સમાન શ્રી નેમિનાથ પરમાત્માના ચતુર્વિધ સંઘની સ્થાપના થઈ પછી પ્રભુના મુખે અંબિકાદેવીના પૂર્વભવ, સદ્વાસના, સુપાત્રદાનાદિ યોગ્યતાને સાંભળીને અતિભક્તિવાળા ઈન્દ્ર મહારાજાએ અન્ય દેવતાઓના આગ્રહથી તે અંબિકાદેવીને શ્રી નેમિનાથ પરમાત્માના શાસનના વિઘ્નોનો નાશ કરનારી શાસનની અધિષ્ઠાયિકા દેવી તરીકે સ્થાપના કરી અને ગોમેધ નામનો યક્ષ, જે પૂર્વભવમાં શ્રી નેમિપ્રભુના વચન સાંભળીને પ્રતિબોધ પામ્યો હતો, તે ઈન્દ્ર મહારાજાની પ્રાર્થનાથી શ્રી નેમિનાથ પરમાત્માના શાસનમાં અંબિકાની જેમ લોકોને મનોવાંછિત ફળ આપનાર હતો, તેની શાસનનાં અધિષ્ઠાયક દેવ તરીકે સ્થાપના કરી.

# ૭

# ગુણવંતો ગજપદકુંડ

"ત્રણ ભુવનની સરિતાતણા, સુરભિ પ્રવાહને ઝીલતાં,
જે જલ ફરસતાં આધિ-વ્યાધિ, રોગ સૌના ક્ષય થતાં,
જે જલ થકી જિન અર્ચતા, અજરામરપદ પામતાં,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં..."

સૃષ્ટિના શણગાર સ્વરૂપ શ્રીપુર નામનું નગર હતું. તેમાં શૌર્ય અને શૂરવીરતાની મૂર્તિ સમાન પૃથુ નામનો ક્ષત્રિય રહેતો હતો. તેને રૂપસુંદરીના અવતાર સમાન ચન્દ્રમુખી પત્ની હોવા છતાં જેમ ચન્દ્રમાં પણ કલંક હોય તેમ કમનશીબે અત્યંત દુર્ગંધથી ભરેલી દુર્ભાગી એવી દુર્ગંધા નામની તેની પુત્રી હતી. કર્મની વિચિત્રતાના બળે દુર્ગંધાની ચિંતાથી સતત ચિંતિત એવો પૃથુ ઠેરઠેર પોતાની પુત્રીયોગ્ય પતિની શોધમાં રખડતો હતો, પરંતુ કોઈ તેનો હાથ ઝાલવા તૈયાર ન હતું. કેટલાક સમય બાદ સોમદેવ નામના એક પુરુષ સાથે તેનું પાણિગ્રહણ થયું, પરંતુ દુર્ગંધાના દેહમાંથી સતત વહેતી દુર્ગંધથી ત્રાસી ગયેલો સોમદેવ રાત્રિના સમયે અત્યંત ગુપ્ત રીતે તેનો ત્યાગ કરીને ભાગી છૂટે છે.


દુર્ભાગી દુર્ગંધા પતિથી તિરસ્કાર પામતાં માતા - પિતા અને પરિવારજનો દ્વારા પણ તિરસ્કાર પાત્ર બની ગઈ. **કર્મથી જ તિરસ્કાર પામેલાને કોણ વાત્સલ્ય આપે ?** ચારે તરફથી સતત હડધૂત થતી દુર્ગંધા અત્યંત ઉદ્વિગ્ન બની અશુભ કર્મોનો ક્ષય કરવા સ્વગૃહનો ત્યાગ કરી તીર્થધામોની યાત્રાએ ચાલી નીકળી. અનેક હિન્દુ તીર્થધામોની સ્પર્શના કરવા છતાં

હજુ તેનો કર્મબોજ હળવો થતો નથી, તેથી જીવવાની હિંમત હારી ચૂકેલી તે મરણને શરણ થવાના પ્રયાસો આદરી સમુદ્રમાં ઝંપાપાત કરી મૃત્યુને ભેટવા નીકળે છે. અટવી પસાર કરવા જતાં માર્ગમાં એક તાપસમુનિને જોઈને નમસ્કાર કરે છે ત્યારે તે પણ તીવ્ર દુર્ગંધથી ગંધાતી દુર્ગંધા પ્રત્યે દુર્ભાવ કેળવી વિમુખ થાય છે, ત્યારે દુર્ગંધા પોતાની જાત ઉપર ફિટકાર - તિરસ્કાર કરતી તે તાપસમુનિને કહે છે, "મહાત્મા ! આપના જેવા રાગહીન પણ જો મારાથી વિમુખ થશે તો આ જગતમાં મારે હવે કોનું શરણ સ્વીકારવું ? મારા આ પાપની શુદ્ધિ કેવી રીતે થશે ?"



તાપસ કહે છે, "હે બાળા! આ વનમાં મારા ગુરૂ કુલપતિ છે. તેમની પાસે જઈ તારા દુઃખની વાત કર! તેઓશ્રી તારી વિટંબણાનો ઉપાય બતાવશે."

તાપસમુનિના આ શબ્દો સાંભળી દુર્ગંધાના શરીરમાં કંઈક ચેતન આવ્યું, તે તાપસમુનિની પાછળ પાછળ ચાલીને કુલપતિના આશ્રમમાં જાય છે.



ઋષભદેવ પરમાત્માના ધ્યાનમાં લયલીન બનેલા, જટારૂપી મુગટ ધારણ કરેલ કુલપતિના દૂરથી જ દર્શન થતાં દુર્ગંધાના નિસ્તેજ દેહમાં નવું જોમ આવ્યું. કુલપતિની સમીપ આવી દુર્ગંધા જ્યાં હજુ નમસ્કાર કરે છે, ત્યાં જ કુલપતિ પણ ક્ષણભર માટે તેના દેહની દુર્ગંધા પ્રત્યે દુર્ભાવ દર્શાવી પૂછે છે, "હે વત્સા ! તારા દેહમાંથી આવી ભયંકર દુર્ગંધ કેમ પ્રસરે છે ? આ ઘોર વનમાં તું દુઃખી થઈ શા માટે રઝડે છે ? તું અહીં શા માટે આવી છે ? કુલપતિનાં સાંત્વનભર્યાં વચનોને સાંભળી આંખોના અશ્રુઓને લૂંછતી દુર્ગંધા જન્મથી માંડી પોતાના દુઃખની કથની સંભળાવે છે. જીવનથી હારી ગયેલી ભાગ્યહીન દુર્ગંધા સ્વદુઃખ નિવારણને ઝંખતી કુલપતિને ઉપાય બતાવવા વિનંતી કરે છે, ત્યારે કુલપતિ કહે છે, "હે વત્સા ! હું કાંઈ કેવળજ્ઞાની નથી કે તારા પૂર્વભવોના કયા

કર્મનો ઉદય તું ભોગવી રહી છે, તે તને કહી શકું છતાં તું શત્રુંજય મહાતીર્થની સ્પર્શના કરી રૈવતગિરિ તીર્થની યાત્રા કરવા જા ! કેવલી ભગવંતોએ પણ જેનો મહિમા ગાયો છે, એવા ગજેન્દ્રપદ કુંડના નિર્મલ જલ વડે ત્યાં સ્નાન કરવાથી તારાં અશુભ કર્મોનો ક્ષય થશે.''

કુલપતિનાં આ અમૃત વચનો સાંભળી અત્યંત હર્ષિત બનેલી દુર્ગંધા કુલપતિના ચરણકમલમાં પડી નમસ્કાર કરે છે, શત્રુંજય અને ગિરનારનું સ્મરણ કરતાં કરતાં તે સિદ્ધગિરિના સાન્નિધ્યમાં આવે છે. ગિરિરાજની પ્રદક્ષિણા કરી તે યુગાદિજિન ઋષભદેવ પરમાત્માની સેવાભક્તિ કરી રૈવતગિરિ તરફ પ્રયાણ આદરે છે. રૈવતગિરિની શીતળ છાયામાં આવી ઉત્તર દિશા તરફના માર્ગથી તે રૈવતાચલ પહાડ ઉપર આરોહણ કરે છે. પરંતુ હજુ ભારે કર્મી રહેલી તે ગજપદકુંડમાં સ્નાન કરવા માટે કે જિનભવનમાં પ્રવેશ કરતાં પણ અટકાવાય છે. દુર્ગંધને કારણે તે પ્રવેશ પામવા અસમર્થ બને છે, ત્યારે ગજપદકુંડમાંથી બહાર લવાયેલા પવિત્ર જલ વડે નિત્ય સ્નાન કરતાં સાતમા દિવસે સંપૂર્ણપણે દુર્ગંધ દૂર થઈ સુગંધીપણાને પામેલી તે દુર્ગંધા ગજેન્દ્રપદ કુંડમાં સ્નાન કરી ખૂબ ભક્તિભાવપૂર્વક જિનેશ્વર પરમાત્માની પૂજા કરવા જાય છે.

રૈવતાચલમંડન શ્રી નેમિપ્રભુની પૂજાના સદ્ભાગ્યથી આનંદવિભોર બનેલી દુર્ગંધા બહાર નીકળે છે ત્યાં જ તેને કેવલી ભગવંતનો સમાગમ થાય છે. પૂર્વ ભવના વૃતાંતને જાણવા ઉત્સુક બનેલી દુર્ગંધા કેવલી ભગવંતને પોતાના પૂર્વભવની કથા પૂછે છે ત્યારે કેવલી ભગવંત કહે છે, ''હે ભદ્રા ! તું પૂર્વ ભવમાં બ્રાહ્મણ કુળમાં જન્મ પામી હોવાથી અતિ શૌચવાદને કારણે શ્વેતામ્બર જૈન સાધુ ભગવંતોની તેં મશ્કરી કરી હતી. હા ! હા ! આ શ્વેતામ્બર સાધુઓ તો વનમાં રખડે છે અને સ્નાન શૌચ નહીં કરતા એવા આ દુર્ગંધથી ભરેલા હોય છે અને ખૂબ જ ઉજજવળ એવાં વસ્ત્રોને પણ પોતાના મલિન દેહ વડે મેલાં કરે છે. આવાં વચનો ઉચ્ચારી જૈન શ્વેતામ્બર સાધુ ભગવંતની નિંદા-જુગુપ્સા કરવાના પાપના ઉદયે તું ત્યાંથી મરીને નરકમાં ઉત્પન્ન થઈ હતી. ત્યાંથી અનુક્રમે કુકડી, ચાંડાલી, ગામની ભુંડણ વગેરે અનેક દુર્ગતિના દુષ્ટ ભવોમાં લાંબો કાળ ભમીને અંતે ઘણા કર્મોનો ક્ષય થતાં તું મહામૂલ્યવાન એવા આ માનવભવને પામી, પરંતુ તે જ કૃત્યના શેષ રહેલા થોડા

કર્મોના પ્રબળ ઉદયે આ ભવમાં પણ તને આ દુર્ગંધીપણું અને દુર્ભાગીપણું પ્રાપ્ત થયેલ છે. **હે બાળા ! આ જગતમાં સર્વોતમ પુરૂષ, ત્રણલોકમાં પૂજનીય એવા વીતરાગ પરમાત્મા સર્વશ્રેષ્ઠ છે, તેમનાં વેશમાત્રને પણ ધારણ કરનારા નિષ્ક્રિય એવા સાધુ ભગવંતો પણ નિંદનીય નથી, તો પછી મિથ્યાત્વનો ધ્વંસ કરનારા પંચમહાવ્રતના ધારક અને પાલક, અરિહંત પરમાત્માના શાસનને અજવાળતા એવા સુસંયમી શ્રમણ ભગવંતોની નિંદા કરવી કેટલી ઉચિત છે, અરે ! આ મહાપૂજનીય મહામુનિઓની નિંદા-અવહેલના અને મશ્કરી તો અનંત સંસારના ભવભ્રમણને વધારનારી છે. જેઓ નિસ્પૃહી, નિર્મમત્વી, નિષ્પરિગ્રહી અને સૃષ્ટિ પરના નિષ્કારણ બંધુ જીવમાત્રને પણ ત્રાસ ન પમાડવા માટે સતત જાગૃત એવા નિર્દોષ ચર્યાપૂર્વક સંયમ જીવનની આરાધના કરતા નિગ્રંથો તો સર્વત્ર પૂજવા યોગ્ય છે, નિઃસ્વાર્થ ભાવે સૌને દુર્ગતિમાં પડતા અટકાવતા "ધર્મલાભ" શબ્દ દ્વારા અનેક જીવોની જીવનનૈયાના સાચા રાહબર બનતા આ મહાત્માઓની નિંદા તો કેમ કરાય ? હે દુર્ગંધા ! આ તીર્થના મહાપ્રભાવથી આજે તારા અનેક જન્મોના અશુભ કર્મોનો ક્ષય થતાં તને સમ્યક્ત્વની પ્રાપ્તિ થયેલ છે, બોધિબીજનું વપન થયું છે, બસ! હવે આ તીર્થભક્તિ રૂપી જલ વડે સતત સિંચન કરવાથી તારા અનંત સંસારભ્રમણનો અંત આવતાં પ્રાન્ત તું મોક્ષસુખના ફળને પ્રાપ્ત કરીશ."**

કેવલી મુનિભગવંતના સુધારસનું પાન કરી આનંદવિભોર બની ધન્યતા અનુભવતી દુર્ગંધાનું હૈયું હર્ષથી નાચી ઉઠ્યું, મુનિવરના ચરણકમલમાં નતમસ્તક ઝૂકી ગઈ.

(આ કુંડ 'ગજપદકુંડ', 'ગજેન્દ્રપદકુંડ', 'ગજાગ્રપદકુંડ', 'ગર્યદપયકુંડ', 'ગયંદમુકુંડ' તથા 'હાથીપગલાંનો કુંડ' વગેરે અનેક નામોથી ઓળખાય છે.)




## ઈન્દ્ર મહારાજા વડે કહેવાયેલ ગજપદ કુંડની ઉત્પત્તિ તથા પ્રભાવની વિગત

'શ્રીભરતચક્રવર્તી જ્યારે અહીં આવ્યા હતા ત્યારે તે સમયના સૌધર્મેન્દ્ર વડે ઐરાવત હાથીના પગના દબાણ આ કુંડ કરાયેલ હોવાથી આ ઐરાવતકુંડ (ગજપદકુંડ) કહેવાય છે. દિવ્ય પ્રભાવથી આમાં ચૌદ હજાર નદીઓના પ્રવાહો આવે છે. તેથી આ કુંડ અત્યંત પવિત્ર છે. આના પાણી વડે સ્વયં સ્નાન કરીને જે જિનેશ્વર ભગવાનને અભિષેક કરે છે તે બધા કર્મોને ખપાવીને મોક્ષમાં જાય છે તથા આનું પાણી પીવાથી અને સ્પર્શ કરવાથી ખાંસી, શ્વાસ, ક્ષયરોગ, કોઢ, જલોદર વગેરે રોગો નાશ પામે છે.'

તેવી જ રીતે, આ ધરણેન્દ્ર વડે કરાયેલો, આ ચમરેન્દ્ર વડે પોતાના વાહન રૂપે રહેલા મયૂર વડે કરાયેલો કુંડ છે એ બેના પાણી વડે સ્થાવર અને જંગમ સર્વ પ્રકારનું ઝેર અને ક્ષય-શ્વાસ વગેરે રોગો નાશ પામે છે. આ બલીન્દ્ર અને સૂર્ય-ચંદ્ર વગેરે વડે બનાવેલા કુંડો પાપોને દૂર કરનાર પાણીવાળા છે.


- શત્રુંજય માહાત્મ્ય : સર્ગ - ૧૩






# ૮

# સિદ્ધિદાયક રૈવતગિરિ



સોરઠ દેશના સુગ્રામપુર ગામમાં પૂર્વકર્મના તીવ્ર ઉદયને કારણે અનેક દોષોના ભંડાર સ્વરૂપ એક ક્ષત્રિય રહેતો હતો. કોઈપણ જાતના વ્રત નિયમરહિત લગામ વિનાના અશ્વની માફક તેનું જીવન સ્વચ્છંદતા અને સ્વતંત્રતાની પરાકાષ્ટાને આંબી રહ્યું હતું. તેના દિલમાં જીવમાત્ર પ્રત્યે કોઈ કરૂણા ન હોવાથી અનેક જીવોને નિર્દયપણે હણવામાં માહિર હતો, રાજા હરિશચન્દ્રનો કટ્ટર દુશ્મન હોય તેમ સત્યની સાથે તેને મહાભયંકર વેર હોવાથી હંમેશા કૂટ-કપટ અને મિથ્યા વચનોને ઉચ્ચારતો, અનેકવિધ દોષોથી ખદબદતો તે





માર્ગમાં ચાલતાં વટેમાર્ગુને ત્રાસ પમાડી આનંદ માણતો હતો. આ રીતે હત્યા વગેરે મહાપાપકારી પ્રવૃત્તિના પ્રતાપે મહાપાપોદયના કારણે તેના શરીરમાં લૂન નામનો રોગ સર્વત્ર વ્યાપી ગયો હતો. આ મહારોગથી અત્યંત ભયંકર પીડાને સહન કરતો તે ગામોગામ અને નગરે - નગરે દીન બનીને રખડી રહ્યો હતો.

પૂર્વભવના કોઈ પ્રચંડ પુણ્યોદયે એક જૈનમુનિ ભગવંતનો ભેટો થયો. તેઓને પોતાની દુઃખભરી કથની સંભળાવી, તે આત્મસમાધિના ઉપાયની માંગણી કરતાં મુનિભગવંત સમક્ષ પોતાની ઝોળી ફેલાવે છે. નિષ્કારણબંધુ મુનિવર શ્રી રૈવતગિરિ મહાતીર્થના માહાત્મ્યનું અદ્‌ભુત વર્ણન કરતાં તે સાંભળી તેના પ્રભાવનો પરચો મેળવવા તે રૈવતાચલ મહાતીર્થની યાત્રાર્થે પ્રયાણ આદરે છે. ટૂંક સમયમાં રૈવતગિરિની સમીપ પહોંચી ગિરિ આરોહણ કરતો તે શ્રી નેમિપ્રભુના દર્શનથી નેત્રોને પાવન કરી ખૂબ ભાવપૂર્વક પ્રભુની પૂજા-ભક્તિ તથા ઉજ્જયન્તી નદીના નિર્મળ જલથી સ્નાન કરે છે, દ્રવ્ય અને ભાવ સર્વ રોગોનો નાશ થતાં તે સમાધિપૂર્વક મૃત્યુ પામી સૂર્યમંડન સમાન દેહકાંતિવાળો, દસે દિશાઓને પ્રકાશ્યમાન કરનાર, અદ્‌ભુત રૂપવાન સુરસામ્રાજ્યને પામેલો દેવ થાય છે.

દિવ્યસુખના ભોગવટામાં પૂર્વભવને ભૂલેલા તે દેવને આકસ્મિક પરમાત્મા અને તીર્થના પરમોપકારનું સ્મરણ થાય છે. પૂર્વભવમાં ભરતચક્રવર્તી દ્વારા નિર્માણ કરાયેલા નેમિપ્રાસાદમાં પૂજાભક્તિ કરવાથી તેની પાપની પરંપરાનો નાશ થાય છે અને રૈવતગિરિ મહાતીર્થના પ્રચંડ પ્રભાવના પ્રતાપે અત્યંત દિવ્યકાંતિવાન દેવપણાને પામે છે, તે ઉપકારોનું અંશાત્મક ઋણ ચૂકવવાની ભાવનાથી તે પુનઃ રૈવતગિરિની સ્પર્શના-ભક્તિ કરવા જાય છે અને જિનાલયનું પણ નિર્માણ કરે છે. જેના અચિન્ત્ય પ્રભાવથી મને આ સિદ્ધિની પ્રાપ્તિ થઈ છે, તેનો જો આશ્રય ન કરીએ તો સ્વામિદ્રોહના ભયંકર પાપના પરિણામે દુર્ગતિમાં પતન થાય. વળી આ પ્રભુ તથા તીર્થની ભક્તિથી મને આગામી ભવમાં આનંદદાયક કેવલજ્ઞાનની અને પરમપદની પ્રાપ્તિ થશે તેથી હવે આ તીર્થને જ મારું આશ્રય સ્થાન બનાવું.' એવો વિચાર કરી ત્યાં જ સ્થિર થઈ આ રૈવતગિરિ તીર્થમાં સિદ્ધિવિનાયક નામનો અધિષ્ઠાયક બની તે શ્રી નેમિનાથ પરમાત્માના ભક્તજનોનાં બધાં જ વાંછિત કાર્યોને પૂર્ણ કરવા સજ્જ બની જાય છે.

૮

# રાજર્ષિ ભીમસેન

આ જંબુદ્વિપમાં ભરતક્ષેત્રને વિશે શ્રાવસ્તી નામની એક શ્રેષ્ઠ નગરી હતી, જેમાં જિનેશ્વર પરમાત્માની ભક્તિમાં તત્પર, લોકહિતનું વ્રતધારણ કરનાર, સર્વગુણોથી અલંકૃત વજ્રસેન નામનો પરમ શ્રાવક રાજા ન્યાયપૂર્વક રાજ્ય કરતો હતો. તેની અત્યંત શીલવાન સુભદ્રા નામની પત્ની હતી, જેની કૂખે ભીમસેન નામે પુત્ર અવતર્યો હતો. આ ભીમસેન અત્યંત દુષ્ટ પ્રકૃતિવાળો, જુગારાદિ સાત વ્યસનોમાં ચકચૂર, અન્યાયના ધામ સમાન તે નિરપરાધી જીવોને પણ સદા રંજાડવામાં બાકી ન રાખતો. સ્વભાવની વિચિત્રતા અને અનેક દોષોનો ભંડાર હોવાથી માતા પિતા અને ગુરૂજનોમાં પણ તેની હંમેશા અવગણના કરવામાં આવતી હતી.

રાજા વજ્રસેને અપલક્ષણવાળા એવા આ ભીમસેનને યુવરાજપદ ઉપર સ્થાપિત કરતાં સાપને દુધ પીવડાવવા સમાન લાગે છે. હવે તે પરસ્ત્રી અને પરદ્રવ્યાદિ હરણ કરીને સર્વ પ્રજાજનોને માટે અત્યંત દુઃખકારક બને છે. પ્રજાજનો તેના ત્રાસથી ત્રાહિમામ્ પોકારી જાય છે. અંતે ભીમસેનના અસદ્ વર્તનથી કંટાળેલા પ્રજાજનો ભેગા થઈ મહારાજાને વિનંતી કરે છે, “હે મહારાજાધિરાજ! અમારે રાજપુત્રના અપરાધને કહેવો ન જોઈએ, પરંતુ તેમના અત્યાચારને વધુ સહન કરવા અમે અસમર્થ હોવાથી આપ કૃપાળુ સમક્ષ દયાની ઝોળી ફેલાવી રહ્યા છીએ, મહારાજા ! રાજકુમારના દુષ્ટ વ્યવહારથી અમે સૌ ગળે આવી ગયા છીએ, તેથી આ અંગે આપ સ્વામીને જે યોગ્ય લાગે તે કરવા નમ્ર વિનંતી કરીએ છીએ.”

પ્રજાજનોની વિનંતી સાંભળી તેઓને સાંત્વનવચન સમેત પ્રસાદદાન કરી તે સૌને વિદાય કરે છે. થોડી વાર પછી રાજકુમાર ભીમસેનને એકાન્તમાં બોલાવીને હિતવચનો ફરમાવે છે, "હે વત્સ ! તું અન્યાયનો ત્યાગ કર ! ન્યાયનું સેવન કરી પ્રજાનું પાલન કર ! પ્રજાથી જ રાજા શોભે છે, પ્રજા વિનાનો રાજા તે નામનો જ રાજા રહે છે, ન્યાયધર્મમાં તત્પર એવા રાજાને જ રાજસંપત્તિની પ્રાપ્તિ થાય છે, શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે, પરસ્ત્રી- પરદ્રવ્યનું કદિ હરણ ન કરવું, માતાપિતા-ગુરૂ અને પરમાત્માની ભક્તિ મુખ્ય કહેવાય છે. બધે ન્યાય કરવા યોગ્ય છે અને અન્યાય તો અતિ દૂરથી જ ત્યજવા યોગ્ય છે. સ્વવચનનું પાલન અને ધીરતા ધરવી, સપ્તવ્યસનનો ત્યાગ કરવો, આ જ મહારાજાનો પ્રાયઃ શ્રેષ્ઠ ધર્મ છે, જેના આલંબને તેને યશ, કીર્તિ, લક્ષ્મી અને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે." આ રીતે અવસરે અવસરે હિતવચનો વડે પ્રેરણા કરવા છતાં ભીમસેન અધિકથી અધિક અન્યાયનું સેવન કરવા લાગ્યો. રાજા વજસેને પણ હિતશિક્ષા દ્વારા અસાધ્ય એવા ભીમસેનને કારાગૃહમાં પૂરી દીધો, ત્યાં રહેવા છતાં એક વખત કુમિત્રોની ખોટી શિખામણથી પ્રેરાઈને ક્રોધાવેશમાં પોતાના માતાપિતાની હત્યા કરે છે. પિતાના મૃત્યુને કારણે હવે સ્વયં રાજગાદી ઉપર બેસી કુસંગના સહવાસથી આવર્જિત થયેલો તે મદ્યપાનાદિ વ્યસનોમાં ચકચૂર બની સમગ્ર પ્રજાજનોને રંજાડવા લાગ્યો.

ભીમસેનના અત્યાચારથી કંટાળી ગયેલા સર્વ સામંત, મંત્રીઓ તથા પરિવારજનો ચર્ચા - વિચારણા કરીને તે પાપીને રાજગાદી માટે અયોગ્ય જાણી તેને કપટપૂર્વક પકડીને અટવીમાં મૂકી આવ્યા. સર્વ શાસ્ત્ર અને ન્યાયમાં ચતુર એવા સર્વજનસંમત એવા તેના જયસેન નામના લઘુબંધુને શુભમુહૂર્તે રાજગાદી ઉપર સ્થાપિત કરી રાજ્યાભિષેક કર્યો.

આ તરફ દેશનિકાલ કરાયેલ ભીમસેને દેશાંતરમાં રખડીને આડાઅવળાં કામો કરવાની પરંપરાને ચાલુ જ રાખી. જ્યાં - ત્યાં ચોરી કરવી, અલ્પદ્રવ્ય માટે પણ માર્ગમાં જતાં-આવતાં લોકોને મારવાની પ્રવૃત્તિ ચાલુ જ રાખી હતી અને આ રીતે અન્યાયપૂર્વક કમાયેલા ધન વડે મદ્યાદિ વ્યસનનું સેવન કરતાં ડગલે ને પગલે ઘાત, વધ અને બંધન વગેરે પ્રહારોને સહન કરતાં ભમતાં - ભમતાં મગધ દેશમાં પૃથ્વીપુર નગરમાં આવી ચડ્યો. નગરમાં કોઈ માળીના ઘરમાં સેવક તરીકે

રહીને ત્યાં પણ પત્ર, પુષ્પ અને ફળાદિની ચોરી કરીને છૂપી રીતે વેચવા લાગ્યો. ત્યાંથી કાઢી મૂકાતાં, કોઈ શ્રેષ્ઠિની દુકાનમાં નોકરીએ લાગે છે. ત્યાં પણ પોતાના કુલક્ષણને વશ શ્રેષ્ઠિની દુકાનમાં ચોરી કરતાં તેને જોઈ જતાં શેઠ તેને કાઢી મૂકે છે, છતાં કોઈપણ હિસાબે તે વ્યસનનો ત્યાગ કરવા તૈયાર થતો નથી. શ્રેષ્ઠિની દુકાનથી નીકળીને ઈશ્વરદત્ત નામના કોઈ વેપારીને ત્યાં નોકરીમાં રહ્યો. વેપાર માટે જહાજમાં બેસી અન્યત્ર જાય છે, ત્યારે ધનનો લોભી ભીમસેન પણ તેની સાથે જહાજમાં બેસી ગયો.

એક માસ સુધીની સમુદ્ર યાત્રા બાદ એક રાતે પરવાળાના અંકુરોના અગ્રભાગમાં ખૂંચી ગયેલ જહાજ કેમે કરી ટસનું મસ થતું નથી, જહાજ ચાલકે અનેક ઉપાયો કરવા છતાં કોઈ પરિણામ ન આવ્યું. દિવસો વીતતા જવાથી જહાજમાં રહેલા અન્ન-જલ પણ ખૂટી પડયા. તે અવસરે ચિન્તાતુર બનેલો ઈશ્વરદત્ત પંચપરમેષ્ટિ નમસ્કારનું સ્મરણ કરી સમુદ્રમાં ઝંઝાપાત કરી મરણનું શરણ સ્વીકારવા તૈયાર થાય છે, ત્યારે અચાનક એક પોપટ ત્યાં આવીને કહે છે, '' હે શ્રેષ્ઠિ ! તારે મરવાની જરૂર નથી, હું તને જીવવાનો ઉપાય બતાવું છું, તું મને પક્ષીમાત્ર ન જાણતો, પરંતુ હું તો સામે દેખાતા પહાડનો અધિષ્ઠાયક દેવ છું. માત્ર તારા પ્રત્યેની અનુકંપાને વશ થઈ હું અહીં



આવ્યો છું. તમારામાંથી કોઈ એક જણ મરણની તૈયારી સાથે આ સમુદ્રમાં કૂદી પડી તરીને પર્વત ઉપર રહેલા ભારંડ પક્ષીને ઉડાડવાનું કામ કરશે તો તેની પાંખના પવનથી તમારું જહાજ પરવાળાની પકડમાંથી છૂટીને આગળ ચાલવા માંડશે, જેનાથી બાકી સૌના જીવન બચી જશે.''

અધિષ્ઠાયકદેવ દ્વારા પોપટના રૂપમાં મળેલા ઉપાયના આલંબને તે જહાજમાં જાહેરાત કરે છે કે, ''કોઈ એક વ્યક્તિ આ કાર્ય માટે તૈયાર થાય તો અનેક લોકોના જીવન ભયમુક્ત બની જાય.'' કોઈ મરવાની તૈયારી સાથે આગળ ન આવતાં ધનના લોભથી સો દીનારનું મૂલ્ય ગ્રહણ કરી આ કાર્ય કરવા માટે ભીમસેન તૈયાર થાય છે અને પોપટના કહેવા મુજબ ભારંડ પક્ષીને ઉડાડતાં તેની પાંખના પવન વડે જહાજ ચાલવા માંડે છે. ભીમસેન તે પર્વતની સમીપ રહેલો જીવન બચાવવાનો વિચાર કરી તે જ પોપટને ઉપાય પૂછે છે ત્યારે પોપટ કહે છે, ''તું ધીરજ ધરીને સમુદ્રમાં ઝંઝાપાત કર ! ત્યાં મોટા માછલાં તને ગળીને સમુદ્રતીર તરફ જશે, ત્યાં જઈને ફૂંફાડા કરશે ત્યારે આ દવા તેના ગળામાં નાખવાથી તે દવાના પ્રભાવથી તેના ગળામાં મોટું કાણું પડી જશે તે કાણાંમાંથી બહાર નીકળી સમુદ્ર તટ પર તારે જ્યાં જવું હોય ત્યાં તું જઈ શકીશ.''

પોપટના આ ઉપાયને સાંભળીને ભીમસેન પણ તે ઉપાયને અજમાવીને જીવવાની તિતિક્ષા સાથે સિંહલતટે પહોંચી જાય છે. ત્યાં ભૂખ-તરસથી પીડાતો તે વનમાં રખડી જલ અને ફળાદિ ગ્રહણ કરી કોઈ એક દિશામાં પ્રયાણ કરે છે, ત્યારે માર્ગમાં એક ત્રિદંડી સાધુને જોઈને પ્રણામ કરે છે. ત્રિદંડી સાધુ પણ તેને આશીર્વચન આપીને પૂછે છે, ''હે વત્સ ! તું કોણ છે ? આ વનમાં શા માટે ભમે છે ?'' આ સંસારમાં જેટલા મહાદુઃખી, સૌભાગ્યરહિત અને નિર્ભાગી પુરૂષો છે, તેમાં પોતાને સર્વપ્રથમ ગણતા એવા અનેક દુઃખોથી રીબાતા ભીમસેને, તપસ્વી એવા તે મહાપુરૂષના દર્શન થતાં તેમની સમક્ષ દુઃખની કથા કહી. વધુ તો શું કહું ? હું જ્યાં જેને ત્યાં જાઉં છું, ત્યાં તે વસ્તુ સિદ્ધ થતી નથી, જો તૃષાતુર થઈને સમુદ્ર પાસે જાઉં તો પણ જળ મળતું નથી. હું મંદભાગી હોવાથી મારા જવાથી લાખો વૃક્ષો ઉપરથી ફળો, સેંકડો નદીઓમાંથી પાણી અને રોહણગિરિમાંથી રત્ન પણ અદશ્ય થાય છે, મારે ભાઈ-બહેન, મા-બાપ કે પત્ની ન હોવા છતાં પણ હું મારું પેટ ભરી શકતો નથી.''


ભીમસેનનાં દીનવચનોને સાંભળી કપટમાં પંડિત એવો ત્રિદંડી મુનિ આંખમાં બનાવટી અશ્રુને પ્રગટ કરી જાણે કે, પોતે તેના દુઃખથી દુઃખી થયો હોય તેમ કહે છે, '' હે વત્સ ! તું દુઃખી ન થા ! કોઈ પ્રચંડ પુણ્યોદયે તું મારા શરણે આવ્યો છે, તેથી હવે તારું દારિદ્ર ગયું સમજજે ! આ પૃથ્વીતલ ઉપર અમે પરોપકાર માટે જ વિચરણ કરીએ છીએ, તેથી હવે તું મારી સાથે સિંહલદ્વીપમાં ચાલ ! જેથી રત્નની ખાણમાં જઈ રત્નગ્રહણ કરવા દ્વારા તારા સર્વ દુઃખો નાશ પામી જશે.'' ત્રિદંડી મુનિના કપટી વચન ઉપર વિશ્વાસ મૂકી ભીમસેન તેની સાથે જવા માટે ચાલી નીકળે છે. માર્ગમાં ભોજન તથા સો દીનારનું ભાથું લઈને થોડા દિવસે તે બંને રત્નની ખાણ સુધી પહોંચે છે. વદ ચૌદશની અંધારી રાત્રિએ તે ત્રિદંડી મુનિ ભીમસેનને રત્નની ખાણમાં ઉતારી રત્નોને કઢાવવા લાગે છે. તે રત્નોને ગ્રહણ કરીને દુષ્ટ ત્રિદંડી મુનિ ઉપરથી દોરડું કાપીને તાત્કાલિક પલાયન થઈ જાય છે.

ભીમસેન ખાણમાં અહીં - તહીં ભમતાં અત્યંત દુઃખી અને કૃશદેહવાળા પુરૂષને એક ખૂણામાં જુએ છે. પેલો પુરૂષ પણ ભીમસેન પ્રત્યે દયા દર્શાવી પૂછે છે, "હે ભદ્રપુરૂષ ! આ યમરાજના મુખમાં તું કયાંથી આવ્યો ? તું પણ મારી જેમ પેલા દુષ્ટ ત્રિદંડી તાપસ વડે રત્નના લોભમાં આ ખાણમાં ફેંકાયો લાગે છે.'' ભીમસેન પણ તે વાતનો સ્વીકાર કરી આ ખાણમાંથી બહાર નીકળવાનો ઉપાય પૂછે છે ત્યારે તે કહે છે, " આવતીકાલે પ્રભાતે આ ખાણના અધિષ્ઠાયક રત્નચન્દ્ર નામના દેવની પૂજા કરવા માટે દેવાંગનાઓ આવશે, તે વખતે અનેકવિધ ગીતગાનના અને નૃત્યના ઉપચારથી રત્નચન્દ્ર દેવની પૂજા કરશે, તે વખતે ગીતગાન-સંગીત અને નૃત્યની ક્રિયામાં દેવ વ્યગ્ર હોય ત્યારે તેના સેવકોની સાથે તું બહાર નીકળી જઈશ તો બહાર નીકળેલા એવા તને તે દેવ કંઈ કરી શકશે નહીં'' આ વાત સાંભળી હર્ષિત બનેલો ભીમસેન તે પુરૂષ સાથે વાતચીત કરી દિવસ પસાર કરે છે અને પ્રભાતે દેવાંગનાઓ રત્નચન્દ્ર દેવની પૂજા-ભક્તિ કરવા દિવ્યધ્વનિ તથા વાજિંત્રોના નાદ સાથે વિમાનમાં બેસી મહોત્સવપૂર્વક આગમન કરે છે. અધિષ્ઠાયક રત્નચન્દ્રનું ચિત્ત ગીત-સંગીતમાં એકાગ્ર થાય છે, તે તકને ઝડપીને ભીમસેન દેવના




સેવકોની સાથે તત્કાલ તે ખાણમાંથી બહાર નીકળી જાય છે અને ધીમે - ધીમે પંથ કાપતો ભીમસેન કેટલાય દિવસો બાદ સિંહલદ્વીપના મુખ્ય નગર ક્ષિતિમંડનપુરમાં આવે છે. ત્યાં કોઈ શ્રેષ્ઠિની વખારમાં સેવક તરીકે કામ કરવા લાગે છે, પરંતુ બાળપણથી ચોરીના કુસંસ્કારને વશ થયેલા ભીમસેને વખારમાંથી પણ ચોરી કરવાની શરૂ કરી.

એક વખત રક્ષકો દ્વારા ચોરીની વિગત જાણવામાં આવતાં તે ભીમસેનને બાંધીને નગરમાં 'આ ચોર છે' તેવી જાહેરાત સાથે ગલીએ - ગલીએ ફેરવીને શૂળીએ ચડાવવા લઈ જાય છે ત્યારે તેના પૂર્વકૃત કોઈ પ્રચંડપુણ્યોદયે તે જ સમયે વેપાર માટે તે નગરમાં આવેલો ઈશ્વરદત્ત ત્યાંથી પસાર થાય છે. તેની નજર ભીમસેન ઉપર પડતાં સમુદ્રમાં ફસાયેલા જહાજને બહાર કાઢવામાં સહાયભૂત બનવાના તેના ઉપકારનું સ્મરણ થતાં જ તે ભીમસેન પાસે જઈ હકીકત જાણે છે. ઉપકારોની ઋણમુક્તિ માટે રાજાને વિનંતી કરીને ભીમસેનને છોડાવે છે. ભીમસેનને પણ જહાજમાં સાથે જ રાખી તે પોતાના પૃથ્વીપુર નગરમાં લાવે છે. એક વાર કોઈ પરદેશીને જોઈને વાતવાતમાં ભીમસેન તેને પોતાના દુઃખની કથા કહે છે ત્યારે તે કહે છે "તું દુઃખી ન થા ! મારી સાથે ચાલ ! આપણે રોહણાચલમાં રત્નની શોધ માટે જઈએ '' બંને સાથે રોહણાચલ તરફ જવા પ્રયાણ કરે છે ત્યારે માર્ગમાં એક તાપસના આશ્રમમાં જટિલ નામના વૃદ્ધ તાપસને જોઈને નમસ્કાર કરી તેમના ચરણોમાં બેસી જાય છે, તે દરમ્યાન જટિલતાપસનો જાંગલ નામનો શિષ્ય ગગનમાર્ગથી નીચે ઉતરી તેના ગુરૂ જટિલતાપસને પંચાંગપ્રણિપાતપૂર્વક નમસ્કાર કરીને તેમના ચરણોમાં બેસે છે ત્યારે ઘણા દિવસે આવેલા શિષ્ય જાંગલને જટિલતાપસ કહે છે, "હે વત્સ ! હાલ તું કયાંથી આવી રહ્યો છે ? આટલા દિવસથી તું કયાં હતો ?" જાંગલ કહે છે, "સ્વામિ ! હાલ સોરઠ દેશના શ્રી શત્રુંજય-ગિરનારની યાત્રા કરીને અહીં આવ્યો છું, તે બે તીર્થનાં સંપૂર્ણ મહિમાનું વર્ણન કરવા કોણ સમર્થ બની શકે ! કેવલજ્ઞાનીઓ કેવળજ્ઞાન વડે તે મહિમાને જાણી શકે છે પરંતુ વર્ણન કરવા તો તે પણ સમર્થ નથી તેમાં પણ રૈવતગિરિનો મહિમા તો મેં સાંભળ્યો અને સાક્ષાત્ જોયો પણ છે. આ તીર્થની સેવા થકી જીવોને સુખસંપત્તિ, ચક્રી અને શક્રાદિની રિદ્ધિ-સિદ્ધિ પણ હાથવેંતમાં પ્રાપ્ત થાય છે અને અલ્પકાળમાં તે મુક્તિપદને પામી શકે છે.''






આ પ્રમાણે જાંગલતાપસના સ્વમુખે રૈવતગિરિ મહાતીર્થનો અચિન્ત્ય મહિમા સાંભળીને બધા તાપસમુનિ ખૂબ હર્ષને પામ્યા. ભીમસેન તથા પેલો પરદેશી પણ આ મહિમાને સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયા અને પ્રથમ તેઓએ નિશ્ચય કરેલ રોહણાચલ ઉપર જઈ પછી રૈવતગિરિની યાત્રાએ જવાનો નિર્ણય કર્યો. માર્ગમાં અનેક ગામ-નગર વનને પસાર કરતાં તેઓ રોહણાચલ પર્વતની સન્મુખ આવ્યા અને વિધિપૂર્વક પર્વતના અધિષ્ઠાયક દેવોને પૂજા-અર્ચન કરીને ભીમસેન ખાણમાંથી રત્ન મેળવવા માટે આજ્ઞા ગ્રહણ કરે છે, આખી રાત જાગરણ કરીને મંગલ પ્રભાતે રત્નખાણમાં શસ્ત્રો વડે પ્રહાર કરીને ભીમસેન મહામૂલ્યવાન એવાં બે કિંમતી રત્નો ગ્રહણ કરે છે. આ બંને રત્નોમાંથી એક રાજકુલમાં સમર્પિત કરીને બીજું રત્ન લઈ વહાણમાં બેસી અન્ય સ્થાને જવા પ્રયાણ કરે છે, સમુદ્રયાત્રા દરમ્યાન પૂનમના દિવસે સોળે કળાએ ખીલેલા પૂર્ણચંદ્રના દર્શન કરતાં ભીમસેન વિચારે છે કે, આ ચંદ્રમાનું તેજ વધારે હશે કે આ રત્નનું તેજ વધારે હશે ? ઉભયની તુલના કરવા માટે ભીમસેન રત્નને બહાર કાઢે છે પરંતુ હજુ તેનાં અશુભ કર્મોની પરંપરા ચાલુ જ હોય તેમ ભવિતવ્યતાના યોગે તેના હાથમાંથી રત્ન સમુદ્ર માં પડી જાય છે. કહેવાય છે ને કે, **"ભાગ્યથી વધારે કોઈને મળતું નથી અને ભાગ્યમાં હોય તે ક્યાંય જતું નથી."** દુર્ભાગી ભીમસેનના મુખમાંથી કરૂણ આક્રંદના સ્વરો સરી પડ્યા, તે કર્મના એક વધુ ફટકાને પામી તત્કાળ મૂર્છા પામી ગયો. કેટલોક સમય જતાં શીતળ જલના ઉપચારાદિ વડે પુનઃ સભાનતા પામેલો ભીમસેન ખૂબ વિલાપ કરવા લાગ્યો, વહાણમાં પ્રવાસ કરતા સહયાત્રીઓ તેના વિલાપને સાંભળી એકઠા થયા ત્યારે "મારું રત્ન સમુદ્રમાં પડી ગયું, મારું રત્ન સમુદ્રમાં પડી ગયું ! હું લૂંટાઈ ગયો !" એવા દીનતાભર્યાં વચનો ઉચ્ચારવા લાગ્યો, સહયાત્રીઓ તેને આશ્વાસન વચનો વડે શાંત કરવાના પ્રયાસ કરવા છતાં ભીમસેન કેમે ફરી સ્વસ્થ થતો નથી, ત્યારે તેના મિત્ર બનેલા પેલા પરદેશીએ તેને ધૈર્ય ધારણ કરી શોકમુકત થવા ખૂબ સમજાવ્યો અને કહ્યું : "જો આપણે જીવતા રહીશું તો હું તને બીજાં ઘણાં રત્નો મેળવી આપીશ, તું ખેદ ન કર ! હાલ તો આપણે દરિદ્રોના દુઃખ હરનાર,સંકટહર, મહાપ્રભાવક એવા રૈવતાચલ તરફ જવા યોગ્ય છે. ત્યાં તારી ઈચ્છાપૂર્તિ થઈ જશે, અથવા તો મારું આ રત્ન તું રાખી લે !" એવા આશ્વાસનભર્યાં વચનોથી ભીમસેનને શાંત પાડે છે.



ભીમસેન પણ કંઈક ધીરતા ધારણ કરતાં સમુદ્ર માર્ગ પસાર કરી તે બન્ને રૈવતગિરિ મહાતીર્થ તરફ આગળ વધે છે. હાથ ધોઈને પાછળ પડયો હોય તેમ કર્મરાજા પણ કેમે કરીને પીછો છોડતો નથી, જ્યાં રૈવતગિરિ તરફના માર્ગમાં આગળ વધતા હતા ત્યાં તેઓ ચોરો દ્વારા લૂંટાઈ જાય છે અને વસ્ત્ર-ભાથું આદિ બધું જ લૂંટાઈ જતાં બાવા બની ગયેલા તે બંને અનેક દુઃખોને સહન કરતાં - કરતાં આગળ વધી રહ્યા હતા ત્યાં માર્ગમાં એક મુનિભગવંત મળે છે, મહાત્માનાં દર્શન થતાં જ હૈયામાં આનંદની ઉર્મિ ઉછળવાથી નમસ્કાર કરીને દીનતાપૂર્વક પોતાના સર્વ દુઃખોનું કરૂણ વર્ણન કરતાં કહે છે, "સ્વામિ ! દુર્ભાગ્ય અને દરિદ્રમાં શિરોમણિ, સર્વલોકની નિંદાને પામતા, સર્વત્ર અનાદર અને તિરસ્કારનાં દુઃખોથી દુઃખી એવા અમારા આ દુઃખનાશનો કોઈ ઉપાય બતાવવા કૃપા કરો, અન્યથા પર્વત ઉપરથી ઝંપાપાત કરી મરણનું શરણું ગ્રહણ કરવું, એ જ શ્રેષ્ઠ ઉપાય અમને દેખાય છે."



કરૂણાના સાગર, દયાના ભંડાર એવા મુનિવર પણ તેમના વૃત્તાંતને સાંભળી સાંત્વના આપતાં કહે છે, “હે યુવાનો ! તમે પૂર્વભવોમાં કંઈ ધર્મની આરાધના કરી નથી, તેથી આટલા દુ:ખી જણાવો છો ! શાસ્ત્રમાં કહ્યું છે કે,

कुले जन्म च नैरुज्यं सौभाग्यं सुखमद्भुतम् ।
लक्ष्मीरायुर्यशो विद्या धारामस्तुरंगमाः ॥१॥
मातंगा जनलक्षैस्तु परिचर्या तथार्यता ।
चक्रिशक्रेश्वरत्वं च धर्मादेव हि देहिनाम् ॥२॥

જીવોને સુકુલમાં જન્મ, નિરોગીપણું, સૌભાગ્ય, અદ્ભુત સુખ, લક્ષ્મી, દીર્ઘાયુષ્ય, યશ, વિદ્યા, સુખસંપત્તિ, હાથી, ઘોડા અને લાખો લોકો દ્વારા સેવા, આર્યપણું, ચક્રીપણું તથા ઈન્દ્રપણું ધર્મથી જ પ્રાપ્ત થાય છે.

માટે હે ભીમસેન ! અનર્થની પરંપરાજનક આર્ત્તધ્યાન ન કર ! તારા વડે પૂર્વભવોમાં અઢાર ઘડી સુધી મુનિને પીડા પહોંચાડવામાં આવેલી છે. **સજ્જન પુરૂષોએ મુનિભગવંતોની બાહ્ય-અભ્યંતર સેવાભક્તિ દ્વારા આરાધના કરવી જોઈએ, વિરાધના ન કરવી જોઈએ. આરાધના કરવાથી કષ્ટ નાશ પામે અને વિરાધના કરવાથી કષ્ટ પ્રાપ્ત થાય છે.** તેના પ્રતાપે આજે આટલાં વર્ષોથી તું સતત દુ:ખી થયો. હવે રૈવતગિરિ મહાતીર્થની સેવા-ભક્તિ કરવાથી તારાં તે સર્વ શેષકર્મોનો નાશ થતાં તું સર્વસંપત્તિનો સ્વામી બની, સમગ્ર પૃથ્વીને જિનાલયોથી શોભાવીને અંતે મુક્તિપદનો ભોગી બનીશ, તેથી હવે લેશમાત્ર પણ વિષાદ કર્યા વગર શ્રદ્ધા-ભક્તિ અને ભાવોલ્લાસપૂર્વક રૈવતગિરિ તરફ પ્રયાણ કર ! મુનિભગવંતનાં આવાં અમૃત વચનોનું શ્રવણ કરીને ઉત્સાહપૂર્વક રૈવતગિરિ મહાતીર્થના પરમ સાન્નિધ્યમાં પગરવ માંડે છે. ત્યાં ઘોર તપશ્ચર્યાના મહાયજ્ઞને માંડી, શરીર પ્રત્યેનું મમત્વ છોડી દે છે. રૈવતગિરિના પ્રચંડ પ્રભાવનો પ્રારંભ અનુભવતો ભીમસેન સંઘ સમેત સંઘપતિ બનીને આવેલા પોતાના લઘુબંધુ જયસેન રાજાને જિનાલયમાં પ્રદક્ષિણા ફરતો જુએ છે. મહારાજા, રાજમંત્રી તથા રાજ્યનાં લોકોએ પણ તેને જોઈને ઓળખી જતાં પ્રદક્ષિણા વિધિ પૂર્ણ થતાં જયસેન રાજા આનંદવિભોર થઈ તેને ભેટી પડે છે.

હર્ષાશ્રુથી ઉભરાતાં નેત્રવાળો જયસેન રાજા અત્યંત નમ્ર બની કહે છે, " હે વડીલબંધુ ! એવું કોઈ સ્થાન બાકી રહ્યું નથી કે જ્યાં મેં આપને શોધ્યા ન હોય, આપની શોધમાં ગામોગામ અનેક સેવકોને મહિનાઓ સુધી દોડાવ્યા છતાં આપનો કોઈ જ પત્તો ન લાગ્યો, ભાઈ ! આપ આટલાં વર્ષ કયાં રહ્યા હતા ? પધારો ! આટલાં વર્ષોથી થાપણની જેમ સાચવેલા આપના રાજ્યનો સ્વીકાર કરો !" લઘુબંધુના અતિઆગ્રહને વશ થઈ ભીમસેન પણ તેના હૈયાના ભાવોને લક્ષમાં રાખી મંત્રીગણ સમેત સ્વરાજ્યનો ભાર વહન કરવાની સંમતિ આપે છે. હૈયામાં ઉછળતી આનંદની છોળો સાથે મહારાજા ભીમસેન, જયસેન, મંત્રીગણ અને સર્વલોક આ મહાતીર્થનાયકની પૂજાસ્નાત્રાદિ વિધિ પતાવી પોતાના રાજ્ય તરફ ચાલી નીકળે છે. માર્ગમાં અનેક રાજાઓથી પૂજાયેલા પોતાના વડીલબંધુ નૂતન મહારાજાનો જયસેન દ્વારા ખૂબ જ મોટા મહોત્સપૂર્વક ઠાઠમાઠથી પ્રવેશ કરાવાય છે.

સમગ્ર નગરજનોના હૈયામાં પણ આજે આનંદ સમાતો નથી, સૌ કોઈ નગરના માર્ગો ઉપર રંગોળી, નૃત્ય-ગાનાદિ અનેકવિધ પ્રકારે નૂતન મહારાજાના વધામણાં કરવા ઉમટી પડ્યા હતા. મહારાજ ભીમસેન પણ પૂર્વના સર્વ વ્યસનાદિ દુર્લક્ષણથી મુક્ત બની રાજ્યના સુવ્યવસ્થિત કારોભાર માટે સ્વબંધુજયસેનને યુવરાજપદ ઉપર, પરદેશી મિત્રને કોશાધિપતિપદ ઉપર સ્થાપિત કરે છે. મંત્રીમંડળના સહયોગ સાથે પિતાની માફક ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરવામાં તત્પર બને છે. મહારાજા ભીમસેનના રાજગાદી ઉપર આરૂઢ થયા બાદ તેના રાજ્યમાં ન તો કોઈ ચોર આદિ ભય રહ્યો, ન કોઈ પ્રજાપીડન, ન અનાવૃષ્ટિ કે અતિવૃષ્ટિ, ન સ્વપરશત્રુ સૈન્યની પીડા, ન કોઈ દુકાળ-અશિવાદિ ઉપદ્રવો રહ્યા. પૂર્વ અવસ્થામાં આવેશમાં આવીને કરેલી માતા-પિતાની હત્યાનું પાપ તેને ખૂબ ડંખતું હતું, જેના વિપાક સ્વરૂપે ભાવિની ચિંતા તેને કોરી ખાતી હતી, તેથી તેણે પાપની મુક્તિ માટે ગામોગામ ઠેર ઠેર જિનેશ્વર પરમાત્માના જિનાલયોનું નિર્માણ કરાવવાનો યજ્ઞ માંડયો. પૃથ્વીતલની ભૂમિને જિનાલયોથી શોભાવવાનો ભગીરથ પ્રયાસ કર્યો, દેવગુરૂ તથા સાધર્મિક ભક્તિમાં પરાયણ, દીનબંધુઓ પ્રત્યે દયાળુ, પરોપકારવ્યસની એવો ભીમસેન રાજા ધર્મ-અર્થ-કામને અબાધક રીતે રાજ્યનું પાલન કરવા લાગ્યો.

સમયને સથવારે દિવસો પસાર થઈ રહ્યા હતા, તેવામાં એક દિવસ જિનેશ્વર પરમાત્માની ભક્તિમાં તત્પર એવા એક વિદ્યાધરને બહાર પોતાના ઉદ્યાનમાં આવેલા જોઈને રાજા ભીમસેન પૂછે છે, "હે ભદ્ર પુરૂષ ! આપ કયાંથી પધારો છો ?" વિદ્યાધર કહે છે, "મહારાજા ! તીર્થાધિરાજ શ્રી શત્રુંજયમહાગિરિ તથા મહાપ્રભાવક ઉજ્જયંત મહાગિરિની યાત્રા કરીને હું અહીં જિનેશ્વર પરમાત્માની ભક્તિ કરવા આવ્યો છું."

વિદ્યાધરનાં વચનોથી મહારાજા ભીમસેનને સ્મરણ થયું કે, "અહો ! ધિક્કાર છે મને ! જે રૈવતગિરિ મહાતીર્થના .. અચિન્ત્યપ્રભાવથી જ હું આજે આટલા સુખનો સ્વામી બન્યો છું, તેનું જ હું સ્મરણ કરતો નથી ! અને ફરી તે મહાતીર્થની યાત્રા ભક્તિ કરવાનો વિચાર પણ કરતો નથી." ઉપકારીના ઉપકારનું સ્મરણ કરવામાં ચૂકી ગયેલો શોકાતુર બની વૈરાગ્ય પામેલો રાજા ભીમસેન રાજ્યનો સઘળો ભાર લઘુબંધુ જયસેનને સોંપીને અલ્પ સેવક સમૃદ્ધિ સાથે લઈને રૈવતાચલ તરફ પ્રયાણ કરે છે. પ્રથમ સિદ્ધગિરિ મહાતીર્થ ઉપર યુગાદિજિનની પૂજા-ભકિત સાથે અટ્ઠાઈ મહોત્સવ કરી તે રૈવતગિરિ તીર્થ ઉપર જાય છે. ત્યાં કપૂર, કેસર, ઉત્તમચંદન, નંદનવનમાં થયેલા વિવિધ પુષ્પોથી શ્રી નેમિનાથ પરમાત્માની પૂજા કરી વિવિધ ઉત્સવપૂર્વક પરમાત્માની ભક્તિ કરે છે. અનુક્રમે દાન, શીલ, તપ, ભાવભેદ રૂપી ચતુર્વિધ ધર્મની ઉત્કૃષ્ટ આરાધના કરે છે.


અવસરે જ્ઞાનચન્દ્રમુનિનો સમાગમ થતાં તેઓશ્રીની સુમધુર ધર્મવાણીના શ્રવણના પ્રભાવથી સંસાર પ્રત્યે વિરક્તચિત્ત બનેલો ભીમસેન દીક્ષાગ્રહણ કરે છે. સંયમધર્મની સાધનામાં મગ્ન બનેલ રાજર્ષિ ભીમસેન જ્ઞાનશિલામાં દુષ્કરતપની આરાધના માંડે છે, પૂર્વ અવસ્થામાં કરેલા મહાપાપ કર્મના જથ્થાને તપાગ્નિ દ્વારા ભસ્મીભૂત કરતો, એવો તે આ રૈવતગિરિ મહાતીર્થના પ્રચંડ પ્રભાવથી આઠમા દિવસે કેવલજ્ઞાન પામી અવસરે સ્વઆયુષ્ય પૂર્ણ કરી શિવપદનો સ્વામી બને છે.



આ મહાતીર્થના પ્રભાવથી મહાપાપી, મહાદુષ્ટ એવા કુષ્ટરોગી પણ મોક્ષ સુખના સ્વામી બને છે, આ તીર્થ ઉપર કરેલ અલ્પદાન પણ અતિવૃદ્ધિ પામી મુક્તિરૂપી સ્ત્રી સાથે સંગમ કરાવે છે, આ રીતે આ તીર્થ ઉપર અનેક મુનિવરો પોતાના અશુભ કર્મોને ખપાવી શાશ્વત પદને પામ્યા છે.

# ૧૦

## વશિષ્ટ મુનિ



ભરતક્ષેત્રની ભાગ્યવાન ભૂમિ ઉપર આઠમા વાસુદેવ લક્ષ્મણ સમુદ્ર સુધી પૃથ્વીનું પાલન કરતા હતા. નદીના તટ પાસે વશિષ્ટ નામનો એક તાપસપતિ અનેકવિધ મિથ્યાતપ કરી કાયાને અત્યંત કષ્ટ આપતો, મંત્ર-તંત્રાદિ વેદ-વેદાંગોનો અઠંગ જાણકાર હોવા છતાં કુટિલતાની કળામાં અત્યંત કુશળ હોવાથી મિથ્યાત્વી જનમાં તે ખૂબ જ માનનીય હતો.

કંદમૂળ, ફળાદિનો આહાર અને નિર્મળ જળથી પોતાનો નિર્વાહ કરતાં તે પર્ણકુટિરમાં વસેલા હતા. એકવાર પર્ણકુટિરના આંગણામાં વિસ્તારથી ઊગેલા નીવાર-ધાન્યાદિને ચરવા માટે એક સગર્ભા હરણી ત્યાં આવી ચડે છે. સ્વભાવથી ક્રૂર-ઘાતકી તેવા તે વશિષ્ટ તાપસે ધીમા પગલે તે હરણી પાછળ જઈ તેના શરીર ઉપર લાઠી


વડે તીવ્ર પ્રહાર કર્યો. હરણીના ઉદર ઉપર થયેલ દૃઢ પ્રહારના પરિણામે તેના ઘાથી ફાટી ગયેલા ઉદરમાંથી હરણીનું અપરિપક્વ બચ્ચું બહાર પડી ગયું અને પ્રહારની તીવ્ર વેદનાથી તડપતી હરણી પગની ખરીઓ વડે પૃથ્વીને ખોતરતાં તત્કાળ પ્રાણ ત્યાગ કરે છે, સાથે - સાથે બચ્ચું પણ મૃત્યુ પામે છે.

હરણી અને તેના અપક્વ ગર્ભનો તડફડાટ અને મૃત્યુનાં કરૂણ દૃશ્યને નિહાળીને ક્રૂર અને ઘાતકી હૃદયવાળા શિષ્ટતાપસના અંતરની આકરીભૂમિ પર પણ કરૂણા અને વાત્સલ્યના અંકૂરા ફૂટી નીકળ્યા.... એક તરફ તેના હૈયામાં પશ્ચાતાપના ઝરણાં ઊભરાઈ રહ્યા હતા તો બીજી તરફ ચારે બાજુ જનમેદનીમાં તે અત્યંત તિરસ્કારને પાત્ર બન્યા. બાલ અને સ્ત્રી ઘાતકના બિરૂદથી સૌ તેના પ્રત્યે અરૂચિ-દ્વેષભાવની વર્ષા વરસાવી રહ્યા હતા. પોતે કરેલા પાપકર્મના પસ્તાવાથી ભીના થયેલા હૈયાવાળા વશિષ્ટ મુનિ પોતાના સર્વકર્મમળનું પ્રક્ષાલન કરવાના શુભાશયથી પર્ણકુટિર અને તે ગામનો ત્યાગ કરી વિવિધ તીર્થયાત્રાર્થે ચાલી નીકળે છે.


પાપભીરૂ વશિષ્ટ મુનિ એક તીર્થથી બીજે તીર્થ ભમી રહ્યા હતા, નહીં કોઈનો સાથ અને સંગાથ એવા વશિષ્ટ મુનિ નદીઓ, દ્રહો, ગિરિઓ, ગામો, સમુદ્રતીર અને વનોમાં ભમી રહ્યા હતા. મહિનાઓ સુધી તીર્થયાત્રામાં ભમતાં ભમતાં તેની અડસઠ તીર્થની યાત્રા પૂર્ણ થતાં સ્વાત્માને શુદ્ધ થયેલો માની તે પુનઃ પોતાની જૂની પર્ણકુટિરમાં પાછા પધારે છે. તે અવસરે એક વાર ગામોગામ વિહાર કરી પૃથ્વીતલને પાવન કરતાં એક જ્ઞાની જૈનમહાત્મા તેમના આશ્રમની સમીપ આત્મસાધના માટે પ્રતિમા ગ્રહણ કરી કાઉસ્સગ્ગ ધ્યાને સ્થિર રહ્યા હતા. કેટલોક સમય પસાર થતાં આજુબાજુના ગામના અનેક ભક્તજનો તે મહાત્માનાં દર્શન, વંદન કરવા પધારવા લાગ્યા અને પૂર્વભવોના વૃત્તાંતને પૂછી પોતાના સંશયરૂપી અંધકારને દૂર - સુદૂર ઉલેચવા લાગ્યા. પૂર્વભવનું કથન કરતાં તે મુનિવરની વાતો સાંભળી વશિષ્ટતાપસ પણ પોતાના સંશયની વાતો મહાત્માને પૂછવા લાગ્યા કે, “હે ભગવંત! મારી અડસઠ તીર્થની યાત્રાથી મેં કરેલા સઘળા પાપકર્મોની શુદ્ધિ થઈ ગઈ કે નહીં ?” ત્યારે મહાત્મા કહે છે, “ક્ષેત્ર અને તપશ્ચર્યા વિના માત્ર નદી, પર્વત, વન, ગિરિ ને દ્રહોમાં ભમવા માત્રથી કર્મનો ક્ષય થઈ પાપની શુદ્ધિ નથી થતી, મિથ્યાત્વી



તીર્થમાં ભમવા માત્રથી તો કાયાનો કલેશ થાય છે અને કર્મક્ષયને બદલે ઉલટાનો વધુ ગાઢ કર્મોનો બંધ થાય છે, જો તમારે ખરેખર અશુભ કર્મોનો ક્ષય જ કરવો હોય તો ચિત્તની શુદ્ધિપૂર્વક ક્ષમા-દયા-સત્ય-સંતોષાદિ ભાવોથી ભાવિત એવા વીતરાગ પરમાત્માનું મનમાં ધ્યાન કરી, રૈવતગિરિ મહાતીર્થમાં તપશ્ચર્યાદિ આરાધના કરો, જેના દ્વારા તમારા તે પાપોનો ક્ષય થશે.'' વશિષ્ટમુનિ પૂછે છે, ''હે ભગવંત! આપ કૃપાળુ જે મહાતીર્થની વાત કરો છો તે ક્યાં આવેલું છે ?



જ્ઞાની ભગવંત કહે છે, ''રૈવતગિરિ મહાતીર્થ એ સોરઠ દેશમાં બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માના પાવન પગલાં વડે પવિત્ર થયેલ ઉત્તમ તીર્થ છે. પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ કરી શ્રી અરિષ્ટનેમિપ્રભુનું નિર્મલભાવે એકાગ્ર ચિત્તે ધ્યાન ધરવું તે ઉત્તમ પ્રકારનો તપ છે. જો તમારે પાપકર્મનો ક્ષય કરી નિર્મલ પુણ્યની પ્રાપ્તિ કરવી હોય તો સદ્ગતિની બાહેંધરી આપતા એવા રૈવતગિરિનો આશ્રય કરો !''



જ્ઞાનીભગવંતના વચનને હૈયામાં ધારણ કરી વશિષ્ટ તાપસ અત્યંત હર્ષસભર હૈયે, આનંદથી વિકસિત થયેલાં નેત્રકમલ સાથે અંતરમાં તેજસ્વી શ્રી નેમિપ્રભુજીનું સ્મરણ કરી સમતા રસમાં સ્નાન કરતાં - કરતાં તે રૈવતાચલ પહોંચે છે, રૈવતગિરિમાં પ્રદક્ષિણા કરીને તે ઉત્તર દિશાના સોપાન માર્ગેથી ગિરિઆરોહણ કરે છે. ત્યાં માર્ગમાં છત્રશિલાને દક્ષિણ દિશા તરફ મૂકીને તે અંબાકુંડના જલ વડે સ્નાન કરે છે, સ્નાન કરતાં - કરતાં હૃદયકમલમાં સ્ફટિકમણિ જેવા નિર્મલ અર્હત્ તેજનું ધ્યાન કરતાં વશિષ્ટ મુનિ ધ્યાન અને ધ્યેયને ભૂલી અર્હંમાં તન્મય બની જાય છે. જેવા તે સ્નાન કરીને બહાર આવે છે તે સમયે આકાશવાણી થાય છે કે, “હે તાપસમુનિ ! ઘોર હત્યાના પાપથી મુક્ત બની હવે તું શુદ્ધ થયો છે, અંબાકુંડના મહાપવિત્ર જલ વડે સ્નાન કરવાથી તથા શુભધ્યાનના પ્રભાવથી તારું અશુભ કર્મ ક્ષીણ થયેલ છે. તેથી હવે તું શ્રી નેમિનાથ પ્રભુના ચરણનું શરણ ગ્રહણ કર ! વશિષ્ટ મુનિ પણ ક્ષણ બે ક્ષણ દિગ્મૂઢ થઈ સ્વસ્થતા પામે છે ત્યારે આકાશવાણીના દિવ્યવચનોનું સ્મરણ કરતાં હર્ષાશ્રુ સાથે તરત શ્રી નેમિનાથ ભગવાનના ચૈત્યમાં જઈ નમસ્કાર કરે છે અને સદ્ભાવપૂર્વક સ્તુતિ આદિ ભક્તિ કરી સમાધિથી ધ્યાન અને અત્યંત ઉગ્ર તપ આદરી અવધિજ્ઞાનને પ્રાપ્ત કરે છે, જિનધ્યાનમાં પરાયણ બનેલ તે મૃત્યુ પામી પરમ ઋદ્ધિવાન દેવપણાને પામે છે. તેના હત્યાદોષના નાશને કારણે તે અંબાકુંડ હવે વશિષ્ટકુંડના નામે પ્રસિદ્ધ થયેલ છે, જેના જલના સસંર્ગથી વાત, વ્યાધિ, પથરી, પ્રમેહ, કુષ્ટ, દાદર વગેરે રોગો નાશ પામે છે અને દુસ્તર એવી હત્યાના પાપનો પણ ક્ષય થાય છે.






# ૧૧

## અશોકચન્દ્ર

જંબૂદ્વિપના ભરતક્ષેત્રની ભોમકા ઉપર ચંપાપુરી નામની નાની પણ રળિયામણી નગરીમાં પૂર્વકૃત અશુભ કર્મના તીવ્રોદયના કારણે દીર્ઘકાલીન દરિદ્રતાના દર્દથી શોકાતુર એવો અશોકચંદ્ર નામનો ક્ષત્રિય વસતો હતો. નિર્ધનપણાની વસમી વ્યથાથી અત્યંત કંટાળી ગયેલો તે સતત ઉદ્વેગ અનુભવતો ગૃહત્યાગ કરી રખડતો - રખડતો એક સ્થાનથી બીજે સ્થાને ભટકી રહ્યો હતો.

અનાદિકાળના અશુભ કર્મના ઘનઘોર વાદળોના અંધકારને ભેદનારા તેજસ્વી પ્રકાશનું આગમન થતું હોય તેમ માર્ગમાં તપના તાપથી તપાવેલ કંચનવર્ણી કાયાધારણ કરેલ એક મુનિવરનો મેળાપ થયો. મહાત્માનાં દર્શન થતાંની સાથે જ અશોકચન્દ્ર હાથ જોડી નમસ્કાર કરી તે મહાત્માને ખૂબ જ નમ્રભાવે પોતાની દરિદ્રતાનો નાશ કરવાના ઉપાયો પૂછે છે, ત્યારે મહાત્મા કહે છે, “હે વત્સ! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા આ ભવસંસારમાં ભમવા માટે અસમર્થ હોવા છતાં બળવાન એવા પૂર્વજન્મોમાં ઉપાર્જિત કરેલા કર્મને આધીન બની સુખઃદુખનો અનુભવ કરતો હોય છે. તે રીતે તારા પૂર્વભવોના કરેલા દુષ્કૃતોના ફળરૂપે જ તારું આ દારિદ્ર જણાય છે, તેથી અન્ય સેંકડો ઉપાયોની વણઝારમાંથી બહાર નીકળી એકમાત્ર રૈવતગિરિ મહાતીર્થની સેવાભક્તિ કરવામાં આવે તો અત્યંત અલ્પકાળમાં ભવોભવના અશુભ કર્મોના ભૂક્કા બોલાઈ જાય છે.”

મહાસંયમીના સુધારસનું આસ્વાદ કરીને સંતુષ્ટ થયેલો અશોકચન્દ્ર રૈવતગિરિ મહાતીર્થ તરફ પ્રયાણ આદરે છે, મહાતીર્થને ભેટવાના મનોરથ સાથે એક એક ડગલે અનેક જન્મોના અશુભ કર્મો ખપાવતો અશોકચન્દ્ર મહાતીર્થના પરમ સાન્નિધ્યમાં આવે છે.




"રૈવતગિરિ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર,
માનવભવ પામી કરી, ધ્યાવું વારંવાર..,"

"આ તીર્થ પર જે ભાવથી, અલ્પ પણ ધર્મને કરે,
આ લોકથી પરલોક વળી, પરમલોકને તે વરે,
જે તીર્થની સેવા થકી, ફેરા જન્મોના ટળે,
એ ગિરનારને વંદતાં, પાપો બધા દૂરે જતાં..."

મહાતીર્થના આવા પ્રભાવને મુનિવરના મુખકમલથી સાંભળીને અશોકચન્દ્ર તો રૈવતગિરિના ઉચ્ચ શિખરે ધૂણી ધખાવી સ્થિર ચિત્તે તપયજ્ઞની ઘોર સાધનાને આદરે છે. તપયજ્ઞના તાપથી પ્રભાવિત થયેલ ગિરનાર મહાતીર્થની અધિષ્ઠાયિકા અંબિકાદેવી પ્રસન્ન થઈ,



જેના સ્પર્શમાત્રથી લોખંડ પણ સુવર્ણ બની જાય તેવો દરિદ્રતા દૂર કરનારો પારસમણિ અશોકચન્દ્રને આપે છે. પારસમણિના પ્રગટ પ્રભાવથી અઢળક સંપત્તિનો સ્વામી બનેલો અશોકચન્દ્ર પોતાના જંગી સૈન્ય બળના પ્રતાપે રાજ્યની પ્રાપ્તિ કરે છે. પૂર્વકૃત અશુભ કર્મના પડલ દૂર થઈ શુભકર્મનો સૂર્ય મધ્યાહ્‌ને ચઢવા લાગ્યો. સંપત્તિના પ્રતાપે પામેલ ભોગવિલાસની સામગ્રીમાં ચકચૂર બનેલો અશોકચન્દ્ર એક દિવસ અચાનક વિચારે ચડે છે કે, "રૈવતગિરિ મહાતીર્થ તથા શાસન અધિષ્ઠાયિકા અંબિકાદેવીના પુણ્ય પ્રસાદથી આજે આ રાજવૈભવાદિ સામગ્રીની પ્રાપ્તિ થવાથી ભોગસુખના વિષયરાગમાં આસક્ત બનેલો હું તે ઉપકારીનું સ્મરણ પણ નથી કરતો ? ધિક્કાર છે મારી જાતને ! હું કેવો કૃતઘ્ન બન્યો !"






પસ્તાવાના નિર્મલ ઝરણામાં સ્નાન કરતો અશોકચન્દ્ર પોતાની સકલ રિદ્ધિ-સિદ્ધિ સાથે ઠાઠમાઠથી સંઘ તથા સ્વજનોથી પરિવરેલો માર્ગમાં ઠેર ઠેર અનેક ગામોમાં સેવાભક્તિ, અનુકંપા, સ્વામિવાત્સલ્ય, જીર્ણ થયેલા જિનાલયોના જીર્ણોદ્ધારનાં કાર્યો આદિ અનેકવિધ સુકૃત કરતાં - કરતાં પ્રથમ તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરી અનંતા તીર્થંકરોની સિદ્ધભૂમિ એવા રૈવતગિરિ મહાતીર્થની યાત્રાર્થે જાય છે. ગિરિઆરોહણ કરી મહાપ્રભાવક એવા ગજપદાદિ કુંડના પવિત્ર જલ વડે શ્રી નેમિપ્રભુની સ્નાત્રાદિ વિધિ સમેત ભક્તિ કરે છે, ત્યારબાદ શાસન અધિષ્ઠાયિકા અંબિકાદેવીને પુષ્પાદિ સહિત પૂજીને વૈરાગ્યવાસિત અશોકચન્દ્ર વિચારે છે કે, “અરે ! આ રૈવતગિરિ મહાતીર્થના મહાપ્રભાવથી હું છેલ્લાં ૩૦૦ વર્ષથી અનેકવિધ રિદ્ધિ - સિદ્ધિ અને રાજવૈભવ સાથે રાજ્ય ભોગવી રહ્યો છું. બસ ! અનેક ભવોના દુઃખોની પરંપરા વધારનારા, સમુદ્રના તરંગ જેવા ચંચળ આ ભૌતિક સુખોને ભોગવી હવે હું ત્રાસી ગયો છું, હવે તો મારે અવિનાશી એવા મોક્ષસુખની પ્રાપ્તિ કરવી છે.” આવા ચિંતનની વાટે વિચરતાં અશોકચન્દ્ર પોતાના પુત્રને રાજવહીવટ સોંપીને શ્રી નેમિનાથ પરમાત્માના ચરણમાં શરણ ગ્રહણ કરી સંયમની સાધનામાં લાગી જાય છે. અનેકવિધ આરાધના દ્વારા ભવોભવના કર્મનો ક્ષય કરવા તે રૈવતગિરિના પરમ સાન્નિધ્યમાં રહેવા લાગ્યો. તપાગ્નિ દ્વારા સર્વ કર્મમળને તપાવી શુભધ્યાનની ઉજ્જવલ જ્વાળા પ્રગટાવી સર્વઘાતી કર્મોને ભસ્મીભૂત કરી કૈવલ્યલક્ષ્મીની પ્રાપ્તિ કરે છે અને ત્યાં જ શેષ રહેલા સર્વ અઘાતી કર્મોનો પણ નાશ કરી રૈવતગિરિરાજની રળિયામણી ભૂમિ ઉપર મોક્ષ પદને પ્રાપ્ત કરે છે.

શ્રી રૈવતગિરિ મહાતીર્થની સેવાભક્તિ દ્વારા મનુષ્યો આ જન્મમાં તો સઘળી સંપદાને પામે છે, વળી પરભવમાં સદ્ગતિ અને અંતે પરમગતિને પામે છે. અરે! પાપીમાં પાપી જીવો પણ આ તીર્થના પ્રભાવથી પાપ મુક્ત થાય છે. આ તીર્થનો મહિમા અપરંપાર છે, એટલે જ કહ્યું છે કે,

“આ તીર્થભૂમિએ પક્ષીઓની, છાયા પણ આવી પડે,
ભવભ્રમણ કેરાં દુર્ગતિના, બંધનો તેનાં ટળે,
મહાદુષ્ટ ને વળી કુષ્ટરોગી, સર્વસુખ ભાજન બને,
એ ગિરનારને વંદતાં, પાપો બધાં દૂરે જતાં...”



# ૧૨

# સૌભાગ્યમંજરી

ભરતક્ષેત્રના દક્ષિણપથમાં કર્ણાટક નામે દેશ હતો, જ્યાં અનેકવિધ રાજવૈભવવાળો ચક્રપાણી રાજા હતો; સૌને પ્રિય, રૂપવાન, અનેક ગુણોથી ઉજ્જવળ એવી પ્રિયંગુમંજરી નામની પત્ની હતી. દિન-પ્રતિદિન ભોગવિલાસાદિ રાજસુખોને ભોગવતાં અનુક્રમે પ્રિયંગુમંજરી રાણીની કુક્ષીએ પુત્રીનો જન્મ થાય છે. પરંતુ જન્મથી જ સર્વાંગે સુંદર હોવા છતાં અશુભ કર્મની બલિહારીના મહાપ્રભાવે તેનું મુખ વાનરી જેવું હતું. રાજા પણ આ ઘટનાને જોઈને અત્યંત વિસ્મય પામી ગયો અને કોઈ અમંગળની શંકાથી તેના ઉપશમ માટે ઠેર ઠેર દેવી-દેવતાઓની પૂજા, સ્નાત્રાદિ મહોત્સવ વગેરે અનેક શાંતિકર્મના અનુષ્ઠાનો કરાવે છે. મુખથી કદરૂપી, પરંતુ સૌભાગ્યમાં સુંદર એવી તે રાજકુમારીનું સૌભાગ્યમંજરી નામ રાખ્યું, અનુક્રમે તે ચોસઠ કલાઓમાં નિપુણતા પ્રાપ્ત કરે છે.

એક વાર તે રાજદરબારમાં મહારાજાના ખોળામાં બેઠી હતી તેવા અવસરે કોઈ પરદેશી પુરુષ રાજસભામાં પ્રવેશ કરે છે અને મહારાજા સમક્ષ તીર્થાધિરાજ શ્રીપુંડરીકગિરિનું માહાત્મ્ય કહી સંસારતારક અને પુણ્યના કારક એવા રૈવતગિરિ મહાતીર્થના માહાત્મ્યનો પ્રારંભ કરતાં કહ્યું, “મહારાજા! આ અવનીતલ ઉપર પુણ્યનો સંચય અને દુઃખ-દારિદ્રનો નાશ કરાવનાર રૈવતાચલ પર્વત જય પામે છે, સર્વ પ્રકારના કલ્યાણનું નિર્માણ કરવામાં કુશળ એવા આ રૈવતગિરિ પર આ ભવ કે પરભવમાં દારિદ્ર કે પાપનો ભય રહેતો નથી, આ ગિરિવરના પવિત્ર શિખરો, નદીઓ, ઝરણાંઓ, ધાતુઓ અને વૃક્ષો સર્વ જીવોને સુખ આપનારા છે, શ્રી નેમિનાથ

પરમાત્માની સેવા માટે આવીને આનંદ-પ્રમોદ પામેલા દેવતાઓ તો સ્વર્ગમાં ઉત્પન્ન થતાં મહાસુખને તૃણથી પણ વધુ હલકા માને છે.'' આ પ્રમાણે રૈવતગિરિ મહાતીર્થની અનેકવાતો સાંભળી મહારાજાના ખોળામાં બેઠેલી રાજકુમારી સૌભાગ્યમંજરીને જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત થતાં તે મૂર્છા પામી જાય છે.

રૈવતગિરિ માહાત્મ્યની વાતો સાંભળી મૂર્છા પામેલી સૌભાગ્યમંજરી શીતોપચારો વડે પુનઃચેતનવંતી બને છે, સચેતન થયા બાદ હર્ષઘેલી તે પિતાને જણાવે છે કે, ''ઓ પિતાજી ! આજનો દિવસ મારા માટે મહામંગલકારી છે, તેનું કારણ આપ ધ્યાનથી સાંભળજો ! પૂર્વભવમાં



આ પરદેશીએ વર્ણન કરેલા રૈવતાચલ ઉપર હું વાનરી હતી, જાતિસ્વભાવથી ચંચળ એવી હું સ્વચ્છંદ અને અવિવેકપણે ગિરિનાં શિખરો, નદીઓ, ઝરણાઓ, વનો અને વૃક્ષો વચ્ચે સતત આમથી તેમ કૂદાકૂદ કરતી રહેતી હતી. તે ગિરિશિખરની પશ્ચિમ દિશામાં અમલકીર્તિ નામની એક નદી છે. વિવિધ પ્રકારના વિશિષ્ટ પ્રભાવવાળા અનેક દ્રવ્યોથી ભરપૂર એવી એ નદી શ્રી નેમિનાથ પરમાત્માની અમીદૃષ્ટિથી પવિત્ર બનેલી શોભી રહી છે. એક વખત સ્વભાવ પ્રમાણે આમથી તેમ દોડાદોડ કૂદાકૂદ કરતાં રખડતી હું વાનરના જૂથ સાથે તે નદીના તટની સમીપ આવી, પરંતુ ભવિતવ્યતાના યોગે અહીંથી તહીં કૂદાકૂદ કરવામાં ફલિત થયેલા આંબાના વૃક્ષની ગાઢ ડાળીના વિસ્તારમાં ફસાઈ જવાથી થોડી ક્ષણોમાં ત્યાં જ લટકતાં મૃત્યુ પામી.






આ રૈવતગિરિ મહાતીર્થમાં વસવાના પ્રભાવથી ત્યાંથી મરીને હું તિર્યંચભવનો ત્યાગ કરી સીધી તમારી પુત્રી તરીકે અહીં જન્મ પામી છું. હવે અત્યંત સ્વરૂપવાન આ દેહ હોવા છતાં મને વાનરીનું મુખ મળવાનું કારણ આપ સાંભળો ! તે આમ્રવૃક્ષની ગાઢ ડાળીઓના સમૂહમાં ફસાયેલું મારું શરીર ડાળીના ઝૂકાવાથી ધીમે ધીમે અમલકીર્તિ નદીના જલમાં પડવાથી મનોહારી રૂપને ધારણ કરનારું બન્યું, પરંતુ મારું મુખ ગીચ ઝાડીમાં ફસાયેલું જ રહેવાથી નદીના સુપવિત્ર જલના સ્પર્શથી વંચિત રહેવાથી હજુ સુધી મારું મુખ વાનરી જેવું રહ્યું છે, હે પિતાજી ! હવે તે નદીના નિર્મળ જલના સ્પર્શથી વંચિત રહેલા મારા તે મસ્તકને આપ તરત જ તે નદીના પાવન જલમાં પાડી દ્યો, જેથી હું મુખ સહિત સર્વાંગી સુંદરપણાને પામી શકું. આ પરદેશી પુરૂષે વર્ણવેલા રૈવતગિરિ મહાતીર્થના માહાત્મ્યના શ્રવણથી મને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયેલ છે, જેનાથી આ સઘળો વૃત્તાંત કહેવા સમર્થ બની છું !

રાજકુમારીનાં આ વચનોને સાંભળી અત્યંત વિસ્મિત થયેલા રાજા ચક્રપાણીએ નદીના તટ સમીપે રહેલા આમ્રવૃક્ષની તે ગીચ ઝાડીમાં લટકતાં વાનરીના મુખને પવિત્ર જલમાં પાડવા માટેનો સેવકને આદેશ કર્યો. મહારાજાની આજ્ઞાને શિરોમાન્ય કરી સેવકો આજ્ઞાનું પાલન કરવા દોડી ગયા અને જે સમયે વાનરીના મુખને નદીના જલમાં પાડવામાં આવ્યું, તે જ સમયે રાજકુમારી સૌભાગ્યસુંદરી પણ રૂપરૂપના અંબારવાળી સર્વાંગી સુંદરતાને ધારણ કરનારી બની ગઈ. ચક્રપાણી રાજા પણ તીર્થ માહાત્મ્યના સાક્ષાત્ પ્રભાવને જોઈને અત્યંત વિસ્મય પામી જાય છે. કોઈક જ એવા મોહને આધીન મંદમતિપુરૂષો હોય, જે આવા પ્રસંગ પ્રત્યે શ્રદ્ધા ન ધરાવતા હોય ! **કારણકે મંત્ર, ઔષધિ, મણિ અને તીર્થોનો મહિમા જ અચિન્ત્ય હોય છે.**


મહારાજા ચક્રપાણિ યુવાવસ્થામાં ડગ માંડી ચૂકેલી રાજકુમારી સૌભાગ્યમંજરીને સુયોગ્ય વરની શોધમાં તત્પર બને છે. ત્યારે કર્મની વિચિત્રતાના યોગે સંસારવાસથી વૈરાગ્ય પામેલી તે વિવાહની વાટના કાંટાળા માર્ગ ઉપર ડગ માંડવાને બદલે શાશ્વત સુખની સાધના માટે રૈવતગિરિ મહાતીર્થ તરફના સુખાળા માર્ગે વિચરવાનું પસંદ કરે છે. પિતાશ્રીને પોતાની ભાવના જણાવી તે તો રૈવતાચલના શીતળ સાન્નિધ્યમાં રહી તીવ્રતપ આચરણ દ્વારા અનેક જન્મોના અશુભ કર્મોનો નાશ કરતાં શ્રી નેમિજિનના ધ્યાનમાં મગ્ન બની સ્વઆયુષ્ય પૂર્ણ કરી મૃત્યુ પામીને તીર્થરાગના ફળસ્વરૂપે તે તીર્થમાં જ વ્યંતરદેવી તરીકે ઉત્પન્ન થાય છે. પૂર્વભવના ભીષ્મતપના પ્રભાવથી તે નદીના દ્રહમાં નિવાસ કરીને શ્રીસંઘના અનેક વિઘ્નોનો નાશ કરનારી, સર્વ દેવતાઓને અનુસરવા યોગ્ય મહાદેવી થાય છે.






# ૧૩

## ગિરનાર મહાતીર્થના અધિષ્ઠાયક દેવો



ગિરનાર મહાતીર્થના અચિન્ત્ય પ્રભાવના કારણે અનેક આત્માઓ સન્માર્ગને પામ્યા છે. આ તીર્થના ઉપકારની અંશાત્મક ઋણમુક્તિ કાજે તે આત્માઓ દેવો થતાં આ તીર્થના ઉદય અને રક્ષણના કાર્યમાં લાગી ગયા. સર્વત્ર તીર્થની યશ-કીર્તિ ફેલાવવાના મહત્ત્વના કાર્યમાં લાગી તેઓએ આ તીર્થને જગમશહૂર બનાવવાના ભગીરથ પ્રયાસો કર્યા છે.



❖ ગિરનાર મહાતીર્થના વાયવ્ય કોણમાં શ્રી નેમિનાથ પરમાત્માને મસ્તક પર ધારણ કરીને સર્વસંકટોનું હરણ કરવા માટે ઈન્દ્ર મહારાજા ઈન્દ્ર નામનું નગર વસાવીને રહ્યા છે.

❖ ગિરનાર મહાતીર્થના ડમર નામના દ્વારમાં શ્રી નેમિપ્રભુના ધ્યાનથી પવિત્ર બનેલા બ્રહ્મેન્દ્રે સંઘની વૃદ્ધિ માટે પોતાની મૂર્તિ સ્થાપન કરી છે.

❖ ગિરનાર મહાતીર્થના નંદભદ્ર નામના દ્વારમાં જિનેશ્વર પરમાત્માના ધ્યાનથી પવિત્ર બનેલ મનવાળો મલ્લિનાથ નામનો બળવાન રૂદ્ર દ્વારપાળ તરીકે ઊભો રહ્યો છે.

❖ ગિરનાર મહાતીર્થના મહાબલદ્વારમાં પોતાના મસ્તક પર છત્ર રૂપ કરેલા જિનેશ્વર ભગવાનના ચરણકમલથી આતપરહિત બનીને બલવાન બલભદ્ર રહ્યો છે.

❖ ગિરનાર મહાતીર્થના બકુલદ્વારમાં લોકોના વિઘ્નરૂપ તૃણના સમૂહને ઉડાડનાર મહાબલવાન વાયુકુમાર રહ્યો છે.

❖ ગિરનાર મહાતીર્થના બદરીદ્વારમાં પોતાનાં શસ્ત્રોથી વિઘ્નરૂપ શત્રુઓને હણનાર બદરીશ રહેલ છે.

❖ ઉત્તરકુરૂ દ્વારમાં રહેનારી સાત માતા દેવીઓ રહી છે.

❖ ગિરનાર મહાતીર્થના કેદારદ્વારમાં કેદાર નામનો રૂદ્ર ગિરિવરનો રક્ષક થઈને રહ્યો છે.

આ રીતે આઠે દિશાઓમાં આઠ દેવતાઓએ નિવાસ કર્યો છે. જેમ જિનેશ્વરદેવની પાસે આઠપ્રાતિહાર્ય શોભી રહ્યા હોય તેમ આ આઠ દેવતાઓ ગિરિવરની ઉપર સ્વઆયુધ ઊંચા કરી પ્રાતિહાર્ય થઈને તીર્થની રક્ષા કરી રહ્યા છે. શ્રી નેમિપ્રભુની સેવા દ્વારા અત્યંત પવિત્ર અને નિર્મળ બનેલા અસંખ્ય દેવતાઓ આ મહાતીર્થ ઉપર આવતાં સૌ ભવ્યજીવો પ્રત્યે વાત્સલ્યભાવ રાખી સૌના મનોરથોને પૂરા કરે છે.

❖ મુખ્ય શિખરથી ઉત્તર દિશાએ તે દિશાનો રક્ષક મહાબલવાન મેઘનાદ છે.

❖ પશ્ચિમ દિશાનો રક્ષક વાંછિત અર્થને આપનારો રત્નમેઘનાદ છે.

❖ પૂર્વ દિશામાં સિદ્ધિવિનાયક નામનો દેવ છે.

❖ દક્ષિણ દિશામાં સિંહનાદ નામનો છે, એ ચારે દેવોથી તે શિખર જાણે કે ચૌમુખજી ન હોય ! તેવું ભાસે છે.

❖ મુખ્ય શિખરથી ચારે દિશામાં બે - બે નાનાં શિખરો છે, ત્યાં મૃત્યુ પામેલો અથવા બાળવામાં આવેલો મનુષ્ય પ્રાયઃ કરીને દેવપણાને પામે છે. ત્યાં રહીને તપશ્ચર્યા કરતાં અને શ્રી નેમિનાથ ભગવાનનું ધ્યાન ધરતાં મનુષ્યો અષ્ટસિદ્ધિ મેળવીને પ્રાન્તે મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

❖ આ શિખર ઉપર છાયાવૃક્ષો, ઘટાદાર કલ્પવૃક્ષો, કાળી ચિત્રકવેલી, વાંછિત ફળ આપનારી વેલડીઓ, રસકૂપિકા આદિ અનેક પદાર્થો છે, જે પ્રાણીઓને પોતાના પુણ્યથી જ પ્રાપ્ત થાય છે.

❖ આ ગિરિવરના પ્રત્યેક વૃક્ષમાં, પ્રત્યેક સરોવરમાં, પ્રત્યેક દ્રવામાં, પ્રત્યેક દ્રહમાં, પ્રત્યેક સ્થાનમાં, પ્રત્યેક શિખરમાં, શ્રી નેમિનાથ ભગવાનના ધ્યાનમાં સદા તત્પર એવા અનેક દેવતાઓએ નિવાસ કરેલ છે.

કોઈ કન્યાના હારની મધ્યમાં રહેલા મુખ્ય રત્નની જેમ તે સર્વની મધ્યમાં ઊંચા શિખર ઉપર શ્રીસંઘના વાંછિત અર્થને આપનારી સિંહવાહિની અંબિકાદેવીનો નિવાસ છે. જ્યાં રહીને શ્રીનેમિનાથ પરમાત્માએ જરા પાછું વાળીને જોયું હતું તે, તેમના બિંબ વડે પવિત્ર એવું શિખર "અવલોકન" એવા નામથી પ્રખ્યાત થયેલું છે.

અંબાગિરિની દક્ષિણ તરફ સર્વ શસ્ત્રો વડે યુદ્ધથી મદોન્મત્ત એવા શત્રુઓના સમૂહને રોકનાર ગોમેધ યક્ષ રહેલો છે. ઉત્તર દિશાએ સંઘના વિઘ્નસમૂહને હરવા ચતુર એવી, પ્રસન્નનયના મહાજ્વાળા દેવી રહેલાં છે.

કૃષ્ણવાસુદેવે પૂજા કરતી વખતે પોતાનું છત્ર જે શિલા પર મૂકીને પાછું લીધેલું, તે શિલા લોકોમાં છત્રશિલા એવા નામથી પ્રખ્યાત થઈ છે.

આ ગિરિવર ઉપર એવાં અનેક શિખરો અને ગુફાઓ છે, જ્યાં જિનેશ્વર પરમાત્માની સેવામાં તત્પર એવા ઘણા દેવતાઓએ આશ્રય કરેલો છે. તેથી આ ગિરિ સ્વર્ગથી પણ અત્યંત મનોહર અને જાણે દેવતામય થયો હોય, તેમ જણાય છે.

# ૧૪

# વિચક્ષણ વસ્તુપાળ

ગૌરવવંતા ગુર્જર દેશના ધોળકા સ્ટેટમાં રાજા વીરધવળની હકૂમત ચાલતી હતી. રાજા વીરધવળના મંત્રીશ્વર આશરાજ જૈનધર્મી હતા. સુહાલક નામના ગામમાં પોતાના પરિવારજનો સાથે રહેતા હતા. ધર્મપત્ની કુમારદેવીની કુક્ષીએ ત્રણ પુત્રરત્નો અને સાત પુત્રીઓ અવતર્યા હતા.

મંત્રીપદે રહેલા આશરાજ અત્યંત કુશાગ્ર બુદ્ધિવાળા અને વ્યવહારુ હોવાથી પુત્ર મલ્લદેવ, વસ્તુપાળ, તેજપાળ અને સાતે પુત્રીઓને ઉચ્ચતમ કેળવણી આપવાના પ્રયત્નો કર્યા હતા, તેમાં પણ પૂર્વભવના કોઈ પ્રચંડ પુણ્યોદયે વસ્તુપાળ અને તેજપાળ તો બાળવયથી જ અત્યંત તેજસ્વી અને પુણ્યવાન જણાતા હતા. તે બન્ને ભાઈઓની અરસપરસની પ્રીતિ અને જિનેશ્વર પરમાત્માના શાસન અને ધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધા જોઈને તો ભલભલાને ઈર્ષ્યા પેદા થયા વિના ન રહે !

શૈશવકાળ, કુમારવય અને અનુક્રમે યુવાવસ્થાને પામતા તે બન્ને બંધુ બેલડીએ અનુક્રમે બે સ્ત્રી લલિતાદેવી અને અનુપમાદેવી નામની સાક્ષાત્ લક્ષ્મીસ્વરૂપ સ્ત્રીને પોતાના ગૃહસ્થ જીવનસાથી બનાવ્યા. દિવસ અને રાત્રિના સથવારે સમય પસાર થતાં પિતા આશરાજ આ મનુષ્ય લોકને ત્યાગી દેવલોક તરફ પ્રયાણ કરી ચાલ્યા. વસ્તુપાળ-તેજપાળ સપરિવાર માંડલ ગામમાં આવી વસ્યા, પરંતુ આયુષ્યની દોરી કોની ? ક્યારે ? ટૂંકાઈ જાય તેની કોને ખબર પડે છે ? માંડલમાં આવ્યા બાદ થોડા કાળમાં માતા કુમારદેવી પણ પ્રભુને શરણ થયા. ઘરમાં સાક્ષાત્ ભગવાન તુલ્ય માતા-પિતાનો વિરહ અત્યંત આકરો લાગતાં બન્ને બંધુઓ હૈયાને હળવું કરવા તથા મનને મોકળું કરી શોકસાગરમાંથી બહાર નીકળવા શ્રી સિદ્ધાચલ મહાતીર્થની યાત્રાએ જવા નીકળ્યા.

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજનાં દર્શન-પૂજન-સ્પર્શનથી મનની સાથે સાથે આત્માના બોજને હળવો કરી બંધુબેલડી જીવનયાત્રાની આગામી મંઝીલોને સર કરવા વ્યવસાયની શોધમાં પાલિતાણાથી નીકળી ગામે ગામની ભોમકા ઉપર ભાગ્યનાં મંડાણ કરવા ડગ ભરતાં ચાલ્યા.... ધોળકા સ્ટેટના ધોળકા ગામની ભૂમિ સાથે પૂર્વભવના કોઈ લેણાદેણીનો હિસાબ પૂરો કરવા ત્યાં સ્થિરતા કરી, તે દરમ્યાન મહારાજા વીરધવળ રાજ્યવ્યવસ્થા માટે કોઈ પ્રજ્ઞાવાન પ્રધાન અને શૂરવીર સેનાપતિની શોધમાં હતા. બંધુબેલડીને તો થોડા દિવસની સ્થિરતા દરમ્યાન રાજગોર સાથે મિત્રાચારીનો નાતો બંધાઈ ગયો હતો. મહારાજાની મૂંઝવણને પારખી જનાર રાજગોરે વિનંતી કરી કે, "આપ જેવા બે રાજરત્નોની શોધમાં છો, તેવા બે લક્ષણવંતા નવયુવાનો આપણા નગરમાં સ્થિરતા કરી રહ્યા છે. સ્વભાવમાં સૌમ્ય, કાર્યમાં કુશળ, રાજનીતિમાં નિપુણ જણાતાં આ યુવાયુગલના લલાટે શોભતું તિલક તેના ખાનદાન અને જૈન ધર્મની શોભાને વધારનારું જણાય છે, આપ મહારાજા આજ્ઞા ફરમાવો તો તે જુગલજોડીને આપની નજર સમક્ષ હાજર કરું."

ઝવેરી હીરાના મૂલને પારખે તેમ ભરયુવાનીમાં પ્રવેશવા સાથે રાજસભામાં પગરવ માંડતા પુણ્યશાળીના લલાટના લેખ વાંચી મહારાજાએ હર્ષોલ્લાસપૂર્વક આ બાંધવજોડીને રાજનો કારભાર સોંપી પરમ આનંદનો અનુભવ કર્યો.

રાજકારભારના સુવ્યવસ્થિત સંચાલનની સુવાસ ગામેગામ ફેલાવા લાગી, વડીલ બંધુ વસ્તુપાળને ધોળકા અને ખંભાતના મહામંત્રીપદે સ્થાપવામાં આવ્યા અને તેજસ્વી તેજપાળને રાજસૈન્યના સેનાધિપતિ પદે બિરાજમાન કરવામાં આવ્યા, ઉભયબંધુએ પોતાના શૌર્ય અને સમજણના સમન્વયથી રાજા અને પ્રજાના હૈયા સાથે રાજભંડારોને પણ છલકાવી દીધા. સર્વત્ર શાંતિ અને સમાધિનું સંગીત ગુંજી ઉઠ્યું. રાજવહીવટની સાથે સાથે જિનેશ્વર પરમાત્માની આજ્ઞાને વફાદાર રહેલા આ બે ભાઈઓની કીર્તિ સર્વત્ર ફેલાવા લાગી. આઠમ, ચૌદશના તપ સાથે સામાયિક, પ્રતિક્રમણાદિ નિત્ય આવશ્યકના પાલન સાથે પરમાત્મભક્તિ, સાધર્મિકભક્તિ અને અનુકંપાદાનાદિ ચતુર્વિધ ધર્મપ્રવૃત્તિમાં પણ સતત વ્યસ્ત રહેતા... અનેક જિનાલયના નિર્માણનો લાભ લઈ સદ્ગતિને સાધવાના પ્રયાસમાં રત રહેતા હોવાથી અવસરે ગિરનાર ગિરિવરની સંઘ સાથે યાત્રાનો અવસર આવ્યો.

આ તરફ ગામોગામથી ઉગ્ર વિહાર કરી બાલબ્રહ્મચારી શ્રી નેમિપ્રભુના મિલનના મનોરથ સેવતાં મહાત્માઓ ગિરનાર ગિરિવરની તળેટીએ પહોંચી ચૂક્યા હતા.... અનંતા તીર્થંકરોના કલ્યાણકોની આ કલ્યાણભૂમિના સ્પર્શની સંવેદનાઓ દ્વારા શિવપદની સાધના કાજે ગિરનારના સોપાનને સર કરવા ડગ માંડી રહ્યા હતા... હૈયામાં હર્ષનો કોઈ પાર ન હતો... પણ એકાએક આસમાને ચડેલા તેમના અરમાનો પૃથ્વીતળે પટકાઈ ગયા.... કદાવર કાયાના એક માણસે તેમને આગળ વધતાં અટકાવ્યા, કારણ પૂછતાં પેલાએ કહ્યું, આ ગિરિરાજ ઉપર આરોહણ કરવું હોય તો પ્રથમ મૂંડકવેરો ભરવો પડશે, અન્યથા આગળ નહીં વધી શકો!"





આશ્ચર્યચકિત થયેલા મહાત્માઓ કહે, “અરે ભાઈ! પ્રભુના દ્વારે પહોંચવા પૈસા ભરવાના હોય ? અરે ! અમે તો નિષ્પરિગ્રહી છીએ, અમારી પાસે પૈસા ક્યાંથી હોય?” પેલો કહે, “મહારાજ ! આડીઅવળી વાતો કર્યા વગર પહેલા મૂંડકવેરાની રકમ ચૂકવી દો, પછી આગળ વધો !”

મહાત્માઓના પગલાં પાછા પડ્યાં... આ દુરાગ્રહી કેમે કરી માને તેવું લાગતું નથી. વિચારે છે કે, આ પણ કેવી વિચિત્રતા કે વિશ્વ વિભૂતિને ભેટવાના પણ મૂલ ચૂકવવા પડે? આ તો હરગીઝ સહ્યું જાય તેમ નથી! બસ! આ મનોમંથનના અંતે ગિરનાર ગિરિવરના યાત્રાળુઓ ઉપર ઠોકી બેસાડેલો આ મૂંડકવેરો કોઈપણ હિસાબે રદ થવો જોઈએ. તેવા વિચારનું માખણ તેઓશ્રીના માનસપટ ઉપર તરી આવ્યું. વળતા દિવસે પુનઃ મહાત્માઓએ ગિરિ આરોહણ કરવાનો પ્રારંભ થતાં જ તેઓને અટકાવવામાં આવ્યા. જ્યાં સુધી મૂંડકવેરો નહીં ભરવામાં આવે ત્યાં સુધી યાત્રા નહીં થાય! તેવા શબ્દો તેમના કાને પડયા. મુનિવરો તો પુનઃ પોતાના આવાસ તરફ ચાલી નીકળ્યા, પરંતુ મૂંડકવેરાને નાબૂદ કરવાના તેમના વિચારના તરંગોએ વેગ પકડયો હોય અને તે તરંગો જાણે કે, ધોળકા સ્ટેટના મહામંત્રીશ્વરના દિમાગ સુધી ન પહોચ્યાં હોય, તેવો અહેસાસ થયો.

બીજા દિવસની ઢળતી સંધ્યાના રક્તવર્ણના વાદળો વિખરાઈ રહ્યા હતા તે અવસરે વાયરામાં વહેતી વાતોમાં મુનિવરના કાને શબ્દો સાંભળવામાં આવ્યા કે ધોળકાનરેશના મહામંત્રીશ્વર વસ્તુપાળ સંઘ લઈને આવતી કાલે ગિરનાર મહાતીર્થની તળેટીમાં પધારી રહ્યા છે. મુનિઓને તેમની ભાવના પૂર્ણ થવાના એંધાણ વર્તાવા લાગ્યા. આ મૂંડકવેરાની કનડગતની વાત મહામાત્ય વસ્તુપાળની જાણમાં જ હતી, પરંતુ ત્રીજા દિવસે પરિસ્થિતિનું નિરીક્ષણ કરતાં તેઓશ્રી એટલું જરૂર પામી ગયા કે આ મામલો બળથી નહીં પરંતુ કળથી પાર પાડવો પડશે. તે જ સમયે પેલા મહાત્માઓ પણ ગિરિવર ઉપર આરોહણ કરવા આગળ વધી રહ્યા હતા. આ અણગારોને કોઈ આંચ ન આવે તે માટે મંત્રીશ્વરે તેઓને થોડો સમય રોકાઈને સંઘ સાથે જ યાત્રાનું પ્રયાણ કરવા વિનંતી કરી અને મૂંડકવેરાની વર્તમાન પરિસ્થિતિ અંગે જાણ કરી.



મહાત્માઓને પ્રભુમિલનમાં અંતરાય પાડનાર આ મૂંડકવેરાને કોઈપણ રીતે દૂર કરવાના દાવ લગાવવાના વિચારમાં રહેલા મંત્રીશ્વરને જોઈને મહાત્માઓએ તક ઝડપી લીધી.

"મંત્રીશ્વર ! તમારા જેવા કુશાગ્રબુદ્ધિ હયાત હોય ત્યારે ભાવિક વર્ગને પરમાત્માના દર્શન-પૂજન અને તીર્થસ્પર્શના કરવા માટે કર ચૂકવવો પડે? આ વાત અત્યંત શરમજનક છે. આજે તો આપ અમને આ સંઘ સાથે યાત્રા કરાવી દેશો પરંતુ અન્ય ભાવિકનું શું ? ભવિષ્યમાં આ મહાતીર્થને દૂર - સુદૂરથી ભેટવા આવનાર મહાત્માઓનું શું ?" મુનિઓ પણ પૂરા જોસ સાથે અસ્ખલિત ધારામાં મંત્રીશ્વરના માનસપટ ઉપર સવાર થઈ ગયા. મંત્રીશ્વરના અંતરમાં પડેલી મૂંડકવેરો નાબૂદ કરવાની ચિનગારી હવે જ્વાલા બનીને ભભૂકી ઉઠી.

મહાત્માઓએ મંત્રીશ્વરની આગને પરખીને કહ્યું, "મંત્રીશ્વર ! આ તે કેવી વિચિત્રતા ! બે-બે દિવસથી ગિરિવરની યાત્રા માટે પ્રયત્નો કરવા છતાં અમે નિષ્ફળ ગયા છીએ, અમે તો આ મૂંડકવેરો કાયમ માટે નાબૂદ કરાવવાનો ભીષ્મસંકલ્પ કર્યો છે. જરૂરત છે આપના જેવાં પ્રભુના શાસન પ્રત્યે અવિહડ રાગવાળા ભડવીરની! જો તમારો સાથ મળે તો સફળતા હાથવેંતમાં છે."

મંત્રીશ્વરે સહાયક બનવાની સંમતિ દર્શાવતાં કહ્યું, "મહાત્માજી! આપ આજ્ઞા ફરમાવો, આ સેવક તૈયાર છે ! પ્રભુના શાસન માટે કેસરિયા કરવા પડે અને મારું મસ્તક પણ વાઢી નાંખવામાં આવે તો તે મારા જીવનની સુવર્ણપળ બની રહેશે."

મહાત્માઓ અને મંત્રીશ્વરે મૂંડકવેરાને નાબૂદ કરવા અંગેના ઉપાયની ચર્ચા વિચારણા કર્યા બાદ મુનિવરોએ ગિરિ આરોહણ કરવા માટે સોપાન ઉપર પગરવ માંડવાનો પ્રારંભ કર્યો ત્યાં જ પાછળથી અટકી જવા માટેનો આદેશ થયો છતાં મુનિવરો તો દૃઢમનોબળ સાથે મંદગતિથી આગળ વધી રહ્યા હતા, ત્યારે ફરી આક્રોશ સાથે રાડ પડી, "સાંભળો છો કે બેરા છો ? રોજ-રોજ આમ મફતનાં હાલ્યા આવો છો ! કંઈ શરમ - બરમ છે કે નહીં તમને ? કેટલી વાર કીધું કે આ મૂંડકવેરાના પાંચ દ્રમ ન ભરાય ત્યાં સુધી આ પગથિયાનું એક પગથિયું પણ ચઢવાનું નથી !"

અધિકારીના આક્રોશ સામે મહાત્માઓનો માહ્યલો પણ ભભૂકી ઉઠ્યો અને 'ઇંટ કા જવાબ પથ્થર સે' ના ન્યાયથી ઉગ્રતાપૂર્વક સામો પડકાર કર્યો કે, "અમારા દેવાધિદેવના દર્શન માટે વળી મૂલ્ય શાનું ચૂકવવાનું હોય ? દાદાનો દરબાર તો દરેક માટે હરહંમેશ ખુલ્લો જ હોય ! તેમાં અમારા જેવા નિષ્પરિગ્રહી સાધુની પાસે સંપત્તિ કેવી ને વાત કેવી ? અમે તો અમારા સૌંદર્યની અતિમૂલ્યવાન મૂડી સમાન અમારા જે માથાના વાળ હતા તે પણ અમે ત્યાગી દીધા, પછી હવે તમને શું આપીએ ? અમારા જેવાં મૂંડાને વળી મૂંડકવેરો શાનો ભરવાનો ?" ઉભયપક્ષે શબ્દોની આતશબાજી ચાલી અને ખૂંખાર શબ્દયુદ્ધના અંતે સામાપક્ષના સ્વરબાણોને કચડી મૂંડકવેરાના નિયમને ફગાવી દઈ મુનિવરો બે દિવસની ઘોર તપશ્ચર્યાના અંતે ગિરિવરનાં દર્શન પામ્યા.

આ તરફ પોતાનું ધાર્યું ન થવાથી વેરો ઉઘરાવનારા અધિકારીઓનો ક્રોધ આસમાને ચઢયો હતો. વર્ષોથી ચાલી આવતી આ મૂંડકવેરાની પદ્ધતિને પ્રાણઘાત ફટકો પડવાનો અહેસાસ થવા લાગ્યો. પોતાની માનહાનિ સહન ન કરી શક્યા, તેથી કોઈપણ હિસાબે ન્યાય મેળવવા તે સૌ મહામાત્ય પાસે પહોંચ્યા. મહામંત્રીશ્વરે તેમની હૈયાવરાળને બહાર નીકળી જવા માટે અવસર આપ્યો, થોડી ક્ષણોમાં જ જ્યારે હૈયાનો ભાર હળવો થયો ત્યારે મંત્રીશ્વરે તેઓને આશ્વાસન આપતાં જણાવ્યું કે, આપણે આ અંગે જરૂર વિચારશું. તે અધિકારીઓને પણ હાશકારો થયેલ. થોડીવારમાં મંત્રીશ્વરે મુનિવરોને સંદેશો મોકલાવ્યો અને પૂજ્યોની પધરામણી થતાં મંત્રીશ્વરે પૂજ્યો પ્રત્યે ઔચિત્યપાલન કરી ખૂબ જ બહુમાનપૂર્વક તેમનો સત્કાર કર્યો.

મૂંડકવેરાના અધિકારીઓએ ન્યાયનો દરવાજો ખખડાવવા મંત્રીશ્વર સમક્ષ ફરિયાદની રજૂઆત કરી કે, "મહામાત્ય ! આ મહાત્માઓએ વર્ષોથી ચાલતી અમારી મૂંડકવેરાની પરંપરાને તોડી બળજબરીથી ગઈકાલે ગિરિવરની યાત્રા કરવા ચાલી નીકળ્યા હતા. અમારી વર્ષોથી ચાલી આવતી વ્યવસ્થાનો સરિયામ બહિષ્કાર કર્યો છે, આ અંગે યોગ્ય ન્યાય તોળવા આપ હજૂરને આ સેવકોની પ્રાર્થના છે."

કુશાગ્ર બુદ્ધિવાળા મંત્રીશ્વરે પણ સામા પક્ષને પોતાનો બચાવ કરવા યોગ્ય તક આપતાં જણાવ્યું, "આ અંગે આપને કંઈ કહેવું છે ?" હવે મુનિવરોએ બાજી હાથમાં ધરતાં કહ્યું, "મહામાત્ય ! આ ભાગ્યશાળીઓની વાત એકદમ સાચી છે કે અમે મૂંડકવેરો ભર્યા વિના જ ગિરિઆરોહણ કરી પરમાત્માના દર્શન કરી આવ્યા છીએ, પણ... મંત્રીશ્વર ! આપ જ બતાવો, અમારા જેવા મૂંડને વળી મૂંડકવેરો કેવો હોય ! અમે તો અપરિગ્રહી છીએ. અમારી પાસે વળી નાણું ક્યાંથી હોય ! મંત્રીશ્વર ! ત્રણ-ત્રણ દિવસથી હૈયામાં ધરપત રાખી પ્રભુના દર્શન માટે તડપતા રહ્યા છીએ, અરે ! અમારી સહનશક્તિની પણ કોઈ હદ હોય ને ! પ્રભુના દર્શન માટે પૈસા ભરવાના ! આ તે ક્યાંનો ન્યાય? આવા મહાપવિત્ર પરમકલ્યાણકારી અનંતા તીર્થંકરોના કલ્યાણકોથી પુનિત થયેલી આ પાવનભૂમિની રજની સુવાસ લેવાના કાંઈ પૈસા હોય ! મંત્રીશ્વર! આ તો રાજ્યની સાથે મહારાજાને માટે પણ અત્યંત શરમજનક બાબત છે ! આપ જેવા પ્રચંડપુણ્ય અને તીક્ષ્ણબુદ્ધિના સ્વામી આવા અવસરે યોગ્ય ન્યાય નહીં આપે તો અન્ય કોણ ન્યાય કરશે ? મંત્રીશ્વર ! વર્ષોથી ચાલતી આ અનુચિત પરંપરાનો વિચ્છેદ થવો જ જોઈએ."

મુનિવરોની અસ્ખલિત વાગ્ધારાને અનિમેષ નયને ઝીલતાં મંત્રીશ્વર પણ અવાચક્ બની ગયા. બે પળના વિલંબ બાદ મૂંડકવેરો ઉઘરાવતા અધિકારીઓ તરફ દૃષ્ટિ કરતાં તે બોલ્યા, "મહાત્માઓની આ વાતો અંગે તમારો શું અભિપ્રાય છે? " "મંત્રીશ્વર! મહાત્માની વાત ભલે ગમે તેટલી સાચી હોય પરંતુ વર્ષોવર્ષથી ચાલી આવતી અમારી ઈજારદારીને સ્હેજ પણ આંચ પહોંચે તે અમારાથી કેમ સહ્યું જાય ! દરેક માથાદીઠ અમને જે પાંચ દ્રમ મળે છે તે તો મળવા જ જોઈએ," અધિકારીઓએ પોતાના હૈયાની વાત કરી.

મંત્રીશ્વર થોડીક ક્ષણો માટે બંધ આંખે ચિંતનની કેડીએ લટાર મારવા લાગી ગયા પછી તરત જ ગંભીરતાપૂર્વક તે અધિકારીઓને કહે છે, "ભાઈઓ ! એક તરફ આ સૃષ્ટિનાં આધાર સમાન આ મહાત્માઓ છે, જ્યારે બીજી તરફ તમે પ્યારા પ્રજાજનો છો ! આ પ્રાતઃ સ્મરણીય ગુરુભગવંતોની ભાવનાનું ઉલ્લંઘન કરવું જરાપણ વ્યાજબી નથી જ્યારે આપ સૌની ભૂખ ભાંગવાની વાસ્તવિકતા પણ વિસરાય તેવી નથી! આવા કપરા સંયોગમાં તમે સૌ ભેગા મળી કોઈ વચલો માર્ગ કાઢો તે જ ઈચ્છનીય છે."

મંત્રીશ્વરની વાત સૌને વિચારણીય તો લાગી, કારણકે રોજ રોજ આ મૂંડકવેરો એકઠો કરવામાં પડતી મુશ્કેલીઓનો સૌને અનુભવ તો હતો જ, તેથી આ મૂંડકવેરાને બદલે આવકનો કોઈ અન્ય વિકલ્પ મળતો હોય તો તેમાં કંઈ ખોટું ન હતું, પરંતુ વચલો માર્ગ કોઈને સૂઝતો ન હોવાથી અરસપરસ સૌ ચર્ચામાં પડ્યા હતા ત્યારે મંત્રીશ્વરે બૂમ પાડી કે, "હજુ શું વિચારમાં પડ્યા છો ? તમને કોઈ રસ્તો ન જ સૂઝતો હોય તો તે જવાબદારી મને સોંપી દો, મારો નિર્ણય તો તમને સૌને સ્વીકાર્ય બનશે ને ? પછી તે નિર્ણયમાં કોઈ બાંધછોડને અવકાશ નહીં રહે તે ચાલશે ને ?"


"અરે ! મંત્રીશ્વર ! આપ જે ન્યાય કરશો તેમાં કોઈ પક્ષપાતને અવકાશ જ ન હોય ! આપના વચન અમને શિરોમાન્ય રહેશે, તેમાં લેશમાત્ર પણ શંકા કરશો મા ! આપ તે બાબતમાં એકદમ નિશ્ચિંત બનીને આપનો અભિપ્રાય ફરમાવો જેથી વિશ્વવંદનીય વૈરાગી એવી વિભૂતિઓની ભાવના પણ સચવાઈ જાય અને અમ ગરીબોની આંતરડી પણ ઠરી જાય !" સૌ મંત્રીશ્વરને કરજોડી વિનંતી કરે છે.

વિચક્ષણ બુદ્ધિ મંત્રીશ્વરે ખૂબ કુનેહપૂર્વક સૌના વિશ્વાસને જીતીને સૌની સંપૂર્ણતયા સંમતિ મેળવીને જાહેરાત કરી કે, "દેવાધિદેવ બાવીસમા શ્રીનેમિપ્રભુના ત્રણ-ત્રણ કલ્યાણકો વડે પાવન થયેલ આ ગિરનાર ગિરિવરની ભોમકા ઉપર આજથી મૂંડકવેરો નાબૂદ કરવામાં આવે છે અને ભૂલથી પણ કોઈ વેરો ઉઘરાવવાના પ્રયત્નો કરશે તો તેની સામે રાજપગલાં લેવામાં આવશે અને તેને કડકમાં કડક સજા ફટકારવામાં આવશે. તમારા સૌની આંતરડી ઠારવા માટે ગિરનાર ગિરિવરની ગોદમાં રહેલું કુહાડી ગામ આપ સૌને સોંપવામાં આવે છે. આ કુહાડી ગામની થતી સંપૂર્ણ આવક ઉપર આજથી આપ સૌનો અધિકાર રહેશે. આજથી તમે સૌ આ ગામના માલિક બનો છો ! હવે તો તમારા ચિત્તની ચિંતા ટળી ગઈ ને? હવે તો આપ સૌ ખુશ છો ને ?"






મંત્રીશ્વરના સુવર્ણ વચનોના શ્રવણ સાથે જ સૌના મનમયૂર નાચી ઉઠ્યા. કુહાડી ગામની સંપૂર્ણ આવકના અધિકારના દસ્તાવેજો પામી સૌ નિશ્ચિંત બની ગયા. વાતાવરણમાં ચારે કોર ત્રણ લોકના નાથ શ્રી નેમિપ્રભુનો તથા મંત્રીશ્વર વસ્તુપાળનો જય - જયકાર મચી ગયો, ગિરનાર ગિરિવરની ગુફાઓમાંથી પડતા જય - જયકારના પડઘાઓએ સકલ સૃષ્ટિને પ્રશમરસની સુવાસથી મહેકાવી દીધી.



# ૧૫

# તીર્થભક્તિ

ઐતિહાસિક પ્રસંગોની પરંપરાથી ગરવો બનેલો ગઢ ગિરનાર અનેક વાદવિવાદનો વંટોળ ઊભો કરવા માટે પણ આજ સુધી ગૌરવશાળી રહ્યો છે. સમયના વહેણ સાથે ગઢ ગિરનારની માલિકી અને કબ્જા માટે અનેક પ્રસંગો ઈતિહાસના પાને પાને કંડારાઈ ચૂક્યા છે.

ગિરનાર મહાતીર્થ ઉપર અનેક પક્ષો પોતાનો હક્ક જમાવવા પ્રયત્નશીલ રહેતા હતા. તે કાળે તીર્થભક્તિ કાજે કેસરિયા કરનાર શહીદોની આ ઘટના છે.

ધામણઉલી નામના એક ગામમાં ધાર નામનો શ્રાવક રહેતો હતો. પૂર્વજન્મના કોઈ પ્રચંડ પુણ્યાનુબંધી પુણ્યના યોગે ધનસંપત્તિ તેના ચરણ ચૂમી રહી હતી. અનેક રિદ્ધિસિદ્ધિનો સ્વામી બનેલો આ ધાર શ્રાવક ખૂબ વૈભવશાળી હોવા છતાં જિનેશ્વર પરમાત્માના શાસનનો અડગ અનુરાગી હતો. તેના હૈયામાં શાસન પ્રત્યેની તીવ્ર દાઝના કારણે તેના પાંચે ય પુત્રરત્નોના લોહીમાં પણ શાસન પ્રેમની ધગતી ધારા વહેતી હતી. પૂર્વકૃત સુકૃતના ફળસ્વરૂપે પામેલ ધનવૈભવની સાથે સાથે તેનો ધર્મવૈભવ પણ કંઈ કમ ન હતો. શુદ્ધ શ્રાવકના સંસ્કાર તેના શ્વાસોશ્વાસમાં વહેતા, સમ્યક્ત્વમૂલ બારવ્રત ગ્રહણ કરી શકયતઃ ચુસ્ત શ્રાદ્ધ જીવન પસાર કરી રહ્યો હતો.

સરિતાના નિર્મળ વહેતા જલની માફક અસ્ખલિત પ્રવાહથી તેનું જીવન પસાર થઈ રહ્યું હતું, તેમાં એક વાર શ્રી ગિરનારના અચિન્ત્ય મહિમાની વાતો ગુરુભગવંતના શ્રીમુખે શ્રવણે ચઢી ત્યારથી તેનો મનમયૂર ગિરનારને ભેટવા ઝંખી રહ્યો હતો. સંઘસમેત ગિરનારની યાત્રા કરવાનો નિર્ણય જાહેર કર્યો. વા વાતો ફેલાવે તેમ આજુબાજુના ગામોમાં ચારેકોર ધાર શ્રાવકના સંઘની વાતો વાયુ વેગે ફેલાઈ ગઈ. ગિરનારના સમાગમને ઈચ્છતા અનેક ભાવુક આત્માઓનું આગમન ધામણઉલિ ગામમાં થયું.

ધામણઉલિ ગામની પ્રજા આજે હરખઘેલી બની હતી. ગામની ગલીએ - ગલીએ અને શેરીએ - શેરીએ લીલા તોરણની હારમાળા શોભી રહી હતી. ધાર શ્રાવકના પાંચે ય પુત્રરત્નોનો આનંદ આભને આંબી રહ્યો હતો. નગરજનો, નગરનારીઓ, બાળકો સૌ કોઈ હર્ષિત બન્યા હતા. શુભદિને મંગલઘડીએ શ્રી જિનેશ્વર પરમાત્માના શાસન પ્રત્યે અત્યંત વફાદાર એવા સુશ્રાવક ધાર શ્રેષ્ઠીના ગિરનાર મહાતીર્થના સંઘનું શુભ પ્રયાણ થયું. દાન ધર્મના આલંબને ગામોગામ પ્રભુના શાસનની પ્રભાવના કરતો આનંદ કિલ્લોલ સાથે સંઘ ગિરનાર મહાતીર્થની તળેટીમાં પ્રવેશે છે, ત્યાં જ સૌના હૈયાં હેબતાઈ ગયાં.

ગિરનારની તળેટીમાં પૂર્વે એક સંઘ રાવટી તાણીને પડાવ નાંખી બેઠો હતો. શ્વેતામ્બર પક્ષના કટ્ટર વિરોધી દિગંબર પક્ષના અનુયાયી એવા તે લોકોએ શ્વેતામ્બર પક્ષના આ સંઘને ગિરિઆરોહણ કરતા અટકાવ્યા. ગિરનાર ઉપર પોતાનો હક્ક જમાવવાના દુષ્ટ આશય સાથે તે પક્ષ શસ્ત્રસરંજામ સહિત યુધ્ધ ખેલવા સુધીની તૈયારી સાથે સજ્જ થઈ બેઠો હતો. સુશ્રાવક ધારનો સંઘ ગિરિવરના સોપાન સર કરવા મક્કમ બન્યો હતો, પરંતુ જ્યાં તે કદમ ઉઠાવે છે ત્યાં સામા પક્ષમાંથી હાકલ પડી, “ખબરદાર ! આ ગિરિવર ઉપર અમારો સંપૂર્ણ હક્ક છે, અહીં યાત્રા કરવાનો તમને કોઈ અધિકાર નથી !”

વિરોધ પક્ષનાં વચનો સાંભળી સંઘના યાત્રિકો સાબદા બન્યા. આમ મૂંગે મૂંગા રહીશું તો સામો પક્ષ વધુ બળવાન બની જશે, તેવું વિચારી સંઘના યાત્રિકોએ સામા પક્ષનો વિરોધ કર્યો, ઉભયપક્ષ વચ્ચે શબ્દોની આતશબાજી ચાલી. કોઈ નક્કર નિર્ણય ન થવાથી સંઘના મોભીઓએ અન્યાયની સામે રાજાની સહાય માંગવાનો નિર્ણય કર્યો. પણ ! મેલા મનવાળા તે લોકોએ પહેલેથી રાજાને સાધી લીધો હતો, વિરોધ પક્ષને રાજાનું સંપૂર્ણ પીઠબળ હતું. જેવા શ્વેતામ્બરો મહારાજા સમક્ષ નજરાણું ધરી ન્યાયની માંગણી કરે છે, તે સમયે રાજાના ન્યાયના ત્રાજવાનું પલ્લું વિરોધ પક્ષની તરફેણમાં ઝૂકવા લાગ્યું.



**અરે ! આ તો પાણીમાં આગ ! સ્વામીના હૈયામાં જ સ્વાર્થ આવે ત્યારે સેવકો કયાં જાય !** સુશ્રાવક ધાર અને તેના સાથીદારો ખૂબ અકળાઈ ગયા. આ પ્રશ્નનો ઉકેલ લાવવો જરૂરી છે. હવે કોઈપણ સંજોગોમાં પાછી પાની કરવી પાલવે તેમ નથી. તીર્થની સંપૂર્ણ માલિકી હોવા છતાં તીર્થયાત્રાનો નિષેધ ! યુવાનોના હૈયામાં રહેલી શાસનદાઝની જ્વાળાઓ ભભૂકી ઉઠી. હવે તો જાનની બાજી લગાવીને પણ તીર્થનો કબ્જો લેવાનો પ્રબળ નિર્ધાર કરીને સૌ મરણિયા થવા મક્કમ બન્યા. સૌના હૈયામાં તીર્થભક્તિની ભાવના ઉભરાઈ રહી હતી. યુદ્ધનું એલાન થતાં યુવાનોએ કેસરિયા આદર્યાં. તીર્થભૂમિ આજે રણભૂમિ બની ચૂકી હતી. ઉભયપક્ષે ગિરિવરના હક્ક માટે જંગ માંડી દીધો હતો.એક પછી એક લાશો આ તીર્થભૂમિની પાવનભૂમિ ઉપર પડીને લોહીના લાલ રંગ વડે તીર્થભક્તિના ઈતિહાસનું આલેખન કરવા લાગી.

વિરોધ પક્ષના વિરાટબળ સામે સુશ્રાવક ધારના સંઘની સંખ્યા તદ્દન મામૂલી હોવા છતાં તીર્થપ્રેમના બળે શત્રુ સામે ઝઝૂમી રહ્યા હતા. આજે તેમને મરણનો કોઈ ભય ન હતો, શાસન માટે શહીદ થવાના તેમના સ્વપ્ના આજે સાકાર પામી રહ્યા હતા. ગિરનાર ગિરિવરના પાવન આંગણમાં આજે લોહીના લાલ રંગથી રંગોળી પૂરાઈ રહી હતી. શ્રી જિનેશ્વર પરમાત્માના શાસન પ્રત્યેના અવિહડ રાગવાળા સુશ્રાવક ધારના એક પછી એક પુત્રો પૂરેપૂરા ઝનૂન સાથે વિરોધી સાથે ઝીંક લઈ રહ્યા હતા. એક.....બે.....ત્રણ.....ચાર.....પાંચ..... સુશ્રાવક ધારના એક પછી એક પાંચે પુત્રો યમરાજને શરણ થઈ ગયા, વિરોધ પક્ષે તે સૌના મસ્તક વધેરીને ધડથી જુદા કરી દીધા. તીર્થરક્ષાના તીવ્રરાગને જીવનની છેલ્લી ક્ષણ સુધી હૈયામાં ધારણ કરી મોતને ભેટી પડેલા તે પાંચે પાંચ પુત્રો તે જ ક્ષેત્રના અધિપતિપણાને પામવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. અનુક્રમે (૧) કાલમેઘ, (૨) મેઘનાદ, (૩) ભૈરવ, (૪) એકપદ અને (૫) ત્રૈલોક્યપાદ નામે ક્ષેત્રાધિપતિ થાય છે. જિનશાસનના ઈતિહાસના પાને તેઓના આ બલિદાનની નોંધ સુવર્ણ અક્ષરે અંકિત થાય છે.



તીર્થભક્તિ કાજે પાંચ - પાંચ પુત્રો શહીદ થવા છતાં તેમાં તેઓની હાર ન હતી. તે પાંચે પુત્રોએ ગિરિવરના પાંચ - પાંચ પહાડ ઉપર વિજય મેળવી ક્ષેત્રના અધિપતિપણાનો તાજ શિર ઉપર ધારણ કર્યો હતો.


સુશ્રાવક ધાર રણભૂમિ બનેલી તીર્થભૂમિ ઉપર પડેલી લોહીથી રગદોળાયેલી પોતાના પાંચ જવાંમર્દ પુત્રોની લાશ જોઈને પુત્રોની મર્દાનગીનું ગૌરવ લઈ રહ્યા હતા.

હજુ તેમના અંતરની આરઝૂ અધૂરી હતી. આજે તેમના પાછા પગલાંમાં ભાવિના લાંબા કૂદકાની તમન્નાનો સંકલ્પ હતો. મનના મહેલોને ભાવિના મીઠાં મનોહર અરમાનો સજાવીને તે તીર્થરક્ષાનાં શિખરો સર કરવા ચાલી નીકળે છે.

જિનશાસનના ચરણોમાં પાંચ - પાંચ પુત્રોના જીવનદાન કરવા છતાં સુશ્રાવક ધારના હૈયામાં હામ નથી. ગિરનાર તીર્થને કબ્જે કરવાની તલપ દિન- પ્રતિદિન તીવ્ર બની રહી હતી. પાંચ - પાંચ પુત્રરત્નોના શહીદ થયા બાદ ધાર ભમતાં - ભમતાં કાન્યકુબ્જ નગરમાં આવી પહોંચ્યો. અજાણ્યા એવા સ્થાનમાં ગલીએ - ગલીએ ફરતાં જૈન ઉપાશ્રયે આવી ચઢ્યો. તપાસ કરતાં આચાર્ય ભગવંત વ્યાખ્યાન ફરમાવતા હતા. ધાર પણ સભાજનોને ભેદતાં - ભેદતાં આચાર્ય બપ્પભટ્ટસૂરિ મહારાજ સાહેબની પાસે આવીને બેસી જાય છે.

આચાર્ય ભગવંતની અમૃતવાણીનું થોડી વાર શ્રવણ કર્યા બાદ ધાર શ્રાવક સભા વચ્ચે ઊભો થઈ સકળ સંઘ સમક્ષ આચાર્ય ભગવંતને સંબોધીને કહે છે,

“ગિરનાર મહાતીર્થનો કબ્જો આજે ભયજનક બની ગયો છે, દિગંબર પક્ષના લોકો હક્ક જમાવીને બેઠા છે અને શ્વેતામ્બર પક્ષને પાખંડી ગણીને ગિરિવર ઉપર આરોહણ કરતાં અટકાવે છે, એવા સમયે આમ પાટે ચઢીને ધર્મની વાતો કરવાનો કોઈ અર્થ નથી. પ્રથમ આ ગિરનાર મહાતીર્થને કબ્જે કરી ઉદ્ધાર કરો, પછી આ વ્યાખ્યાનની પાટ ઉપર બેસી ધર્મદેશના આપો તે શોભાસ્પદ બનશે. માટે આજે આ શાસ્ત્રની વાતોને બાજુ ઉપર મૂકી શસ્ત્રથી સજ્જ થવાની જરૂર છે.”



સભામાં શાંત ચિત્તે પ્રવચન શ્રવણ કરતો આમરાજા તો વૃદ્ધ એવા ધારના આક્રોશ વચનોને સાંભળી આભો જ બની ગયો.

સૂરિવરના આવા અપમાનને સહન કરવા અસમર્થ બનેલો રાજા ઊભો થવા જાય છે ત્યાં જ પરિસ્થિતિને પામવામાં વિચક્ષણ એવા આચાર્ય ભગવંત સંકેત વડે રાજાને મૌન ધારણ કરવા જણાવે છે. ધાર શ્રાવક ગિરનાર ગિરિવરની સ્થિતિની ઝાંખી કરાવતાં પોતાના વાક્ બાણો વડે સૂરિજીના હૈયાને વીંધી રહ્યો હતો. તીર્થયાત્રામાં આવતાં વિઘ્નોનો ધ્વંસ કરવા તે સકળ સભાજનો અને સૂરિવરને ઉશ્કેરવા પ્રયત્ન કરે છે, પોતાના હૈયામાં લાગેલી તીર્થ માટેની લાગણીની અગનજ્વાળાની એક ચિનગારી સૌના હૈયામાં પ્રગટાવવાનો પ્રયાસ આદરે છે. પાંચ - પાંચ પુત્રોનાં મરણ છતાં લેશમાત્ર પણ દીનતા ધારણ કર્યા વગર માત્રને માત્ર તીર્થરક્ષા માટે તલસતા ધારની હૃદયદ્રાવક વાણીએ સૌના હૈયામાં અનેરી અસર કરી.

શ્વાસે - શ્વાસે શાસન વસેલું છે, તેવા મહાશક્તિશાળી આચાર્ય ભગવંત અને જેના ઉપર તેનો પ્રભાવ પડયો છે, તેવા આમરાજા શ્રી ગિરનારની વિકટ સ્થિતિનું વર્ણન સાંભળી સફાળા થઈ જાય છે, તેઓના અંતરના તારો ઝણઝણી ઉઠે છે. સૂરિવર અને આમરાજા મહાસંઘયાત્રા સમેત ગિરનાર તરફ પ્રયાણ આદરે છે. પ્રચંડ સત્ત્વના સ્વામી આમરાજા પણ ભીષ્મપ્રતિજ્ઞા ધારણ કરે છે કે, “જયાં સુધી ગિરનારમંડન નેમિજિનનાં દર્શન - પૂજન ન થાય ત્યાં સુધી આહાર પાણીનો ત્યાગ” ક્યાં કાન્યકુબ્જ નગરી અને ક્યાં ગઢ ગિરનાર ? ગામોગામ અનુકંપાદાન, સાધર્મિકભક્તિ, જીવદયાદિ અનેક કાર્યો સાથે શાસન પ્રભાવનાપૂર્વક સંઘ આગેકૂચ કરી રહ્યો હતો. એક પછી એક દિવસો પસાર થઈ રહ્યા હતા. રાજકુળમાં જન્મેલા આમરાજાને કદી ભૂખ-તરસની વેદના સહન કરવાનો અવસર નહોતો આવ્યો. આજે કુદરત તેની કસોટી કરી રહી હતી. આ મહાસંઘ સ્તંભનતીર્થે પહોચ્યો ત્યાં મનના મજબૂત એવા આમરાજાનાં શરીરની શક્તિ ક્ષીણ થવા ચાલી હતી. આમરાજા જીવન - મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હતા. સૂરિવર સાથે સૌ સંઘ ચિંતિત બન્યો. આમરાજા પ્રતિજ્ઞામાં અડગ હતા.






પ્રાણ જાય તો પણ પ્રતિજ્ઞામાં કોઈપણ ફેરફાર ન કરવાનો તેમનો દૃઢ સંકલ્પ હતો. સમગ્ર સ્તંભનતીર્થના ભાવુક સંઘયાત્રિકો તથા સૂરિજી ચિંતાતુર બન્યા. અંતે મહાશક્તિશાળી એવા સૂરિવરે શ્રી ગિરનાર મહાતીર્થના અધિષ્ઠાયિકા, શ્રી નેમિપ્રભુના શાસનની અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવીની આરાધના કરી દેવીને પ્રગટ કર્યા. ગિરનારતીર્થરક્ષા અને આમરાજાના ભીષ્મસંકલ્પની વાતો વિસ્તારથી જણાવી. શાસનદેવી આચાર્યભગવંતની વાત સાંભળી અંતર્ધ્યાન થયા અને ક્ષણવારમાં આકાશવાણી થઈ.

“હે મહાપુણ્યવાન ! હું ગિરનાર મહાતીર્થની અધિષ્ઠાયિકા અંબિકાદેવી છું, તારા સત્ત્વ અને શૌર્યથી હું ખૂબ પ્રસન્ન છું. તીર્થરક્ષાની તારી તલપ અને તારા દેહની દુર્બળ સ્થિતિને જોઈને ગિરનારના શ્રી નેમિપ્રભુની પ્રતિમા લઈને હું આવી છું. તેનાં દર્શન- પૂજનથી તારી પ્રતિજ્ઞા પૂર્ણ થશે.

થોડી પળમાં તો શ્રી નેમિજિનની દેદીપ્યમાન પ્રતિમા આકાશમાર્ગેથી ધરતીતલ ઉપર અવતરી, પ્રભુના દર્શનથી સૂર્યના ઉદય સાથે કમળ ખીલે તેમ આમરાજાના દેહમાં નવું ચેતન આવ્યું. સ્તંભનનગરના લોકો ચારેકોર ઉમટી ગયા. સૌ પરમાત્માની ભક્તિમાં લાગી ગયા. આમરાજાએ અત્યંત ભાવવિભોર બની પ્રભુજીના દર્શન-પૂજન કરવા છતાં હજુ તેના મનમાં પ્રતિજ્ઞા પૂર્ણ થવા અંગે સંશય રહી જાય છે ત્યારે શાસનદેવી દ્વારા પુનઃ દિવ્યવાણી સંભળાય છે કે, “હે બાળ ! આ પ્રતિમાના દર્શન-પૂજન દ્વારા તને ગિરનાર ગિરિવરના શ્રી નેમિપ્રભુના જ દર્શન-પૂજનનો લાભ થયો છે, માટે તારી પ્રતિજ્ઞા પૂર્ણ થવામાં લેશમાત્ર સંશય ન રાખીશ !” શાસનદેવીનાં દિવ્ય વચનોના આલંબને અધૂરા મને પણ આમરાજાએ પારણું કર્યું, તેના દેહમાં નવું તેજ પ્રગટ થયું, નવા જોમ અને જુસ્સા સાથે સૌ ગિરનાર ગિરિવરની વ્હારે ચાલ્યા. સૂરિજી અને રાજા ગિરનારની દિનપ્રતિદિન પરિસ્થિતિની માહિતી મેળવતા રહ્યા અને સામો પક્ષ વધુ બળવાન થવાની પૂરી તૈયારી કરતો હોવાના સમાચાર મળ્યા.







આમરાજાનો મહાસંઘ ગિરનાર ગિરિવરની તળેટીએ આવી પહોંચ્યો હતો. જાણે તેઓનું સામૈયું કરવા સજ્જ ન બન્યા હોય ! તેમ સામા પક્ષના ૧૧ મહારાજાઓ વિશાળ યુદ્ધસેના, આચાર્ય ભગવંત અને શ્રાવકસંઘાદિ સાથે તળેટીમાં પડાવ નાંખીને રહ્યા હતા. આમરાજાના સંઘે ગિરિવર આરોહણ કરવા પગરવ માંડયા ત્યાં જ સામા પક્ષેથી હાકલ પડી કે, “ખબરદાર ! આ તીર્થ ઉપર અમારો અધિકાર છે, એક ડગલું પણ આગળ વધશો તો તમારા મસ્તક ધડથી છૂટા પાડી દેવામાં આવશે.” આજે તો આમરાજા પણ પૂર્ણ તૈયારી સાથે યુદ્ધ લડી લેવા તૈયાર હતા, પરંતુ સૂરિવરના એકમાત્ર ઈશારાથી આમરાજા “ગુરૂઆણાએ ધમ્મો” સૂત્રને ધારણ કરી શાંત રહ્યા.

આચાર્ય બપ્પભટ્ટસૂરિજીએ કહ્યું, “સર્વધર્મનું મૂળ દયા છે, જે ધર્મ કરવા માટે ભયંકર હિંસા કરવી પડે તે ધર્મની શું કિંમત ? ધર્મકાર્યમાં હજારો માનવોનો સંહાર તદ્દન અનુચિત છે. અમે શાસ્ત્રચર્ચા દ્વારા આ હાર-જીતનો ફેંસલો કરીશું.”

શ્રી જિનેશ્વર પરમાત્મા પ્રત્યે અડગશ્રદ્ધા ધરાવતા ઉભય પક્ષના આચાર્ય ભગવંતો સૂરિજીના આ ઉપાયનો સ્વીકાર કરે છે. એક તરફ આમરાજા અને ચુનંદા શિષ્યગણ સાથે આચાર્ય બપ્પભટ્ટસૂરિજી, બીજી તરફ અગ્યાર અગ્યાર મહારાજાઓ અને અનેક આચાર્ય-પંડિતાદિ શ્રાવકવર્ગ, શત્રુયુદ્ધના સ્થાને આજે સમરાંગણમાં શબ્દયુદ્ધ મંડાઈ રહ્યું હતું. બંને પક્ષોએ ચર્ચાનો પ્રારંભ કર્યો. એકબીજા પક્ષો સામ-સામા પોતાના મતને રજૂ કરી રહ્યા હતા. અનેક શક્તિના સ્વામી એવા સૂરિવરજીની સહાયમાં માં સરસ્વતી આવીને સામા પક્ષની રજૂઆતને જોતજોતામાં તોડી પાડતાં, સામા પક્ષના વિદ્વાનોના મોં વિલખા પડી ગયા. સૂરિજીની મહાપ્રભાવક વાણીથી સૌ ડઘાઈ ગયા. કેટલાક દિવસોની ધર્મચર્ચાના અંતે મધ્યસ્થવર્તીઓ દ્વારા શ્વેતામ્બરોના વિજયની જાહેરાત થઈ. વિરોધ પક્ષના મુખ નિસ્તેજ થઈ ગયા ત્યારે નમ્રતામૂર્તિ આચાર્ય બપ્પભટ્ટસૂરિજીએ ઊભા થઈ જણાવ્યું, “ધર્મચર્ચામાં વિજય અમારા પક્ષે જાહેર થયો હોવા છતાં હજુ એક ઉપાય સૂઝે છે કે, ઉભય પક્ષ શાસનદેવી અંબિકાદેવીની આરાધના કરી જાહેરમાં જ તેમની પાસે નિર્ણય માંગે, જે નિર્ણય આપે તે નિર્ણય સૌએ માન્ય રાખવો.”



પરાજયથી પાંગળા બનેલા વિરોધીઓના જીવમાં જીવ આવ્યો, વિજયની આશાનું એક કિરણ તેમની નજરે આવ્યું, ઉભયપક્ષે એવો નિર્ણય થયો કે બંને પક્ષ તરફથી એકબીજાના પક્ષમાં એક એક બાળકન્યાને મોકલવામાં આવે અને બંને કન્યાઓ જે બોલે તેનો સૌએ સ્વીકાર કરવો.  પ્રથમ આચાર્ય બપ્પભટ્ટસૂરિજીએ એક પ્રભાવશાળી કુમારિકાને સામા પક્ષના આવાસમાં મોકલી. સામા પક્ષવાળાએ બારપ્રહર સુધી તે કન્યાને મંત્રાધિષ્ઠિત કરીને બોલવા જણાવ્યું ત્યારે તે કન્યા જાણે મૂંગી અને બહેરી ન હોય ? તેમ અવાચક્ બની ગઈ. પછી દિગંબર પક્ષવાળાએ આચાર્ય ભગવંત પાસે એક કન્યાને મોકલીને જણાવ્યુ કે, "જો તમારામાં શક્તિ હોય, તો અહીં તમે અમારી આ કન્યાને બોલાવી આપો." આચાર્ય બપ્પભટ્ટસૂરિજીએ તે કન્યા તરફ અમીદષ્ટિ કરી મસ્તક ઉપર હાથ મૂકતાં હોય તેમ આશિષ આપતાં તરત જ શાસનદેવી તેના મુખમાં રહીને સ્પષ્ટ બોલવા લાગી કે,





इक्कोवि नमुक्कारो, जिणवर वसहस्स वद्धमाणस्स संसार सागराओ तारेइ नरं व नारिं वा ॥१॥

( શ્રી જિનેશ્વર પરમાત્મા વર્ધમાન સ્વામીને કરાયેલો એક પણ નમસ્કાર આ સંસાર સાગરમાંથી પુરૂષ-સ્ત્રી આદિને તારે છે.)

उज्जिंत सेलसिहरे दीक्खा नाणं निसीहिया जस्स तं धम्म चक्कवट्टिं अरिट्ठनेमिं नमंसामि ॥२॥

(ઉજ્જયંત પર્વતના શિખર ઉપર દીક્ષા, કેળવજ્ઞાન અને મોક્ષ કલ્યાણક થયા છે જેના, એવા ધર્મચક્રવર્તી શ્રી અરિષ્ટનેમિ ભગવંતને હું નમસ્કાર કરું છું.)

આ ગાથાઓ સાંભળીને વિચક્ષણ એવા આચાર્ય ભગવંતાદિના મુખ ઉપર આનંદ છવાઈ ગયો. સામો પક્ષ ગાથાના રહસ્યાર્થને સમજવા માટે અસમર્થ બનવાથી તે દ્વિધામાં પડી ગયો ત્યારે આચાર્ય બપ્પભટ્ટસૂરિજીએ અત્યંત ગંભીરતાપૂર્વક જણાવ્યું કે, "રાજન્ અમારા પક્ષની એવી માન્યતા છે કે સ્ત્રી, પુરૂષ કે નપુંસક દરેક લિંગથી મોક્ષગમન શક્ય છે. જ્યારે અમારો વિરોધ પક્ષ તો સ્ત્રીની મુક્તિ સ્વીકાર કરતો નથી." આ બાળકન્યાના સ્વરૂપમાં શાસનદેવીએ પ્રથમ ગાથામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, "વર્ધમાન સ્વામીને કરાયેલો એક પણ નમસ્કાર નર-નારીઓને તારે છે." આ ગાથા અમારા મતને સંપૂર્ણતયા પુષ્ટ કરતી હોવાથી આ તીર્થના અધિકાર માટે શાસનદેવીએ પણ મહોર મારી દીધી હોવાથી હવે આ ગિરનારના હક્ક અંગેનો પ્રશ્ન સહજ ઉકલી જાય છે." મધ્યસ્થોએ આચાર્ય ભગવંતનાં વચનોનો સહર્ષ સ્વીકાર કરી શ્વેતામ્બરોના વિજયને જાહેર કરતાં ગિરનાર ગિરિવરની તળેટી શ્રી નેમિનાથ પરમાત્માનાં જયઘોષ સાથે ગૂંજી ઊઠી.



# ૧૯

## સત્યમેવ જયતે


જગમાં તીરથ દો વડાં, શત્રુંજ્ય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર.

સોરઠ દેશની ધન્યધરા જગતના સર્વોત્કૃષ્ટ બે ગિરિરાજને ધારણ કરી પોતાના સત્ત્વ અને સામર્થ્યનું પ્રદર્શન કરી રહી છે. આ સોરઠની શૌર્યવતી ભૂમિએ અનેક ઐતિહાસિક પ્રસંગોની હારમાળાઓને કારણે ગુર્જર દેશને ગૌરવવંતો બનાવ્યો છે.

તીર્થાધિરાજ શત્રુંજયગિરિ અને ગરવા ગઢ ગિરનારના શિખરે જિનાલયોની દિવ્યધજાઓ લોકોત્તર એવા જિનશાસનના ગૌરવને ઊંચે - ઊંચે આભને આંબવા મથી રહી છે.

કરોડો દેવતાઓથી સેવાતો અને પૂજાતો ગઢ ગિરનાર વાદળોથી વાતો કરતાં કરતાં ઝંઝાવાત વાયરાની સાથે ઝીંક લેવા સાથે અનેક વાદ - વિવાદના વંટોળ સામે આજે પણ અડોલ અને અટલ ઊભો રહ્યો છે.

ચક્રવર્તીઓની ભૂમિ હસ્તિનાપુર નગરીથી પ્રયાણ આદરી માર્ગમાં અનેક ગામ - નગરોમાં વિવિધ શાસનપ્રભાવનાના કાર્યો કરતો પદયાત્રાસંઘ અનેક તીર્થોની સ્પર્શના કરતાં - કરતાં તીર્થાધિરાજ શત્રુંજય મહાગિરિની સ્પર્શનાદિ કરી આજે ગરવા ગઢ ગિરનારની ગોદમાં પહોંચી ગયો છે.



બીજા દિવસે મંગલ પ્રભાતે બાલબ્રહ્મચારી શ્રી નેમિનિરંજનના ચરણો ચૂમવાના મનોરથ સાથે સંઘપતિ ધનશેઠ ચતુર્વિધ સંઘ સાથે ગિરિવરની યાત્રાનો પ્રારંભ કરે છે. ગિરિવરના પગલે - પગલે પરમપદની સુવાસને માણતાં શેઠ દેવાધિદેવના દરબારમાં પહોંચે છે. આજે સૌ યાત્રિકોના મનમયૂરો નાચી ઉઠ્યા છે, પરમાત્માની ભક્તિની મહેફિલ જામી છે, સંઘપતિ ધનશેઠે સંપત્તિની રેલમછેલ કરીને સર્વોત્કૃષ્ટ પૂજાદ્રવ્યની સુવાસથી જિનાલયના રંગમંડપને મહેકાવી દીધો છે.

સકળ સંઘ ઉછળતાં ભાવો સાથે દ્રવ્યપૂજા પૂર્ણ કરી ત્રીજી નિસીહિ દ્વારા ભાવપૂજામાં પગરવ માંડે છે, ત્યાં જ કોઈ અશુભ કર્મોદયથી ભાવધારામાં સ્ખલના પાડતા અન્ય એક સંઘનો જિનાલયમાં પ્રવેશ થયો. મહારાષ્ટ્રના મલયપુરથી ગુજરાતના ગિરનારે પહોંચેલા સંઘના સંઘવી વરૂણશેઠ દિગંબરપંથના કટ્ટર અનુયાયી હતા. દ્રવ્યપૂજા દરમ્યાન ધનશેઠે સકળ સંઘ સાથે શ્રી નેમિપ્રભુને ચડાવેલી પુષ્પની માળા, કિંમતી આભૂષણ આદિ ઘડી બે ઘડીમાં હતા ન હતા, જેવા થઈ ગયા. વરુણશેઠ સર્વ અલંકારાદિ શોભા ફગાવીને બરાડી ઊઠ્યા, “આ વીતરાગીને વળી રાગના સાધનોની શું જરૂર છે ?”

શ્વેતામ્બરીય ધનશેઠ સહિત સકળસંઘના હૈયા કકળી ઉઠ્યા, “અમારી પૂજામાં અંતરાય પાડનાર તમે કોણ? ” એ અવસરે સામો વરૂણશેઠનો પણ પડકાર થયો, “અમે દિગંબરો આ તીર્થનાં ખરા માલિક છીએ, આ તીર્થ અમારું જ છે, તમે તો આજકાલના પેદા થયેલા છો!.”

ધનશેઠ હવે ઝાલ્યા રહે તેમ ન હતા, અરે ! આવું સડસડતું જૂઠ કેમ કરી સહેવાય? ગિરનાર ઉપર વળી દિગંબરોનો હક્ક ક્યારથી લાગ્યો ? અરે ! શ્વેતામ્બરોની દયા કહો કે કરૂણા કહો, આજે દિગંબરોને આ ગિરનારની યાત્રા કરવા મળે છે, તે શ્વેતામ્બરોનો જ ઉપકાર છે.

“પ્રભુજીની અંગરચના કરવા માત્રથી જો પ્રભુજી રાગી બની જતા હોય તો દિગંબરો દ્વારા થતી પરમાત્માની રથયાત્રાથી શું પ્રભુ વીતરાગી રહે? વીતરાગીને વળી રથમાં બેસાડવાનાં શું અરમાનો રાખવાં ? પ્રભુ જો અલંકારોથી રાગી થાય તો પ્રભુની પ્રતિમા સ્ત્રીઓના સ્પર્શથી વીતરાગી કહેવાય? ”

વરૂણશેઠના વિચારોએ પણ વાવાઝોડાનું સ્વરૂપ લીધું અને કહે, "ખબરદાર ! જો તમારે દિગંબર પદ્ધતિથી પ્રભુપૂજા કરવી હોય તો થશે, અન્યથા સજા ભોગવવા સાવધાન રહો!"

ધનશેઠ પણ **"જય નેમિનાથ"** ના નાદ સાથે કૂદી પડ્યા, "અરે! પ્રભુના શાસન ખાતર મરણને શરણ જનારને તો સજા સજા ન લાગતાં શાસન સેવા ખાતર શહીદ થવાની મજા લાગે છે. આજે તો અમે કેસરિયા કરીને રહીશું, ભલેને અમારા મસ્તક વધેરાઈ જાય! અમને કોઈ ચિંતા નથી."

હવે જોતજોતામાં શ્રી નેમિપ્રભુનો દરબાર રણસંગ્રામ બનતો જતો જોઈને ઉભયપક્ષના પ્રબુદ્ધજીવોએ વાતને થાળે પાડવાની આગેવાની લીધી. અરસપરસના વિચાર - વિમર્શના અંતે નિર્ણય થયો કે ગિરિનગરના મહારાજા વિક્રમની રાજ્યસભામાં ઉભયપક્ષની વાતોની રજૂઆત થાય અને મહારાજા પાસે જ ગિરનારના હક્ક અંગે ન્યાય તોલાય તે જરૂરી છે.

ઉભયપક્ષને માન્ય એવી આ રજૂઆત થતાં બન્ને સંઘો વિખરાઈ ગયા, સૌ યાત્રિકો તળેટીએ આવ્યા, તે સમયે રાજ્યસભા બરખાસ્ત થઈ ચૂકી હતી, છતાં ઉભયપક્ષે રાજ્યસભાનાં દ્વાર ખખડાવ્યાં.

મહારાજા વિક્રમના રાજદરબારના દ્વારો ઉઘડ્યાં, મહારાજાએ બન્ને પક્ષની ફરિયાદો સાંભળતાં પરિસ્થિતિ ગંભીર હોવાનું અનુમાન કરી સૌને બીજા દિવસે રાજ્યસભામાં નિર્ણય કરવાનું જણાવતાં સૌ વિખરાઈ ગયા.

સંધ્યા ઢળી અને અંધકારનું આગમન થવા છતાં ધનશેઠની શ્રદ્ધાનો દીપક વધુ પ્રજ્વલિત થયો. ગિરનાર શ્વેતામ્બરોનો જ છે અને રહેશે એવી અડગ શ્રદ્ધા હોવાથી તેણે રાત્રે તીવ્ર ભાવે ગિરનાર ગિરિવરના અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવીની આરાધના કરી. તેના સત્ત્વ અને ધીરતાથી સંતુષ્ટ થઈ શ્રીઅંબિકાદેવી પ્રગટ થયાં. ધનશેઠે કહ્યું, "ઓ મૈયા ! આ ગિરનાર ગિરિવરનો માલિક કોણ ? આવતીકાલે રાજદરબારમાં નિર્ણય અવસરે આપ પધારશોને ?"

શ્રી અંબિકાદેવી બોલ્યાં, "ધીરપુરૂષ! સત્ય અને જૂઠ તો ક્ષીર-નીરની માફક છૂટા પડી જાય છે, તમે નિશ્ચિંત રહેજો! આવતી કાલે મહારાજા વિક્રમને કહેજો કે, અમારા **"સિદ્ધાણં બુદ્ધાણં"** સૂત્રમાં આ ગિરનાર મહાતીર્થનું રોજ સ્મરણ કરવામાં આવે છે, જેનાથી ગિરનારની માલિકી શ્વેતામ્બરોની જ હોવા અંગે કોઈ શંકાને સ્થાન નથી."

સૂર્યોદયના સુવર્ણકિરણો શ્વેતાંબર જૈનોના સુવર્ણકાળના ઉદયની શાખ પૂરતાં હતાં. આજે ધનશેઠના હૈયામાં શ્રદ્ધા અને વિશ્વાસનો સમન્વય થઈ ચૂક્યો હતો. સૌ રાજ્યસભામાં ગિરનાર મહાતીર્થના ઈજારાના નિર્ણય અંગે ચાતકચિત્તે ઉત્સુક બેઠાં હતાં. મહારાજા વિક્રમનો પ્રવેશ થયો, રાજ્યસભાનો પ્રારંભ થતાં ધનશેઠે પોતાની વાતની રજૂઆતનો પ્રારંભ કર્યો, "મહારાજા! પૂર્વકાળના ઈતિહાસના અતીતમાં ડોકિયું કરતાં ગિરનારનો ઈજારો નિશ્ચિતપણે શ્વેતામ્બરના પક્ષે હોવા છતાં હાલ તે પૃષ્ઠોને ઉથલાવવાને બદલે ખૂબ જ સરળતાથી આ વિવાદનો અંત આણી શકાય તેમ છે. અમે શ્વેતામ્બરો નિત્ય ચૈત્યવંદનમાં શ્રી ગિરનાર મહાતીર્થનું સ્મરણ **"સિદ્ધાણં બુદ્ધાણં"** સૂત્રના આલંબનથી કરીએ છીએ. અમારાં નાનાં બાળકો પણ કહી શકે કે ગિરનાર શ્વેતામ્બરોનો છે, ગિરનારને અમે રોજ ચૈત્યવંદનમાં યાદ કરીએ છીએ."

મહારાજા વિક્રમ પણ આ વાતને સાંભળીને સંતુષ્ટ થઈ ગયા અને તેમના હૈયામાં આ વાત બેસી ગઈ હોવા છતાં માત્ર આશ્વાસન માટે વરુણશેઠને પૂછે છે, "તમારે કંઈ કહેવું છે ?"

વરૂણશેઠ વાસ્તવિકતાને સાંભળતાં દિગ્મૂઢ થઈ ગયા,બળજબરી કરી શકાય તેવી પરિસ્થિતિ નથી, આ તો રાજ્યસભા છે, તેથી રાજન્યાયને શિરોમાન્ય કર્યા વગર છૂટકો નથી. પોતાના પક્ષના બચાવ માટે કેટલીક રજૂઆત થઈ, પરંતુ પોતાને પણ તેમાં આત્મવિશ્વાસ ન હતો. મહારાજા વિક્રમે વરુણશેઠની રજૂઆતને હાસ્યાસ્પદ બનાવી ધનશેઠની શરત માન્ય રાખવા માટે નિમંત્રણ આપ્યું.

હવે વરુણશેઠ ઝાંખા પડી ગયા પણ મનમાં શંકા રહેતી હતી કે જો આ લોકોએ સંઘના દરેક યાત્રિકોને આ ગાથા ગોખાવી નાંખી હોય તો ? આવી શંકાથી તે ધનશેઠની શરતનો સ્વીકાર કરવા સાથે સંઘના યાત્રિક સિવાયના કોઈ વ્યક્તિ પાસે આ ગાથા બોલાવવામાં આવે તો પોતે ગિરનાર મહાતીર્થની માલિકી શ્વેતામ્બરની હોવાનું કબૂલ કરવા તૈયાર થયા.



રાજસેવકો આજુબાજુના કોઈ ગામમાંથી એક બાળકીને રાજદરબારમાં હાજર કરે છે અને સિદ્ધસ્તવ અર્થાત્ **સિદ્ધાણં બુદ્ધાણં** સૂત્ર બોલવા જણાવે છે ત્યારે તે બાળકી બોલે છે...

**ઈક્કોવિ નમુક્કારો જિણવર વસહસ્સ વદ્ધમાણસ્સ;**
**સંસાર સાગરાઓ, તારેઈ નરં વ નારિં વા.**


(શ્રી જિનેશ્વર પરમાત્મા વર્ધમાન સ્વામીને કરાયેલો એક પણ નમસ્કાર આ સંસારમાંથી પુરૂષ-સ્ત્રી આદિને તારે છે.)

**ઉજ્જિંત સેલ સિહરે, દીક્ખા નાણં નિસીહિઆ જસ્સ;**
**તં ધમ્મ ચક્કવટ્ટીં, અરિટ્ઠનેમિં નમંસામિ.**

"ઉજ્જયંતગિરિ (ગિરનાર)ના શિખરે દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ - આ ત્રણ કલ્યાણકો થયા છે, તે ધર્મચક્રવર્તી શ્રી નેમિનાથ ભગવાનને હું નમસ્કાર કરું છું."

આ બાળ કન્યાનાં વચનો પૂર્ણ થતાંની સાથે તેના ઉપર પુષ્પવૃષ્ટિ થઈ અને ગિરનાર ગિરિવર ઉપર ચારેકોર શ્વેતામ્બરોના વિજયના હર્ષનાદના પડઘાઓ ગુંજી ઉઠ્યા. ધનશેઠ શાસન અધિષ્ઠાયિકા શ્રીઅંબિકાદેવીનું મનોમન સ્મરણ કરી આનંદવિભોર બની ગયા. મહારાજા વિક્રમે નિર્ણય જાહેર કર્યો કે ... "ગિરનાર મહાતીર્થના એક માત્ર માલિક શ્વેતામ્બરો જ છે."







# ૧૭


## મંત્રનો પ્રભાવ

જૂનાગઢની ગાદી ઉપર રાજા રા'ખેંગાર રાજ કરતો હતો. કોઈ બૌદ્ધ ભિક્ષુના સંપર્કમાં આવતાં તેણે બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો હતો.

વિઘ્નસંતોષી કેટલાક ધર્માંધ બૌદ્ધો દ્વારા ગરવા ગિરનારના શિખરે બિરાજમાન બાવીસમા તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રીનેમિનાથ ભગવાનના જિનાલયનો કબ્જો લેવામાં આવ્યો હતો. રાજાની સહાય લઈને જોહુકમીથી બૌદ્ધો દ્વારા બૌદ્ધો સિવાય અન્ય કોઈને પણ ગિરનારની યાત્રા કરવા ઉપર પ્રતિબંધ આવી ગયો હતો.


એક વખત સિદ્ધાચલ મહાતીર્થની યાત્રા કરીને જૈન શ્વેતામ્બર યાત્રિકોનો એક મોટો સંઘ ગિરનાર મહાતીર્થના શ્રીનેમિનાથ ભગવાનનાં દર્શન, સ્પર્શન, પૂજનાદિ ભક્તિ માટે તળેટીમાં આવીને ઉતર્યો હતો. તે સમયે કેટલાક ધર્માંધ બૌદ્ધો દ્વારા શ્રીસંઘને યાત્રા કરતો અટકાવી **"બુદ્ધં શરણં ગચ્છામિ"** કહી બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરે તો જ ગિરનારની યાત્રાર્થે જવા માટે પરવાનગી મળશે, તેવો હઠાગ્રહ રાખવામાં આવ્યો હતો.

સમગ્ર ભારતભરના શ્વેતામ્બર જૈન સંઘો ચિંતિત બન્યા. આ તીર્થના પ્રશ્નને હલ કરવા ૮૪ સંઘો એકઠા થઈ બૌદ્ધોને સમજાવવાના અનેક પ્રયત્નો કરવા છતાં તેઓ તરફથી કોઈ અનુકૂળ પ્રતિભાવ ન મળતાં સૌએ વિચાર કર્યો કે, હવે કોઈ દિવ્યતત્ત્વની સહાય દ્વારા જ આ પ્રશ્નનો નીવેડો લાવવો જરૂરી જણાય છે. દિવ્યતત્ત્વની સહાય મેળવવા સુયોગ્ય સાધક એવા શ્રાવકની પસંદગી કરી મંત્રજાપની આરાધના દ્વારા ગિરનાર મહાતીર્થના અધિષ્ઠાયિકા અને વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રીનેમિનાથ ભગવાનના શાસનના અધિષ્ઠાયિકા



શ્રી અંબિકાદેવી પ્રગટ થયાં, વર્ષોથી ચાલતા વિવાદનો અંત લાવવાના ઉપાય અંગે અંબિકાદેવીને પૂછતાં તેમણે જણાવ્યું કે, "જો આચાર્ય યશોભદ્રસૂરિ અથવા તેમના શિષ્ય બલિભદ્રમુનિ અહીં (ગિરનાર) આવે તો આ પ્રશ્નનું નિરાકરણ થતાં સૌ સુખપૂર્વક તીર્થયાત્રા કરી શકશે."

શ્રીસંઘના લોકોએ આ મહાત્માઓ અંગે તપાસ કરતાં બલિભદ્રમુનિ કોઈ પર્વતની ગુફામાં સાધના કરતાં હોવાનું જાણવા મળ્યું. સંઘનો સંદેશો લઈને ચાર માણસો પર્વતોની કોતરોમાં ફરતાં ફરતાં જ્યાં બલિભદ્રમુનિ સાધના કરી રહ્યા હતા ત્યાં પહોંચ્યા. મહાત્માને વંદન કરીને તેઓશ્રીને જૂનાગઢ પધારવાનો શ્રીસંઘનો સંદેશો આપ્યો. મહાત્માએ હકીકત જાણીને તે ભાઈઓને કહ્યું, "તમે જૂનાગઢ પહોંચો, હું આવું છું." તે ભાઈઓ ખુશ થઈને હરખાતા હૈયે જૂનાગઢ પાછા ફર્યા.




બલિભદ્રમુનિ તો આકાશગામિની વિદ્યાના પ્રભાવે આકાશમાં ઉડીને જૂનાગઢની તળેટીમાં શ્રીસંઘના પડાવ પાસે આવી પહોંચ્યા. શ્રીસંઘના ભાઈઓ પાસેથી ઘટનાની હકીકત જાણીને મંત્ર બળથી સંઘના પડાવની ચારે બાજુ અગ્નિનો એક કિલ્લો બનાવી, તેને ફરતી પાણીની મોટી ખાઈ બનાવી. ત્યારબાદ મંત્રેલા અડદ-ચોખા અને કરેણની સોટી લઈને સંઘના ભાઈઓ સાથે રાજમહેલમાં જઈ રાજાને આશિષ આપીને બેઠા ત્યારે રાજાએ નમસ્કાર કર્યા.

બલિભદ્રમુનિએ રાજાને કહ્યું, **“હે રાજન્ ! રાજ્ય તો તે કહેવાય, જે ન્યાયથી ચાલે પ્રજાનો રક્ષક જ જ્યારે ભક્ષક બને ત્યારે પ્રજા ક્યાં જાય ? આ રીતે અમારા તીર્થનો કબ્જો કરવો તે રાજમાર્ગ નથી, અન્યાય કરનાર રાજા નરકે જાય છે.”**

મહાત્માની આ વાતો સાંભળી રાજા ક્રોધે ભરાઈને તેમને કહેવા લાગ્યો, “અરે મુંડા ! તું મને ઓળખતો નથી ? તું શું બોલે છે ? તને તીરથ વ્હાલું જ હોય તો બૌદ્ધ ધર્મ સ્વીકારી તીર્થભક્તિ શા માટે નથી કરતો ? હવે તને તારી આ હરકતનું ફળ બતાવું છું.” ક્રોધે ભરાયેલા મુનિએ પણ આવેશમાં આવી અડદ-ચોખાના દાણા મંત્રી અને રાણી તરફ ફેંક્યા તથા કરેણની સોટી જમીન ઉપર પછાડતાં રાણીનું આખું શરીર તૂટવા લાગ્યું. રાણી તો ક્ષણવારમાં જેમ પાણી વિના માછલી તરફડે તેમ તરફડવા લાગી. તેના આખા શરીરે અગ્નિ જેવો દાહ શરૂ થઈ ગયો અને મુનિ તો ચાલ્યા ગયા.

રાજા મંત્રીને જણાવે છે, “આ મુનિએ પોતાનું અપમાન થતાં રાણીનો જીવ લેવા પ્રયત્ન કર્યો છે, હવે તેને મારા બળનો પરચો બતાવ્યા વિના નહીં રહું. હવે તો સંઘ સાથે તેને પણ ખતમ કરી નાંખીશ, હવે તે કાં તો રાણીને સાજી કરે અથવા મરવા માટે તૈયાર થઈ જાય !”

મંત્રી કહે, “મહારાજા ! પહેલાં તો આપણા બૌદ્ધ ગુરુને બોલાવી રાણીની વેદનાનો ઉપચાર કરાવી લઈએ, તેમનાથી સારું ન થાય તો આપણે સૈન્ય સાથે તે સંઘ ઉપર હુમલો કરીએ.”



મંત્રીનાં આ વચનો સાંભળી રાજાએ બૌદ્ધ પરિવારો દ્વારા તેમના ધર્મગુરુને બોલાવીને વિગતવાર વાત કરીને રાણીની વિષમ પરિસ્થિતિની જાણ કરી. બૌદ્ધ ગુરુએ નિશ્ચિંત રહેવા જણાવી, તે મુનિને હાજર કરી રાણીને પુનઃ સ્વસ્થતા પ્રાપ્ત થાય તે માટે પોતાની શક્તિનો પ્રયોગ શરૂ કર્યો, પરંતુ તે સંપૂર્ણપણે નિષ્ફળ ગયો, વારંવાર પ્રયત્નો કરવા છતાં તેનું કોઈ પરિણામ ન આવતાં રાણીએ રાજાને કહ્યું કે, "આ ગુરુથી કાંઈ થાય તેમ નથી !" એટલે રાજાએ તરત જ સેનાપતિને બોલાવી જૈનોના સંઘ અને મુનિ ઉપર હુમલો કરવા માટે સૈન્યને તૈયાર કરાવ્યું.


સૈન્ય સજ્જ થઈને સંઘના પડાવની નજીક જવા પ્રયાણ કરે છે ત્યાં પડાવની ફરતે અગ્નિથી ઝળહળતો એક મોટો કિલ્લો દેખાવા લાગ્યો. સૈન્યના હાથીઓ અગ્નિજ્વાળાઓ જોઈને આગળ વધતા અટકી ગયા અને ઘોડાઓ તો તે ભીષણ જ્વાળાઓને જોઈને કૂકડાંની માફક નાસભાગ કરવા લાગ્યા, રાજા પણ આ દશ્ય જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો.

મંત્રી રાજાને કહે છે, "સ્વામી ! આ કોઈ સામાન્ય પુરુષ નથી જણાતા. આપની અનુમતિ હોય તો તે મહાત્મા પાસે જઈ સમાધાન માટે રજૂઆત કરું." રાજાએ અનુમતિ આપતાં મંત્રીએ મનમાં સંકલ્પ કર્યો કે, "જો મારું મન શુદ્ધ હોય તો આ અગ્નિનો કિલ્લો મને રસ્તો આપે." મંત્રીની નિષ્ઠાના પ્રભાવે માર્ગ ખૂલી ગયો. મંત્રી મુનિવર પાસે જઈ કરજોડી નમસ્કાર કરી જણાવે છે, "આપ રાજાનો વિરોધ ન કરો ! તે પૃથ્વીપતિ છે, તેની પાસે મોટું સૈન્ય છે."

મુનિવર મંત્રીની વાત સાંભળીને હલકા સ્મિત સાથે પ્રત્યુત્તર આપે છે, "આ મારું બળ જુઓ !" એમ કહી સોટીને ઉઠાવીને લાંબી કરીને મંત્રના બળ વડે બધાં વૃક્ષોને નમાવીને નીચે પાડે છે. મુનિવર કહે છે "આ રીતે તમારા રાજાનું આખું સૈન્ય ધરતીને નમસ્કાર કરતાં ધૂળ ચાટતું થઈ જશે, માટે તમારા રાજાને સંદેશો આપજો કે, જો તમારી, રાણીની અને તમારા સૈન્યની સુરક્ષા ચાહતા હો તો અમારું તીર્થ અમને સોંપી દ્યો !" આ દશ્ય જોઈને મંત્રી તો અચંબામાં પડી ગયા, મહાત્માની પરીક્ષા કરવા તેણે કહ્યું, "અરે ! ઢાંકણી તો ઉંદર પણ પાડી દે ! તમારી તાકાત હોય તો આ વૃક્ષોને પાછાં ઊભાં કરી દો તો તમને ખરા માનીએ !"

મહાત્માએ ફરીથી સોટીને લાંબી કરીને મંત્રવિદ્યાનું સ્મરણ કરતાંની સાથે જ બધાં વૃક્ષો પાછાં જ્યાં હતાં ત્યાં ગોઠવાઈ ગયાં. આ ઘટના જોતાં જ મંત્રી ક્ષણવાર માટે તો અવાચક્ બની ગયા, આ મંત્રશક્તિનો પરચો જોઈને મંત્રીએ તો સીધા રાજા પાસે જઈ બલિભદ્ર મુનિના બળનું વર્ણન કરી જણાવ્યું, "મહારાજા ! મહાત્મા કોપાયમાન થતાં તમને, મને કે રાજ્યને કોઈ લાભ થવાનો નથી, માટે આ મહાત્મા જેમ પ્રસન્ન રહે તેમ જ કરો !" રાજાએ અનિચ્છાએ પણ પોતાની હાર સ્વીકારી મંત્રીને મહાત્મા પાસે મોકલ્યો.

મંત્રીએ મુનિ પાસે જઈને કહ્યું, “મહાત્મા ! રાજા આપના ચરણે પડી ક્ષમા માંગે તો પછી આપને કોઈ રોષ નથી ને ! કારણ કે ગમે તેવો વૈરી પણ જો સામેથી આવીને શરણાગતિ સ્વીકારે તો ભલભલા વિવાદ - વિખવાદનો અંત આવી જાય ને !” મુનિએ કહ્યું, “રાજા અને રાણી કાળી કાંબળી પહેરીને ઘૂંઘવાવેષે જો અહીં આવીને પગે લાગે તો રાણી સાજી થાય.” રાજા-રાણી આવી પગે પડતાં મુનિ શાંત થયા અને ગિરનાર મહાતીર્થનો કબજો મેળવતાં રાણીને પહેલાની જેમ સ્વસ્થ કર્યા.



સમસ્ત જૈન શ્વેતામ્બર સંઘ અને બલિભદ્ર મુનિ ખૂબ ભાવથી “ગિરનાર કી જય, નેમિનાથ ભગવાન કી જય”ના નારાઓ બોલતાં - બોલતાં બાલબ્રહ્મચારી નેમિનાથદાદાના જિનાલયે પહોંચી દર્શન-સ્પર્શન-પૂજન આદિ દ્વારા પ્રભુભક્તિમાં તરબોળ થયા. આજે સૌના મનનાં મનોરથ ફળતાં સૌના હર્ષનો પાર ન હતો.

# ૧૮


# અન્ય સ્થાને રહી ધ્યાવે રૈવતગિરિ... પામે કેવળજ્ઞાન...

મહાભારતના મહાપુરૂષો પાંડવોથી કોણ અજાણ હશે ? એમને કોણ ન ઓળખે ? એ પાંડવોનાં વંશમાં જ 'પાંડુષેણ' નામના એક શૂરવીર રાજા થઈ ગયા. એમને નામ પ્રમાણે ગુણવાળી બે પુત્રી હતી : મતિ અને સુમતિ. એક વાર તે બન્ને બહેનોને અનંતા તીર્થંકરોની કલ્યાણકભૂમિ શ્રીગિરનાર મહાતીર્થને ભેટવાની ઇચ્છા જાગી. બન્ને પુણ્યશાળી બહેનો પોતાના પરિવારની સાથે જહાજમાં બેસી સમુદ્રમાર્ગે શ્રીગિરનારજીની દિશામાં નીકળી પડ્યા.

વહાણ આગળ વધ્યે જતું હતું ને શ્રીગિરનાર તીર્થની નજીક આવતું જતું હતું. મતિ ને સુમતિના મનમાં અતિશય આનંદ હતો. બસ ! ક્યારે ગિરનાર પહોંચીયે, એ ભાવનામાં તેઓ રમતા હતા. પણ કુદરતને તો કાંઈ બીજું જ મંજૂર હતું. જહાજ જ્યારે લગભગ સમુદ્રની વચમાં આવ્યું ત્યારે અચાનક સમુદ્રમાં ભયંકર તોફાન જાગ્યું. સમુદ્રમાં મોજાંઓ જોર-જોરથી ઊછળવા લાગ્યાં. પશ્ચિમ દિશાનો પવન સુસવાટા સાથે ફૂંકાવા માંડ્યો. વહાણ મધદરિયે હાલમ-ડોલમ થવા માંડ્યું.

વહાણમાં બેઠેલા બધાં જ પ્રવાસીઓ, તોફાનને જોતાં જ ધ્રુજી ઉઠ્યા ! દૂર-દૂર સુધી દેખાતાં સાગરના પાણીમાં ઘણો વેગ હતો. તોફાન વધુ ને વધુ ભયાનક સ્વરૂપ લઈ રહ્યું હતું ! થોડીવારમાં તો વહાણનું સઢ ચિ...ર ચિ...ર ચિરાવા લાગ્યું. વહાણનું સુકાન હવે કાબૂમાં રહેતું ન હતું.

બધા જ પ્રવાસીઓને તો મૃત્યુ સામે જ દેખાઈ રહ્યું હતું. એ સહુના હૈયા જ્યારે ભયથી ઊંચા થઈ ગયા, ત્યારે'ય મતિ ને સુમતિ તો શાંત જ બેઠા હતા. તે બન્ને બહેનોએ વિચાર કર્યો કે, આવી પરિસ્થિતિમાં બચવાનો કોઈ રસ્તો નથી. શ્રીગિરનારજીની યાત્રા કરવાની ઈચ્છા મનમાં રહી જશે, તેથી દ્રવ્યથી નહીં પણ ભાવથી તો શ્રીગિરનારને તથા શ્રીનેમિનાથદાદાને વંદન કરી લઈએ. જાણે તેમની સામે જ ગિરનારજી ઊભો હોય તેમ તેઓ એને વંદન કરી મનમાં જ શ્રીનેમિનાથ પ્રભુનાં ગીત ગાઈ રહ્યાં હતાં !



થોડી પળો વીતી અને તોફાને વધુ વેગ પકડ્યો. બે પળ વીતીને પાણીનાં મોજાંઓ વહાણને ઉથલાવવા દોડતાં આવ્યાં ! સાગરના મોજાંઓ સામે વહાણ જાણે પોતાની રક્ષા કરવા







જંગ ખેલી રહ્યું હતું ! આવા સમયમાં જ્યારે કેટલાક પ્રવાસીઓ મોતના ભયથી જોર-જોરથી રડી રહ્યા હતા, કીકીયારી કરી રહ્યા હતા, કેટલા'ય બૂમાબૂમ કરીને આખા વાતાવરણને વધારે ભયંકર બનાવી રહ્યા હતા, ત્યારે તે બધાની વચ્ચે પણ મતિ અને સુમતિ શ્રીગિરનારજીના ધ્યાનમાં મસ્ત હતાં. મરણનો એમને કોઈ ભય ન'હતો અને જીવનની એમને ઈચ્છા'ય ન હતી !

એ બે બહેનોના દિલમાં ભય નહીં ! ભગવાન શ્રીનેમિનાથ હતા, ગભરાટ નહીં ! શ્રી ગિરનાર એમની આંખ સામે રમતો હતો ને જ્યારે એક જોરદાર આંધી આવી ને વહાણ ઉથલી પડ્યું ! ત્યારે આ શુભભાવ ધારામાં ચઢતાં તે બન્નેને કેવળજ્ઞાનની ભેટ મળી.

પાણીનાં મોજાંની થપાટ વાગીને વહાણનાં ભૂક્કા બોલાતાં પહેલાં તો બન્ને બહેનોના ઘાતી-અઘાતી સર્વકર્મોના ભૂક્કા બોલાઈ ગયા. તોફાની મોજાંઓના કારણે વહાણ ભાંગી પડયું. એમાં રહેલા બધા જ પ્રવાસીઓ સમુદ્રમાં ડૂબીને મરી ગયા, પરંતુ મતિ અને સુમતિનો આત્મા સંસારસાગરથી તરી ગયો. એમણે 'ભાવ'ના પ્રભાવથી કેવળજ્ઞાન મેળવ્યું.

મતિ અને સુમતિના શરીરને સાગરનાં મોજાંઓએ કિનારે ફેંકી દીધાં, કેમકે સાગર ક્યારે પણ મૃતદેહનો સંગ્રહ કરતો નથી. શ્રીગિરનારજીના ધ્યાનથી મુક્તિને પામેલા આ બન્નેનો નિર્વાણ મહોત્સવ ઊજવવા ત્યાં સમુદ્ર કિનારે દેવો ઉતરી પડ્યા. આવો મંગલ મહોત્સવ થવાથી તે સ્થાન વિશેષ પ્રકાશિત થયું ને ત્યાં 'પ્રભાસ' નામે તીર્થની સ્થાપના થઈ.

ભગવાન શ્રીનેમિનાથનું ગાન ગાતા ને શ્રીગિરનારનું ધ્યાન ધરતા મોક્ષમાં જનારા તે મતિ ને સુમતિની અમર યશોગાથા ગાતી આ ભૂમિ આજે પણ 'પ્રભાસ પાટણ'ના નામથી પ્રસિદ્ધ છે....



# ૧૮

# પરમાત્માની પ્રતિમાનો પ્રભાવ

ભારત દેશની ધન્યધરા ઉપર મોગલ સામ્રાજ્યનો એ કાળ હતો. ધર્મઝનૂની અનેક મોગલ બાદશાહોએ શ્રી જિનેશ્વર પરમાત્માના શાસનને ઘણું જ નુકશાન કરેલ છે. જિનાલયો અને જિનપ્રતિમાઓને ધરાશાયી કરવામાં કેટલાય બાદશાહોએ પાછી પાની કરી ન હતી. બીજી તરફ અનેક મોગલ બાદશાહ શ્રી જિનેશ્વર પરમાત્માના સિદ્ધાંતો અને સાધુભગવંતોના જીવનને નિહાળી ખૂબ જ પ્રભાવિત થયાના પ્રસંગો પણ ઈતિહાસના પાને - પાને કંડારાયેલા છે.





જિનધર્મને શરણે ગયેલા આચાર્ય જિનપ્રભસૂરિજી પ્રભુના શાસનને શોભાવી રહ્યા હતા. જનમેદનીમાં ધર્મ અને કર્મની વાતોની વિવિધ વાનગી પીરસી રહ્યા હતા. સૂરિજીની વાણીથી પ્રભાવિત બનેલા બાદશાહ સુરત્રાણ તેમના પ્રત્યે અત્યંત આદરવાન બન્યા, અવસરે - અવસરે સૂરિવર અને રાજવરની જ્ઞાનગોષ્ઠિ ચાલતી રહેતી હતી, એકવાર અચાનક બાદશાહ સૂરિવરને પૂછે છે, “ગુરૂવર ! આપ પૂજ્યના મુખેથી અનેક વાર ગિરનાર ગિરિવરના વખાણ સાંભળ્યા છે, તો શું ખરેખર ! આ ગિરનાર ગિરિવરનો કોઈ પ્રભાવ છે ?”

બાદશાહના સંશયનું સમાધાન ન કરતાં હોય ? તેમ સૂરિવર કહે છે, “બાદશાહ ! ગિરનાર મહાતીર્થના મહિમાની વાતો જ અનેરી છે. અરે! માત્ર જૈનધર્મ નહીં, પરંતુ અન્ય ધર્મોમાં પણ તેનો મહિમા અપરંપાર દર્શાવવામાં આવ્યો છે. આ ગિરનાર ગિરિવર ઉપર અમારા વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક થયા છે.”

બાદશાહ કહે, “તમારા આ પથ્થરના પ્રતિમાઓ અને જિનાલયોનો કોઈ પ્રભાવ જોવા મળે ?” સૂરિજી કહે “આ જિનબિંબનો પ્રભાવ અનેરો છે, આ પ્રતિમા કોઈ અસ્ત્ર કે શસ્ત્રોથી છેદાય કે ભેદાય તેમ નથી, અગ્નિમાં બળતી નથી. વજ્રમયી આ પ્રતિમા દેવાધિષ્ઠિત છે !”

વિસ્મિતવદને બાદશાહ કહે, “શું વાત કરો છો મહાત્મા !” (સૂરિવરના વચન ઉપર શંકા સાથે મનમાં વિચારવા લાગ્યો, પોલાદી લોખંડ સામે આ પથ્થરની પ્રતિમાની શું હેસીયત કે તેની સામે ટકી શકે? આ પ્રતિમાની કસોટી અવશ્ય કરવી જ જોઈએ.)

સમયના વહેણ વહેતાં ચાલ્યાં, બાદશાહે સૂરિવરને ગિરનારની યાત્રા કરવાની પોતાની ભાવના વ્યક્ત કરી અને રાજવૈભવ સાથે ગિરનાર તરફ ડગ મંડાયા.... જોતજોતામાં ગિરનારની સમીપે પહોંચતાં ગિરનાર પર્વતના વિવિધ શિખરોની હારમાળાએ બાદશાહનું મન હરી લીધું. ગુર્જર દેશના ગૌરવને પ્રત્યક્ષ નિહાળી આજે તે આનંદવિભોર બની ગયો હતો. ચારેકોર લીલી

ચાદર બિછાવી હોય તેવી વનરાજીને નિરખતાં બાદશાહના નેત્રકમલો વિકસિત થયા. કુદરતના ખોળે અડગ ઊભેલા આ ગિરિવરને જોઈ બાદશાહ હેબતાઈ ગયો. પર્વતના કપરાં ચઢાણ સર કરી તે શ્રી નેમિનાથદાદાના જિનાલયના પ્રાંગણમાં આવ્યો. તેના તનના થાક સાથે મગજનો પારો પણ નીચે ઉતરવા લાગ્યો. રંગમંડપમાં પ્રવેશ કરી શ્રીનેમિનિરંજનને નિરખતાં જ બાદશાહ તેના મોહમાં પડી ગયો, શું આ પ્રતિમા છે? કે સાક્ષાત્ મૂર્તિ છે! આની તે પરીક્ષા થાય? તેની લાગણી અને બુદ્ધિ વચ્ચે દ્વન્દ્વ યુદ્ધ મંડાયુ, અંતે બુદ્ધિનો વિજય થતાં તેણે પરીક્ષા કરવાનું નક્કી કર્યું.

બાદશાહે પ્રતિમાની પરીક્ષા કાજે શસ્ત્રશક્તિનો ઉપયોગ કરવાનો પ્રારંભ કર્યો અને સૂરિવરે મંત્રશક્તિનો ઉપયોગ કરવાનો પ્રારંભ કર્યો. તે પરમાત્માના ધ્યાનમાં લીન બન્યા તે જ સમયે બાદશાહે પ્રભુજીની પ્રતિમા ઉપર એક પછી એક દૃઢપ્રહાર શરૂ કર્યા પણ... અફસોસ ! તેનો એક પણ પ્રહાર પ્રભુજીની પ્રતિમાને નુકશાન કરવા સમર્થ ન બન્યો. એક તરફ તેનું માનભંગ થતાં તેની આંખોમાંથી આક્રોશના અંગારા વરસવા લાગ્યા, જ્યારે બીજી તરફ શસ્ત્રપ્રહારના ઘર્ષણના કારણે તે જિનબિંબમાંથી અગ્નિના તણખા ઝરવાના શરૂ થયા. બાદશાહ આ ચમત્કારને જોતાં જ બેબાકળો થઈ ગયો, રખે ને આ અગ્નિના તણખા જ્વાળાનું સ્વરૂપ પકડે અને મારા દેહનો ભરડો લઈ નાંખે! તેવા ભયથી તેણે શસ્ત્રને જમીન પર ફેંકી દીધું.

બાદશાહ ભયભીત બની સૂરિજીના ચરણોમાં ઝૂકી ગયો. સૂરિજીએ ધ્યાનભંગ કરી પરિસ્થિતિને જોતાં તેના હર્ષનો પાર ન રહ્યો. સૂરિવરે તેના મસ્તક ઉપર હાથ મૂકી તેના મિથ્યાત્વના ઝેરને વમન કરાવી સમ્યક્ત્વના બીજનું વપન કર્યું. પછી બાદશાહ દોડતો પ્રભુના ચરણકમળમાં આળોટવા લાગ્યો. પોતે કરેલા દુષ્કૃત્યના પશ્ચાતાપ રૂપે માફી માંગી, પરમાત્માના પ્રભાવનાં પારખાં કરવાની ભૂલનો એકરાર કર્યો. પ્રભુના ખોળામાં મસ્તક ઝૂકાવી નાના બાળકની માફક રૂદન કરવા લાગ્યો થોડીવાર બાદ સ્વસ્થ થઈ પ્રભુના ચરણે સુવર્ણ ધરી બાદશાહે વિદાય લીધી.

બાદશાહ પરમાત્માની પ્રતિમાના પ્રભાવનો અનુભવ કરે છે, તે જ રાત્રિએ તેમના કેટલાંક ધર્મઝનૂની અનાર્ય સાથીદારો ઉશ્કેરાયા અને બાદશાહે અનુભવેલા પ્રગટપ્રભાવને નામશેષ કરવા એક નવો કીમિયો ઘડવા લાગ્યા.

ગિરનાર ગિરિવરના જિનાલયોમાં જેટલા શ્યામવર્ણીય પ્રતિમાઓ બિરાજમાન હતા, તે બધાને ભેગા કરી એક ઓરડામાં પૂરી દે છે અને જૈન શ્રાવકવર્ગને જણાવે છે કે, "જો આ બધા કાળિયા દેવો રાત્રે કોઈ ચમત્કાર બતાવશે, તો અમે આ પ્રતિમાઓ તમને પાછી સોંપશું, અન્યથા પ્રભાતે સમગ્ર જનમેદની વચ્ચે જાહેરમાં આ પ્રતિમાઓના ચૂરેચૂરા કરી નાંખશું."

સમગ્ર શ્રાવકવર્ગ ચિંતિત બન્યો, "ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે ?" સૌ શોકાતુર બની ગયા. ઉષાનાં તેજકિરણોએ અંધકારની ચાદરને દૂર ખસેડી. આજે તે અનાર્યોના આનંદનો પાર ન હતો. રાત્રે એકપણ પ્રતિમાએ પરચો બતાવ્યો ન હતો, તે વાત શ્રાવકવર્ગને જણાવીને કહ્યું, "આ તમારા પથ્થરના પૂતળા આખી રાત પથ્થરની માફક જડ જ રહ્યા છે, નથી તો તેમના મુખમાંથી એક શબ્દ નીકળ્યો કે, નથી તો તેમનું એક રૂંવાડું પણ ફરક્યું, હવે તેના ચૂરેચૂરા થતાં જોવાના પરમ સૌભાગ્યનો અવસર આવી ગયો છે, તેના માટે તૈયાર થઈ જાઓ."

શ્રાવકવર્ગમાં ભયનો સોપો પડી ગયો. સૌ મંત્રમુગ્ધ થઈ ગયા, હવે શું થશે? આ પ્રભુજીની પ્રતિમાના ચૂરેચૂરા થતાં પહેલાં તો અમારું પ્રાણપંખેરું ઉડી જાય તો સારું! સૌ સૂરિવર પાસે જઈ આજીજી કરવા લાગ્યા, "હવે તો આપ જ અમારા શરણાધાર છો ગુરૂદેવ! ગમે તેમ કરી આ પ્રતિમાના ચૂરેચૂરા થતાં અટકાવો !"

સૂરિવર આ ઘટનાનો વૃત્તાંત સાંભળીને ગંભીર બન્યા, તાત્કાલિક બાદશાહને વિસ્તારથી વાત કરી. બાદશાહ તે ધર્મઝનૂનીઓના આ કારસ્તાનથી સંપૂર્ણ અજ્ઞાત હતા, પરંતુ આ હકીકત જાણીને તેને ગઈ રાત્રિએ પોતાને આવેલા સ્વપ્નની ખૂટતી કડી અહીં જોડાતી હોય તેનો અણસાર આવ્યો. રાજપુરૂષોને તાત્કાલિક તે ધર્મઝનૂની અનાર્યોને પોતાની સમક્ષ હાજર કરવાનો હુકમ ફરમાવ્યો. બાદશાહ સલામતનું આમંત્રણ સાંભળી અનાર્યો પણ હોંશે હોંશે આવ્યા. રાત્રિ દરમ્યાન બનેલ ઘટનાદિ વિગત જણાવીને બાદશાહને કહેવા લાગ્યા, "આ મૂર્તિ વગેરેના પ્રભાવની વાત તો બકવાશ છે, મહારાજા! ગઈ કાલે આપ તો છેતરાઈ ગયા છો ! આ કાળા ભૂતડાં તો આખી રાત મૂંગા જ રહ્યા છે !" બાદશાહ ગંભીર થઈને કહે, "આ પ્રભાવ વગેરેનો અનુભવ કિસ્મતમાં હોય તો થાય! અરે ! આજે જ રાત્રે મને ખ્વાબમાં એક ગંભીર અનુભવ થયો." "બાદશાહ! ખ્વાબમાં શું કોઈ પ્રભાવ જોયો ?" અનાર્યો બોલ્યા.

બાદશાહ કહે, "હા ! આજે રાત્રે આ ભૂતડાંઓએ મને ભયંકર ચેતવણી આપીને સાવધાન કર્યો કે, જો કાલે સવારે તમારા ધર્મઝનૂની અનાર્યો દ્વારા જિનપ્રતિમાને લેશમાત્ર પણ નુકશાન પહોંચાડવામાં આવશે તો તમે તમારા ખુદાને યાદ કરી લેજો, પછી ઝહનમમાં તમારો ખુદા મળવાનો નથી."

બાદશાહ સલામતની આ ગંભીર વાતો સાંભળીને તે અનાર્યોના તો મોતિયા મરી ગયા કે, જો હવે રાજા ખફા થશે તો આપણા બાર વાગી જવાના અને બન્યું પણ એવું કે, બાદશાહ સલામત તો અત્યાર સુધી મૂંઝવણમાં હતા કે, આ અનાર્યો અને પ્રતિમાને નુકશાન આ બધી શું બાબત છે? પરંતુ અનાર્યોના આ ખુલાસાથી તેની ગૂંચવણના કોકડા ખુલવા લાગ્યા અને સ્વપ્નની હકીકતના છેડા મળી ગયા.



બાદશાહ સલામત ધમધમી ગયા, અત્યંત આવેશવાળી તેમની વિકરાળ મુખાકૃતિ જોઈને સૌ અનાર્યોના પગ ધ્રૂજવા લાગ્યા. તે કહે, "આ જિનપ્રતિમાના પ્રભાવની વાતને બકવાશ કહેનારા તમે કોણ? આ ખુદા તો જીવતા જાગતા દેવ છે, આવા ખુદાની પ્રતિમાનો નાશ કરવાના કાવતરાં રચવાનો અધિકાર તમને કોણે આપ્યો ? તમારા આ કારસ્તાનની સજારૂપે તમને ફાંસીને માંચડે લટકાવવાનો મારો આદેશ છે. સિપાઈઓ લઈ જાવ આ બદમાશોને ફાંસીએ ચડાવો."

ક્રોધથી ધમધમતા બાદશાહની આંખોમાંથી અંગારા વરસી રહ્યા હતા. સૌ તેમના આ નિર્ણયને સાંભળી દિગ્મૂઢ થઈ ગયા, સૌના હૈયામાં કરૂણાના ભાવો ઉભરાઈ આવ્યા. નગરજનો તથા શ્રાવકવર્ગે બાદશાહને તે સજા ન કરવા વિનવણી કરી, બાદશાહ એકના બે ન થયા, અંતે શ્રાવકવર્ગ સૂરિજી પાસે જઈને વિનંતી કરે છે, "ગુરુદેવ ! બચાવો ! પેલા અનાર્ય ધર્મઝનૂનીએ કરેલી હરકતથી મહારાજા કોપાયમાન થયા છે અને તેઓને 'સજાએ મોત' નો હૂકમ ફરમાવ્યો છે, અને સૌએ બાદશાહને ખૂબ વિનવ્યા, પરંતુ કોઈ વાતે માન્યા નહીં, ગુરૂદેવ ! હવે આપ જ તેઓના તારણહાર છો ! કંઈ રસ્તો કાઢો."

સૂરિવર પણ શ્રાવકવર્ગની વાતો સાંભળી ચિંતિત બન્યા. અહિંસાના સંદેશને વિશ્વમાત્રમાં પહોંચાડનારા જિનશાસનના દૂત આ જીવોની આવી હિંસા તો કેવી રીતે સહી શકે? તેઓ તો તાત્કાલિક બાદશાહ પાસે પહોંચ્યા, બાદશાહને સમજાવ્યા કે જિનશાસનના પાયામાં જીવદયા છે. અરે ! સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવોની પણ જ્યારે ચિંતા કરાતી હોય ત્યાં આવા જીવતા જાગતા માનવોની ફાંસી તો કેવી રીતે થાય ? આ પ્રભુ મહાવીરનું શાસન છે અને **"ક્ષમા વીરસ્ય ભૂષણમ્"** ના ન્યાયે અપરાધીને સજા કરવા કરતાં તેને ક્ષમા આપવી તે શૂરવીરની નિશાની છે. મહારાજા સૂરિજીના વચનથી વિશેષ પ્રભાવિત થયા અને તેમનાં વચનોને શિરોમાન્ય કરી પેલા ધર્મઝનૂની અનાર્યોને બંદીખાનામાંથી મુક્ત કરવામાં આવ્યા ત્યારે સૌના હૈયામાંથી નીકળેલા **'જૈનમ્ જયતિ શાસનમ્'** ના અંતર્નાદથી સમસ્ત વાતાવરણ ગૂંજી ઊઠ્યું.

# ૨૦

# તીર્થભક્તિનો પ્રભાવ

ધામણઉલી નામના ગામમાં રહેનારો ધાર નામનો એ વેપારી હતો. પૂર્વભવના સત્કર્મના કારણે પુણ્યાનુબંધી પુણ્યના પ્રભાવે આ ભવમાં તે ધનોપાર્જનમાં જાણે કુબેરની સ્પર્ધા ન કરતો હોય, તેમ શોભતો હતો. ખૂબ ઉલ્લાસભેર પોતાની ધનસંપત્તિનો સદ્વ્યય કરીને અનેક જનોને જીવતદાન આપતો તે પોતાના પાંચે પુત્રોની સાથે સંઘનો અધિપતિ થઈને આનંદથી ગિરનારની યાત્રા કરવા ગયો હતો. તેનો સંઘ શ્રી ગિરનાર મહાતીર્થની તળેટીનાં મેદાનમાં છાવણી નાંખીને રહ્યો હતો.





ગિરનાર મહાતીર્થમાં રહેલો સંઘ બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુનાં દર્શન કરવાનાં મનોરથો સેવી રહ્યો હતો, તે અવસરે તે વિસ્તારમાં દિગંબર જૈનપંથનો અનુયાયી એવો એક રાજા આ શેઠિયાઓ શ્વેતામ્બર જૈનપંથના અનુયાયી હોવાથી તેમને આ ગિરનાર ગિરિવર પર ચઢતાં અટકાવવા લાગ્યો. પ્રભુના દર્શન-પૂજન-સ્પર્શનની ઝંખના સાથે હર્ષોલ્લાસભેર પ્રયાણ આદરેલ ધાર નામના શ્રેષ્ઠિનો સંઘ ગિરિરાજ આરોહણ કરવાના પ્રયત્નો કરવા લાગ્યો. તે સમયે દિગંબર રાજાના સૈન્યે આ સંઘ ઉપર આક્રમણ કરતાં બન્ને પક્ષો વચ્ચે લડાઈનાં મંડાણ થયાં, તે અવસરે શ્રી નેમિપ્રભુ પ્રત્યેની અપાર ભક્તિથી ધારશ્રેષ્ઠિનાં પાંચેય પુત્રોના સત્ત્વ સ્ફૂરાયમાન થતાં પાંચે બંધુઓએ અપ્રતિમરસપૂર્વક યુદ્ધ લડવાનું શરૂ કર્યું. તીર્થભક્તિના અતિશય રાગથી કેસરિયા કરતાં તીર્થરક્ષાર્થે મરણિયો જંગ ખેલી દુશ્મન લશ્કરના અનેક સૈનિકોનો પરાભવ કરતાં-કરતાં આ પાંચેય પુત્રો મરણને શરણ થયા. તીર્થભક્તિના અવિહડ રાગના પ્રતાપે તે પાંચેય મરીને ત્યાં જ તે તીર્થક્ષેત્રના અધિપતિપણાને પામ્યા છે. તીર્થક્ષેત્રાધિપતિ તરીકે ઉત્પન્ન થયેલા આ પાંચેય પુત્રોના અનુક્રમે (૧) કાલમેઘ, (૨) મેઘનાદ, (૩) ભૈરવ (૪) એકપદ અને (૫) ત્રૈલોક્યપાદ - એવાં નામ પડ્યાં અને તીર્થશત્રુનો પરાભવ કરતાં તે પાંચેય જણ પર્વતની આસપાસ વિજયની વરમાળાને વર્યા.



# २१

## तीर्थरक्षानो तेज सितारो

यात्रा सत्त्रागारं सुकृततततेर्दुष्कृतापहतिहेतुः ।
जनिधनवचनमनस्तनु-कृतार्थता तीर्थकृत्त्वफला ॥

"યાત્રા તે પુણ્યની હારમાળાની દાનશાળા છે, પાપને નાશ કરવા માટે કારણરૂપ છે, જન્મ, ધન, વચન, મન અને શરીરને કૃતાર્થ કરનાર છે, તથા તીર્થંકર નામકર્મની પ્રાપ્તિ કરાવનાર છે."

તીર્થયાત્રાના આવા વિશિષ્ટ મહિમાને જાણી અનેક પ્રકારે દાનથી દેદીપ્યમાન એવા યશ-કીર્તિવાળા, સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત કરનાર, ગુરૂવરના હૃદયકમળમાં સ્થાન પામેલ મંત્રીશ્વર પૃથ્વીધર અર્થાત્ પેથડમંત્રી સંઘ સહિત સિદ્ધાચલ મહાતીર્થની સ્પર્શનાર્થે પધાર્યા, ખૂબ જ ઉલ્લાસભેર ગિરિવરને જુહારી સિદ્ધાચલ શિખરે બિરાજમાન શ્રી આદિનાથ ભગવાનના વંદન પૂજનાદિ ક્રિયાઓ વડે ભક્તિ કરીને સત્પુરૂષોના સમૂહ દ્વારા અત્યંત પ્રશંસાને પામેલા તે મંત્રીશ્વરે ૨૫ ધડી સુવર્ણની ખોળો વડે યુગાદિદેવના ચૈત્યને સુશોભિત કર્યું.

સિદ્ધગિરિમાં સિદ્ધપદને પામેલા અનંતા આત્માઓના સ્મરણની સુવાસનું આસ્વાદન કરવા માટે રોકાયેલ સંઘે કેટલાક દિવસો વીતી જતાં રૈવતાચલ મહાતીર્થ તરફ પ્રયાણ આદર્યું. અનંત - અનંત તીર્થંકર પરમાત્માના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણકથી પાવન બનેલ ગિરનાર ગિરિવરની ભવ્યભોમકાને ભેટવાના મનોરથો સાથે સંઘના એક પછી એક દિન વીતી રહ્યા હતા. વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર, બાલબ્રહ્મચારી શ્રી નેમિનિરંજન તથા અતીત ચોવીસીના આઠ તીર્થંકરના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક અને બીજા બે તીર્થંકરના માત્ર મોક્ષકલ્યાણક, અનાગત ચોવીસીના ચોવીસે - ચોવીસ તીર્થંકરના મોક્ષકલ્યાણકથી પાવન એવી આ રૈવતગિરિ તીર્થની પવિત્રભૂમિનો સ્પર્શ પામી સૌ પોતાના જીવનને ધન્ય બનાવવા તલસતા હતા. દૂર દૂરથી રૈવતગિરિના શિખરોને જોતાં જ સૌ આનંદવિભોર બની ગયા.



મંગલ પ્રભાતે પેથડ મંત્રીના સંઘે રૈવતગિરિની રળિયામણી તળેટીમાં પ્રવેશ કર્યો. એ જ વખતે યોગિનીપુર-દિલ્હીના રહેવાસી અગ્રવાલ કુળમાં ઉત્પન્ન થયેલ અલ્લાઉદ્દીન બાદશાહનો કૃપાપાત્ર પૂર્ણ નામનો શ્રેષ્ઠિ, જે દિગંબરમતનો કટ્ટરપક્ષી હતો, તે પણ સંઘ લઈને રૈવતગિરિની તળેટીમાં તંબૂઓ તાણીને રહ્યો હતો. રૂપુ અને રૂપ તેનાં દાસ બનીને રહ્યા હતા, તેનો ધનવૈભવનો મદ ફાટફાટ થઈ રહ્યો હતો.

વહેલી સવારે ચાંદનીના શીતલ વાયરાની વચ્ચે બન્ને સંઘોએ તીર્થયાત્રાર્થે પ્રયાણનો પ્રારંભ કર્યો. તે જ વખતે દિગંબર સંઘના આરક્ષકોએ હાકલ પાડી, શ્વેતામ્બર સંઘના યાત્રિકોને યાત્રા કરવા જતાં રોક્યા. આ તીર્થ દિગંબરોનું છે, અહીં અમે તમારાથી પહેલા આવ્યા હોવાથી સર્વપ્રથમ અમે જ યાત્રા કરશું. દિગંબરોના આ પડકારને ગણકાર્યા વગર શ્વેતામ્બર સંઘ તો આગળ ચાલવા લાગ્યો. માનકષાયથી ધમધમતા દિગંબર સંઘવી પૂર્ણશ્રેષ્ઠિ રોષે ભરાયા અને એક જ સંકેત કરી તેના સૈન્યના પીઠબળ સાથે તેણે ત્રાડ નાખી- સાવધાન ! હવે એક કદમ પણ આગળ વધ્યા છો તો તમારા મસ્તક ધડથી છૂટા પાડતાં ક્ષણનો પણ વિલંબ નહીં થાય !



પૂર્ણશ્રેષ્ઠિના દિમાગનો પારો આસમાને ચડેલો જાણી કુશળ બુદ્ધિવાન પેથડમંત્રીએ બળની સામે કળથી કામ લેવાનો નિર્ણય કર્યો. ભૂતકાળના ઈતિહાસના એક એક પાના ઉથલાવી ઠેર - ઠેર દિગંબરોના પરાભવના પ્રસંગોનું વર્ણન કરી યુક્તિપૂર્વક આ તીર્થ શ્વેતામ્બરોનું જ છે, તે વાત પૂર્ણશ્રેષ્ઠિના મગજમાં બેસાડવા ખૂબ પ્રયત્નો કર્યા, પણ પૂર્ણશ્રેષ્ઠિ કોઈપણ હિસાબે તેની વાતનો સ્વીકાર કરવા તૈયાર ન થયા. અનેક પ્રકારના વાદ-વિવાદની વણઝાર ચાલી. ઉભય સંઘપતિઓ વચ્ચે વાગ્યુદ્ધ જામ્યું. દિગંબરોનું ઝનૂન વધવા લાગ્યું, પૂર્ણશ્રેષ્ઠિ ક્રોધથી ધમધમી ઉઠ્યો.

વર્ષો સુધી અનુભવની સરણના સહારે તીક્ષ્ણ કરેલી બુદ્ધિવાળા બન્ને પક્ષના વૃદ્ધ પુરૂષો આગળ આવ્યા અને કહ્યું -

“આપ બન્ને પુણ્યશાળી પુરૂષો પૂર્વભવના કોઈ પ્રચંડ પુણ્યોદયના યોગે આ મહાતીર્થના સંઘપતિપણાને પામ્યા છો અને ભવોભવના કર્મબંધનનો ક્ષય કરાવનારા મહાતીર્થની પાવનભૂમિના શાશ્વત સુખદાયક સ્પર્શને પામ્યા છો, ત્યારે આ વાદ- વિવાદનો શો અર્થ? આપ બન્ને આ વિવાદનો ત્યાગ કરી એક સાથે જ આ ગિરિવર ઉપર આરોહણ કરો, જેથી કોઈ સંઘ પહેલા ને કોઈ સંઘ પછી, એવા કોઈ ઝઘડાને અવકાશ જ ન રહે. હાલ “આ તીર્થ ન તો દિગંબરનું છે કે ન તો શ્વેતામ્બરનું” એવો વિચાર કરી શ્રી નેમિનાથદાદાના દરબારમાં પહોંચો ! પછી ઈન્દ્રમાળ પહેરવાના અવસરે ઉછામણીમાં જે ધનદ્રવ્યનું વધારે પ્રમાણ બોલે તેઓનું આ તીર્થ ! કારણકે ક્ષત્રિયો શસ્ત્રથી યુદ્ધ કરે ! પંડિતો શાસ્ત્રથી યુદ્ધ કરે ! કોઈ હાથ વડે ઝઘડા કરે ! સ્ત્રી કટુવચન દ્વારા કલહ કરે! પશુઓ શીંગડા વડે કલહ કરે! અને વેપારીઓ ધન વડે કલહ કરે ! આપણે પણ વેપારી હોવાથી તે રીતે જ કલહનું નિવારણ કરીએ, તે જ શોભાસ્પદ જણાય છે.

વિબુધ એવા વડીલોના હિતકારી વચનોને બન્ને પક્ષે સહર્ષ સ્વીકારી લીધા. સર્વયાત્રિક જનોએ ગિરિઆરોહણ માટે પ્રયાણ કર્યું. સૌ શ્રીનેમિનાથ પ્રભુના મુખકમલને જોઈ મંત્રમુગ્ધ બની ગયા. ખૂબ ભાવપૂર્વક પરમાત્માને નમી, સ્નાત્ર, ધ્વજારોપણ, નૃત્ય અને સ્તુતિ વગેરે અનેક

પ્રકારની ભક્તિમાં તરબોળ થઈ ગયા. ઈન્દ્રમાળની ઉછામણીનો અવસર આવ્યો, આજે આ તીર્થ કોનું? તે ભીમપ્રશ્ન કાજે બન્ને પક્ષો પોતાની સર્વ ધનસંપત્તિને પ્રભુના ચરણોમાં સમર્પિત કરવા સજ્જ થયા. "વિધિના લેખને કોઈ મેખ મારી શકતું નથી." આ કહેવત સાચી ઠરાવવાનો વિધાતાનો કોઈ આશય હોય તેમ શ્રી નેમિનાથ પ્રભુની ડાબી બાજુ પૂર્ણચન્દ્ર શ્રેષ્ઠિએ સ્થાન લીધું અને વિજયની વરમાળા પહેરવાનો કોઈ સંકેત ન હોય ! તેમ પેથડમંત્રી સ્વાભાવિક રીતે જ પ્રભુની જમણી બાજુ સ્થાન લઈને ઊભા.

ગિરનાર ગિરિવર પોતાની માલિકીનો છે, તેવું સાબિત કરવા માટે બન્ને પક્ષોએ પ્રથમ સોનામહોરો, પછી અનુક્રમે સુવર્ણના શેર પ્રમાણો અને અંતે સોનાની ધડીઓ દ્વારા ઉછામણી બોલાવાની શરૂઆત થઈ. (૧ ધડી = ૧૦ મણ = ૨૦૦ કિલો) પેથડમંત્રીએ ઈન્દ્રમાળને માટે સુવર્ણની પાંચ ધડી કહી... પૂર્ણશ્રેષ્ઠિ કહે, છ ધડી, પેથડમંત્રી કહે, સાત ધડી, આમ અનુક્રમે વધતાં વધતાં ધડીઓનો આંકડો અરસપરસમાં વધવા લાગ્યો ત્યારે પેથડમંત્રી કહે, સોળ ધડી સુવર્ણ! તે અવસરે પૂર્ણશ્રેષ્ઠિના તો મોતિયા મરી ગયા! એણે તાત્કાલિક મંત્રીશ્વર પાસે આઠ દિવસની મુદત માંગી. પેથડમંત્રી પણ આજે ખરા રંગમાં આવ્યા હતા, તેમણે પૂર્ણશ્રેષ્ઠિની માંગણી સહર્ષ સ્વીકાર કરી આઠને બદલે દસ દિવસની મુદત આપી.

પૂર્ણશ્રેષ્ઠિએ સંઘમાં આવેલા સર્વ યાત્રિકો પાસે જેટલું હોય તેટલા સુવર્ણનો ફાળો ઉઘરાવવાનો પ્રારંભ કર્યો. ત્યારે આ તીર્થની માલિકી કાજે સૌએ પોતાના હાથના કડાં, સોનામહોર, ગળાના હાર - આદિ વિવિધ આભૂષણોનો ઢગલો કરી દીધો. તીર્થના આ પ્રશ્નને સૌએ પોતાનો માની ફાળાની આ ઝોળીને છલકાવી દીધી. એકઠા થયેલા સુવર્ણનો આંકડો અટ્ઠાવીસ ધડી થઈ ગયો અને તે દરમ્યાન દીલ્હીથી પણ અન્ય સોનું રવાના થઈ ચૂક્યું હતું. આજે પૂર્ણશ્રેષ્ઠિની છાતી ગજ ગજ ફૂલી રહી હતી, હવે આ તીર્થમાલિકી હાથવેંતમાં જ છે, એવી ધારણા સાથે સમસ્ત દિગંબર સંઘમાં આનંદનો ઉદધિ ઉછળી રહ્યો હતો.

આ તરફ પેથડમંત્રીએ પણ દિગંબર સંઘના ઉલ્લાસ અને તીર્થ માટેની લાગણીને પોતાની વિચક્ષણ બુદ્ધિની ફૂટપટ્ટીથી માપી ત્યારે તેને પણ આ ખેલ ખરાખરીનો થશે, તેવો અણસાર આવી ગયો. તાત્કાલિક તેમણે ૨૪ મિનિટમાં ૧ જોજનનું અંતર કાપી શકે તેવી શીઘ્રગામિની સાંઢણીઓને સોનું લાવવા માટે માંડવગઢ તરફ રવાના કરી.

ઈન્દ્રમાળની ઉછામણીની મુદત પૂર્ણ થતાં પુનઃ હવે આ તીર્થના પ્રશ્નનો અંત લાવવા છેલ્લો દાવ રમતાં હોય તેમ પૂર્ણશ્રેષ્ઠિએ પુનઃ પેથડમંત્રી સમક્ષ પડકાર કર્યો. અટ્ઠાવીસ ધડી સોનું' આ સમયે પૂર્ણશ્રેષ્ઠિ હથેળીમાં તીર્થ આવી ગયું હોય તેવા ઉલ્લાસથી સમગ્ર શ્રોતાવર્ગ તરફ અહંકાર સાથે નજર કરવા લાગ્યો. આજે મંત્રીશ્વરના કર્ણમાં પણ તીર્થરક્ષા નામનો એક માત્ર મંત્ર સતત ગૂંજી રહ્યો હતો. તેઓ હવે અધીરા થયા હતા. એક એક પળ હવે વર્ષો જેવી લાગી રહી હતી. ઉછામણીમાં એક એક ધડી સુવર્ણનો વધારો કરી આગળ વધવામાં નિરર્થક સમય વેડફાતો જતો હોય તેવો અહેસાસ થતો હતો. ગિરનાર ગિરિવરમાં વનકેસરી ત્રાડ પાડી ઉઠે તેમ પેથડમંત્રીએ પણ ભીમભયંકર ગર્જના કરતાં કહ્યું, “છપ્પન ધડી સોનું.” (૧૧,૨૦૦ કિલો સોનું)

ક્ષણ બે ક્ષણ તો સમગ્ર સભામાં સોપો પડી ગયો. હવે સૌની દૃષ્ટિ પૂર્ણશ્રેષ્ઠિના ચહેરાને નિહાળવામાં વ્યગ્ર બની. તે પણ દિગ્મૂઢ થઈ ગયો. શું કરવું ? શું ન કરવું ? તે બધું જ ભૂલી ગયો. થોડી પળોમાં પુનઃ સ્વસ્થતા પ્રાપ્ત કરી. પોતાના પક્ષને બચાવવા માટે સુવર્ણ માટે આજીજી કરવા લાગ્યો ત્યારે દિગંબર સંઘે સ્પષ્ટ જણાવી દીધું કે, “અમારી હવે કોઈ તાકાત નથી, તમારી પાસે સંપત્તિ હોય તો આગળ વધજો ! બાકી અમારા બધાં જ બળદો, ગાડાઓ અને મનુષ્યોને વેચી દઈએ ને તો પણ આટલું સુવર્ણ ભેગું થઈ શકે તેમ નથી ! અને આ બધું લૂંટાવીને પણ આ તીર્થ મેળવવાનો કોઈ અર્થ નથી, આપણે કાંઈ આ તીર્થ આપણા ઘરે તો લઈ જવાના નથી, તો ઘર બાળીને તીરથ કરવાનો આ ફોગટ પ્રયાસ શા કામનો ?

પૂર્ણશ્રેષ્ઠિ વિલખા પડી ગયા, તેમનું મોં કાળું મેશ જેવું થઈ ગયું, અત્યંત દુભાતા હૈયે જાણે શરણાગતિ સ્વીકારતા હોય તેમ પોતાના પરાભવનો સ્વીકાર કરી બે હાથ જોડી પેથડમંત્રીને કહે છે, “મંત્રીશ્વર પેથડશાહ ! હવે આ ઈન્દ્રમાળ આપ જ ગ્રહણ કરો !” ગિરનાર ગિરિવર શ્રી નેમિનાથ ભગવાનના જયનાદ સાથે ગૂંજી ઉઠ્યો. દસે દિશાઓમાં જયનાદના તરંગોની ભરતી આવી. ઈન્દ્રમાળરૂપી દ્રવ્યમાળ સાથે તીર્થજયની વિજયમાળ મંત્રીશ્વરના ગળામાં પડી. સમસ્ત વાતાવરણમાં વાજિંત્રોના મંગલનાદની સુવાસ પ્રસરી ગઈ. આજે પેથડશાહની છાતી ગજગજ ફૂલી ગઈ. ધર્મરક્ષા-તીર્થરક્ષાના અમૂલ્ય લાભને પામી તે કૃતકૃત્ય થઈ ગયા. આજે તેમના હૈયામાં આનંદ સમાતો ન હતો. મંત્રીશ્વર ઈન્દ્રમાળ ગ્રહણ કરી ગિરિવરથી નીચે ઉતર્યા અને ઉતરતાંની સાથે ધર્મપરાયણ એવા તેમને શાસ્ત્રવચનોનું સ્મરણ થયું કે, **“ધર્મકાર્યના આરંભમાં, વ્યાધિના વિનાશમાં અને વૈભવની પ્રાપ્તિમાં જો વિલંબ કરવામાં આવે તો તે શુભકારક નથી તે જ રીતે દેવદ્રવ્ય ભરી દેવામાં પણ વિલંબ કરવો શુભકારક નથી.”**

आयाणं जो भंज, पडिवन्नघणं न देइ देवस्स ।
नस्सं समुविक्खइ, सो विहु परिभमइ संसारे ॥

**“દેવદ્રવ્યની આવકને જે ભાંગે, અંગિકાર કરેલું દેવદ્રવ્ય આપે નહીં અને દેવદ્રવ્યનો નાશ થતો હોય તેની જે ઉપેક્ષા કરે, તે પણ સંસારમાં ભમે છે.”**

अदव्वविणासे, इसिधाए पवयणस्स उड्डा ।
संजइचउत्थभंगे, मूलग्गी बोहिलाभस्स ॥

**“ચૈત્યના દ્રવ્યનો વિનાશ કરવો, સાધુનો ઘાત કરવો, શાસનની નિંદા કરવી અને સાધ્વીના બ્રહ્મચર્યનો ભંગ કરવો, આ સર્વે બોધિલાભના મૂળને બાળી નાંખવામાં અગ્નિ સમાન છે.”**

चेइयदव्वं साहारणंच, जो दुहइ मोहिअमईओ ।
धम्मं सो न विआणइ अहवा, बद्धाउओ नरए ।

**“મૂઢ મતિવાળો જે પુરૂષ ચૈત્યના દ્રવ્યનો અને સાધારણ દ્રવ્યનો વિનાશ કરે છે, તે ધર્મને જાણતો જ નથી અથવા તેણે પ્રથમ નરકનું આયુષ્ય બાંધ્યુ છે, તેમ જાણવું.”**

આ શાસ્ત્રવચનોનું સ્મરણ થતાં જ મંત્રીશ્વરે પ્રતિજ્ઞા કરી કે “જ્યાં સુધી ગિરનારની ઈન્દ્રમાળની ઉછામણીનું આ છપ્પન ધડી સોનું હાજર ન થાય અને પ્રભુના ચરણમાં સમર્પિત કરવામાં ન આવે ત્યાં સુધી ચારેય આહારનો ત્યાગ!”

સૌ સંઘજનો સ્તબ્ધ થઈ ગયા, મંત્રીશ્વરની ખુમારી ઉપર ઓવારી ગયા અને નતમસ્તક ઝૂકી ગયા! કેવી અડગ પ્રતિજ્ઞા ! ક્યાં ગઢ ગિરનાર! અને ક્યાં માંડવગઢ ! ક્યારે છપ્પન ધડી સોનું આવે અને ક્યારે પેથડમંત્રીને પારણું થાય! સૌ કાગડોળે સાંઢણીના આગમનની રાહ જોઈ રહ્યા હતાં. પેથડના હૈયામાં પ્રભુવચનો પ્રત્યે અથાગ શ્રદ્ધા હતી, દેવદ્રવ્યનું દેણું માથે હોતે છતે મોંમા અન્નનો એક દાણો પણ કેમ વાપરી શકાય ? શાસનનો રાગ તેના રક્તના બુંદ બુંદમાં વણાયેલો હતો. તેના શ્વાસોશ્વાસમાં શાસનની વફાદારીની સુવાસ હતી.

બીજી તરફ સાંઢણીઓ પવનના વેગ સાથે જોજનના અંતરને માત્ર ૨૪ મિનિટ જેવા ટૂંકા સમયમાં પસાર કરતી હતી. તે માલવાદેશના માંડવગઢ તરફ જઈને જરૂરી એવા સુવર્ણને એકઠું કરીને પુનઃ ગિરનાર તરફ ઉછળતી - કૂદતી આવી રહી હતી. ગિરનારની માલિકીનો હક્ક શ્વેતામ્બર જૈનોને મળી ગયો હોવા છતાં જ્યાં સુધી મૂલ્ય ન ચૂકવાય ત્યાં સુધી શાંતિથી કેવી રીતે બેસી શકાય? પેથડમંત્રીને કેમે કરીને ચેન પડતું ન હતું. તેને એક એક પળ એક એક વરસ જેવી ભાસતી હતી. પેથડમંત્રી સમેત સૌ યાત્રિકજન મેઘના આગમનની વાટ જોઈને જલ માટે તલસતા ચાતકપક્ષી બેસે તેમ માંડવગઢના માર્ગ તરફ મીટ માંડીને બેઠાં હતા.

તીર્થમાળ-ઈન્દ્રમાળના દિવસનો ઉપવાસ થયો. બીજા દિવસે પણ મધ્યાહ્ન કાળ પસાર થઈ ગયો, ધીમે ધીમે સૂર્ય ક્ષિતિજને ભેટવા તલસતો હોય તેમ ક્ષિતિજની પેલે પાર જવા મથી રહ્યો હતો. સંધ્યાના રંગોથી નીલગગનમાં રંગોળી પૂરાવાનો પ્રારંભ થઈ ચૂક્યો હતો, દિવસ આથમવાને હવે માત્ર બે ઘડી (૪૮ મિનિટ)નો સમય શેષ રહ્યો હતો તે જ વખતે માંડવગઢની દિશામાંથી સાંઢણીઓના પગલાંના અવાજો સૌના કાને મંડાયા, સૂર્યનો ઉદય થતાં જેમ સૂર્યમુખીનું પુષ્પ વિકસિત થાય તેમ પેથડમંત્રી સાંઢણીના આગમનથી આનંદવિભોર બની ઉઠ્યા. માંડવગઢનો



માર્ગ ધૂળની ડમરીઓથી ઘેરાઈ ચૂક્યો હતો અને જોતજોતામાં સાંઢણીઓ ગિરનારની તળેટીમાં આવી પહોંચી. તાબડતોબ સાંઢણીઓ ઉપરથી સુવર્ણની કોથળીઓ નીચે ઉતારવામાં આવી અને છપ્પન ધડી સુવર્ણને તોલવામાં આવ્યું. સૌ મંત્રીશ્વરને પારણું કરાવવા ઝંખતા હતા, પરંતુ સૂર્યનારાયણને તે મંજૂર ન હતું, બે ઘડી શેષ સૂર્ય ઢળી ચૂક્યો હતો, તેથી બે ઘડી પહેલાં ચોવિહારના પચ્ચક્ખાણ કરનાર મંત્રીશ્વર તો ચોવિહારા ઉપવાસનું પચ્ચક્ખાણ કરી લેતાં છટ્ઠનો તપ થયો. ધીમે ધીમે સૂર્ય અસ્ત થવા મથી રહ્યો હતો અને સંધ્યા સપ્તરંગે ખીલવા મથી રહી હતી.

નવલી પ્રભાતે વાજિંત્રોના મંગલનાદ સાથે ચતુર્વિધ સંઘના શીતળ સાન્નિધ્યમાં મંત્રીશ્વર પેથડના છટ્ઠતપનું પારણું થયું, તે દિવસે વિશાળ જનમેદનીના સંઘ સ્વામિવાત્સલ્યનો ભોજન સમારંભ યોજાયો.

શ્વેતામ્બર જૈન સંપ્રદાયનો તેજ સીતારો ચમકી ઉઠ્યો.



# ૨૨

### મહાપ્રભાવક


# ગજપદ કુંડની ઉત્પત્તિ

## (અવસર્પિણીનો ચોથો આરો)

ભરતચક્રવર્તી શ્રી રૈવતાચલ (ગિરનાર) ગિરવરની યાત્રાએ આવ્યા હતા. ભવિષ્યમાં શ્રી નેમિપ્રભુના દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણકલ્યાણક અહીં થવાના છે તે જાણીને ભરતેશ્વરે "સુરસુંદર' નામનો ઊંચો જિનપ્રાસાદ કરાવ્યો હતો. સ્ફટિક મણિમય તે ચૈત્યમાં શ્રી નેમિનાથ પ્રભુની નીલમણિમય મૂર્તિ શોભતી હતી. તે પ્રાસાદ જગતના ખેદને ભેદનારો હતો. ત્યાં અરિહંત પ્રભુની ભક્તિના સમૂહથી ભરતનરેશ્વરે ગણધરોની પાસે વિવિધ પ્રકારની સામગ્રીથી સુવર્ણ, રુપ્ય, માણિક્ય, રત્ન અને ધાતુ વગેરેની જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી.

હર્ષથી પ્રેરાયેલા સૌધર્મેન્દ્ર મહારાજા ઐરાવણ હાથી ઉપર બેસી આકાશમાર્ગે શ્રી નેમિનાથ પ્રભુને વંદન કરવા ત્યાં આવ્યા હતા તે અવસરે ઐરાવણ હાથીના બલવાન એવા એક ચરણવડે પૃથ્વીને દબાવીને ઈન્દ્રમહારાજાએ પ્રભુના પૂજન માટે ઐરાવત ગજેન્દ્રપદ નામે કુંડ કર્યો હતો. આ કુંડના દિવ્યપ્રભાવથી આમાં ચૌદ હજાર નદીઓના પ્રવાહો આવતા હતા જેના જલ પાસે અમૃત પણ તુચ્છ લાગતું હતું.

બીજા તીર્થોમાં દર્શન, સ્પર્શન અને સેવન કરવાથી જે ફળ થાય, તે ફળ આ કુંડના જળ વડે જિનાર્ચન કરવાથી થાય છે, તે જીવ બધા કર્મોને ખપાવી ને મોક્ષમાં જાય છે. આ કુંડ જ અજરામર પદ આપે છે, બીજા કોઈ આપતા નથી. તેથી દેવતાઓ જે અમૃતકુંડને વર્ણવે છે તે બધા આ



ગજપદકુંડ આગળ વૃથા છે. દિવ્ય તીર્થજલથી યુક્ત અને સર્વદોષથી મુક્ત એવા તે કુંડજલના સ્પર્શથી આધિ તથા વ્યાધિ ક્ષય પામે છે. આ કુંડના જલનું પાન અને સ્પર્શ કરવાથી ખાંસી, શ્વાસ, અરુચિ, કંટાળો, પ્રસવની વેદના, પેટના દર્દો, ક્ષયરોગ, કોઢ, જલોદર વગેરે બાહ્ય રોગો પણ અંતરંગ રોગની જેમ નાશ પામે છે.

આ કુંડ "ઐરાવતકુંડ" "ગજપદકુંડ", "ગજેન્દ્રપદકુંડ", "ગજાગ્રપદકુંડ", "ગર્યદપયકુંડ" "ગયંદમુકુંડ" તથા "હાથીપગલાંનો કુંડ" વગેરે અનેક નામોથી ઓળખાય છે.

**આધાર ગ્રંથ : શત્રુંજય માહાત્મ્ય**






# ૨૩

## અનાર્યમાં આર્યતાનો પ્રકાશ

# નેબુચંદ નેઝર

(વીર સંવત્ પૂર્વે લગભગ ૫૦ વર્ષ, મતાંતરે પ્રભુવીરના કાળમાં)




વર્તમાનના ઈરાકદેશના બગદાદની નજીક આવેલા બેબીલોન દેશમાં નેબુચંદ નેઝર રાજા રાજ્ય કરતા હતા. પોતાના પિતાના મૃત્યુ બાદ તે રાજગાદીએ આવ્યો હતો. તેના દ્વારા તૈયાર કરાવેલ મીલીટરી ફોર્સના પ્રભાવે અનેક દેશોને જીત્યા હતા. તેના મૃત્યુ અવસરે તે વિશ્વના વિવિધ રાજાઓમાં એક વિશિષ્ટ રાજા તરીકે પ્રખ્યાત થયા હતા.


એક વાર ફરતાં ફરતાં તે ભારતદેશમાં પ્રવેશ્યા હતા. તે વખતે સોરઠ દેશની ધન્યધરા પર રહેલા અનંતા તીર્થંકર પરમાત્માના કલ્યાણકોથી ભાવિત થયેલ ગિરનાર મહાતીર્થની મુલાકાતે આવ્યા હતા.





ગિરનાર ઉપર રહેલા જિનમંદિરને જીર્ણ થયેલા જોઈને તેનો જીર્ણોદ્ધાર કરાવવાના ભાવ જાગ્યા હતા અને આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, તેવી વાત સોરઠ દેશના પ્રભાસપાટણથી મળેલા એક તામ્રપત્રમાં કોતરાયેલી હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ હતો. આ તામ્રપત્રનો લેખ હિન્દુ યુનિવર્સિટીના પ્રોફેસર ડૉક્ટર પ્રાણનાથ (Ph.D. London) દ્વારા વાંચવામાં આવ્યો હતો. તેમાં જણાવવામાં આવેલ કે બેબીલોનના નેબુચંદ નેઝર ગામના રાજાએ ગિરનારના જિનાલયને જીર્ણ જોઈ તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. (કેટલાક વિદ્વાનો દ્વારા આ વિષયનો વિશેષ અભ્યાસ કરતાં એવું પણ તારણ કાઢવામાં આવે છે કે આ નેબુચંદ નેઝર શ્રેણિક મહારાજાના મિત્ર હતા અને જિનશાસનના ઈતિહાસમાં દર્શાવવામાં આવતા અભયકુમારના મિત્ર આદ્રકુમારના પિતા હતા. આદ્રકુમાર દેશ છોડી જૈનધર્મથી વાસિત થઈ ભારતમાં આવ્યા હતાં. ત્યારે તેમના પિતા તેમને શોધવા માટે ભારતદેશમાં પધાર્યા હતાં. ફરતાં ફરતાં ગિરનાર આવતા જિનાલયને જીર્ણ થયેલ જાણી તેમણે જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. (તત્ત્વ તો કેવલી ભગવંત જાણે)








# ૨૪

### ગિરનારની છત્રછાયામાં અનશન


# આચાર્ય માનદેવસૂરિ (પહેલા)

### (અનશનકાળ વિ.સં. ૨૬૧)


મરુદેશની ધન્યધરા નાડોલ ગામમાં સુશ્રાવક ધનેશ્વરના પત્ની ધારણીની રત્નકુક્ષીએ જન્મેલા સુપુત્રરત્ન કાળક્રમે જિનશાસનના રત્ન આચાર્ય માનદેવસૂરિ થાય છે.



આચાર્ય પ્રદ્યોતનસૂરિજીની વૈરાગ્યવાણીથી ભીંજાયેલ આ પુત્રરત્ન માતાપિતાની અનુમતિ લઈ શ્રમણજીવન અંગીકાર કરી પૂજ્યપાદ ગુરૂદેવશ્રીના ચરણોમાં જીવન સમર્પિત કરે છે. ગુરૂકુલવાસમાં સ્વાધ્યાય - સેવા અને સંયમના ત્રિવેણી સંગમના આલંબને દિનપ્રતિદિન અધ્યાત્મજીવનમાં પ્રગતિ કરવા લાગ્યા હતા. જ્ઞાન-ધ્યાનના પ્રભાવે ગીતાર્થતા અને સંવિગ્નતા ગુણને સર કરેલા શિષ્યની યોગ્યતાને જાણી ગુરૂભગવંતે તેમને આચાર્યપદે આરુઢ કર્યા.



પૂર્વભવના પ્રચંડ પુણ્યોદય અને અસાધારણ વ્યક્તિત્વના પ્રભાવથી આ આચાર્યપદ પ્રદાન અવસરે લક્ષ્મીદેવી અને સરસ્વતીદેવી સાક્ષાત્ સ્વરૂપે હાજર થયા હતા.



દિવ્યતત્ત્વના પ્રાગટયથી ગુરૂ ભગવંત થોડા ઉદ્વિગ્ન જણાતા હતા ત્યારે ઈંગિત આકારને ઓળખવામાં માહિર એવા નૂતન આચાર્ય પરિસ્થિતિને પામી ગયા. પોતાના સંયમની શુદ્ધિ અને બ્રહ્મચર્યની અડગતા માટે ચિંતિત બનેલા ગુરૂભગવંતના ચરણોમાં પડી બે હાથ જોડી ઉગ્ર અભિગ્રહની યાચના કરતા કહે છે કે "મારા ચારિત્રજીવનની પવિત્રતા માટે મને આજીવન છ વિગઈના ત્યાગ અને ભક્તજનના ઘરની ગોચરીના ત્યાગના પચ્ચક્ખાણ આપો." આથી અત્યંત પ્રસન્ન થએલા ગુરૂભગવંતના લખલૂટ આશિષના પ્રભાવથી તેઓશ્રીએ આ પ્રતિજ્ઞાનું જીવનપર્યંત શુદ્ધપાલન કર્યું હતું.

ગુરૂભગવંતના શક્તિપાત અને શિષ્યના સત્ત્વના પ્રભાવે "જયા", "વિજયા" આદિ ચારદેવીઓ પણ નિત્ય આ નૂતન આચાર્યજીને વંદન કરવા આવવા સાથે શાસનસેવાના કાર્યોમાં તત્પર રહેવા લાગી હતી.

એક સમયે કર્મ સંયોગે ૫૦૦ જૈન દેરાસરો ધરાવતી અને જિનશાસનના વડા મથક સમાન ભવ્યભૂમિ તક્ષશિલા નગરી સ્મશાનભૂમિમાં ફેરવાઈ ગઈ હતી. અકાળે આવેલા મહામારીના રોગના કારણે આખી નગરીમાં મડદાઓના ઢગલા ઠેર ઠેર દૃષ્ટિગોચર થતાં અને ચોતરફનું વાતાવરણ તેની દુર્ગંધથી દૂષિત બન્યું હતું. જ્યાં જુઓ ત્યાં કલ્પાંત અને આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. ગામના પીઢ અને ગંભીર શ્રાવકો દ્વારા શાસનદેવીને આ રોગના નિવારણ અંગે પ્રશ્ન પૂછતાં બળવાન વ્યંતરો દ્વારા સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીઓને પણ ત્રાસ પમાડી દૂર કરાયા હતા તેવું જાણવા મળ્યું. તેઓ દ્વારા ફેલાવાયેલ આ રોગના શમન માટે શાસનદેવીએ આચાર્ય માનદેવસૂરિજીની સહાય લેવાનું સૂચન કર્યું.



શ્રી સંઘના વિજ્ઞપ્તિ પત્ર સાથે નાડોલ આવેલ અને દેવ-દેવીઓના સાન્નિધ્યમાં બેઠેલા સૂરિજીને જોઈને શંકિત થયેલા વીરચંદ શ્રાવકે સૂરિજીને રોગશમનનો ઉપાય પૂછ્યો. સૂરિજીએ ત્યાં બેઠા બેઠા જ મંત્ર ગર્ભિત શાંતિસ્તોત્રની રચના કરી અને તે સ્તોત્રનો પાઠ કરી મંત્રિત કરેલા જળના છંટકાવથી નગરી ઉપર થયેલ ઉપદ્રવ શાંત થયો.

આ રીતે અન્ય એક પ્રસંગે વ્યંતરના ઉપદ્રવના નિવારણ માટે તેઓશ્રીએ "તિજયપહુત્ત" સ્તોત્રની પણ રચના કરી હતી.

આવા શાસનસેવાના અનેક કાર્યો પાર પાડનાર મહાપ્રભાવક એવા આચાર્ય માનદેવસૂરિજીને પોતાના જીવનનો અંત સમય નજીક જાણી સ્વસાધના માટે અનંતા તીર્થંકરોના કલ્યાણકોની ઉર્જાથી ભાવિત થયેલ ગિરનારજી મહાતીર્થની છત્રછાયામાં અનશન કરવાના ભાવ જાગૃત થયા હતા. વિ.સ. ૨૬૧ દરમ્યાન ગરવા ગિરનારની ગોદમાં માનવદેહના મમત્વ ભાવનો ત્યાગ કરી અને સમત્વભાવનો સ્વીકાર કરી અનંતસુખની યાત્રાના આગામી મુકામ ભણી આગળ ચાલી નીકળવા મહાપ્રભાવક, શાસનસેવક પૂજ્ય આચાર્ય માનદેવસૂરિજી સમાધિપૂર્વક સ્વર્ગગતિએ સિધાવ્યા હતા.

**આધાર ગ્રંથ : જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૧**



# ૨૫

## પ્રભુ સીમંધરદત્ત સૂરિમંત્ર

# આચાર્ય માનદેવસૂરિ (બીજા)

## (આચાર્યપદવી વિ.સં. ૫૮૨)

આચાર્ય સમુદ્રસૂરિની પાટને શોભાવનારા એવા અનેક ગુણોના નિધાન આચાર્ય માનદેવસૂરિ હતા. તેમના અત્યંત પ્રભાવક વ્યક્તિત્વ અને પ્રકટ અતિશયોને લક્ષમાં રાખી તેમના ગુરૂદેવશ્રી આચાર્ય સમુદ્રસૂરિજીએ તેમને આચાર્યપદથી વિભૂષિત કરી ચંદ્રકુળનો સૂરિમંત્ર પ્રદાન કર્યો હતો.





અન્ય અવસરે ગંભીરતા, શાલીનતા, ઔચિત્યયુક્ત વ્યવહારકુશળતા આદિ ગુણોથી વિભૂષિત એવા વિદ્યાધરકુળના આચાર્ય હરિભદ્રસૂરિજી તેમના પરમ મિત્ર બની ગયા હતા. ગાઢ મિત્રતાના સંબંધથી આચાર્ય હરિભદ્રસૂરિજીએ આચાર્ય માનદેવસૂરિજીને વિદ્યાધરકુળનો સૂરિમંત્ર આપ્યો હતો. બે-બે સૂરિમંત્રોની સાધના- આરાધનાના પ્રભાવથી તેઓશ્રી દ્વારા શાસનપ્રભાવનાના અનેક વિધ કાર્યો થઈ રહ્યા હતા. તેવા અવસરે અશુભકર્મોના ઉદયે અતિગંભીર બિમારી તથા દુકાળની દારૂણતા વગેરે કારણોસર તેઓશ્રીને બંને સૂરિમંત્રો વિસરાય ગયા !



સૂરિમંત્રોના વિસ્મરણને કારણે અત્યંત વ્યથિત થયેલા આચાર્ય માનદેવસૂરિજી અનંતા તીર્થંકરોના દીક્ષા-કેવલજ્ઞાન અને મોક્ષકલ્યાણકથી પાવન બનેલ ગિરનાર મહાતીર્થના સાન્નિધ્યમાં રહી સાધના કરવાના આશયથી વિહાર કરીને ગિરનારની છત્રછાયામાં પધાર્યા હતા. બાલબ્રહ્મચારી નેમિનાથ પરમાત્માના શરણે જઈ નેમિપ્રભુના અધિષ્ઠાયિકા અંબિકાદેવીની આરાધનાની ધૂણી ધખાવી અને અખંડ સોળ દિવસના ઉપવાસપૂર્વક કરેલી સાધનાના પ્રભાવે શાસનદેવી પ્રગટ થયા. આચાર્યભગવંત પાસે સૂરિમંત્રના વિસ્મરણની વાતો જાણીને તેઓ વિહરમાન એવા સીમંધર સ્વામીના સમવસરણમાં પહોંચી પ્રભુને આ ઘટનાની જાણ કરે છે. પ્રભુ સીમંધરસ્વામી આચાર્ય ભગવંતને પહોંચાડવા તેમને અન્ય સૂરિમંત્ર આપે છે. અંબિકાદેવી પ્રભુએ આપેલ સૂરિમંત્ર આચાર્ય ભગવંતને પહોંચાડે છે. તેઓશ્રી તે મંત્રની સાધના-આરાધનામાં લાગી જતાં તેના પ્રભાવે તેઓશ્રી દ્વારા શાસનની ઉન્નતિ આદિ અનેકવિધ શાસનના કાર્યો થવાના શરૂ થયા હતા.

**આધાર ગ્રંથ : જૈન પરંપરાનો ઈતિહાસ (ભાગ-૧)**



# ૨૯

## ગુરુવચને ગિરનારભક્તિ

# નાગાર્જુન


### (વિક્રમની ત્રીજી સદીનો કાળ)

ઢંકનગરના ક્ષત્રિય સંગ્રામસિંહના ધર્મપત્ની સુવ્રતાએ ગર્ભમાં આવેલ બાળકના પ્રભાવે હજાર ફણાવાળો નાગ સ્વપ્નમાં જોયો હતો. આ બાળકનો જન્મ થતાં સ્વપ્નદર્શનના કારણે તેનું નામ ''નાગાર્જુન' રાખ્યું હતું.





કાળક્રમે જંગલો, પહાડો અને ગુફાઓમાં ભમતાં ભમતાં ભોમિયા બનેલા નાગાર્જુને જડીબુટ્ટીઓ, રસાયણો અને અનેક વિદ્યાઓનું વિશેષ જ્ઞાન મેળવ્યું હતું. વિદ્યાસિદ્ધ એવા આચાર્ય પાદલિપ્તસૂરિની ભક્તિ-સેવામાં રહીને પોતાના ચાતુર્ય અને બુદ્ધિબળથી તેઓશ્રીને પ્રસન્ન કરીને આકાશમાં ઉડી શકાય તેવો પાદલેપ મેળવ્યો હતો ! ત્યારથી નાગાર્જુને જીવનભર જૈનધર્મ અંગીકાર કર્યો હતો.





સ્વગુરૂની ચીરકાલીન સ્મૃતિ માટે તેમના નામ ઉપરથી સિદ્ધગિરિની તળેટીમાં "પાદલિપ્તપુર" નામનું નગર વસાવ્યું હતું જે આજે "પાલીતાણા" નામથી પ્રસિદ્ધ છે. આચાર્ય ભગવંતના ઉપદેશથી નાગાર્જુનને ગિરનાર અને ગિરનારી એવા નેમિપ્રભુની ભક્તિનો અનેરો રંગ લાગ્યો હતો. તેથી નેમિનાથ પરમાત્માના જીવનચરિત્રથી પ્રભાવિત થયેલા તેણે ગિરનારની તળેટીમાં કિલ્લા પાસે દ્વારકાના રાજમહેલો વગેરે સદૃશ મહેલો બંધાવીને તેમાં દશાર્હમંડપ, ઉગ્રસેનનો મહેલ, નેમિપ્રભુના વિવાહ માટેની વેદિકા, નેમિનાથ ભગવાનનું વિવાહમંડપ ત્યાગી પાછા વળવું તેવું અદ્ભુત દૃશ્ય બતાવતું ચિત્ર વગેરે અનેક પ્રકારની કલાકૃતિથી યુક્ત વિવિધ રચનાઓનું નિર્માણ કરાવ્યું હતું.

શ્રીકાંત નગરના ધનપતિ શેઠને સમુદ્રમાંથી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા મળી હતી. રસસિદ્ધિની સાધના કરવા માટે નાગાર્જુને આ પ્રતિમા સેઢી નદીના કાંઠે સ્થાપી હતી. આ પ્રતિમાજીની સમક્ષ રસસિદ્ધિની સાધના કરવાથી તેને આ કાર્યમાં સફળતા મળી હતી અને તે સ્થાને થામણા ગામ વસાવ્યું હતું. કાળક્રમે આ પ્રતિમાજી સેઢી નદીને કાંઢે રહેલા કોઈ ખાખરાના ઝાડની પાસે ભૂમિમાં દટાઈ ગઈ હતી. પછી વિક્રમની બારમી સદીમાં થામણા ગામના કોઈ પટેલ મહીયલની ગાય નિરંતર ત્યાં જઈને તેની ઉપર દૂધ ઝરી આવતી હતી. ધરણેન્દ્રના સૂચનથી ત્યાં પધારેલ આચાર્ય અભયદેવસૂરિજીએ આ સ્થળ ઉપર ધ્યાનમાં બેસી "જય તિહુઅણવર કપ્પ" સ્તોત્રની રચના કરીને પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરી હતી. આચાર્યભગવંતના પુણ્યપ્રભાવે ત્યાંથી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાજી પ્રગટ થઈ જેની શ્રીસંઘે ખૂબ ઉલ્લાસભેર પ્રતિષ્ઠા કરતાં તે પ્રભાવક તીર્થ બન્યું હતું.

**આધાર ગ્રંથ : જૈન પરંપરાનો ઈતિહાસ (ભાગ-૨)**

# २७


### જબ પ્રાણ તન સે નીકલે...

# વાદિવેતાલ આચાર્ય શાંતિસૂરિ મહારાજ સાહેબ

### (વિ.સં. ૧૦૯૬)

શિશિરઋતુની મંગલ પ્રભાતનો તે સમય હતો. વાદિવેતાલ પ.પૂ. શાંતિસૂરિ મહારાજ સાહેબ થારાપદ્રપુર તરફ વિહાર કરી ગામમાં પહોંચ્યા હતા. શ્રાવકજનના અતિઆગ્રહથી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાન અવસરે શ્રી નાગિની નામની દેવી નૃત્ય કરવા લાગી ત્યારે તે દેવીને યોગ્ય સ્થાને બેસાડવા માટે આચાર્ય ભગવંતે મંત્રિત વાસક્ષેપ નાંખતા તે દેવીએ યોગ્યસ્થાન ગ્રહણ કરી લીધું. આ રીતે જ્યારે જ્યારે આ દેવી નૃત્ય કરવા લાગે ત્યારે તેને અયોગ્ય સ્થાનથી ઉઠાડી યોગ્ય સ્થાને બેસાડવા માટે આચાર્ય ભગવંત વાસક્ષેપ નાંખતા પરંતુ એકવાર કોઈ પણ કારણસર વિસ્મરણ થવાથી આચાર્ય ભગવંત નૃત્ય કરતી તે દેવીને બેસવા માટે અથવા અન્યત્ર ગમન કરવા માટે વાસક્ષેપ નાંખવાનું ભૂલી ગયા.


અવિરતપણે ફરતા કાળચક્રને કોણ અટકાવી શકે? તે દિવસે સવારનો સમય પસાર થયો... મધ્યાહ્નકાળ... સંધ્યાકાળ... પણ પસાર થઈ ગયો અને રાત્રિના સમયે જ્યારે આચાર્ય ભગવંત પરમાત્મધ્યાનમાં લીન થવા પ્રયત્ન કરી રહ્યા હતા તે જ સમયે આચાર્યભગવંતના શુભહસ્તે વાસક્ષેપ ન પડવાથી તે દેવીને સવારથી જ હવામાં ઊંચે અદ્ધર ઉભા રહેવું પડ્યું હતું તેથી તે આચાર્ય ભગવંતને ઉપાલંભ (ઠપકો) આપવા ઉપાશ્રયમાં પ્રવેશ કરે છે.



પરમાત્માના ધ્યાનમાં લીન થઈ આંતરપ્રકાશને પામવાના પ્રયત્ન કરી રહેલા આચાર્ય ભગવંતના સાધનાના સ્થાનમાં અચાનક દીવ્ય પ્રકાશનો પૂંજ પ્રવેશે છે. આ દિવ્યપ્રકાશના પૂંજની સાથે સાથે અત્યંત રૂપવાન આકૃતિને પ્રવેશ કરતી જોઈને આચાર્ય ભગવંત પ્રવર્તક મુનિને પૂછે છે, "હે મુનિવર ! શું અહીં કોઈ રમણીનો પ્રવેશ થયો છે?" એ અવસરે મહાત્મા કહે છે, "ગુરૂદેવ ! હું જાણતો નથી." એ સમયે અત્યંત દેદીપ્યમાન સ્વરૂપવાળી તે દેવી કહે છે,

"આપ કૃપાળુનો વાસક્ષેપ ન પડતાં ઊંચે લટકતાં મારા ચરણકમલમાં અત્યંત પીડા થાય છે, આપના જેવા વિશિષ્ટ શ્રુતજ્ઞાનીને પણ વિસ્મરણ થઈ ગયું અને મારા ઉપર વાસક્ષેપ નાંખવાનું ચૂકી ગયા !આ લક્ષણથી આપ કૃપાળુનું આયુષ્ય હવે છ માસથી વધારે નથી. તેવું મારા જ્ઞાનબળથી સ્પષ્ટ સમજાય છે. તેથી હવે મહાગીતાર્થ એવા આપ પૂજ્યે સમસ્ત ગચ્છની ભાવિવ્યવસ્થા કોઈ યોગ્ય આત્માને સોંપીને આત્મસાધનામાં લીન થવાનો અવસર આવી ચૂક્યો છે તેવું નિવેદન કરવા માટે આજે હું અહીં ઉપસ્થિત છું" આવા દિવ્યવચનો ઉચ્ચારી તે દિવ્યાકૃતિ અંતર્ધ્યાન થાય છે.

નવલી પ્રભાતે પરમ પૂજ્ય આચાર્ય ભગવંત પોતાના ગચ્છના મહાત્માઓને તથા સકળસંઘને એકઠો કરે છે, સૌ સાથે મળી ભાવિની સુયોગ્ય વ્યવસ્થાર્થે વિચાર વિમર્શ કરતાં ફલશ્રુતિ રૂપે બત્રીસ સુયોગ્ય પાત્રોમાંથી ત્રણવિદ્વાન મુનિભગવંતોને પંચપરમેષ્ઠિના તૃતીય એવા આચાર્યપદે સ્થાપન કરવામાં આવે છે, આ ત્રણ મહાત્માઓ (૧) પૂ. આચાર્ય વીરસૂરિ (૨) પૂ. આચાર્ય શાલીભદ્રસૂરિ તથા (૩) પૂ.આચાર્ય સર્વદેવસૂરિ મહારાજ સાહેબ, જાણે સાક્ષાત્ રત્નત્રયી ન હોય! તેમ સદ્વ્રતથી અલંકૃત અને અસાધારણ તેજ થી દીપવા લાગ્યા હતા.




વર્ષોના વર્ષો સુધી પ્રભુના શાસનની અદ્ભુત સેવા દ્વારા પૂજ્ય આચાર્ય શ્રી શાંતિસૂરિ મહારાજ સાહેબે પ્રચંડ પુણ્યોપાર્જન કર્યુ હતું તેથી જીવનસંધ્યાના સર્વોત્કૃષ્ટ કાળે હવે આત્મસાધનામાં લીન થવા થનગની રહ્યા હતા. પૂજ્યશ્રીના વિચાર રત્નાકરમાંથી એક પછી એક રત્નો બહાર આવી રહ્યા હતા. તેમાં એક વિચારમાં દ્રઢ થયા કે અનંતા તીર્થંકર પરમાત્માઓ જે ક્ષેત્રમાંથી સિદ્ધપદને સાધી ગયા છે, ભાવિમાં પણ સાધવાના છે વળી વર્તમાન ચોવીસીના બાવીસમાં તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક જે પાવનભૂમિ ઉપર થયા છે તેવી અનેક સાધકોની સાધનાભૂમિ મહામહિમાવંત શ્રી ગિરનાર મહાતીર્થમાં જઈ અંતિમસાધના કરવી.






આચાર્ય ભગવંત અનંતા તીર્થંકરોના કલ્યાણકોથી પુનિત થયેલ શ્રીગિરનારની ભોમકાને ભેટવાના મનોરથ સાથે રૈવતગિરિના માર્ગે પ્રયાણ આદરે છે, યશનામના સુશ્રાવકના સોઢનામના સુપુત્રને પણ સાથે જ રાખે છે, નાના નાના ગામડાંઓની ભૂમિઓને પોતાની ચરણરજ વડે પવિત્ર કરતાં કરતાં ઉગ્રવિહારના આલંબને તેઓશ્રી ખૂબ ટુંકાસમયમાં રૈવતાચલની શીતળ છાયામાં પહોંચી ગયા. ગિરિઆરોહણ કરી નેમિપ્રભુના દર્શન દ્વારા નયનોને પાવન કર્યા.

શ્રી નેમિનાથ પરમાત્માનું ધ્યાન ધરીને ધર્મધ્યાનરૂપી અગ્નિની જ્વાળા થકી ભવભ્રમણરૂપી વિષવેલડીને ભસ્મીભૂત કરવાનો પ્રબળ પુરુષાર્થ આદર્યો અને ક્ષુધા, તૃષા, નિદ્રાદિથી અલિપ્ત બની પરમસમાધિના શિખરોને સર કરતાં કરતાં પચ્ચીશદિવસના અનશનના અંતે વિક્રમ સંવત



૧૦૯૬ ના જેઠ માસની સુદ નવમીના મંગળવારે કૃત્તિકા નક્ષત્રમાં મહાશાસનપ્રભાવક એવા વાદિવેતાલ શ્રી શાંતિસૂરિ મહારાજ સાહેબે ગિરનારમંડન શ્રી નેમિપ્રભુના પરમ સાંનિધ્યમાં પરમપદ તરફ પ્રયાણ કર્યું હતું.

**આધાર ગ્રંથ : જૈન પરંપરાનો ઈતિહાસ, ભાગ-૧**





# ૨૮

## ઔદાર્યભાવનો ઉજાસ

# ભીમો સાથરીયો (વંથલી)

## (વિ.સં.૧૧૮૫)

ગિરનાર વિભૂષણ નેમિનાથ પરમાત્માના જિનાલયનો જીર્ણોદ્ધાર થયો... તેમાં સદ્વ્યય થયેલા રાજભંડારના દ્રવ્યને ભરપાઈ કરવા સજ્જન મંત્રી વંથલી ગામના શ્રેષ્ઠિવર્ગ સમક્ષ રજૂઆત કરીને ફાળા માટે ટહેલ નાંખે છે. એક પછી એક શ્રેષ્ઠિ યથાશક્તિ રકમ લખાવી રહ્યા હતા તે અવસરે ગિરનાર અને નેમિભક્તિથી ભાવિત એવો ભીમો સાથરીયો ભરસભામાં ધક્કામુક્કી કરી આગળ વધી સજ્જનમંત્રીના પગમાં પડી બે હાથે પોતાની ઝોળી ફેલાવે છે. ભીમાના મેલાઘેલા વેશને જોઈને સભાજનો આવેશમાં આવી તેને સંભળાવે છે કે "બે પૈસા પણ લખાવવાની તેવડ નથી એવા તારે અહીં શું દાટ્યું છે ?"

ભીમો તો સજ્જનમંત્રીને આજીજીપૂર્વક વિનંતી કરે છે કે - "મંત્રીશ્વર! સોરઠની ત્રણ વર્ષની આવક જેટલી મામૂલી રકમ માટે આ ફંડફાળા કરવાની શું જરૂર છે ? આ શેઠીયાઓને તો આવા લાભો અવારનવાર મળતા રહેતા હોય છે, આ લાભ મારા જેવા રાંકડાને આપી બે પૈસાનું પુણ્ય કમાવવાની તક આપશો તો હું ધન્ય બની જઈશ." સજ્જન મંત્રી તો ભીમાની ઉદાર ભાવના જાણી આભો જ બની જાય છે અને ભીમા પાસેથી હકીકત સાંભળી સૌ મહાજનોની રકમનો અસ્વીકાર કરીને ભીમાને આ લાભ આપવા સંમત થાય છે. દ્રવ્યની જ્યારે જરૂર પડશે ત્યારે મંગાવશે તેવું જણાવી સજ્જનમંત્રી જૂનાગઢ પધારે છે.





આ તરફ સિદ્ધરાજ જયસિંહ જીર્ણોદ્ધાર થયેલા ગિરનારના જિનાલયોને જોઈને સજ્જનમંત્રીની સુઝબુઝ અને વફાદારીની પ્રશંસા કરી આ જીર્ણોદ્ધારનો સંપૂર્ણ લાભ રાજભંડારના દ્રવ્ય દ્વારા જ લઈને આ તીર્થભક્તિના પુણ્યને પોતાના આત્મભંડારમાં જમા કરવા તૈયાર થાય છે.

બીજી તરફ ભીમો સાથરીયો તો મંત્રીશ્વરના સમાચાર મળે તેની કાગડોળે રાહજોઈ રહ્યો હતો. ગિરનાર મહાતીર્થના જીર્ણોદ્ધારનો લાભ લેવા અધીરો બનેલો ભીમો તો ધનના ગાડાઓ

ભરી સજ્જન મંત્રીને સોંપવા જૂનાગઢ આવી પહોંચે છે. મહારાજા સિદ્ધરાજની જીર્ણોદ્ધારનો લાભ લેવાની હકીકત સજ્જનમંત્રી ભીમાને જણાવે છે. જીર્ણોદ્ધારના લાભ દ્વારા પુણ્ય કમાવાની અમૂલ્ય તક ઝૂંટવાય ગઈ તેના વસમા આઘાતથી તે મૂર્છિત થઈ પડી જાય છે... થોડી ક્ષણોમાં પુનઃ સ્વસ્થ થતાં તે સજ્જન મંત્રીને જણાવે છે કે "મેં તો જીર્ણોદ્ધાર માટે રકમ આપવાનો સંકલ્પ કરી લીધો હતો તેથી આ દ્રવ્ય હવે મારે કોઈ કામ ન આવે ! આપને જ હવે આ દ્રવ્યનો ઉચિત ઉપયોગ કરવા નમ્ર વિનંતી !" ભીમો તો આ ધન સજ્જનમંત્રીના ચરણે સમર્પણ કરી વંથલી ભણી ચાલી નીકળે છે.

વિચક્ષણ બુદ્ધિવાળા સજ્જનમંત્રી પણ ભીમાની ભાવનાને ન્યાય આપી તે દ્રવ્યથી "મેરકવસી જિનાલય" અને "ભીમકુંડ"નું નિર્માણ કરાવે છે, જે આજે પણ ગિરનાર મહાતીર્થ ઉપર શોભાયમાન થઈ ભીમા સાથરીયાની ઉમદા તીર્થભક્તિની યશોગાથા ગાઈ રહ્યા છે.

**આધાર ગ્રંથ : જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૧**






# ૨૯

### સાધુવેશનો પ્રભાવ

# ઉદયનમંત્રીનો નિર્યામક ભીમો ભરવાડ

## (વિ.સં.૧૨૦૭-૧૨૦૮)

ગુર્જરેશ્વર કુમારપાળ મહારાજાના વૃદ્ધ અને અત્યંત વિશ્વાસપાત્ર એવા ઉદયનમંત્રી હતા. મહારાજાના આદેશથી સોરઠના ઉદ્ધત રાજા સામે યુદ્ધ કરવા મોટી સેના સહિત ઉદયન મંત્રી પ્રયાણ કરે છે.





પ્રથમ શત્રુંજય મહાતીર્થની યાત્રા કરી આદિનાથ દાદાને ભક્તિપૂર્વક ભેટી યુદ્ધ માટે સજ્જ થાય છે. ખૂંખાર યુદ્ધનો પ્રારંભ થાય છે અને તે અવસરે પોતાના સૈન્યનું બળ ભાંગતુ જોઈને સત્ત્વ અને શૌર્યના સ્વામી એવા ઉદયન મંત્રી સ્વયં સંગ્રામમાં કૂદી પડે છે. એક પછી એક શત્રુના સૈન્યને મહાત કરતાં કરતાં તેઓના પ્રચંડ પરાક્રમના બળે શત્રુ રાજા તો જીતાય ગયો, પરંતુ શત્રુ સૈન્યના કારમા પ્રહારોના કારણે મંત્રીશ્વર ખૂબ જ ઘાયલ થઈ ચૂક્યા હતા.

વર્ધમાનપુરી (વઢવાણ)માં આવેલી યુદ્ધની છાવણીમાં ઉપચારાદિ માટે લવાયેલા મહામંત્રી ખૂબ ઘવાયેલ હાલતમાં પથારીમાં બિરાજમાન હતા. ઘડપણ અને યુદ્ધના પ્રહારોના કારણે અશક્ત બનેલ દેહ હવે કેટલો સાથ આપશે તેવા વિચારોમાં હતા. રાજભ્રાતા કીર્તિપાલ અને સામંતો એકઠા થઈ ગયા અને મંત્રીશ્વરને તેમની કોઈ અંતિમ ઈચ્છાઓ હોય તો જણાવવા વિનંતી કરી... મહામંત્રીએ પોતાની ઈચ્છાઓ વ્યક્ત કરી છેલ્લી ઈચ્છારૂપે હવે કોઈ સાધુ ભગવંતના દર્શન થાય અને મને નિર્યામણા કરાવી મારો અંતિમકાળ સમાધિમય પસાર થાય તેવી ભાવના જણાવી...

વર્ધમાનપુરી એટલે કે વઢવાણમાં કે આજુ બાજુ અન્ય કોઈ ક્ષેત્રોમાં જિનેશ્વર ભગવંતના શાસનના કોઈ મહાત્માનું વિચરણ ન હતું. તેથી વિચક્ષણ એવા કીર્તિપાલ વગેરેએ ગામમાંથી કોઈ બહુરૂપિયા એવા ભીમા ભરવાડને જૈન સાધુ ભગવંતના આચાર-વિચાર અને બોલવાની ભાષા વગેરે શીખવાડીને મહામંત્રી સમક્ષ ઉપસ્થિત કર્યા. મંત્રીશ્વર સાધુના દર્શન પામી ભાવવિભોર બની ગયા અને મહાત્માના વંદન પામી પોતાના જીવનને કૃતકૃત્ય માની પરમાત્માના નામસ્મરણ સાથે ઉચ્ચતમ ભાવધારાના પરિણામે સ્વર્ગગમનને પામ્યા હતા.


**“સાધૂનામ્ દર્શનં પુણ્ય...**
**તીર્થભૂતા હી સાધવા”**





આ સૂત્રનું વાસ્તવિક સ્વરૂપદર્શન કરાવતી આ ઘટનાને પામીને સાધુના વેશને ધારણ કરનાર ભીમો ભરવાડ પણ અત્યંત ગદ્‌ગદિત થઈ ગયો... “જિનશાસનના શ્રમણ ભગવંતોના વેશમાત્રમાં પણ કેવી અજબ ગજબની તાકાત છે! આ વેશના પ્રભાવે મારા જેવા નાના માણસને પણ મહામંત્રીશ્વરજી પૂજ્ય માની જીવનની અંતિમ આરાધના કરી ગયા! આવો મહાપવિત્ર અને પ્રભાવક સાધુનો વેશ મારાથી કેમ છોડાય ?” બસ! આ ભાવધારામાં મ્હાલતો ભીમો ભરવાડ સાચુ સાધુપણું સ્વીકારે છે અને વિશેષ કોઈ જ્ઞાનના અભાવે તે અનંતા તીર્થંકર પરમાત્માના કલ્યાણકોથી પાવન બનેલ ગિરનાર ગિરિવરના નેમિનાથ દાદાના શરણે જાય છે અને ૬૦ ઉપવાસની આરાધનાપૂર્વક અનશન સ્વીકારી આત્મકલ્યાણના માર્ગે આગેકૂચ કરે છે.

**આધાર ગ્રંથ : જૈન પરંપરાનો ઈતિહાસ (ભાગ-૨) કુમારપાળ પ્રબોધ પ્રબંધ**






# 30

## શાસનદેવીની સહાય

# આચાર્ય હેમચન્દ્રસૂરિ વગેરે ત્રણ મહાત્મા

## (વિ.સં.૧૨૧૦-૧૫ આસપાસ)

શ્રી હેમચન્દ્રમુનિને ગુરુભગવંતે વિશિષ્ટ આરાધના કરવા જવા અનુજ્ઞા અને આશીર્વાદ આપ્યા. આ આરાધના કરવા અન્ય ગચ્છીય આચાર્ય દેવેન્દ્રસૂરિજી અને મલયગિરિ મુનિ પણ વિવિધ કળાઓની નિપુણતા અને વ્યવહારની કુશળતા પ્રાપ્ત કરવા માટે ગૌડદેશ તરફ પ્રયાણ કરે છે.










એક પછી એક ગામોમાં વિહાર કરી આગળ વધતાં મહાત્માઓ ખિલ્લુર નામના ગામમાં પહોંચ્યા હતા... ત્યાં એક ગ્લાન (બિમાર) મહાત્મા માંદગીમાં પટકાયેલા હતા તે જોઈને "જે ગ્લાનની સેવા કરે છે તે મારી સેવા કરે છે." આવા જિનેશ્વર પરમાત્માના વચનને લક્ષમાં રાખી આ ત્રણેય મહાત્માઓ ગ્લાનમુનિની સેવામાં લાગી ગયા...

તે મુનિ સ્વસ્થતાને પામતાં આ ત્રણેય મહાત્માઓએ અનંતા તીર્થંકરોની કલ્યાણકભૂમિ શ્રી રૈવતગિરિ (ગિરનાર) તીર્થ ઉપર બાલબ્રહ્મચારી નેમિનાથદાદાના દર્શનાદિ ભક્તિ કરવાના ભાવો થયા...






ગામના મુખ્ય શ્રાવકોને બોલાવીને તેઓ દ્વારા સુખાસન (ડોળી) અને તે ઉપાડનારા માણસોને તૈયાર કરીને સવારે આવવા માટે નક્કી કરાવ્યું. બીજા દિવસે નેમિપ્રભુને ભેટવાના મનોરથો સાથે મહાત્માઓ સંથારો કરીને સૂતા અને જાગીને જુએ છે.



સૌ વિસ્મય અને આશ્ચર્યથી દિગ્મૂઢ થઈ ગયા... ત્રણેય મહાત્માઓએ પોતાની જાતને ગિરનારમાં પહાડ ઉપર બિરાજમાન થયેલ જોઈ... તે સૌ અહીં કેવી રીતે ? ક્યારે આવ્યા ? તેનો વિચાર કરે અને પરિસ્થિતિ પામે ન પામે ત્યાં તો ગિરનાર મહાતીર્થના અધિષ્ઠાયિકા અંબિકાદેવી પ્રગટ થયા અને આ મહાત્માઓના ગુણગાન ગાતા કહે છે કે - "ભાગ્યશાળી એવા આપ અહીં જ રહેશો તો બધું જ સારું થઈ જશે." (અર્થાત્ હવે આપને ગૌડદેશ જવાની જરૂર નથી.) આ રીતે ગૌડદેશમાં જવાનો નિષેધ કરીને અનેક પ્રકારની મહાઔષધી અને ઘણા બધા મંત્રોના નામ-પ્રભાવ-આમ્નાય વગેરે આપીને અંબિકા સ્વસ્થાને ગયા.

**આધાર ગ્રંથ : કુમારપાળ પ્રબોધ પ્રબંધ**





# ૩૧

## સિદ્ધચક્રમંત્ર સાધના

# આચાર્ય હેમચન્દ્રસૂરિ આદિ ત્રણ આચાર્ય ભગવંત

## (વિ.સં. ૧૨૨૦ આસપાસ)


આચાર્ય હેમચંદ્રસૂરિ મહારાજના ગુરૂભગવંતે આસો વદ ચૌદશ (કાળી ચૌદશ)ના શુભ દિવસે શુભમુહૂર્તે તેમને આમ્નાય સહિત શ્રી સિદ્ધચક્ર મહામંત્ર આપ્યો હતો. આ મહામંત્રને સાધવા માટે ઉત્તરસાધક તરીકે પદ્મિની સ્ત્રીની આવશ્યકતા હતી જેના પ્રભાવે આ મંત્ર સિદ્ધ થતાં તે ઈચ્છિત વરદાન આપવા માટે સમર્થ બની જાય.








અવસરે એક વખત આ. દેવેન્દ્રસૂરિ, આ. મલયગિરિસૂરિ અને આ. હેમચન્દ્રસૂરિ વિહાર કરીને કુમારગ્રામમાં પધાર્યા હતા. ધોબીઘાટ પાસેથી પસાર થતાં હતા ત્યારે સૂકવવા માટે મૂકેલી સાડીની આજુબાજુ ભમરાઓને ગુંજારવ કરતાં જોઈને વિચક્ષણ એવા મહાત્માઓને "પદ્મિની સ્ત્રી પુષ્પગંધી" એવું સ્મરણ થયું... ધોબીની સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે આ સાડી ગામના મુખીની ધર્મપત્ની રત્નવતીની છે. મહાત્માઓએ ત્યાં ચાતુર્માસિક સ્થિરતા કરવા માટે યોગ્ય સ્થાનની યાચના કરતાં મુખીએ ચાતુર્માસ કરવા યોગ્ય વસતી આપતાં નિત્ય ધર્મદેશનાનો પ્રારંભ થયો અને મુખીનું મન તેઓશ્રીની અમૃતવાણીથી ભીંજાવા લાગ્યું. વળી મહાત્માઓના જ્ઞાન-ક્રિયામાં અપ્રમત્તતા - વૈરાગ્ય આદિ ગુણોનો તે અનુરાગી બન્યો. ચાતુર્માસની પૂર્ણાહુતિના દિવસો નજીક આવી રહ્યા હતા તે અવસરે ગદ્ગદ્ સ્વરે મુખીએ આજીજીપૂર્વક વિનંતી કરી કે - "ગુરુભગવંત આપે આ અમૃતવાણીનું પાન કરાવી મારા ઉપર જે ઉપકારો કર્યા છે તેનું ઋણ ક્યા ભવમાં ચૂકવી શકીશ તે તો પ્રભુ જાણે ! પરંતુ વર્તમાનમાં મારા લાયક કોઈપણ કાર્યસેવા હોય તો નિઃસંકોચ જણાવવા કૃપા કરશોજી."





મહાત્માઓએ મુખીની ગંભીરતા અને ગુણાનુરાગિતા વગેરે ગુણોને જોઈને પોતાની સિદ્ધચક્ર મંત્રસાધના કરવાની ભાવના વ્યક્ત કરી જણાવ્યું કે "આ સાધના કરવા માટે અમારે સામે પદ્મિની સ્ત્રીને નિર્વસ્ત્ર ઉપસ્થિત રાખી મંત્ર આરાધના કરવાની હોય છે. આપની પત્ની પદ્મિની સ્ત્રી છે એટલે જો કાળીચૌદશની રાત્રે ગિરનાર તીર્થ ઉપર આપની પત્નીને લઈને આવો તે અવસરે અમારે તે પદ્મિની સ્ત્રીની સન્મુખ રહીને અમારી આરાધના કરવાની અને તે અવસરે તમારે ખૂલ્લી તલવારે ઉભા રહેવાનું અને જો તમારા પત્ની પ્રત્યે અમને સહેજ પણ વિકારભાવ જાગેલો દેખાય તો તમારે અમારા મસ્તકને તરત જ ધડથી જૂદા કરી નાંખવા."



મહાત્માઓની આ વાત સાંભળીને અત્યંત વિસ્મિત અને આશ્ચર્યચકિત થયેલો મુખી ક્ષણભર માટે વિચારે છે કે, "આ મહર્ષિઓ ઘાસ કે મણિ, માટીનું ઢેફુ કે સુવર્ણમાં સમાન બુદ્ધિવાળા છે, પરબ્રહ્મની સાધના અને સમાધિ સાધનારા છે, તો તેઓનું આ મોટું કામ જો થતું હોય તો ભલે થાય તેઓને સહાયક બનવામાં મારે વધારે શું વિચારવાનું હોય?" આવું વિચારીને તે નિર્ભય બની પત્ની સાથે કાળીચૌદશના દિવસે ગિરનાર ઉપર ગયો.

ગિરનાર ઉપર અનંતા તીર્થંકરોના કલ્યાણકોની ઉર્જાથી વાસિત પરમપવિત્ર સ્થાનમાં, તીર્થાધિપતિ નેમિનાથ પરમાત્માના અચિન્ત્ય પ્રભાવ અને તીર્થાધિષ્ઠાયિકા અંબિકાદેવીના સાન્નિધ્યમાં શુભ-ધ્યાનથી અત્યંત ધીર અને સ્થિર બુદ્ધિવાળા મહાત્માઓની સાધનાનો મંગલપ્રારંભ થયો. ઉત્તરસાધક એવી નિર્વસ્ત્ર પદ્મિનીસ્ત્રી અને ખૂલ્લી તલવારે ઉભા રહેલા તેના પતિ સ્વરૂપે રાગ અને ભયના નિમિત્તોમાં લેશમાત્ર પણ ચલાયમાન ન થયા. સિદ્ધચક્ર મંત્રના અધિષ્ઠાયકદેવની આહ્વાન, અવગુંઠન, મંત્રન્યાસ આદિ પૂર્વ સેવાપૂર્વક મંત્રસાધનામાં ધીમે ધીમે તન્મય થયા ત્યારે તેઓશ્રીને ધીરતા, ગંભીરતા, અડગતા, આશયશુદ્ધિ આદિ ગુણોના પ્રભાવે મંત્રસિદ્ધિ પ્રાપ્ત થઈ હતી.

સિદ્ધચક્ર મંત્રના અધિષ્ઠાયક વિમલેશ્વર દેવ પ્રગટ થયા અને ત્રણેય મહાત્માઓને ઈચ્છિત વરદાન માંગવા માટે વિનંતી કરી, ત્યારે

(૧) આચાર્ય દેવેન્દ્રસૂરિએ કાંતિપુરીના જિનાલયને સેરીશા લાવવાનું બળ માંગ્યું.

(૨) આચાર્ય મલયગિરિસૂરિએ આગમો ઉપર સુલભ વૃત્તિની રચના કરવાનું બળ માંગ્યું અને

(૩) આચાર્ય હેમચન્દ્રસૂરિએ રાજપ્રતિબોધક ઉપદેશ કરી શકાય તેવું બળ માંગ્યું.

શાસનહિતકારી અને નિઃસ્વાર્થ એવી માંગણીથી હર્ષિત બનેલા દેવે તેઓશ્રીની ભાવનાનુસારની શક્તિ આપી હતી.

**આધાર ગ્રંથ : કુમારપાળ પ્રતિબોધ પ્રબંધ કુમારપાળ રાજાનો રાસ**


# ૩૨

## સુવર્ણથી મઢેલ શિખરો

# આચાર્ય રત્નસિંહસૂરિ

## (વિ.સં. ૧૪૫૨ થી ૧૫૩૦)


વિ. સં. ૧૪૫૨માં આચાર્ય જયતિલકસૂરિજીએ ખંભાતમાં પોતાના શિષ્યરત્નને આચાર્યપદ પ્રદાન કરતાં આચાર્ય રત્નસિંહસૂરિનું નામ જિનશાસનમાં ઝળહળી ઉઠ્યું હતું. તેમના અન્ય નામો "જિનરત્ન", "વિજયરત્ન" અને "વિનયરત્ન" પણ હતા.



તેઓશ્રીના પુણ્યપ્રભાવે જીરાવલા પાર્શ્વનાથના જિનપ્રાસાદમાં ઘણી દેરીઓનું નિર્માણ થયેલ તથા જયપુર, ડુંગરનગર, ખંભાત, વિજાપુર વગેરે અનેક સ્થાનોમાં તેઓશ્રીના વરદહસ્તે અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ થઈ હતી. આ ઉપરાંત વિ.સં. ૧૪૫૨ થી વિ.સં. ૧૫૩૩ સુધીના કાળના ઘણા પ્રતિમાજીઓના લેખોમાં તેમના નામનો ઉલ્લેખ જોવા મળે છે.

ખંભાતના શ્રાવક હરપતિ અને શાણરાજ વગેરે તથા મહમ્મદ ખીલજીના માનીતા સુબા મહામંત્રી ધનરાજ વગેરે આચાર્ય રત્નસિંહસૂરિજીને પૂર્ણપણે સમર્પિત બની જિનશાસનની પ્રભાવનાના અનેક ઉત્તમ કાર્યોમાં જોડાયા હતા. અમદાવાદના રાજા અહમ્મદશાહે પણ તેમના આચારાદિથી પ્રભાવિત થઈ તેઓશ્રીના ચરણકમલની પૂજા કરી હતી.





વિ.સં. ૧૫૦૭ ના મહા સુદ ૭, ગુરૂવારના શુભદિને ગિરનાર ઉપર આચાર્ય જયતિલકસૂરીશ્વરજીની પાટે આચાર્ય રત્નસિંહસૂરિજીનો પટ્ટાભિષેક થયો ત્યારે જૂનાગઢના રા'મહિપાલ પણ હાજર રહ્યા હતા. સૂરિ ભગવંતના ઉપદેશના પ્રભાવે રા'મહિપાલે સમસ્ત જીવોને અભયદાન આપતી અમારી પ્રવર્તનની ઘોષણા કરાવી હતી અને સમસ્ત રાજ્યમાં પાંચમ-આઠમ-અગ્યારશ-ચૌદશ અને અમાસ જેવી પર્વતિથિઓમાં પણ અમારી પ્રવર્તનની જાહેરાત કરાવવા દ્વારા આચાર્ય રત્નસિંહસૂરિજીના પટ્ટાભિષેક મહોત્સવને ચાર ચાંદ લગાવ્યા હતા. આવા ઐતિહાસિક ઈતિહાસને જૂનાગઢના ઉપરકોટના શિલાલેખમાં કંડારવામાં આવ્યો હતો.



સૂરિ ભગવંતની પ્રેરણાના પ્રભાવે રા'મહિપાલે ગિરનાર મહાતીર્થના નેમિનાથ પ્રભુના જિનાલયને સુવર્ણના પતરાથી મઢાવ્યું હતું. આવા જિનશાસન અને ગિરનારતીર્થની જાહોજલાલીના વિશિષ્ટ કાર્યો સૂરિ ભગવંતના પ્રચંડ પુણ્યોદયે થયા હતા.

**આધાર ગ્રંથ :**
**જૈન પરંપરાનો ઈતિહાસ**
**(ભાગ-૨)**




# 33

# ગિરનારની ગૌરવ યાત્રા

ગિરનાર મહાતીર્થની તળેટીમાં શેઠ દેવચંદ લક્ષ્મીચંદ પેઢી સંચાલિત કાંતાબા સંકુલમાં શ્રી આદિનાથ ભગવાનના જિનાલયમાં દર્શન કરી તે જ સંકુલમાં નિર્માણ પામેલ વિશાળ જય તળેટીમાં નેમિનાથ ભગવાન, પાર્શ્વનાથ ભગવાન, ચંદ્રપ્રભસ્વામી ભગવાન, અભિનંદન સ્વામી ભગવાન તથા સંભવનાથ ભગવાનની દેરીમાં ચરણપાદુકાનાં દર્શન, જય તળેટીની શિલાની સ્પર્શના, શાસન અધિષ્ઠાયક ગોમેધ યક્ષ, અંબિકાદેવીને પ્રણામ કરી ગિરનાર ગિરિવરના પ્રવેશદ્વારમાં પ્રવેશ કરતાં અંદર ડાબા હાથ ઉપર ચડાવ હનુમાનનું મંદિર આવે છે. જ્યારે જમણી બાજુ પોલીસ ચોકીની બાજુમાં બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનનાં પગલાંની દેરી આવે છે. તે વિશાશ્રીમાળી શ્રાવક લખમીચંદ પ્રાગજીએ બંધાવી હતી, જેમાં શ્રી નેમિપ્રભુના પૂર્વાભિમુખ પગલાં તેની પાછળ દિવાલમાં શ્વેત વર્ણના અષ્ટપ્રાતિહાર્યયુક્ત નેમિનાથ પરમાત્માનો પટ્ટ બનાવેલ છે અને શાસન તથા તીર્થના અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવીની પ્રતિમા પબાસણની દિવાલમાં નીચે પધરાવવામાં આવેલી છે.

ગિરનાર મહાતીર્થની યાત્રાએ પધારેલા સૌ ભાવિકજનોએ યાત્રાનો પ્રારંભ કરતાં પહેલાં આ દેરીનાં દર્શન અવશ્ય કરી પોતાની યાત્રા નિર્વિઘ્ને પાર પડે તે માટે શાસન/તીર્થના અધિષ્ઠાયિકાને અવશ્ય પ્રાર્થના કરવી જોઈએ.

ગિરનારની યાત્રામાં સુગમતા માટે વિ.સં. ૧૨૨૨-'૨૩માં આંબડ શ્રાવકે સુવ્યવસ્થિત પગથિયાં બંધાવ્યા હતાં. ત્યારબાદ અવસરે અવસરે તેનો ઉદ્ધાર કરાવ્યા હોવાના લેખો જોવા મળે છે.





આ દેરીનાં દર્શન કરી આગળ ચાલતાં ૧૫ પગથિયાએ ડોળીવાળાનું સ્થાન આવે છે, ત્યાંથી આગળ વધતાં લગભગ ૮૫ પગથિયાં પાસે પાંચ પાંડવોની દેરી આવે છે, જેમાંની ચાર દેરીઓ ડાબી બાજુએ અને જમણી તરફ એક દેરી હતી, હાલ તેના જૂના સ્થાપત્ય જોવા મળે છે. આગળ ૨૦૦ પગથિયાં પાસે ચુનાદેરી - શીતળામાતાનું મંદિર અથવા તપસી પરબનું સ્થાન આવે છે. આગળ ૫૦૦ પગથિયાં પાસે જમણી તરફ છોડિયા પરબનું સ્થાન આવે છે, જ્યાં હાલ વિશ્રામ માટેનું નવું સ્થાન બનાવવામાં આવેલ છે. ત્યાંથી આગળ જતાં ડાબી બાજુ એક રાયણનું વૃક્ષ આવે છે, જ્યાં પાણીની પરબ છે, ૮૦૦ પગથિયે ખોડિયારમાની જગ્યા આવે છે, આગળ જતાં લગભગ ૧૧૫૦ પગથિયાં પાસે ડાબી બાજુથી જટાશંકર મહાદેવની જગ્યાએ જવાનો રસ્તો છે. લગભગ ૧૧૬૫ પગથિયે ડાબી બાજુ વન વિભાગ દ્વારા એક નવું વિશ્રામસ્થાન બનાવવામાં આવેલ છે. આગળ જતાં ૧૫૦૦ પગથિયાનું સ્થાન ધોળીદેરીથી ઓળખાય છે, ત્યાં પણ વન વિભાગ દ્વારા વિશ્રામ માટેનું નવું સ્થાન બનાવવામાં આવ્યું છે. આગળ વધતાં લગભગ ૧૯૫૦ પગથિયાંના સ્થાનને કાળીદેરીના નામથી ઓળખવામાં આવે છે, ત્યાં પણ વન વિભાગ દ્વારા **વિશ્રામ માટેના બે નવા સ્થાન બનાવવામાં આવ્યા છે.** અહીં જે જૂનું મકાન છે તેના ઉપર ધનીપરબની તક્તિ હજુ પણ જોવા મળે છે. આગળ ૨૦૦૦ પગથિયાં પાસે ડાબી તરફ કેડી માર્ગે આગળ જતાં વેલનાથ બાપુની સમાધિનું સ્થાન આવે છે, કોઈક સાહસવીર હોય તો તે સ્થાનથી પહાડના માર્ગે સહસાવન તરફ જવાનો ટૂંકો રસ્તો મળી શકે છે. ૨૦૦૦ પગથિયાંથી આગળ જતાં લગભગ ૨૨૦૦ પગથિયાં પાસે ભરથરીની ગુફાનું સ્થાન આવે છે, ૨૩૦૦ પગથિયાં પાસે માળી પરબ આવે છે, જ્યાં રામજીમંદિર આવેલું છે ડાબા હાથે લગભગ ૨૧૦૦ પગથિયાથી ૩૩૦૦ પગથિયા સુધીમાં આવા લેખ ૧૩ થી ૧૪ સ્થાને જોવા મળે છે. તેમાંથી બે - ત્રણ લેખ ખંડિત થયા છે. એક પથ્થરમાં વિ.સં.૧૨૨૨ श्री श्रीमालज्ञातिय महं श्री राणिग सुत महंश्रीआंबाकेन पद्या कारिता - આવો લેખ જોવા મળે છે. અહીં નજીકમાં મીઠા અને શીતળ જલનો એક કુંડ પણ છે. ત્યાં એક છૂટા લેખમાં વિ.સં.૧૨૪૪માં શ્રી પ્રભાનંદસૂરિ મહારાજ સાહેબના ઉપદેશથી આ કુંડ બાંધવામાં આવ્યો હોવાનો ઉલ્લેખ છે.






આ મંદિરથી આગળ વધતાં થોડા કઠણ ચડાવ બાદ લગભગ ૨૪૫૦ પગથિયાં પાસે ‘કાઉસ્સગ્ગીયાનો પથ્થર’ તથા પ્રાચીન ‘હાથી પહાણો’ આવે છે, જો કે તે પહાડ ઉપર લપસી જવાનો ભય રહેતો હોવાથી અધિકૃત વ્યક્તિઓ દ્વારા હાલ ત્યાં સિમેન્ટ કોંક્રિટનો માલ નાંખી દીધો હોવાથી તે પથ્થર સંપૂર્ણતયા ઢંકાઈ ગયેલ છે. ત્યાંથી આગળ ચાલતાં ૨૬૦૦ પગથિયાં પાસે સતી રાણકદેવીનો પથ્થર આવે છે અને ૨૬૫૦ પગથિયાં પાસે પહાડની એક દિવાલમાં નીચે પ્રમાણેનો લેખ કોતરવામાં આવેલો આજે પણ જોવા મળે છે,

स्वस्ति श्री संवत १६८३ वर्षे कार्तिक वदी ६ सोमे श्री गिरनारनी पूर्वनी पाजनो उद्धार श्री दीवना संघे पुरूषा निमित्त श्रीमालज्ञातीय मां. सिंघजी मेघजीए उद्धार कराव्यो ।

ત્યાંથી થોડા કપરાં પગથિયાંઓ ચઢીને આગળ વધતાં લગભગ ૨૮૫૦ પગથિયાં પાસે જમણી બાજુ લોખંડની જાળીવાળી એક દેરીમાં જિનેશ્વર પરમાત્માની મૂર્તિઓ કંડારવામાં આવેલી આજે પણ જોવા મળે છે. ત્યાંથી આગળ ૨૯૦૦ પગથિયાં પાસે ધોળો કુંડ આવે છે. આગળ જતાં ૩૧૦૦ પગથિયાં પાસે ડાબા હાથે દિવાલના એક ગોખલામાં ખોડિયારની જગ્યા આવે છે અને ૩૨૦૦ પગથિયાં પાસે ખબૂતરી અથવા તો ‘કબૂતરી ખાણ’ કહેવાતાં એક સ્થાનમાં કાળા પથ્થરમાં અનેક બખોલો જોવા મળે છે. લગભગ ૩૪૦૦ પગથિયે પરબ છોડીને આગળ વધતાં **સુવાવડી માતાની જગ્યા** નામનું સ્થાન આવે છે, લગભગ ૩૫૫૦ પગથિયાં પંચેશ્વરની જગ્યા નામે ઓળખાય છે, જ્યાં હાલ જય સંતોષી માં, ભારતમાતાનું મંદિર, ખોડિયાર માનું મંદિર, વરૂડી માનું મંદિર, મહાકાલિનું મંદિર તથા કાલિકા માનું મંદિરના નામે દેરીઓ આવે છે. ત્યાંથી આગળ વધતાં લગભગ ૩૮૦૦ પગથિયાં બાદ ઉપરકોટના કિલ્લાનો દરવાજો આવે છે, તેને દેવકોટ પણ કહેવામાં આવે છે, તે દરવાજાની ઉપર નરશી કેશવજી એ માળ બંધાવ્યો હતો, જેમાં હાલ વનસંરક્ષણ વિભાગની ઑફિસ જોવામાં આવે છે. આ દરવાજાથી અંદર પ્રવેશ થતાં અનેક જિનાલયોની હારમાળાનો પ્રારંભ થાય છે.



# ૩૪

# શ્રી ગિરનાર ગિરિરાજના ગૌરવવંતા જિનાલયો વગેરે

ગિરનાર મહાતીર્થના પહાડ ઉપર આવેલા દેરાસરના નિર્માણમાં વિશિષ્ટ કોટિની કાર્યકૌશલ્યતાનાં દર્શન થાય છે. શિલ્પકલાના સૌંદર્યની વૈવિધ્યતાના કારણે પ્રત્યેક જિનમંદિરો પોતાનું આગવું વ્યક્તિત્વ ધરાવે છે. આબુ-દેલવાડા- રાણકપુર ને જેસલમેર આદિ જિનાલયોની કલાકૃતિ અને ઝીણી ઝીણી કોતરણીની યાદ અપાવે તેવી વિશિષ્ટ કલાકૃતિ આ ગિરનાર મહાતીર્થના જિનાલયોમાં જોવા મળે છે, મનોહર અને નયનરમ્ય એવાં જિનાલયોની જિનપ્રતિમા તથા કલા- કુશળતા નિરખતાં મન ધરાતું નથી.

## શ્રી નેમિનાથજીની ટૂંક

આ કિલ્લાના મુખ્ય દ્વારથી અંદર પ્રવેશ કરતાં ડાબી બાજુ શ્રી હનુમાનની દેરી તથા જમણી બાજુ કાલભૈરવની દેરી આવે છે. ત્યાંથી ૧૫-૨૦ ડગલાં આગળ ચાલતાં ડાબા હાથે શ્રી નેમિનાથજીની ટૂંકમાં જવાનો મુખ્ય દરવાજો આવે છે, જ્યાં "શેઠશ્રી દેવચંદ લક્ષ્મીચંદની પેઢી- ગિરનારતીર્થ" તેવા લખાણવાળું બૉર્ડ મારવામાં આવેલ છે. આ મુખ્ય દરવાજાથી અંદર પ્રવેશતાં ડાબી-જમણી બાજુ પૂજારી-ચોકીદાર-મેનેજર આદિ કર્મચારીઓને રહેવા માટેની ઓરડીઓ છે. ત્યાંથી આગળ વધતાં ડાબી બાજુ પાણીની પરબ તથા ઉપર-નીચે યાત્રિકોને વિશ્રામ કરવા માટે ધર્મશાળાની રૂમો બનાવવામાં આવેલ છે તથા ઉપર યાત્રિકોને ભાતું



વાપરવાની વ્યવસ્થા છે. પૂર્વે પેઢી દ્વારા અહીં લાડવા-ગાંઠિયા રૂપ ભાતું આપવાની વ્યવસ્થા હતી, સામેની બાજુ યાત્રિકો માટે શૌચાલયની વ્યવસ્થા પણ રાખવામાં આવેલી છે. જમણી બાજુ શેઠ દેવચંદ લક્ષ્મીચંદ પેઢીની ઑફિસ આવે છે, તેને છોડીને આગળ વધતાં જમણી બાજુ વળીને પાછા ડાબી બાજુ વળતાં ડાબા હાથ ઉપર યાત્રિક ભાઈ-બહેનોને ન્હાવા માટેના સ્નાનગૃહ બનાવવામાં આવ્યા છે, ત્યાંથી આગળ વધતાં ન્હાવાનું ગરમ પાણી બનાવવા માટેની ઓરડી છે તથા જમણી બાજુ પીવાના ઉકાળેલા પાણીની ઓરડી છે. ત્યાંથી આગળ વધતાં ગિરનારમંડન શ્રી નેમિનાથ પરમાત્માના મુખ્ય જિનાલયનું દક્ષિણ દિશા તરફનું પ્રવેશદ્વાર આવે છે, તે દ્વારથી પ્રવેશ કરતાં જ શ્રી નેમિનાથ ભગવાનના મુખ્ય જિનાલયના પ્રાંગણનો પ્રારંભ થાય છે. આ ચોક ૧૩૦ ફૂટ પહોળો તેમજ ૧૯૦ ફૂટ લાંબો છે,જેમાં મુખ્ય જિનાલયની ફરતી ભમતીમાં ૮૪ દેરીઓ છે.

જિનાલયના દક્ષિણદ્વાર બહાર જ જમણા હાથે શ્રી અંબિકાદેવીની દેરી આવે છે.

❖ **શ્રી અંબિકા દેવીની દેરી**


ગિરનાર મહાતીર્થ તથા શ્રી નેમિનાથ ભગવાનના શાસનના અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવીની સુંદર મૂર્તિ અહીં છે. જેનો અચિન્ત્ય પ્રભાવ છે. જિનાલયમાં પ્રવેશતાં પૂર્વે તેનાં દર્શન અવશ્ય કરવાં જોઈએ.

❖ **ગોમેધયક્ષની દેરી**

ગિરનાર મહાતીર્થ તથા શ્રી નેમિનાથ ભગવાનના શાસનના અધિષ્ઠાયક શ્રી ગોમેધયક્ષની વિ. સં. ૨૦૭૯ના માગસર સુદ - ૧૦ ના દિવસે અહીં પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

❖ **શ્રી નેમિનાથ જિનાલય (શ્રી નેમિનાથ ભગવાન - ૬૧ ઈંચ)**

શ્રી નેમિનાથ જિનાલયના પ્રાંગણમાં પ્રવેશ કરતાં શ્રી નેમિનાથ ભગવાનના વિશાળ અને ભવ્ય ગગનચુંબી શિખરબંધી જિનાલયનાં દર્શન થાય છે. અત્યંત આલ્હાદદાયક આ જિનાલયનાં દક્ષિણ દ્વારમાંથી પ્રવેશ કરતાં ૪૧.૬ ફૂટ પહોળો અને ૪૪.૬ ફૂટ લાંબો



રંગમંડપ આવે છે, જેના મુખ્ય ગભારામાં ચિત્તને અનેરો આનંદ આપતી ગિરનાર ગિરિભૂષણ શ્રી નેમિનાથ પરમાત્માની શ્યામવર્ણીય મનોહર પ્રતિમા બિરાજમાન છે, જેનાં દર્શન કરતાંની સાથે જ ગિરિવર આરોહણના થાકની સાથે સાથે ભવભ્રમણનો થાક પણ ઉતરી જાય છે.

મૂળનાયક શ્રી નેમિનાથ પરમાત્માની આ પ્રતિમા વિશ્વમાત્રમાં વર્તમાનમાં સૌથી પ્રાચીનતમ પ્રતિમા છે. આ પ્રતિમા ગઈ ચોવીસીના ત્રીજા સાગર નામના તીર્થંકરના કાળમાં પાંચમા દેવલોકના બ્રહ્મેન્દ્ર દ્વારા બનાવરાવવામાં આવી હતી. આ પ્રતિમા ૧,૬૫,૭૫૮ વર્ષ ન્યૂન ૨૦ કોડાકોડીસાગરોપમ વર્ષ પ્રાચીન છે. શ્રી નેમિનાથ ભગવાનના નિર્વાણના ૨૦૦૦ વર્ષ બાદ કાશ્મીર દેશથી સંઘ લઈને આવેલ શ્રી રત્નસાર નામના શ્રાવકે શાસન અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવીની આરાધના કરી તેમની સહાયથી આ પ્રતિમા મેળવીને તેની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. અબજો વર્ષ સુધી પાંચમા દેવલોકમાં તથા શ્રી નેમિનાથ પ્રભુની હયાતિમાં દ્વારિકાનગરીમાં શ્રીકૃષ્ણના જિનાલયમાં પૂજાયેલ છે. આ પ્રતિમા રત્નસારશ્રાવક દ્વારા પ્રતિષ્ઠા થયા બાદ ૧,૦૩,૨૫૦ વર્ષ સુધી આ જ સ્થાને પૂજાશે, તેવા શ્રી નેમિપ્રભુના વચન હોવાથી પાંચમા આરાના છેડા સુધી આ પ્રતિમા અહીં પૂજાશે. ત્યારબાદ શાસનદેવી અંબિકા દ્વારા તે પાતાળલોકમાં લઈ જવાશે અને ત્યાં તે પૂજાશે, આ રીતે આ પ્રતિમા ત્રણેય લોકમાં પૂજાશે. લગભગ ૮૪,૫૪૯ વર્ષથી આ પ્રતિમા આ સ્થાન ઉપર બિરાજમાન છે. આજ સુધી આ જિનાલયના અનેક જીર્ણોદ્ધાર થવા પામેલ છે.

મૂળનાયકની ફરતી ભમતી તથા પ્રથમ રંગમંડપમાં તીર્થંકર પરમાત્માની પ્રતિમાઓ તથા યક્ષ-યક્ષિણી અને ગુરૂભગવંતની પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવેલ છે, જેમાં તાજેતરમાં એટલે કે વિ. સં. ૨૦૭૯ના માગશર સુદ-૧૦ ના દિને નવ - નવ આચાર્ય ભગવંતોની પાવનનિશ્રામાં બે શ્વેતવર્ણીય નેમિનાથ ભગવાન, પરિકરમાં ૧૭ ગણધરયુક્ત સિદ્ધાત્મા શ્રી વરદત્તગણધર, સિદ્ધાત્મા રાજીમતી, કલિકાલ સર્વજ્ઞ

શ્રી હેમચંદ્રાચાર્યજી, શાંતિસૂરિ મહારાજ સાહેબ, પરમાર્હત કુમારપાળ મહારાજા તથા સિદ્ધાત્મા શ્રીરહનેમિજીની નૂતન પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા થયેલ છે. આ રંગમંડપની આગળ ૨૧ ફૂટ પહોળો અને ૩૮ ફૂટ લાંબો બીજો રંગમંડપ આવે છે, જેમાં મધ્યમાં ગણધર ભગવંતોના લગભગ ૮૪૦ પગલાંની જોડ જુદા જુદા બે પબાસણ ઉપર સ્થાપિત કરવામાં આવેલ હતી. જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૬૯૪ ચૈત્ર વદ બીજના દિવસે કરવામાં આવેલ હતી. આ પગલાંઓ અત્યંત ખંડિત થઈ ગયેલ હોવાથી તાજેતરમાં જીર્ણોદ્ધાર (વિ. સં. ૨૦૬૫થી શરૂ થયેલ) દરમિયાન આ પગલાંની વિસર્જન વિધિ કરાવીને બંને પબાસણોને દૂર કરવામાં આવેલ છે, આજુબાજુ વિ. સં. ૨૦૦૬માં તીર્થંકર પરમાત્માની પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવેલ હતી, આ જિનાલયની બહાર ભમતીમાં પશ્ચિમ દિશાથી શરૂ કરતાં વિ.સં. ૧૨૮૭માં પ્રતિષ્ઠા કરેલ નંદીશ્વરદ્વીપનો પટ, જિનપ્રતિમાઓ, સમેતશિખરજી તીર્થનો પટ, શાસન અધિષ્ઠાયક ગોમેધયક્ષની દેરી, શ્રી નેમિનાથ જીવનચરિત્રના ચાર પટ, જૈન શાસનના વિવિધ અધિષ્ઠાયક દેવ-દેવીની પ્રતિમા, શાસનદેવી અંબિકાની દેરી, શ્રી નેમિનાથ તથા શ્રી મહાવીર પ્રભુના પગલાંની દેરી, શ્રી વિજયાનંદસૂરિ (પૂ.આત્મારામજી) મહારાજની પ્રતિમા આદિ સ્થાપન કરેલ છે.

ભમતીમાં એક ખંડમાં પ્રવેશ કરતાં જ સામે શ્વેતવર્ણીય નેમિનાથ પરમાત્મા બિરાજમાન છે. અંદર પ્રવેશ કરી ડાબી બાજુથી ક્રમસર પૂ. આ. નીતિસૂરિ મહારાજ સાહેબની પ્રતિમા, પ. પૂ. હીરચન્દ્રસૂરિ મહારાજ સાહેબ, પૂ. આ. જિનચંદ્રસૂરિ મહારાજ સાહેબ, પૂ. રામવિજયગણિ તથા મહાવીર પ્રભુની પાટ પરંપરામાં પૂ. આ. નીતિસૂરિ મ.સા. સુધીના મહાત્માઓના પગલાં, ગિરનાર મહાતીર્થથી ગત ચોવીસી (અતીત ચોવીસી)માં મોક્ષગમન પામેલ ૧૦ તીર્થંકર પરમાત્માની સ્વ-સ્વવર્ણની પ્રતિમાજી તથા જેમના કાળમાં પાંચમા દેવલોકના બ્રહ્મેન્દ્ર દ્વારા સ્વભક્તિ માટે આ નેમિનાથ પ્રભુજીના બિંબનું નિર્માણ થયેલ તે ગતચોવીસીના ત્રીજા શ્રી સાગરતીર્થંકર પરમાત્માની પ્રતિમા, શ્રી નેમિનાથ ભગવાન, યુગાદિદેવ આદિનાથ પ્રભુના પગલાં, સતી રાજીમતીશ્રીજીના



પગલાં તથા શ્યામવર્ણના બે નેમિનાથ પ્રભુ અને અનાગત (આવતી) ચોવીસીમાં આ ગિરનાર મહાતીર્થની ધન્ય ધરા ઉપરથી પરમપદને પામનાર શ્રી પદ્મનાભસ્વામી આદિ ચોવીસ તીર્થંકર પરમાત્મા દક્ષિણ-પશ્ચિમ-ઉત્તર દિશામાં બિરાજમાન કરવામાં આવેલ છે. પશ્ચિમ દિશામાં મૂળનાયક તરીકે શ્રી પદ્મનાભ પ્રભુની અન્ય એક પ્રતિમાજી બિરાજમાન કરવામાં આવેલ છે. બાજુમાં ઉત્તર દિશામાં પૂ. આ. નીતિસૂરિ મ.સા.ની અન્ય એક પ્રતિમાજી બિરાજમાન કરવામાં આવેલ છે. દક્ષિણ દિશામાં એક નાના સાંકડા દ્વારથી નીચે જતાં ભોંયરામાં મનોહારી, કામણગારી એવા લગભગ ૬૧ ઈંચના શ્વેત વર્ણના સંપ્રતિકાલીન પ્રગટ પ્રભાવક અદ્ભુત એવા શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે, જેમના હાથના નખની નાજુક કારીગરી દર્શનાર્થીઓના મનને મોહે છે.

❖ **જગમાલ ગોરધનનું જિનાલય (શ્રી આદિનાથ ભગવાન-૩૧ ઈંચ)**

શ્રી નેમિનાથ ભગવાનના મુખ્ય જિનાલયની બરોબર પાછળ શ્રી આદિનાથ ભગવાનનું જિનાલય છે. આ જિનાલયની પ્રતિષ્ઠા પોરવાડ જ્ઞાતીય શ્રી જગમાલ ગોરધન દ્વારા આ. વિજયજિનેન્દ્રસૂરિ મહારાજ સાહેબની પાવન નિશ્રામાં વિ.સં.૧૮૪૮ના વૈશાખ વદ-૬ ના શુક્રવારે કરાવવામાં આવી હતી. શ્રી જગમાલ ગોરધન શ્રી ગિરનારજી તીર્થ ઉપર જિનાલયોના કાર્યો માટે મુનિમ તરીકેની ફરજ બજાવી, તે જિનાલયોના સંરક્ષણનું કાર્ય કરી રહ્યા હતા. તેમણે આ જિનાલય બંધાવેલ હોવાથી તેમના નામ ઉપરથી જૂનાગઢ શહેરના ઉપરકોટ પાસેના ચોકનું નામ પણ જગમાલ ચોક રાખવામાં આવ્યું હતું.

શ્રી નેમિનાથજી ટૂંકની ભમતીમાંથી ઉત્તર દિશા તરફના દ્વારથી બહાર નીકળતાં અન્ય ત્રણ ટૂંકના જિનાલયમાં જવાનો માર્ગ આવે છે, તેમાં સર્વપ્રથમ કાળાપાષાણના ઊંચા ઊંચા થોડા પગથિયાં ઉતરતાં જમણા હાથે તીર્થાધિરાજ શત્રુંજયગિરિનો શ્વેતવર્ણના સંગેમરમરના પાષાણમાંથી બનાવેલ પટ સ્થાપન કરવામાં આવેલ છે. ફરી પગથિયાં ઉતરતાં ડાબા હાથે સર્વપ્રથમ મેરકવસીની ટૂંક આવે છે.



# મેરકવસીની ટૂંક

મેરકવસીની ટૂંકના મુખ્ય જિનાલયમાં પ્રવેશ કરતાં પૂર્વે જમણા હાથ ઉપર પંચમેરૂનું જિનાલય આવે છે.

❖ **પંચમેરૂનું જિનાલય (શ્રી ઋષભદેવ ભગવાન - ૯ ઇંચ)**

આ પંચમેરૂ જિનાલયની રચના અત્યંત રમણીય છે. જેમાં ચાર બાજુના ચાર ખૂણામાં ઘાતકીખંડના બે મેરૂ અને પુષ્કરાર્ધદ્વીપના બે મેરૂ તથા મધ્યમાં જંબુદ્વીપનો એક મેરૂ એમ પાંચ મેરૂપર્વતની સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં દરેક મેરૂ ઉપર ચૌમુખજી પ્રતિમાઓ પધરાવવામાં આવેલ છે, જેની પ્રતિષ્ઠા વિ.સં.૧૮૫૯ માં કરવામાં આવી હોય તેવા લેખ છે.

❖ **અદબદજીનું જિનાલય (ઋષભદેવ ભગવાન - ૧૪૧ ઇંચ)**

પંચમેરૂના જિનાલયમાંથી બહાર નીકળી મેરકવસીના મુખ્ય જિનાલયમાં પ્રવેશ કરતાં પહેલાં ડાબા હાથે શ્રી ઋષભદેવ ભગવાનની પદ્માસન મુદ્રામાં બેઠેલી મહાકાયપ્રતિમા જોતાં જ શ્રી શત્રુંજયગિરિરાજની નવટૂંકમાં રહેલા અદબદજીદાદાનું સ્મરણ કરાવતી હોવાથી આ જિનાલયને પણ અદબદજીનું દેરાસર કહેવાય છે. આ પ્રતિમા શ્યામવર્ણના પાષાણમાંથી બનેલી હોવા છતાં હાલ તેના ઉપર નીલવર્ણનો લેપ કરવામાં આવેલો છે. અજૈનો આ પ્રતિમાને ભીમપુત્ર ઘટોત્કચ અથવા તો ઘટીઘટુકોના નામથી ઓળખે છે. તે મૂર્તિની બેઠકમાં આગળ ૨૪ તીર્થંકર પરમાત્માની મૂર્તિવાળો વિ.સં.૧૪૬૮માં પ્રતિષ્ઠા થયાનો એક લેખયુક્ત પીળોપાષાણ ભૂતકાળમાં હતો.




## ❖ મેરકવસીનું મુખ્ય જિનાલય (સહસ્ત્રફણાપાર્શ્વનાથ ભગવાન - ૨૯ ઈંચ)

આ જિનાલયના મુખ્ય દ્વારમાં પ્રવેશતાં જ છતમાં આશ્ચર્યકારી એવી વિવિધ કલાકૃતિયુક્ત ઝીણી - ઝીણી કોતરણીઓ જોવા મળે છે. આગળ વધતાં ઘુમ્મટની કોતરણી જોતાં દેલવાડાના વિમલવસહી અને લૂણવસહીના સ્થાપત્યોની યાદ તાજી કરાવે છે. આ બાવન જિનાલયના મૂળનાયક શ્રી સહસ્ત્રફણાપાર્શ્વનાથ ભગવાન છે, જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૫૯માં પ.પૂ.આ. જિનેન્દ્રસૂરિ મહારાજ સાહેબના હસ્તે થયેલ છે. આ બાવન જિનાલયની ભમતીમાં ડાબી તરફથી ફરતા પીળા પત્થરમાં વિ.સં.૧૪૪૨માં કોતરાયેલ ચોવીસ તીર્થંકરની મૂર્તિઓવાળો અષ્ટાપદજીનો પટ ભૂતકાળમાં હતો, હાલ દેખાતો નથી. આગળ વધતાં મધ્યભાગમાં જે મોટી દેરી આવે છે, તેમાં અષ્ટાપદનું દેરાસર બનાવવામાં આવેલ છે, જેમાં ચત્તારી-અટ્ઠ -દસ-દોય એમ ચાર દિશામાં ક્રમસર ૪-૮-૧૦-૨ પ્રતિમાઓ પધરાવીને અષ્ટાપદની રચના કરવામાં આવેલ છે. ત્યાંથી આગળ વધતાં મૂળનાયકની બરોબર પાછળ આવે તે દેરીમાં શ્રી મહાવીર સ્વામી બિરાજમાન કરવામાં આવેલ છે. દૂરથી જોતાં તે પ્રભુજી શ્યામવર્ણના લાગે અને નજીક જતાં નીલવર્ણના હોવાનો ખ્યાલ આવે. ત્યાંથી ઉત્તર દિશા તરફ આગળ વધતાં દરેક દેરીઓની આગળની ચોકીની છતમાં અત્યંત મનોહારી કોતરણીઓ મનને આહ્લાદ પમાડે છે. આગળ વધતાં ઉત્તર દિશા તરફની દેરીઓમાં મધ્યમાં રહેલી મોટી દેરીમાં શ્રી શાંતિનાથ ભગવાનની ચૌમુખજી પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવેલ છે.

આ જિનાલયના મુખ્ય દ્વારથી બહાર આવી ડાબી તરફ વળતાં સગરામ સોનીની ટૂંકમાં જવાનો માર્ગ આવે છે તથા સામેની દિવાલની પાછળ નવોકુંડ તથા ડૉક્ટર કુંડ આવેલ છે.

## ❖ સગરામ સોનીની ટૂંક (શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાન - ૨૯ ઈંચ)

મેરકવસીની ટૂંકમાંથી બહાર નીકળી ઉત્તર દિશાના દ્વારમાંથી સગરામ સોનીની ટૂંકમાં પ્રવેશ થાય છે. આ બાવન જિનાલયના મુખ્ય જિનાલયમાં બે માળવાળો અત્યંત મનોહર






રંગમંડપ છે, જેમાં પૂજા વગેરે અનુષ્ઠાન દરમ્યાન ઉપરના ભાગમાં સ્ત્રીઓને બેસવા માટે સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. આ રંગમંડપમાંથી મૂળનાયકના ગભારામાં પ્રવેશતાં સામે જ શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન કરવામાં આવેલ છે, જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૫૯ના જેઠ સુદ-૭ ને ગુરૂવારે આ. જિનેન્દ્રસૂરિ મહારાજ સાહેબના હસ્તે થયેલ છે. અન્ય જિનાલયોના ગભારાની ઊંચાઈની અપેક્ષાએ આ જિનાલયના ગભારાની અંદરની ઊંચાઈ કંઈક વિશેષ જણાય છે. આ ગભારાની છતની ઊંચાઈ લગભગ ૩૫ થી ૪૦ ફૂટ ઊંચી છે. ગિરનારના જિનાલયોમાં આ જિનાલયનું શિખર સૌથી ઊંચું જણાય છે. આ જિનાલયના ગભારાની રચના જોતાં ભૂતકાળમાં અહીં કલ્યાણકત્રયની રચના મુજબ પ્રભુજીને પધરાવવામાં આવ્યા હોય તેવું જણાય છે.

સગરામ સોની કે સંગ્રામ સોનીના નામે ઓળખાતું આ જિનાલય હકીકતમાં સમરસિંહ માલદે દ્વારા ઉદ્ધાર કરીને તદ્દન નવું જ નિર્માણ કરવામાં આવેલ છે, તેવું કેટલાક વિદ્વાનોએ વાસ્તવિક પ્રમાણ દર્શાવવાપૂર્વક જણાવેલ છે. તત્ત્વ તો કેવલી ભગવંત જાણે.

આ જિનાલયની ભમતીના ઉત્તર દિશા તરફના દ્વારથી બહાર નીકળતાં કુમારપાળની ટૂંકમાં જવાનો માર્ગ આવે છે તથા તે માર્ગની જમણી બાજુ ગીરધર કુંડ આવેલો છે.

### ❖ કુમારપાળની ટૂંક (શ્રી અભિનંદન સ્વામિ - ૨૪ ઈંચ)

કુમારપાળની ટૂંકમાં પ્રવેશતાં મુખ્ય જિનાલયની ચારે બાજુ ઘણું મોટુ પ્રાંગણ જોવા મળે છે. આ પ્રાંગણમાં થઈ જિનાલયમાં પ્રવેશ કરતાં એક વિશાળ રંગમંડપ આવે છે, જેમાં આગળ વધતાં બીજો રંગમંડપ આવે છે. આ જિનાલયના મૂળનાયક તરીકે શ્રી અભિનંદન સ્વામિ બિરાજમાન છે, જેની પ્રતિષ્ઠા વિ.સં.૧૮૭૫ના વૈશાખ સુદ-૭ના શનિવારે આ. જિનેન્દ્રસૂરિ મહારાજસાહેબના હસ્તે કરવામાં આવી હતી. આ જિનાલયના ઉત્તર દિશા તરફના પ્રાંગણમાં એક દેડકી વાવ નામની વાવ છે. પૂર્વે જીર્ણોદ્ધાર દરમ્યાન રંગમંડપ વગેરે





સ્થાનોની તૂટેલી પૂતળીઓ કાઢીને આ વાવની આજુબાજુ મૂકવામાં આવેલી છે. આ જિનાલયની પાછળ પાણીના સંગ્રહ માટે સીન્ટેક્ષની પ્લાસ્ટિકની એક મોટી લંબચોરસ ટાંકી તથા અન્ય પતરાની એક ગોળ ટાંકી મૂકવામાં આવેલ છે.

ઉત્તર દિશા તરફની બારીથી બહાર નીકળતાં ભીમકુંડ આવે છે.

### ભીમકુંડ

આ ભીમકુંડ ઘણો જ વિશાળ છે. તે લગભગ ૭૦ ફૂટ લાંબો અને ૫૦ ફૂટ પહોળો છે. આ કુંડ ૧૫મા શતકમાં બનેલો હોવાનું જણાય છે. ઉનાળાની સખત ગરમીમાં પણ આ કુંડનું પાણી શીતળ રહે છે. આ કુંડની એક દિવાલમાં એક પાષાણમાં શ્રી જિનપ્રતિમા તથા હાથ જોડી ઊભા રહેલા શ્રાવક-શ્રાવિકાની પ્રતિમા કોતરેલી જોવા મળે છે.

પશ્ચિમ દિશા તરફ કુંડની પાળે પાળે આગળ વધતાં ઉત્તરાભિમુખ નીચે ઉતરવાનાં પગથિયાં આવે છે. આ પગથિયા પૂરા થતાં નાગીમાતાની દેરીના નામે એક દેરી આવે છે.

### નાગીમાતાની દેરી

આ દેરીમાં સામે જ નીચેના ભાગમાં એક પાષાણનો પિંડ જોવામાં આવે છે તથા ડાબા હાથની દિવાલના ગોખલામાં શ્રી નેમિનાથ પરમાત્મા તથા જમણા હાથની દિવાલના ગોખલામાં શ્રી નેમિપ્રભુના શાસન અધિષ્ઠાયિકા અંબિકાદેવીની મૂર્તિ બિરાજમાન છે. ત્યાંથી આગળ વધતાં શ્રી ચન્દ્રપ્રભ સ્વામિના જિનાલય સુધી જવાનો કેડી માર્ગ આવે છે.

### ❖ શ્રી ચન્દ્રપ્રભસ્વામિનું જિનાલય (શ્રી ચન્દ્રપ્રભસ્વામિ - ૧૫ ઈંચ)

શ્રી ચન્દ્રપ્રભસ્વામિના આ જિનાલયનું સ્થાન એકદમ એકાંતમાં આવેલું છે. આ જિનાલયમાં મૂળનાયક શ્રી ચન્દ્રપ્રભસ્વામિની પ્રતિમાની પ્રતિષ્ઠા વિ.સં.૧૭૦૧માં થયેલ છે. આ જિનાલયની છત અનેક કલાકૃતિઓથી સુશોભિત છે, જેમાં ચારે બાજુ ફરતી પૂતળીઓ સ્થાપિત કરી રંગ પૂરવામાં આવેલ છે.



આ જિનાલયથી ઉત્તર દિશાએ થી ૩૦-૩૫ પગથિયાં નીચે ઉતરતાં ગજપદકુંડ આવે છે.

'स्पृष्ट्वा शत्रुंजयं तीर्थं नत्वा रैवतकाचलम्;
स्नात्वा गजपदे कुंडे पुनर्जन्म न विद्यते'।

**ગજપદકુંડ**

શ્રી શત્રુંજયતીર્થને સ્પર્શીને શ્રી રૈવતગિરિને નમસ્કાર કરીને ગજપદકુંડમાં સ્નાન કરનારને ફરી જન્મ લેવો પડતો નથી. આ ગજપદકુંડ ગજેન્દ્રપદ કુંડ તથા હાથી પગલાંનો કુંડ નામે પણ ઓળખાય છે. આ કુંડનો ઉલ્લેખ ૧૩ થી ૧૫મા શતક સુધીમાં રચાયેલ ગિરનાર સંબંધી લગભગ તમામ જૈન સાહિત્યમાં મળે છે. તે ઉપરાંત સ્કન્દપુરાણ અંતર્ગત પ્રભાસખંડમાં પણ તેનો ઉલ્લેખ જોવા મળે છે. આ કુંડના એક થાંભલામાં જિનપ્રતિમા કોતરવામાં આવેલી છે.

શ્રી શત્રુંજય માહાત્મ્ય અનુસાર શ્રી ભરતકવર્તી, ગણધરભગવંતો પ્રતિષ્ઠાર્થે ગિરનાર આવેલા ત્યારે શ્રી નેમિજિન પ્રાસાદની પ્રતિષ્ઠા કાજે ઈન્દ્ર મહારાજ પણ ઐરાવત હાથી ઉપર આરૂઢ થઈ આવ્યા હતા. તે અવસરે પ્રભુના સ્નાત્રાભિષેક માટે ઐરાવણ હાથી દ્વારા ભૂમિ ઉપર એક પગ દબાવરાવીને કુંડ બનાવ્યો હતો, જેમાં ત્રણેય જગતની વિશિષ્ટ નદીઓના જલ આ કુંડમાં ઉતરી આવ્યા હતા. તે વિશિષ્ટ જલ વડે ઈન્દ્ર મહારાજાએ ભક્તિ કાજે પ્રભુના અભિષેક કરાવ્યા હતા.

આ અત્યંત પ્રભાવક જલના પાન તથા સ્નાન કરતાં અનેક રોગો નાશ પામે છે. જેમકે ખાંસી, શ્વાસ, ક્ષય, કોઢ, જલોદર જેવા ભયંકર રોગો પણ શમી જાય છે. આ કુંડના જલથી સ્નાન કરી ભગવાનને જે અભિષેક કરે છે, તેના કર્મમલ દૂર થતાં તે પરંપરાએ મુક્તિપદને પામે છે.



આ કુંડમાં ચૌદ હજાર નદીઓના પ્રવાહ દેવના પ્રભાવથી આવે છે, તેથી આ ઘણો પવિત્ર કુંડ છે. આ કુંડનું પાણી મીઠું અને નીતરતા ઘી જેવું નિર્મળ છે. વિ.સં.૧૨૧૫ના શિલાલેખ અનુસાર આ કુંડની ફરતી દિવાલ બાંધી તેમાં અંબિકાની અને અન્ય મૂર્તિઓ મૂકાયાનો ઉલ્લેખ જોવા મળે છે.


આ ગજપદકુંડના દર્શન કરી પાછા ફરતાં કુમારપાળની ટૂંકની બારીમાંથી અંદર પ્રવેશ કરી શ્રી નેમિનાથજીની ટૂંકમાંથી બહાર નીકળીને પુનઃઉપરકોટ-(દેવકોટ) ના મુખ્ય દ્વાર પાસેના રસ્તા ઉપર આવી શકાય છે. આ મુખ્ય દ્વારની સામે મનોહરભુવનવાળી ધર્મશાળાની રૂમો પાસેથી સુરજકુંડ થઈને શ્રી માનસંગ ભોજરાજના દેરાસરે જવાય છે.

❖ **માનસંગ ભોજરાજનું જિનાલય (શ્રી સંભવનાથ ભગવાન - ૨૫ ઈંચ)**

આ જિનાલય કચ્છ-માંડવીના વીશા ઓસવાળ શા.માનસંગ ભોજરાજે બંધાવેલ હતું. જેમાં મૂળનાયક તરીકે શ્રી સંભવનાથ ભગવાનની સુંદર પ્રતિમા બિરાજમાન છે. આ જિનાલયમાં જતાં પૂર્વે માર્ગમાં આવતો સુરજકુંડ પણ શા.માનસંગે કરાવેલ છે. જૂનાગઢ ગામમાં આદિનાથ ભગવાનના દેરાસરની પ્રતિષ્ઠા પણ તેમણે વિ.સં.૧૯૦૧માં કરાવેલ હતી. આ જિનાલયનાં દર્શન કરી બહાર નીકળી મુખ્ય માર્ગ ઉપર ઉત્તર દિશા તરફ આગળ વધતાં જમણા હાથ ઉપર વસ્તુપાલ તેજપાલની ટૂંક આવે છે.

❖ **વસ્તુપાલ-તેજપાલનું જિનાલય (શ્રી શામળા પાર્શ્વનાથ-૪૩ ઈંચ)**

આ જિનાલયમાં એક સાથે પરસ્પર જોડાયેલાં ત્રણ મંદિરો છે. આ જિનાલયો ગુર્જર દેશના મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલ દ્વારા વિ.સં.૧૨૩૨ થી ૧૨૪૨ના કાળમાં બંધાવ્યા હતા. જેમાં હાલ મૂળનાયક તરીકે શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૩૦૬ના વૈશાખ સુદ-૩ના શનિવારના દિવસે આ. પ્રદ્યુમ્નસૂરિ મહારાજ સાહેબની મુખ્ય પરંપરામાં શ્રી દેવસૂરિના શિષ્ય શ્રી જયાનંદ મહારાજ સાહેબે કરી હતી. આ વચલા દેરાસરનો રંગમંડપ ૨૯.૬ ફૂટ પહોળો અને ૫૩ ફૂટ લાંબો છે તથા આજુબાજુના બન્ને દેરાસરના રંગમંડપો ૩૮.૬ ફૂટ ચોરસ છે.





આ જિનાલયમાં લગભગ છ થી સાત શિલાલેખો છે, જે વિ.સં.૧૨૮૮ના ફાગણ સુદ ૧૦ ના બુધવારના છે, જેમાંથી ચાર લેખોમાં વસ્તુપાલ અને તેમના પત્ની લલિતાદેવીના શ્રેયાર્થે અજિતનાથ આદિ જિનાલયો બંધાવ્યાનો અને બે મંદિર દ્વિતીય પત્ની સોખુકાદેવીના શ્રેયાર્થે બંધાવ્યાનો ઉલ્લેખ છે. અન્ય લેખોમાં પણ તેમણે વિવિધ તીર્થોમાં જુદા જુદા તીર્થંકરોની પ્રતિમા તથા ચરણપાદુકા આદિ પધરાવ્યા હોવાના લેખો છે.

મુખ્ય જિનાલયની ડાબી બાજુના જિનાલયમાં ચોરસ સમવસરણમાં ચૌમુખજી ભગવાન પધરાવેલા છે, જેમાં ત્રણ પ્રતિમા શ્રી પાર્શ્વનાથ ભગવાનની વિ.સં.૧૫૫૬ની સાલના લેખવાળી તથા ચોથી શ્રી ચંદ્રપ્રભસ્વામિની પ્રતિમા વિ.સં.૧૪૮૫ની સાલના લેખવાળી છે.

જમણી બાજુના જિનાલયમાં ગોળમેરૂની ઉપર ચૌમુખજી ભગવાન પધરાવેલા છે, જેમાં પશ્ચિમાભિમુખ શ્રી સુપાર્શ્વનાથ, ઉત્તર અને પૂર્વાભિમુખ શ્રી નેમિનાથ ભગવાન - આ ત્રણેય પ્રતિમાઓ વિ.સં.૧૫૪૬ની સાલની છે અને દક્ષિણાભિમુખ શ્રી ચન્દ્રપ્રભસ્વામિની પ્રતિમા બિરાજમાન છે. આ મેરૂની રચના પીળા પાષાણમાંથી કરવામાં આવેલ છે.

આ જિનાલયોની કોતરણી અને કલાકૃતિયુક્ત કમાનવાળા થાંભલાઓ, જિનપ્રતિમાઓ, વિવિધ દૃશ્યો તથા કુંભાદિની આકૃતિ મનને આનંદ આપનારી બને છે. ચૌમુખજી જિનાલયોની વિશાળતા તથા ગોઠવણી નયનરમ્ય છે.

### ❖ ગુમાસ્તાનું દેરાસર (શ્રી સંભવનાથ ભગવાન - ૧૯ ઈંચ)

વસ્તુપાલ-તેજપાલના જિનાલયની પાછળના પ્રાંગણમાં તેમની માતાનું દેરાસર છે, જે ગુમાસ્તાનું દેરાસરના નામથી પ્રસિદ્ધ છે. આ મંદિરમાં મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાન બિરાજમાન છે. વસ્તુપાલની માતા કુમારદેવીના નામે આ મંદિર બંધાવ્યુ હોવાથી તે વસ્તુપાલની માતાના દેરાસર તરીકે ઓળખાય છે, વળી કચ્છ-માંડવીના ગુલાબશાહે ઉદ્ધાર કરાવ્યો હોવાથી ગુલાબશાહના મંદિરના નામે પણ ઓળખાય છે. (ગુલાબશાહના નામનો અપભ્રંશ થતાં કાળક્રમે તે ગુમાસ્તા નામે પ્રચલિત થયું હોય તેવું લાગે છે.)






❖ **સંપ્રતિરાજાની ટૂંક (શ્રી નેમિનાથ ભગવાન - ૫૭ ઇંચ)**

વસ્તુપાલ-તેજપાલના જિનાલયમાંથી બહાર નીકળી ઉત્તર દિશા તરફ જતાં સંપ્રતિરાજાની ટૂંક આવે છે. શ્રી ચન્દ્રગુપ્ત મૌર્યના વંશમાં થયેલ અશોકના પૌત્ર મગધસમ્રાટ સંપ્રતિ મહારાજા થયા હતા, જેમણે આચાર્ય સુહસ્તિસૂરિ મહારાજ સાહેબના સદુપદેશથી જૈન ધર્મનો સ્વીકાર કર્યો હતો. તે લગભગ વિ.સં.૨૨૬ની આસપાસ ઉજ્જૈન નગરીમાં રાજ કરતા હતા. તેઓએ સવા લાખ જિનાલયો અને સવા કરોડ જિનપ્રતિમા ભરાવ્યા હતા. સંપ્રતિમહારાજાએ બંધાવેલ આ જિનાલયના મૂળનાયક તરીકે શ્રી નેમિનાથ ભગવાન બિરાજમાન છે. આ પ્રતિમા વિ.સં.૧૫૧૯માં પ્રતિષ્ઠા કરાવ્યા હોવાનો લેખ પ્રતિમાની ગાદીમાં જોવા મળે છે. મૂળનાયકના ગભારાની બહારના ગોખલામાં દેવીની પ્રતિમા છે, જેને કેટલાક ગ્રંથોમાં ચક્રેશ્વરીદેવી અને કેટલાક ગ્રંથોમાં અંબિકાદેવી તરીકે ઓળખાવી જુદા-જુદા સમયે તે ગોખલા ઉપર તેના નામ લખાયેલા છે. જ્યારે વાસ્તવમાં આ પ્રતિમા હંસવાહિની, હાથમાં વીણા અને પોથીયુક્ત હોવાથી સરસ્વતીદેવીની હોવાનું સ્પષ્ટપણે કહી શકાય છે. આ સિવાય રંગમંડપમાં ૫૪ ઈંચના ઊભા કાઉસ્સગ્ગિયા પ્રતિમા સહિત અન્ય ૨૪ નયનરમ્ય પ્રતિમા પણ બિરાજમાન છે. આ રંગમંડપની બહાર પણ બીજો મોટો રંગમંડપ બનાવવામાં આવેલ છે.

આ જિનાલયનું પ્રવેશદ્વાર બે માળનું હોવાનું જણાય છે. તેનું પશ્ચિમ સન્મુખ દ્વાર હોવા છતાં હાલ આ જિનાલયમાં દક્ષિણાભિમુખ પ્રવેશદ્વાર જ ખુલ્લું રાખવામાં આવે છે. આ જિનાલયની બહારની દિવાલો અત્યંત મનોહારિણી કોતરણીથી ભરચક છે. શિલ્પ કલાના રસિક આત્માઓ આ કોતરણી જોઈને અતિ આહ્લાદ પામે છે. આ નકશીની વિવિધ આકૃતિઓ પ્રાથમિક કક્ષાના શિલ્પકારોને શિલ્પકળામાં આલંબનકારી બને તેવી છે.



## ❖ જ્ઞાનવાવનું જિનાલય (શ્રી સંભવનાથ - ૧૫ ઈંચ)

સંપ્રતિરાજાના જિનાલયની બાજુમાંથી ઉત્તર દિશા તરફના ઢાળમાં નીચે ઉતરતાં બાજુમાં જ જમણા હાથે રહેલા દ્વારમાં પ્રવેશ કરતાં જ પ્રથમ ચોગાનમાં જ્ઞાનવાવ આવે છે. આ ચોકમાં રહેલા ઉત્તર દિશા તરફના દ્વારથી અંદર પ્રવેશતાં ચૌમુખજીનું દેરાસર આવે છે, જે શ્રી સંભવનાથ ભગવાનના નામે ઓળખાય છે. આ જિનાલયના મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાન છે. આ દેરાસરથી નીચે ઉતરીને પણ ભીમકુંડ તથા શ્રી ચન્દ્રપ્રભસ્વામીના જિનાલયે જઈ શકાય છે. ભીમકુંડની પાછળ ઉત્તર દિશામાં ભૂતકાળમાં ચોવીસ તીર્થંકર પરમાત્માની પ્રતિમાઓ પધરાવવા માટે ચોવીસ દેરીઓ બનાવવા માટેનું કામકાજ શરૂ થયું હશે, પરંતુ કોઈપણ કારણસર તે બંધ પડતાં તે કાર્ય અધૂરું થયેલ પડ્યું છે. જ્ઞાનવાવના દેરાસરના દર્શન કરી દક્ષિણ દિશા તરફ ઉપર ચઢી પુનઃ સંપ્રતિરાજાના દેરાસર પાસે થઈને પૂર્વ દિશામાં આગળ વધતાં લગભગ ૫૦ પગથિયાં ચઢતાં કોટનો દરવાજો આવે છે, જેમાંથી બહાર નીકળતાં સામે જ **'લેવલ ૩૧૦૦ ફીટ'** અને **'બે માઈલ'** એવું પથ્થરમાં કોતરેલ જોવા મળે છે. ત્યાંથી આગળ વધી લગભગ ૫૦ પગથિયાં ચઢતાં ડાબા હાથે શેઠ ધરમચંદ હેમચંદનું જિનાલય આવે છે.

## ❖ શેઠ ધરમચંદ હેમચંદનું જિનાલય (શ્રી શાંતિનાથ ભગવાન - ૨૯ ઈંચ)

ઉપરકોટ (દેવકોટ)ના દરવાજામાંથી બહાર નીકળ્યા બાદ સૌથી પહેલું દેરાસર આ શેઠ ધરમચંદ હેમચંદનું આવે છે, જેને ખાડાનું દેરાસર પણ કહેવામાં આવે છે. આ દેરાસરમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન બિરાજમાન છે. માંગરોળ ગામના દશાશ્રીમાળી વણિક શેઠ શ્રી ધરમચંદ હેમચંદ દ્વારા વિ.સં.૧૯૩૨માં આ દેરાસરનું સમારકામ કરાવવામાં આવ્યું હતું.



### ❖ મલ્લવાળું દેરાસર (શ્રી શાંતિનાથ ભગવાન - ૨૧ ઈંચ)

શેઠ ધરમચંદ હેમચંદના દેરાસરથી આગળ વધતાં લગભગ ૩૫ થી ૪૦ પગથિયાં ચઢતાં જમણી બાજુ આ મલ્લવાળું દેરાસર આવે છે. આ જિનાલયમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન બિરાજમાન છે, જેનો ઉદ્ધાર જોરાવરમલજી દ્વારા થયો હોવાથી આ દેરાસર મલ્લવાળા દેરાસર તરીકે ઓળખાય છે.

### ❖ રાજુલગુફા

મલ્લવાળા દેરાસરથી દક્ષિણ દિશા તરફ થોડાં પગથિયાં આગળ જતાં પથ્થરની એક મોટી શિલા નીચે બખોલ જેવા ભાગમાં નીચા નમીને જવાય છે, જ્યાં લગભગ દોઢ થી બે ફૂટની ઊંચાઈની રાજુલ-રહનેમિની મૂર્તિ સ્થાપિત કરેલી હોવાથી આ સ્થાન રાજુલની ગુફાના નામે ઓળખાય છે.

### ❖ પ્રેમચંદજીની ગુફા (ગોરજીની ગુફા)

રાજુલની ગુફાથી બહાર નીકળી દક્ષિણ દિશા તરફની કેડીની વાટે આગળ જતાં ડાબા હાથ તરફ સાતપુડાના કુંડ તરફ જવાની કેડી આવે છે અને જમણા હાથ તરફ વિકટ માર્ગે ઝાડીઓની વચ્ચેથી નીચે ઉતરતાં - ઉતરતાં પહાડના છેડે એક મોટી શિલા નજરે ચડે છે, જેની નીચે આ પ્રેમચંદજીની ગુફા આવેલી છે. આ ગુફાની બાજુમાં જ ખીણ હોવાથી ખૂબ જ સાવચેતીપૂર્વક આ ગુફાના દ્વારમાં પ્રવેશ કરવો પડે છે. આ ગુફામાં અનેક મહાત્માઓએ સાધના કરેલી છે, જેમાં શ્રી પ્રેમચંદજી મહારાજ નામના સાધુએ અહીં ઘણા લાંબા સમય માટે સાધના કરેલી છે. આ મહાત્મા યોગવિદ્યામાં ખૂબ જ કુશળ હતા. પોતાના ગુરૂભાઈ શ્રી કપૂરચંદજીને શોધવા માટે આવ્યા હોવાથી આ સ્થાને રહ્યા હતા. આ કપૂરચંદજી મહારાજ વિશે એવું જાણવા મળે છે કે તેઓ અનેકરૂપ ધારણ કરી શકતા હતા અને અનેક સ્થાને જવા માટે તેમની પાસે આકાશગામિની વિદ્યા પણ હતી. આ ગુફા શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢીની માલિકીની છે, જેમાં વખતોવખત જરૂરી એવું સમારકામ પણ ભૂતકાળમાં આ પેઢી દ્વારા જ



કરાવવામાં આવેલ છે. આ ગુફાની બારોબાર કેડીમાર્ગે પૂર્વ દિશા તરફ આગળ વધતાં પાટવડને નાકે થઈ બીલખા જવાય છે. શ્રી પ્રેમચંદજી મહારાજની ગુફાથી પાછા મુખ્ય સીડી માર્ગે ભેગાં થઈ લગભગ ૯૦ પગથિયાં ચઢતાં ચૌમુખજીનું દેરાસર આવે છે. રસ્તામાં જમણી બાજુ દિગંબર સંપ્રદાયનું મંદિર આવે છે.

### ❖ ચૌમુખજીનું દેરાસર (શ્રી નેમિનાથ ભગવાન-૨૫ ઈંચ)

ચૌમુખજીના દેરાસરના ઉત્તરાભિમુખ મૂળનાયક શ્રી નમિનાથ, પૂર્વાભિમુખ શ્રી સુપાર્શ્વનાથ, દક્ષિણાભિમુખ શ્રી ચન્દ્રપ્રભસ્વામિ અને પશ્ચિમાભિમુખ શ્રીમુનિસુવ્રત સ્વામિ હતા. તેની પ્રતિષ્ઠા વિ.સં.૧૫૧૧ આ. જિનહર્ષસૂરિ મહારાજ સાહેબના હસ્તે થયેલ હોવાના પબાસણના લેખો જોવા મળતા હતા. આ જિનાલય શ્રી શામળા પાર્શ્વનાથના નામે પણ ઓળખાય છે, જેની પાછળનું રહસ્ય સમજાતું નથી, પરંતુ પૂર્વે અન્ય કોઈ કાળે ત્યાં મૂળનાયક શ્રી શામળા પાર્શ્વનાથ હોવાની સંભાવના રહે છે. વળી આ દેરાસરની અંદરના પબાસણના ચારેય ખૂણામાં રહેલી ચોરસ થાંભલીમાં એક-એકમાં ૨૪-૨૪ પ્રતિમાઓ એમ કુલ ૯૬ પ્રતિમાઓ કોતરવામાં આવેલી છે. આ ચાર થાંભલી લગ્નમંડપની ચાર ચોરી જેવી લાગતી હોવાથી આ જિનાલયને ચોરીવાળું દેરાસર પણ કહેવામાં આવે છે.

વિ.સં. ૨૦૫૮ દરમ્યાન આ ચૌમુખજીનો લેપ થયો ત્યારે શરતચૂકથી તેમાં મૂળનાયક શ્રી નેમિનાથ તથા બાકીના ત્રણ ભગવાનમાં શ્રી ચંદ્રપ્રભસ્વામીના લંછન મૂકાઈ ગયા હોય તેવું જણાય છે, તેથી હાલ આ દેરાસર નેમિનાથ ભગવાનના દેરાસર તરીકે જ ઓળખાય છે, તત્ત્વ તો કેવલી ભગવંત જાણે.

આ ચૌમુખજીના દેરાસરથી આગળ લગભગ ૭૦-૮૦ પગથિયાં ચડતાં ડાબા હાથે સહસાવન શ્રી નેમિનાથ ભગવાનની દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણકભૂમિ તરફ જવાનો માર્ગ આવે છે અને જમણી બાજુ ૧૫-૨૦ પગથિયાં ચડતાં ગૌમુખીગંગા નામનું સ્થાન આવે છે.

## ❖ ગૌમુખીગંગા

આ ગૌમુખીગંગામાં પ્રવેશ કરતાં જ અંદર હિન્દુ સંપ્રદાયના દેવ-દેવીની પ્રતિમાની દેરીઓ આવે છે, ત્યાં જમણી બાજુ નીચાણમાં જવા માટેનાં પગથિયાં ઉતરીને ડાબી બાજુ આગળ જતાં ચોવીસ તીર્થંકર પરમાત્માની ચરણપાદુકા એક ગોખલામાં સ્થાપન કરવામાં આવેલી છે, જેમાં દરેક પગલાંની આગળ તે તે તીર્થંકર ભગવાનના નામ કોતરવામાં આવેલા છે. આ ગૌમુખી ગંગાના સ્થાનનું સંચાલન હાલ હિન્દુ સંપ્રદાયના સંન્યાસીઓ દ્વારા કરવામાં આવે છે. જ્યારે આ ચરણપાદુકાની પૂજા વગેરે શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી દ્વારા કરવામાં આવે છે.

## ❖ રહનેમિનું જિનાલય (શ્રી સિદ્ધાત્મા રહનેમિજી - ૫૧ ઈંચ)

ગૌમુખીગંગાના સ્થાનથી લગભગ ૩૫૦ પગથિયાં ઉપર ચડતાં જમણી બાજુ આ રહનેમિનું જિનાલય આવે છે. આ જિનાલયમાં મૂળનાયક તરીકે સિદ્ધાત્મા શ્રી રહનેમિની શ્યામવર્ણીય પ્રતિમા બિરાજમાન કરવામાં આવેલ છે. ૬-૭ વર્ષ પૂર્વે આ પ્રતિમાનો લેપ કરવામાં આવેલ છે. ભારતભરમાં પ્રાયઃ એકમાત્ર આ જિનાલય હશે, જ્યાં અરિહંત પરમાત્મા ન હોવા છતાં સિદ્ધાત્મા શ્રી રહનેમિની પ્રતિમા મૂળનાયક તરીકે સ્થાપન કરવામાં આવી હોય !

શ્રી રહનેમિ બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ પરમાત્માના નાના ભાઈ હતા, જેમણે દીક્ષા લઈને ગિરનારની પવિત્ર ભૂમિમાં સંયમારાધના કરી અષ્ટકર્મનો ક્ષય કરી સહસાવનમાં કેવળજ્ઞાન અને મોક્ષપદની પ્રાપ્તિ કરી હતી.

આ રહનેમિજીના જિનાલયથી આગળ સાચાકાકાની જગ્યાના કઠણ ચઢાવે થઈને કુલ લગભગ ૫૭૫ પગથિયાં ચડતાં અંબાજી મંદિર આવે છે.



## અંબાજીની ટૂંક

આ અંબાજીની ટૂંકમાં અંબિકાનું મંદિર આવેલું છે. દામોદરકુંડ પાસેનું દામોદરનું મંદિર, ગિરનાર ઉપરનું શ્રી નેમિનાથ ભગવાન તથા અંબાજીનું મંદિર સંપ્રતિમહારાજાએ બંધાવ્યાનું કહેવાય છે. શિલ્પસ્થાપત્યના આધારે બારમી-તેરમી સદીની રચનાવાળું જણાતું આ મંદિર વસ્તુપાલ-તેજપાલે બંધાવેલું હોવાની વાત કેટલાક લેખો ઉપરથી જાણવા મળે છે, જેમાં શ્રી નેમિનાથ ભગવાનના અધિષ્ઠાયિકા અંબિકાદેવીની પ્રતિમા પધરાવવામાં આવી હતી.


કલ્પસૂત્રની એક સુવર્ણાક્ષરી પ્રતને અંતે ગ્રંથ પ્રશસ્તિમાં નીચે પ્રમાણે લખાણ છે.

श्री अम्बिका महादेव्या, उज्जयन्ताचलोपरि ।
प्रासादः कारितः प्रौढः सामलेन सुभावतः ॥ १० ॥

વિ.સં.૧૫૨૪ની આ પ્રશસ્તિ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે, સામલ નામના શાહુકારે સદ્‌ભાવનાપૂર્વક શ્રી ગિરનાર પર્વત ઉપર શ્રી અંબિકા નામની મહાદેવીનું જીર્ણ થયેલ મોટું ચૈત્ય નવેસરથી બંધાવ્યું હતું.

કાળક્રમે આજે હિંદુઓ દ્વારા વૈદિકધર્મની પદ્ધતિથી તેનાં દર્શન-પૂજન આદિ થાય છે અને તેઓના સંન્યાસીઓ દ્વારા જ તે મંદિરની દેખરેખ રાખવામાં આવે છે. હજારો લોકો ખૂબ શ્રદ્ધા-બહુમાનથી આ મંદિરના દર્શન કરવા પધારે છે.

આ મંદિરની પાછળ શ્રી નેમિનાથ ભગવાનનાં પગલાં પધરાવવામાં આવેલ છે. કેટલાક શાંબના પગલાં હોવાનું કહે છે. વસ્તુપાલે તે સમયે આ ટૂંક ઉપર શ્રી નેમિનાથ ભગવાન વગેરેની પ્રતિમાઓ પધરાવેલ હોવાનો ઉલ્લેખ મળે છે.





વસ્તુપાલના પ્રશસ્તિલેખો તેમ જ સમકાલીન, સમીપકાલીન અને ઉત્તરકાલીન જૈન લેખો અનુસાર અંબાજી પાછળનાં ત્રણ શિખરો ગોરખનાથ, ઓઘડનાથ અને ગુરુદત્તાત્રેયનાં અસલી નામો "અવલોકન", "શાંબ" અને "પ્રદ્યુમ્ન" હતાં અને જિનસેનકૃત હરિવંશપુરાણ તથા સ્કન્દપુરાણમાં પણ અમ્બાજી પછી શાંબ અને પ્રદ્યુમ્નનો ઉલ્લેખ મળે છે. અંબાજી સહિત આ ત્રણે શિખરો પર પણ મંત્રીશ્વર વસ્તુપાલે નેમિનાથ ભગવાનની દેવકુલિકાઓ કરાવી હતી, તેવું વિ.સં.૧૨૮૮ની છ-શિલા પ્રશસ્તિઓમાં કહ્યું છે.

અંબાજીની ટૂંકથી લગભગ ૧૦૦ પગથિયાં ઉતરીને પુનઃ લગભગ ૩૦૦ પગથિયાં ચઢતાં ગોરખનાથની ટૂંક આવે છે.

## ગોરખનાથની ટૂંક (અવલોકન શિખર)

આ ગોરખનાથની ટૂંક ઉપર શ્રી નેમિનાથ પરમાત્માનાં વિ.સં.૧૯૨૭ વૈશાખ સુદ-૩ શનિવારના લેખવાળાં પગલાં છે, તે બાબુ ધનપતસિંહજી પ્રતાપસિંહજીએ સ્થાપેલાં છે. કેટલાક આ પગલાં પ્રદ્યુમ્નના હોવાનું કહે છે. આ ટૂંક ઉપર હાલ નાથ સંપ્રદાયના સંન્યાસીઓનો સંચાલન કરે છે.

ગોરખનાથની ટૂંકથી આગળ લગભગ ૧૫ પગથિયાં ઉતરતાં ડાબા હાથ તરફની ભીંતમાં કાળાપાષાણમાં એક જિનપ્રતિમા કોતરવામાં આવેલ છે તથા લગભગ ૪૦૦ પગથિયાં ઉતર્યા બાદ પણ ડાબા હાથે એક મોટા કાળા પાષાણમાં જિનપ્રતિમા કોતરવામાં આવેલ છે. એ રીતે કુલ લગભગ ૮૦૦ પગથિયાં ઉતરતાં પગથિયાં વગરના વિકટ માર્ગે ચોથી ટૂંક જવાય છે.










## ઓઘડ ટૂંક (ચોથી ટૂંક)

આ ઓઘડટૂંક ઉપર પહોંચવા માટે કોઈ પગથિયાં રાખવામાં આવ્યાં નથી, તેથી પથ્થર ઉપર આડાઅવળા ચઢીને ઉપર જવાય છે. આ માર્ગ ખૂબ જ વિકટ હોવાથી કોઈ અતિશ્રદ્ધાવાન સાહસિક આત્માઓ જ આ શિખરને સર કરવાના પ્રયત્નો કરે છે. આ ટૂંક ઉપરની એક મોટી કાળી શિલામાં શ્રી નેમિનાથની પ્રતિમા તથા બીજી શિલા ઉપર પગલાં કોતરવામાં આવેલા છે, જેમાં વિ.સં.૧૨૪૪ ના પ્રતિષ્ઠા કર્યાનો લેખ જોવામાં આવતો હતો.

ચોથી ટૂંકથી સીધા બારોબાર પાંચમી ટૂંકે જવામાં જાનનું જોખમ થાય તેવો વિકટ રસ્તો છે, તેથી ચોથી ટૂંકથી નીચે ઉતરી આગળ વધતાં ડાબા હાથ તરફની સીડીથી લગભગ ૬૯૦ પગથિયાં ઉપર ચઢતાં પાંચમી ટૂંકનું શિખર આવે છે. આ પગથિયાંનો ચઢાવ ઘણો કઠિન છે.

## પાંચમી ટૂંક (મોક્ષકલ્યાણક ટૂંક)

ગિરનાર માહાત્મ્ય અનુસાર આ પાંચમી ટૂંકે પૂર્વાભિમુખ પરમાત્માનાં પગલાં ઉપર વિ.સં.૧૮૯૭ના પ્રથમ આસો વદ-૭ ના ગુરૂવારે શા. દેવચંદ લક્ષ્મીચંદ વડે પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ છે. તે પગલાંની આગળ હાલ હિન્દુ ધર્મીઓ દ્વારા દત્તાત્રય ભગવાનની પ્રતિમા પધરાવવામાં આવેલ છે. તે મૂર્તિની પાછળની દિવાલમાં પશ્ચિમાભિમુખ શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા કોતરવામાં આવેલ છે, જેને હિન્દુઓ શંકરાચાર્યની મૂર્તિ હોવાનું કહે છે. આ પગલાંની પ્રદક્ષિણા પૂર્ણ થતાં ડાબા હાથે એક મોટો ગંજાવર ઘંટ છે, જેમાં વિ.સં.૧૮૯૪ની સાલ છે. અહીં જાત્રાર્થે પધારતા સર્વ હિન્દુ યાત્રાળુઓ શ્રદ્ધાપૂર્વક આ ઘંટ વગાડીને પોતાની ગિરનારની યાત્રા પૂર્ણ થયાનો આનંદ માણે છે. હાલમાં આ ટૂંક દત્તાત્રયના નામે પ્રસિદ્ધ થયેલ છે. ઘણા લોકો



આ પગલાંને શ્રી વરદત્તગણધરનાં પગલાં પણ કહે છે. લગભગ ૭૫ વર્ષ પૂર્વે આ ટૂંકનો સંપૂર્ણ વહીવટ શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી દ્વારા કરવામાં આવતો હતો અને પહેલી ટૂંકથી પૂજારી પૂજા કરવા માટે આવતા હતા. હાલમાં દત્તાત્રય તરીકે પ્રસિદ્ધ એવી આ ટૂંકનો સંપૂર્ણ વહીવટ હિન્દુ મહંત દ્વારા કરવામાં આવે છે.

આજે જૈનો માત્ર દર્શન અને આ પવિત્ર ભૂમિની સ્પર્શના કરીને સંતોષ માને છે. આ પાંચમી ટૂંકથી નીચે ઉતરી મુખ્ય સીડી ઉપર આવી પાછા જવાના રસ્તે જવાને બદલે ડાબા હાથ તરફના લગભગ ૩૫૦ પગથિયાં ઉતરતાં કમંડલકુંડ નામની જગ્યા આવે છે.

## કમંડલકુંડ

આ કમંડલકુંડનું સંચાલન હિન્દુ મહંત દ્વારા થાય છે. અહીં કાયમી અગ્નિધૂણો પ્રગટેલો રહે છે. અહીં આવનાર દરેક યાત્રિકો માટે વિનામૂલ્ય અન્નક્ષેત્ર ચાલે છે, જ્યાં નિત્ય સેંકડો યાત્રિકો ભોજનની સુંદર સગવડ પામે છે.

કમંડલકુંડથી નૈઋત્ય ખૂણામાં જંગલ માર્ગે રતનબાગ તરફ જવાય છે, આ રસ્તો ખૂબ વિકટ અને દેવાધિષ્ઠિત સ્થાન છે, જ્યાં આશ્ચર્યકારક વનસ્પતિ થાય છે, આ રતનબાગમાં રતનશિલા ઉપર શ્રી નેમિપ્રભુના દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હોવાનો પાઠ પણ કોઈ ગ્રંથમાં જોવા મળે છે. શ્રી નેમિનાથ ભગવાન સાથે ૫૩૬ મહાત્માઓ નિર્વાણ પામ્યા હોવાથી તેઓનો અગ્નિસંસ્કાર પણ આ વિસ્તારમાં થયો હોવાનું સ્પષ્ટ સમજી શકાય છે.

આ કમંડલકુંડથી અનસૂયાની છટ્ટી ટૂંક અને મહાકાલીની સાતમી કાલિકા ટૂંક ઉપર જવાય છે.




## કાલિકા ટૂંક

કમંડલકુંડથી કાલિકા ટૂંક જવાનો માર્ગ અત્યંત વિકરાળ અને ભયંકર લાગતો હોવાથી ભોમિયાને સાથે લઈને જવાનું હિતાવહ રહે છે. માર્ગમાં કોઈ ભૂલા ન પડે તે માટે ઠેકઠેકાણે લાલ સિંદૂરની નિશાનીઓ કરવામાં આવેલી છે. માર્ગમાં અતિકંટક અને પથરાઓ રહેતા હોવાથી કોઈ જોરાવર અને હિમ્મતવાન માણસ જ કાલિકા ટૂંક સુધી પહોંચવા સમર્થ બને છે. પૂર્વે તો કહેવાતું કે, બે માણસ કાલિકા ટૂંક જાય, તેમાંથી એક માણસ જીવતો પાછો ફરે. કાલિકાની ટૂંકે કાલિકા માતાનું સ્થાન અને ટોચ ઉપર ત્રિશૂળ જોવા મળે છે.

કમંડલકુંડથી પાંડવગુફા જવાનો પણ માર્ગ મળે છે. આ ગુફા પાટણવાવ સુધી નીકળતી હોવાનું જાણવા મળે છે. કમંડલકુંડથી પાછા ગોરખનાથ ટૂંક, અંબાજી ટૂંક થઈ ગૌમુખી ગંગાની બાજુમાં ઉત્તર દિશા તરફના રસ્તે આગળ વધતાં આનંદગુફા, મહાકાલગુફા, ભૈરવજપ, સેવાદાસની જગ્યા અને પથ્થર ચટ્ટીની જગ્યાએ થઈને લગભગ ૧૨૦૦ પગથિયાં નીચે ઉતરતાં સહસાવનનો વિસ્તાર આવે છે.

❖ **સહસાવન (સહસ્ત્રામ્રવન) (શ્રી નેમિપ્રભુની દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણકભૂમિ)**

સહસાવનમાં બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માની દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક થયા હતા. સહસાવનને સહસ્રામ્રવન કહેવાય છે કારણકે અહીં સહસ્ત્ર અર્થાત્ હજારો આંબાનાં ઘેઘૂર વૃક્ષો આવેલાં છે. ચારે બાજુથી આંબાઓથી ઘેરાયેલા આ સ્થળની રમણિયતા તન-મનને અનેરી શીતળતાનો અનુભવ કરાવે છે. આજે પણ મોરલાના મધુરા કીંકાર અને કોયલના ટહૂકારથી ગૂંજતી આ ભૂમિ શ્રી નેમિપ્રભુની દીક્ષા અવસરના વૈરાગ્યરસની સુવાસથી મઘમઘાયમાન અને કૈવલ્યલક્ષ્મીની પ્રાપ્તિ બાદ સમવસરણમાં બેસી દેશના આપતાં પ્રભુની પાંત્રીસ અતિશયયુક્ત વાણીના શબ્દોથી સદા ગૂંજતી રહે છે.



આ સહસાવનમાં શ્રી નેમિનાથ પ્રભુની દીક્ષાકલ્યાણક તથા કેવળ જ્ઞાનકલ્યાણકની ભૂમિના સ્થાને પૂર્વે પ્રાચીન દેરીઓમાં પ્રભુજીનાં પગલાંઓ પધરાવેલાં હતા. વિ. સં. ૨૦૬૫થી શરૂ થયેલ જીર્ણોદ્ધાર દરમ્યાન વિ.સં. ૨૦૭૨ ચૈત્ર વદ-૧૦ના શુભ દિને આ દીક્ષાકલ્યાણકના પગલાં નૂતન દેરીમાં પધરાવેલ છે. ત્યારબાદ કેવળજ્ઞાન કલ્યાણક દેરીના પગલાં પણ નૂતન દેરીમાં પધરાવવામાં આવેલ છે.

તેમાં તો શ્રી રહનેમિજી તથા સાધ્વી રાજીમતીશ્રીજી અહીંથી મોક્ષે ગયા હોવાથી તેઓનાં પગલાં પણ પધરાવવામાં આવેલ છે.

લગભગ ૪૦-૪૫ વર્ષ પૂર્વે તપસ્વીસમ્રાટ પ. પૂ. આ. હિમાંશુસૂરિ મહારાજ સાહેબ પહેલી ટૂંકેથી આ કલ્યાણકભૂમિની સ્પર્શના કરવા માટે વિકટ કેડીના માર્ગેથી આવતા હતા. તે અવસરે કોઈ યાત્રિક આ ભૂમિની સ્પર્શના કરવા આવવાનું સાહસ કરતાં નહીં, તેથી આચાર્ય ભગવંતના મનમાં વિચાર આવ્યો કે, “જો આ રીતે જ આ કલ્યાણકભૂમિની ઉપેક્ષા કરવામાં આવશે તો આ ઐતિહાસિક સ્થાનની સુરક્ષા જોખમમાં મૂકાઈ જશે.” બસ! આ સમય દરમ્યાન કોઈ દિવ્યપ્રેરણાના બળે મહાત્માએ વિચાર કર્યો કે પ્રાચીનદેરી અને માત્ર પગલાંના દર્શન કરવા કોઈ યાત્રિક ઉત્સુક બનતું નથી, તેથી તેઓને પુષ્ટ આલંબન મળે તે માટે દીક્ષાકલ્યાણક અને કેવળજ્ઞાનકલ્યાણકના પ્રતિકરૂપે બે જિનાલયોનું નિર્માણ થાય તો અનેક ભાવિકજીવો આ ભૂમિના દર્શન-પૂજન-સ્પર્શનનો લાભ પામી શકે. ત્યારબાદ તેઓશ્રીના અથાગ પુરુષાર્થથી સહસાવનમાં જગ્યા મેળવી કેવળજ્ઞાન કલ્યાણકના પ્રતિકરૂપે સમવસરણ મંદિરનું નિર્માણ થયું. દીક્ષા કલ્યાણકની સ્મૃતિરૂપે અન્ય એક જિનાલય થાય તેવી તેમની ભાવના હતી.

❖ **સમવસરણ મંદિર (શ્રી નેમિનાથ ભગવાન - ૩૫ ઈંચ)**

આ સમવસરણ મંદિરમાં ચૌમુખજીના મૂળનાયક તરીકે શ્યામવર્ણીય સંપ્રતિકાલીન શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. આ ચૌમુખજી પ્રભુજીની પ્રતિષ્ઠા વિ.સં.

૨૦૪૦ ચૈત્ર વદ-પાંચમના દિવસે પ.પૂ.આ. હિમાંશુસૂરિ મહારાજ સાહેબ, પ. પૂ. આ. નરરત્નસૂરિ મહારાજ સાહેબ (આ. હિમાંશુસૂરિ મહારાજ સાહેબના સંસારીપુત્ર), પ.પૂ.આ. કલાપૂર્ણસૂરિ મહારાજ સાહેબ તથા પ.પૂ.પં.હેમચન્દ્ર વિજયજી ગણિવર્ય આદિ વિશાળ સાધુ સાધ્વી સમુદાયની પાવન નિશ્રામાં થયેલ છે.

આ સમવસરણ જિનાલયમાં પ્રવેશ કરતાં જ સામે સમવસરણના પગથિયાંને જોઈ સાક્ષાત્ પ્રભુના સમવસરણમાં પ્રવેશ કરતા હોવાના ભાવો પ્રગટ થાય છે. સમવસરણના પગથિયાં ચઢી ઉપર જતાં મધ્યમાં અશોકવૃક્ષની નીચે ચૌમુખજી પ્રભુજીના બિંબોને નિહાળતાં હૈયું પુલકિત થાય છે. આ સમવસરણની સન્મુખના રંગમંડપમાં ગતચોવીસીના દસ તીર્થંકર સમેત શ્યામવર્ણીય શ્રી નેમિનાથ પરમાત્મા તથા તેની સામે આવતી ચોવીસીના ચોવીસ તીર્થંકર સમેત પીતવર્ણીય શ્રી પદ્મનાભ પરમાત્માની નયનરમ્ય પ્રતિમાઓ પધરાવેલ છે. અન્ય રંગમંડપોમાં જીવિતસ્વામી શ્રી નેમિનાથ ભગવાન તથા દરેક રંગમંડપમાં શ્રી નેમિપ્રભુના ૬-૬ ગણધર ભગવંતોની પ્રતિમા સ્થાપિત કરવામાં આવેલ છે.

આ ઉપરાંત જિનાલયમાં પ્રવેશતાં રંગમંડપમાં ડાબે-જમણે અનુક્રમે શ્રી નેમિનાથ ભગવાનના શાસન અધિષ્ઠાયક શ્રી ગોમેધયક્ષ તથા અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવીની પ્રતિમાઓ બિરાજમાન છે. અન્ય રંગમંડપોમાં પ. પૂ. આ. હિમાંશુસૂરિ મહારાજ સાહેબના વડીલ-પૂજ્યોની પ્રતિકૃતિ તથા પગલાં પધરાવવામાં આવેલ છે.

સમવસરણની પાછળ નીચે ગુફામાં શ્રી નેમિનાથ પરમાત્માની અત્યંત મનમોહક પ્રતિમા (૧૧ ઇંચ) પધરાવવામાં આવેલ છે, જ્યાં અનેક મહાત્માઓ અનેક દિવસો સુધી અઠ્ઠમ આદિ તપશ્ચર્યા સમેત વિશિષ્ટ જાપની આરાધનાઓ કરી ગયા છે અને અવારનવાર આરાધના કરવા પધારે છે. બાજુની નૂતન ગુફામાં સિદ્ધાત્મા શ્રી રહનેમિજીની પ્રતિમા પધરાવવામાં આવેલી છે.



પ.પૂ.આ.હિમાંશુસૂરિ મહારાજ સાહેબ પ્રેરિત શ્રી સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધાર સમિતિ-જૂનાગઢ દ્વારા આ સમવસરણ મંદિરનું નિર્માણ કરાયેલ છે અને તેઓના સંચાલન હેઠળ અત્રે વિશિષ્ટ આરાધના કરવાની ભાવનાવાળા પુણ્યશાળીઓ માટે ધર્મશાળાની વ્યવસ્થા છે. પૂર્વસંમતિપૂર્વક આવનારને અત્રે રાત્રિરોકાણ કરી શકાય છે તથા ભોજન-આયંબિલની વ્યવસ્થા પણ કરી આપવામાં આવે છે. આ સંકુલમાં દર્શનાર્થે પધારતાં સર્વ સાધર્મિક બંધુઓને ભાતું આપવામાં આવે છે.

આ સમવસરણ મંદિરથી બહાર નીકળી પગથિયાં ઉતરતાં જમણી બાજુ આ **મંદિરના પ્રેરણાદાતા પ.પૂ.આ.હિમાંશુસૂરિ મહારાજ સાહેબની અંતિમસંસ્કાર ભૂમિ** આવે છે, જેમાં પૂજ્યશ્રીના પગલાં તથા પ્રતિકૃતિ પધરાવવામાં આવેલ છે. તેની સન્મુખ ઊભા રહેતાં તે દેરી ઉપર પાંચમી મોક્ષ કલ્યાણક ટૂંક દેખાય છે.

આ અંતિમસંસ્કાર ભૂમિથી ૬૦ પગથિયાં ઉતરતાં બે રસ્તા પડે છે, જેમાં ડાબી બાજુના માર્ગે ૩૦૦૦ પગથિયાં ઉતરી લગભગ અડધો કીલોમીટર ચાલતાં તળેટી આવે છે. જમણી બાજુ ૧૦ પગથિયાં ઉતરતાં ડાબી બાજુ શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી સંચાલિત બુગદાની ધર્મશાળા આવે છે, જ્યાં પૂર્વે અનેક જૈન મહાત્માઓએ સ્થિરતા કરી ૬૮ ઉપવાસ, માસક્ષમણ આદિ ઉગ્ર તપશ્ચર્યા કરેલ છે, ત્યાંથી ૩૦ પગથિયાં ઉતરતાં ડાબી બાજુ શ્રી નેમિનાથ પરમાત્માની કેવળજ્ઞાન કલ્યાણકની જીર્ણોદ્ધાર બાદ તૈયાર થયેલ નૂતન દેરી આવે છે.

❖ **શ્રી નેમિનાથ પરમાત્માની કેવળજ્ઞાન કલ્યાણકની નૂતનદેરી**

આ કેવળજ્ઞાન કલ્યાણકની દેરીમાં મધ્યમાં શ્રી નેમિનાથ પ્રભુનાં પગલાં તથા તેની બાજુમાં તેમના ભાઈ મુનિ શ્રી રહનેમિજી તથા સાધ્વી રાજીમતીશ્રીજીનાં પગલાં પધરાવવામાં આવેલા છે. આ દેરીથી ૩૦ પગથિયાં ઉતરતાં ડાબી બાજુ શ્રી નેમિપ્રભુની દીક્ષાકલ્યાણકની નૂતન દેરી આવે છે.







શ્રી નેમિપ્રભુની કેવળજ્ઞાન કલ્યાણકની નૂતન દેરી



શ્રી નેમિપ્રભુની દીક્ષાકલ્યાણકની નૂતન દેરી

❖ **શ્રી નેમિપ્રભુની દીક્ષાકલ્યાણકની નૂતન દેરી**


આ દીક્ષાકલ્યાણકની જીર્ણોદ્ધાર બાદ તૈયાર થયેલ નૂતન દેરી એક વિશાળ ચોકમાં આવેલી છે, જેમાં શ્રી નેમિપ્રભુના શ્યામવર્ણીય પગલાં પધરાવવામાં આવેલા છે. અનેક મુમુક્ષુ આત્માઓ દીક્ષાપૂર્વે આ પાવનભૂમિની સ્પર્શના કરવા અવશ્ય પધારે છે.

આ દીક્ષાકલ્યાણકભૂમિની સામે વાલ્મિકી ગુફા તથા ડાબા હાથે નીચે ઉતરતાં ભરતવન, ગિરનારી ગુફા, હનુમાનધારાનાં હિન્દુસ્થાનો આવે છે. ત્યાંથી નીચે ઉતરતાં પરિક્રમાના રસ્તામાં આવતી ઝીણાબાવાની મઢીના સ્થાને પહોંચાય છે.

આ દીક્ષાકલ્યાણકની દેરીથી જમણી તરફ પાછા ૭૦ પગથિયાં ઉપર ચઢતાં જમણી બાજુ તળેટી તરફ જવાનો માર્ગ આવે છે. જે માર્ગે લગભગ ૧૮૦૦ પગથિયાં ઉતરતાં રાયણના ઝાડ નીચે એક પરબ આવે છે, જ્યાં ઉકાળેલા પાણીની વ્યવસ્થા પણ શ્રી સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધાર સમિતિ દ્વારા ઉપલબ્ધ હોય છે. ત્યાંથી ૧૨૦૦ પગથિયાં ઉતરીને લગભગ અડધો કિલોમીટર ચાલીને જતાં ગિરનાર તળેટી આવી જાય છે.

**સહસાવનમાં શ્રી નેમિપ્રભુના દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણકની સાથે અન્ય પણ ઐતિહાસિક પ્રસંગો થયા છે.**

★ સહસાવનમાં કરોડો દેવતાઓ દ્વારા શ્રી નેમિનાથ ભગવાનનું પ્રથમ તથા અંતિમ સમવસરણ રચાયેલું હતું.



★ સહસાવનમાં સાધ્વી રાજીમતીજી તથા શ્રી રહનેમિજી મોક્ષપદને પામ્યા હતા.

★ સહસાવનમાં શ્રી કૃષ્ણવાસુદેવ દ્વારા સુવર્ણ અને રત્નમય પ્રતિમાજીયુક્ત ત્રણ જિનાલયોનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

★ સહસાવનમાં સોનાના ચૈત્યોમાં મનોહર ચોવીસીનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

★ સહસાવનની બાજુમાં લક્ષારામમાં એક ગુફામાં ત્રણ કાળની ચોવીસીના બોત્તેર તીર્થંકર ભગવાનની પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી હતી.

વિ.સં. ૨૦૩૭ આસપાસના સમય દરમ્યાન નીચેથી શેષાવનના નામે ઓળખાતા સહસાવનના વિસ્તાર સુધી પહોંચવાના કોઈ પગથિયાં ન હતાં. ત્યાં માત્ર કેડીમાર્ગેથી ઉપર પહોંચાતું હતું. તે અવસરે તપસ્વી સમ્રાટ પ.પૂ.આ. હિમાંશુસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણા અને પુણ્ય પ્રભાવે સહસાવન સુધી પહોંચવાના પગથિયાનું નિર્માણકાર્ય થયું હતું. ભૂતકાળમાં ત્યાં કોઈ પગથિયાં હતા, પરંતુ તે લગભગ સંપૂર્ણતયા નષ્ટપ્રાયઃ થઈ ગયાં હતા. તેથી તે માર્ગ આજે પણ સ્થાનિક લોકોમાં 'જૂની સીડી'ના હૂલામણા નામથી ઓળખાય છે.

ગિરનારના ભારે વરસાદના કારણે આ માર્ગે વારંવાર પથ્થરો-શિલાઓ પડતી હોવાથી થોડા - થોડા સમયે આ સીડીના માર્ગમાં સમારકામની આવશ્યકતા રહેતી હોય છે. તેથી વર્તમાનમાં વિ. સં. ૨૦૭૧ અને વિ. સં. ૨૦૭૬ દરમ્યાન આ સીડીનો જીર્ણોદ્ધાર પ.પૂ.આ. હેમવલ્લભસૂ. મ.સા.ના માર્ગદર્શન મુજબ કરવામાં આવ્યો હતો.



# ૩૫

# ગિરનારની અજબ-ગજબની વાતો

ગરવાગઢ ગિરનારના પહાડોમાં અનેક ગુફાઓ અને ગુપ્ત સ્થાનો છે, જેના કારણે ગિરનાર ઘણા સ્થાને ખૂબ પોલો હોવાનું જણાય છે. આ પર્વતોમાં અનેક સંતો, મહંતો, સિદ્ધો, યોગીઓ, અનેક અઘોરીઓ અને મહાત્માઓએ વસવાટ કરી અનેકવિધ સાધનાઓને સિદ્ધ કરેલ છે.

આજે પણ અનેક વિભૂતિઓ આ ગિરનારની ગુફાઓમાં આત્મધ્યાનમાં લીન રહી આત્મસાધના કરી રહ્યા હોવાનું જાણવા મળેલ છે, જેની ઉંમર ૧૦૦-૨૦૦-૩૦૦ એમ સેંકડો વર્ષની પણ હોય છે. જૈન ગ્રંથો તથા અન્ય ધર્મગ્રંથોમાં પણ યક્ષાદિ અનેક આત્માઓ ગિરનારમાં વસતા હોવાનો ઉલ્લેખ આવે છે.

આ સંતો, મહંતો, સિદ્ધયોગી તથા યક્ષાદિ આત્માઓની અનેક વાર્તાઓ અને ચમત્કારોની વાતો આજે પણ લોકમુખથી જાણવા મળે છે, જેમાંથી કેટલીક વાતો અહીં જણાવેલ છે.

❖ જૂનાગઢના ગોરજી કાંતિલાલજીના કહેવા પ્રમાણે, જૂનાગઢના કેટલાક ભાઈઓએ ગધ્ધેસિંહના ડુંગરમાં જઈ ગધૈયાના સિક્કાઓ એકઠા કરી ગાંસડી બાંધીને બોરદેવીના મુકામે આવ્યા, તે વખતે બોરદેવીમાં ઉપસ્થિત બાવાને તેઓએ હેરાન કર્યો, તેથી બાવાનો ક્રોધ આસમાને ચડતાં કેટલાક તો ગાંડા થઈને ત્યાંને ત્યાં જ મૃત્યુ પામ્યા, કેટલાક ભાગી છૂટતાં રસ્તામાં મૃત્યુ પામ્યા અને કેટલાક તો જૂનાગઢમાં પહોંચ્યા પછી મૃત્યુ પામ્યા હતાં.

❖ ગોરજી કાંતીલાલજી કહેતા કે ગિરનાર ઉપર પથ્થર ચટ્ટીની જગ્યામાં રહેતા હરનાથગર નામના અઘોરીએ એક વાર કોઈ બ્રાહ્મણના પુત્રને ઉપાડી લાવીને તેનું ભક્ષણ કર્યું હતું. તે

બ્રાહ્મણ પુત્રને શોધતાં - શોધતાં ગિરનાર ઉપર આવ્યો, પરંતુ પુત્ર ન મળવાથી અત્યંત દુ:ખી હૃદયે તે ગિરનારના અધિષ્ઠાયક દેવોને પ્રાર્થના કરે છે, બ્રાહ્મણના આક્રંદથી તુષ્ટ થયેલ વરદત્ત શિખરના અધિષ્ઠાયક દેવ જાગૃત થયા, તેમની સહાયથી પેલો બ્રાહ્મણપુત્ર પુનઃ જીવિત થયો અને અધિષ્ઠાયક દેવે તે અઘોરીને લાકડી વડે ખૂબ માર મારતાં તે અઘોરી લંગડો થઈ ગયો, ત્યારબાદ ઘણા અઘોરીઓ ગિરનાર છોડીને ચાલ્યા ગયા.

❖ ગિરનારના શ્રી નેમિનાથ દાદાની પૂજા કરનાર આરાધક આત્માઓ ધન્ય બની જાય છે, અરે ! બાલબ્રહ્મચારી નેમિપ્રભુના દર્શન-પૂજનથી કેટલાય આરાધકોએ વાસનાઓનું વમન થતું હોવાનો અનુભવ કર્યો છે, આજે અનેક મુમુક્ષુ આત્માઓ દીક્ષાપૂર્વે શ્રીનેમિપ્રભુ તથા દીક્ષા કલ્યાણકભૂમિના દર્શન-પૂજન-સ્પર્શન દ્વારા સંયમ અંગિકાર કરવામાં નડતા અંતરાયોને તોડવા માટે સમર્થ બને છે. કેટલાય આત્માઓ આ ગિરનારની ભક્તિ કરી બ્રહ્મચર્યવ્રત અંગિકાર કરી આત્મારાધનામાં લીન બન્યા છે.

❖ એક સાધક આત્મા ગિરનારના અમિઝરા પાર્શ્વનાથ ભગવાનના ભોંયરામાં સાધના કરવા અનેક વાર આવતા હતા, ત્યારે એક રાત્રિએ ભોંયરામાં જાપ-ધ્યાનની આરાધનામાં લીન હતા અને ભોંયરાનો દરવાજો પૂજારી બહારથી બંધ કરી ગયા હતા ત્યારે તેમણે આકાશમાર્ગેથી એક દિવ્ય પ્રકાશનો પૂંજ ભોંયરામાં ઉતરતો જોયો અને થોડી વાર તે પ્રકાશના પૂંજમાંથી બે ચારણમુનિઓ અવતરતાં દૃશ્યમાન થયા, થોડી વાર અમિઝરા પાર્શ્વનાથ ભગવાનની ભક્તિ કરી ત્યારબાદ તે ચારણમુનિઓ અત્યંત તેજગતિએ આકાશ ભણી ગમન કરતાં નિહાળ્યા હતા.

❖ એક મહાત્માએ ગિરનારની ૯૯ યાત્રા કરતાં - કરતાં એકવાર એક વિશિષ્ટ ગુફામાં પ્રવેશ કર્યો. ત્યાં અત્યંત શાંત, તેજસ્વી, કદાવરદાર દેહધારી, તેજવર્તુળવાળા એક દિવ્ય સંતના દર્શન કર્યાં અને તેમના સ્વમુખે ગિરનાર મહાતીર્થનું અલૌકિક માહાત્મ્ય સાંભળ્યું હતું.

❖ રાજનગર-અમદાવાદથી એક આરાધક પરિવાર સંઘ લઈને ગિરનારમંડન શ્રી નેમિનાથ પ્રભુજીને આભૂષણ ચઢાવવા આવ્યો ત્યારે અઢાર અભિષેકના દિવસે શ્રી નેમિનાથ દાદાના આખા દેરાસરની છતમાંથી મોટા - મોટા ટીપાં પડે તે રીતે અમિઝરણાં થયાં હતાં, વળી શ્રીનેમિપ્રભુના પ્રતિમાને ત્રણવાર અંગલૂંછણા કરવા છતાં જયારે અમિઝરણાં ચાલુ જ રહ્યા હતા ત્યારે સૌએ તેવા ભીના પ્રભુજીની જ પૂજા કરવી પડી હતી.

❖ ગિરનાર ઉપરની શ્રી પ્રેમચંદજીની ગુફામાં ઘણા મહાત્માઓએ ધ્યાન ધરેલ છે, શ્રી પ્રેમચંદજી મહારાજ યોગવિદ્યામાં પ્રવિણ હતા. એક વાર પોતાના ગુરુભાઈ શ્રી કપૂરચંદજીને શોધવા માટે તેઓ ગિરનારની આ ગુફામાં આવીને રહ્યા હતા. શ્રી કપૂરચંદ મહારાજ પાસે અનેકરૂપને ધારણ કરવાની તથા એક સ્થળેથી બીજા સ્થળે ઊડીને જવાની આકાશગામિની વિદ્યા હતી.

❖ ૧૯૪૭ માં ગિરનાર ઉપર એક યોગી એક પ્રબુદ્ધ લેખકને પોતાની ગુફાનું પાષાણનું દ્વાર ખોલીને અંદર લઈ ગયેલા, ત્યારબાદ તે લેખક અનેક વાર તે સ્થળે જઈને તે દ્વારની તપાસ કરતા, પરંતુ ત્યાં ખડકની શિલા સિવાય બીજું કાંઈ નહોતું મળતું.

❖ એક વાર કેટલાક આરાધકો શ્રી નેમિનાથ દાદાના દેરાસરની બહારની ધર્મશાળાની રૂમોમાં જાપની આરાધના કરી રહ્યા હતા, ત્યારે શ્રી નેમિપ્રભુના જિનાલયમાંથી એકધારો ઘંટનાદ સંભળાતો હતો.

❖ કેટલાક સાધ્વીજી ભગવંતો શ્રી નેમિનાથ ભગવાનનું દેરાસર માંગલિક થયા બાદ બહાર રહેલા શાસન અધિષ્ઠાયિકા અંબિકાદેવીની દેરી પાસે આરાધના કરી રહ્યા હતા ત્યારે દાદાના દરબારમાંથી લગભગ પોણા કલાક સુધી સતત નૃત્યોના નાદ અને ઝાંઝરના - ઝમકારના દિવ્યધ્વનિનું ગુંજન સંભળાતું હતું.





- વિ.સં. ૨૦૩૧ ના કારતક માસમાં એક આરાધક આત્માએ ખૂબ ભાવપૂર્વક શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમાને પ્રક્ષાલ કર્યો પછી અંગલૂંછણા વગેરેથી બધું કોરું કરી દેવા છતાં જ્યારે પૂજા કરવા ગયા ત્યારે પ્રભુજીના ચરણકમલમાંથી લગભગ ચારેક વાટકી ભરાય તેટલું દિવ્યસુગંધી નવ્હણજલ ઝર્યું હતું.
- આ ગિરનારની ઔષધિના અચિન્ત્યપ્રભાવથી છેલ્લા સેંકડો વર્ષોમાં અનેક મહાપુરૂષો આકાશગમન દ્વારા તીર્થયાત્રા કરતા હતાં.



❖ એક વાર એક યોગીપુરૂષને જીવતા સળગાવી દેવામાં આવ્યા હોવા છતાં તે મહાત્માએ ભડભડ બળતા અગ્નિમાંથી સહજતાપૂર્વક બહાર નીકળીને કલકત્તાના અંગ્રેજ ગર્વનરને આશ્ચર્ય પમાડી દીધા હતા.



❖ ગિરનારની ગુફામાં વસતા નાગાબાવાઓ મહાશિવરાત્રિના મેળાના અવસરે અનેકવિધ અકલ્પનીય યોગના દાવો દ્વારા સૌને આશ્ચર્યમુગ્ધ કરતા હોય છે.

❖ આજે પણ એવા ઘણા અઘોરીઓ ગિરનારની ગુફામાં વસે છે, જે મહાશિવરાત્રિના મેળા અવસરે ભવનાથ મંદિરના દર્શનાર્થે આવે છે, પછી મૃગીકુંડમાં સ્નાન કરવા પડે છે અને પાછા બહાર નીકળતા જોવા મળતા નથી (પ્રાયઃ ! સૂક્ષ્મ શરીર કરીને ચાલ્યા જતા હોવાનો સંભવ છે. તત્ત્વ તો કેવલી ભગવંત જાણે.)

❖ ઈ.સ. ૧૮૮૯-૧૮૯૦ માં વંથલી તાલુકાના સેલરા ગામના એક આહિરના પુત્રને તેના ખેતરમાંથી આકાશમાર્ગે આવેલા કોઈ સાધુ પોતાની પાછળ તે બાળકને ઉપાડીને ગિરનાર ઉપર લઈ જતા હતા, એક ગુફામાં ત્રણ દિવસ રાખીને પાછો મૂકી જતા હતા, ત્યારે પોલીસ તપાસ થતી, પરંતુ તે વખતના નવાબ રસૂલખાને હવે આ છોકરો સહીસલામત પાછો આવી ગયો હોવાથી તે સાધુઓની શોધ કરવા માટે વિશેષ ઊંડા ઉતરવાની જરૂર નથી, તેવું કહીને તપાસ બંધ કરવા માટે આજ્ઞા કરી હતી.



- એક વાર એક બાવાએ જંગલમાં કોઈ રસકૂપિકાની શોધ કરીને તેમાંથી રસ લઈને એક તુંબડીમાં ભરી દીધો હતો, રાત્રે કોઈ સોનીને ત્યાં રોકાણ કરી બીજા દિવસે સવારે ઉઠીને તે પોતાના રસ્તે ચાલી નીકળ્યો હતો. સોનીના ઘરમાં જ્યાં - જ્યાં તુંબડીમાં રહેલા રસના છાંટા હતા તે તે વસ્તુઓ સોનાની બની ગઈ હતી, આ ઘટનાનો ખ્યાલ આવતાં સોનીએ તાત્કાલિક તે બાવાને શોધવાના પ્રયત્નો કર્યા, પરંતુ તે બાવાનો કોઈ પત્તો ન લાગ્યો.

- મહાદુ:ખમય એવા સંસારમાં રોગથી પીડાતા કોઈ માણસે આપઘાત કરવા અંબાજીની ટૂંકથી પડતું મૂકયું, પરંતુ નશીબજોગે કોઈ હરડે ના ઝાડ પાસે પડવાથી તે થોડો સમય ત્યાં જ પડ્યો રહેવાથી હરડેના ઝાડની અસરથી તેને વારંવાર સંડાસ જવાનું થતાં તેનો બધો જ રોગ દૂર થઈ ગયો, આ વાત તેણે જૂનાગઢના તે વખતનાં ગોરજી લાધાજી જયવંતજીના ગુરૂને કરી ત્યારે તેમણે પણ તે હરડે લાવીને નવાબ સાહેબની દવામાં ઉપયોગ કર્યો. ટૂંક સમયમાં નવાબ સાહેબનો દીર્ઘકાલીન રોગ પણ ગાયબ થતાં તે તંદુરસ્ત સ્વાસ્થ્યને પામ્યા હતા.

- એક વાર કેટલાક યાત્રિકો ગિરનારમાં ભૂલા પડ્યા ત્યારે કોઈ યોગીની ગુફા પાસે આવી પહોંચ્યા હતા, યોગી મહાત્માએ તેમને સાંત્વન આપીને કોઈ ઝાડના પાંદડાઓ ખાવા આપ્યા, તે પાંદડા તેમને પાપડ જેવા લાગ્યા અને તેનાથી તેમની ભૂખનું શમન થઈ ગયું ત્યારબાદ યોગીએ તેમની આંખ ઉપર પાટા બાંધીને કોઈક રસ્તે છૂટા મૂકી દીધા ત્યારે તે સ્વાભાવિક જ પોતાના સ્થાન ઉપર પાછા પહોંચી ગયા હતા. બીજા દિવસે જ્યારે તે યાત્રિકોએ તે ગુફાની શોધ કરી ત્યારે તેમને તે સ્થાન જોવા ન મળ્યું.

- એક વાર એક કઠિયારાએ રતનબાગમાં કોઈ વાંદરાને કુહાડી મારી, તે કુહાડી જોગાનુજોગ કોઈ કુંડમાં પડવાથી સોનાની થઈ ગઈ, તે સ્થાનની ચોક્કસ નિશાની રાખીને કઠિયારો બીજા દિવસે તે સ્થાન શોધવા લાગ્યો ત્યારે પોતાની કરેલી નિશાની ન મળતાં તે રસ્તામાં ભૂલો પડી ગયો હતો.





❖ કાળી દેરી આગળની ટેકરીને વાલ્મિક ઋષિની ટેકરી કહે છે, તે સ્થાનની આગળ જટાશંકર જવાનો રસ્તો આવે છે, તે માર્ગમાં પ્રથમ 'પુતળીઓ ગાળો' નામની જગ્યા આવે છે, તે સ્થાન ઉપર ચોખાના આકારના પથરાઓ જોવા મળે છે.

❖ ગબ્બર અથવા ગધ્ધેસિંહનો ડુંગર પાંચમી ટૂંકના નૈરૃત્ય ખૂણામાં છે, ત્યાં શાશ્વતી પ્રતિમાઓ છે, પરંતુ તેમાં કુંજ દ્રહ નામનો ઝરો છે, તેને તાંતણિયો ધરો પણ કહેવાય છે. આ ધરામાં રતનબાગમાંથી શુદ્ધ નિર્મલ જલ આવે છે અને અગાધ હોવાથી તેનો કોઈ પાર આવતો નથી, તેથી તે શાશ્વતી પ્રતિમાના સ્થાન સુધી કોઈ પહોંચી શકતું નથી. આ તાંતણિયો ધરો બીલખા તરફ થઈને હોજત નદીને મળે છે.


❖ ગબ્બર અને દાતારના ડુંગરની વચ્ચે નવનાથ, ૮૪ સિદ્ધની ટેકરી છે, તેને હાલ ટગટગીઆનો ડુંગર કહે છે, આ ટગટગીઆના ડુંગરથી રત્નેસર અને ત્યાંથી કાળીના મુકામે જવાય છે. આ ડુંગરમાં પૂર્વે ઘણા અઘોરીઓ રહેતા હતા.

❖ ગિરનારના માર્ગમાં આવેલા દામોદરકુંડના પાણીમાં નાંખવામાં આવેલા હાડકાં આપમેળે ઓગળી જાય છે અને તેમાં ભસ્મ નાંખવામાં આવે તો પણ તે પાણી શુદ્ધનું શુદ્ધ જ રહે છે.

❖ ગિરનારના સહસાવન તરફના પોલા આંબાના વૃક્ષ પાસે એક ઝરણું વહેતું હતું. એક માણસ તે ઝરણાંનું પાણી લેવા નીચે વળીને પાછો ઊભો થાય છે, ત્યારે તેની સામે એક મહાકાય માનવ જેવી આકૃતિ તેની સામે જોઈને અટ્ટહાસ્ય કરી રહી હતી. તે દૃશ્ય જોઈને પેલો માણસ ગભરાટ સાથે ત્યાંથી ભાગી છૂટયો હતો.

❖ ગિરનારમાં એવી વનસ્પતિ છે, જેના મૂળિયાને રાંધીને ખીચડી બનાવીને ખાવાથી છ-છ માસ સુધી માણસની ભૂખ ખલાસ થઈ જાય છે.

❖ ગિરનારમાં એક એવી વનસ્પતિ છે, જેમાંથી દૂધ નીકળે છે, તે દૂધનાં ૩-૪ ટીપાં આપણા સાદા દૂધમાં નાંખવામાં આવે તો પાંચ જ મિનીટમાં તે દહીં બની જાય છે.





❖ એક વાર યાત્રાળુઓ ગિરનાર ચઢી રહ્યા હતા ત્યારે સવારના સમયે કોઈ ઝાડીની ડાળી તોડીને દાતણ કરવા લાગ્યા અને થોડી જ વારમાં તેમના બધા દાંત પડી ગયા.

❖ જૂનાગઢ ગામના એક શ્રાવક તથા તેના મિત્ર રતનબાગ તરફ જવાના માર્ગે આગળ વધી રહ્યા હતા, ત્યાં સામે આવેલી ઝાડીને હાથથી થોડી દૂર કરવાનો પ્રયાસ કરે છે ત્યાં તો તે ડાળી જાણે કે કોઈનો હાથ ન હોય ! તેમ તે ડાળીએ તે વ્યક્તિના મુખ ઉપર જોરથી લાફો માર્યો ત્યારે તેમના આગળના ચાર દાંત પડી ગયા હતાં.


❖ ગિરનારમાં કોઈ યાત્રિક રસ્તો ભૂલી ગયો હશે ત્યારે તેને સામે જ કોઈ સંન્યાસી મળ્યો અને પૂછ્યું, "બેટા ! કયા રસ્તા ભૂલ ગયા હૈ ?" તેણે હા પાડતાં પોતાની પાછળ - પાછળ લઈ ગયો અને એક શિલાને હાથથી ખસેડતાં અંદર એક ગુફા હતી. અંદર જઈને પોતાની લબ્ધિથી ભોજન હાજર કરીને તે યાત્રિકને ખવડાવે છે. પછી તે યાત્રિકને ચાલવાનું કહેતાં તે આગળનો આગળ ચાલતાં બે દિવસ બાદ ઉપલેટા ગામ પાસેથી બહાર નીકળ્યો હતો.

❖ એક યાત્રિક માર્ગ ભૂલી જતાં મૂઝવણમાં મુકાય જાય છે ત્યારે શણગાર સજેલી એક સ્ત્રી તેને માર્ગ ચીંધે છે, તે આગળ ચાલવા માંડે છે ત્યારે તેને આગળ માર્ગ દેખાય છે, તે સમયે પાછળ જોતાં પેલી શણગાર સજેલી સ્ત્રી અલોપ થયેલી હતી. આવી અનેક વાતો આ મહાપ્રભાવક, ચમત્કારી ગિરનાર ગિરિવરના ઈતિહાસ સાથે જોડાયેલી છે.

परमोत्तमं नृलोके सिद्धानंतं शिवाद्री परमाणौ ।
यस्मिन्नर्हदनंतं, स जयति गिरिनारगिरिराजः ॥ ३ ॥

મનુષ્યલોકમાં પરમ ઉત્તમ આ પર્વત ઉપર પરમાણુ પરમાણુએ અનંત આત્મા સિદ્ધ થયા છે તથા અનંત અરિહંત ભગવંતો સિદ્ધ થયા છે. તે ગિરિનાર ગિરિરાજ જય પામે છે. ॥ ૩ ॥

**ગિરનાર મહાતીર્થ કલ્પ**





# શ્રી ગિરનાર મહાતીર્થના ચોથા આરામાં થયેલા ઉદ્ધારો

જેમ સમય અને ઋતુઓમાં પરિવર્તન આવ્યા કરે છે, તેમ કાળક્રમે શ્રી ગિરનારજી મહાતીર્થ ઉપર પણ ફેરફાર થતા આવ્યા છે. ઘણા ભવ્યાત્માઓએ પોતાના આત્માનો ઉદ્ધાર કરવા તીર્થના ઉદ્ધાર કરાવ્યા છે.

- ❖ આ અવસર્પિણીમાં ચોથા આરામાં ભરત મહારાજાએ ગિરનાર તીર્થનો સર્વપ્રથમ ઉદ્ધાર કરાવ્યો હતો.
- ❖ ભરત મહારાજાના મોક્ષે ગયા બાદ છ ક્રોડ વર્ષ પછી દંડવીર્ય રાજાએ ગિરનાર તીર્થનો બીજો ઉદ્ધાર કરાવ્યો હતો.
- ❖ ત્યારબાદ સો સાગરોપમ વર્ષ પછી બીજા દેવલોકના ઈશાન ઈન્દ્રે ગિરનાર તીર્થનો ત્રીજો ઉદ્ધાર કરાવ્યો હતો.
- ❖ ત્યારબાદ એક ક્રોડ સાગરોપમ વર્ષ પછી ચોથા દેવલોકના મહેન્દ્ર ઈન્દ્રે ગિરનાર તીર્થનો ચોથો ઉદ્ધાર કરાવ્યો હતો.
- ❖ ત્યારબાદ ૧૦ ક્રોડ સાગરોપમ વર્ષ પછી પાંચમા દેવલોકના બ્રહ્મેન્દ્રે ગિરનાર તીર્થનો પાંચમો ઉદ્ધાર કરાવ્યો હતો.
- ❖ ત્યારબાદ લાખ ક્રોડ સાગરોપમ વર્ષ પછી ભવનપતિ નિકાયના ઈન્દ્રોએ ગિરનાર તીર્થનો છટ્ઠો ઉદ્ધાર કરાવ્યો હતો.
- ❖ બીજા તીર્થંકર શ્રી અજિતનાથ પરમાત્માના શાસનમાં સાગર નામે બીજા ચક્રવર્તી થયા હતા, તેણે ગિરનાર ગિરિનો સાતમો ઉદ્ધાર કરાવ્યો હતો.



❖ ત્યારબાદ શ્રી અભિનંદનસ્વામી પરમાત્માના શાસનમાં વ્યંતર નિકાયના ઈન્દ્રે ગિરનાર તીર્થનો આઠમો ઉદ્ધાર કરાવ્યો હતો.

❖ ત્યારબાદ શ્રી ચન્દ્રપ્રભસ્વામી ભગવંતના શાસનમાં ચંદ્રયશા રાજાએ ગિરનાર તીર્થનો નવમો ઉદ્ધાર કરાવ્યો હતો.

❖ સોળમા શ્રી શાંતિનાથ પરમાત્માના પુત્ર શ્રી ચક્રધર રાજાએ ગિરનાર ગિરિનો દસમો ઉદ્ધાર કરાવ્યો હતો.

❖ વીસમા શ્રી મુનિસુવ્રતસ્વામી પરમાત્માના શાસનમાં દશરથ રાજાના પુત્ર રામચંદ્રજીએ ગિરનાર તીર્થનો અગિયારમો ઉદ્ધાર કરાવ્યો હતો.

❖ બાવીસમા શ્રી નેમિનાથ પરમાત્માના શાસનમાં પાંડવોએ ગિરનાર તીર્થનો બારમો ઉદ્ધાર કરાવ્યો હતો.

❖ શ્રી નેમિનાથ પરમાત્માના નિર્વાણ પછી બે હજાર વર્ષ પછી રત્નાશા નામના શ્રાવકે ગિરનાર તીર્થ ઉપર અંબિકાદેવીની સહાયથી બ્રહ્મેન્દ્રે બનાવેલી વર્તમાન વિશ્વની સૌથી પ્રાચીન એવી શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાજી પધરાવી ગિરનાર તીર્થનો તેરમો ઉદ્ધાર કરાવ્યો. રત્નાશાની પ્રતિષ્ઠા કરાવેલી પ્રતિમા લગભગ ૮૪,૫૪૯ વર્ષથી આજ દિન સુધી ગિરનાર મહાતીર્થ ઉપર બિરાજમાન છે.

श्रीपद्मनाभमुख्या द्वाविंशतिरिह जिनास्तु सेत्स्यति ।
कल्याणत्रिकमुभयोः स जयति गिरिनारगिरिराजः ।। १८ ।।

આવતી ચોવીસીના શ્રી પદ્મનાભ આદિ બાવીસ તીર્થંકરો આ ગિરિ ઉપર મોક્ષ પામશે જ્યારે ત્રેવીસમા અને ચોવીસમા શ્રી અનંતવીર્ય અને ભદ્રકૃત ભગવાનના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ કલ્યાણક થશે, તે ગિરિનાર ગિરિરાજ જય પામે છે. || ૧૮ ||

**ગિરનાર મહાતીર્થ કલ્પ**




# શ્રી ગિરનાર મહાતીર્થના પાંચમા આરામાં થયેલા ઉદ્ધારો

સૌપ્રથમ અનાર્યદેશ બેબીલોનના રાજા નેબુચન્દ્ર જે પ્રાયઃ પરમાત્મા મહાવીર સ્વામીના શાસનના શ્રેણિક રાજાના મિત્ર હતા. તે પોતાના પુત્રમુનિને શોધવા ભારતમાં આવ્યા ત્યારે જૈન ધર્મથી પ્રભાવિત થઈ નેમિનાથ ભગવાનના જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. (કેટલાક ગ્રંથોમાં ૧૯૩૫માં પ્રભાસપાટણમાં મળી આવેલ તામ્રપત્રના આધારે આવું અનુમાન કરવામાં આવે છે, તત્ત્વ તો કેવલી ભગવંત જાણે.) આ ઉદ્ધાર ચોથા આરાના છેલ્લા ૫૦ વર્ષ દરમ્યાન થયો હોય, તેવી પણ સંભાવના છે.

❖ વિ. સં. ૧૫૪માં થયેલા શ્રી પાદલિપ્તસૂરીશ્વરજીએ ગિરનાર પર્વતની નીચે કિલ્લાની પાસે શ્રી નેમિનાથના ચરિત્રનું વ્યાખ્યાન કર્યું હતું ! તે સાંભળી નાગાર્જુને દશાર્હ મંડપ, ઉગ્રસેનનો મહેલ, વિવાહ મંડપ, ચોરી આદિ કૌતુકાર્થે બનાવ્યા હતા, જે ચૌદમા સૈકા સુધી વિદ્યમાન હતા.

❖ વિ.સં. ૫૧૨-૧૩ (ઈ. સ. ૪૫૫-'૫૬)માં સમુદ્રગુપ્તના સુબા ચક્રપાલીતે ગિરનારના સુદર્શન તળાવનો ઉદ્ધાર કરાવ્યો. વિ.સં. ૧૧૧૩ના જેઠ માસની ચૌદશના દિવસનો લેખ ગિરનારના મુખ્ય શ્રી નેમિનાથજીના મંદિરના થાંભલા પર છે.

❖ વિ.સં. ૧૧૧૫ના ચૈત્ર સુદ ૮ને રવિવારે (ગિરનાર પર) દેવોના જૂના દેરાં કાઢી નવા બનાવ્યા. એવો લેખ ટોડ સાહેબને મળ્યો હતો. વિ.સં. ૧૧૩૫માં ગિરનારમાં પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ મુખ્ય મંદિરના થાંભલા પર છે. વિ.સં. ૧૧૮૫ની સાલમાં પાટણ નરેશ સિદ્ધરાજ જયસિંહના મંત્રી સજ્જન દ્વારા અસલ કાષ્ઠનાં મંદિરના સ્થાને ગ્રેનાઈટના શ્યામવર્ણના પાષાણ દ્વારા જીર્ણોદ્ધાર કરાવવામાં આવ્યો હતો, જેને 'કર્ણ વિહાર' નામ





આપવામાં આવ્યું હતું. વિશ્વમાં પ્રાયઃ એક માત્ર એવો પ્રાસાદ શ્યામવર્ણના ગ્રેનાઈટના પાષાણમાંથી બનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તીર્થના ઘણા ઉદ્ધાર થયા, પરંતુ નેમિનાથ પરમાત્મા અને આ પ્રાસાદ યથાવત્ રાખીને ઉદ્ધાર કરવામાં આવ્યા છે.

- ❖ વિ.સં. ૧૨-૧૩મા સૈકાનું પ્રાચીન અંબિકાદેવીનું મંદિર ગિરનાર ઉપર છે. વિ.સં. ૧૨૨૨-૨૩માં સોરઠના દંડનાયક શ્રીમાલી આંબાક મંત્રીએ ગિરનારની પાજ અને ધવલ શ્રેષ્ઠિએ વાવ બંધાવી.
- ❖ વિ.સં. ૧૨૭૦ કે ૧૩૧૬ ફાગભાગમાં મંડલિક રાજાએ ગિરનાર પરના નેમિનાથ ભગવાનનો પ્રાસાદ સુવર્ણ પતરાથી મઢાવ્યો, એવો એક શિલાલેખમાં ઉલ્લેખ છે.
- ❖ વિ.સં. ૧૨૭૮માં વસ્તુપાલે દેવાલયો સમરાવ્યા, એવો એક લેખ મુખ્ય જિનાલયના થાંભલા ઉપર છે તથા ૧૨૭૮-૮૮માં ગિરનારજી ઉપર કલામય મંદિરો બંધાવ્યાં.
- ❖ વિ.સં.૧૨૮૮ના છ શિલાલેખો વસ્તુપાલની ટૂંકમાં છે.
- ❖ વિ.સં. ૧૩મા સૈકામાં તેજપાળે ગિરનારની તળેટીમાં પોતાના નામનો કિલ્લો, વાવડી, મંદિર અને તેજપુર ગામ વસાવ્યું.
- ❖ વિ.સં. ૧૩મા સૈકામાં કુમારપાળે ગિરનાર પર ટૂંક બંધાવી.
- ❖ વિ.સં. ૧૩મા સૈકામાં પલ્લીવાલ શ્રેષ્ઠિના કુટુંબીઓએ શત્રુંજય, ગિરનાર, આબુ, જાલોર, તારંગા, પાટણ, લાડોલ, પાલનપુર અને ચારૂપ આદિ સ્થાનમાં જિનમંદિરોમાં મૂર્તિઓ બેસાડી અને ધર્મસ્થાનોની સ્થાપના કરી.
- ❖ વિ.સં. ૧૩૩૩ના એક શિલાલેખમાં શ્રેષ્ઠિ હરિપાલે નેમિનાથના મંદિરને કંઈક ભેટ આપ્યાનો ઉલ્લેખ છે.
- ❖ વિ.સં. ૧૩૩૫નો એક ખંડિત શિલાલેખ મંદિરના થાંભલા ઉપર છે, તેમાં વિલ્હણ શ્રેષ્ઠિ સંબંધી ઉલ્લેખ છે.



❖ વિ.સં. ૧૩૩૯ના લેખમાં શ્રેષ્ઠિ પૂનમસિંહે મંદિરને કંઈક ભેટ આપ્યાનો ઉલ્લેખ છે.

❖ વિ.સં. ૧૩૫૮નો લેખ મુખ્ય જિનાલયના અમિઝરાના ઉપરના રંગમંડપમાં રહેલા શ્રી નેમિનાથની પ્રતિમા ઉપર છે.

❖ વિ.સં. ૧૪૮૫નો લેખ ચૌમુખજીની પ્રતિમા નીચે છે, જે ચૌમુખજી વસ્તુપાલ-તેજપાલના મંદિરમાં છે.

❖ વિ.સં. ૧૫૧૭-૧૮નો લેખ ગિરનાર સંપ્રતિના મંદિરમાંની શ્રી નેમિનાથની મૂર્તિ ઉપર છે.

❖ વિ.સં. ૧૫૪૬ના લેખો વસ્તુપાલ- તેજપાલના મંદિરમાં ત્રણ મૂર્તિઓ ઉપર છે તથા વિ.સં. ૧૫૫૬ના લેખો ચૌમુખજીની ત્રણ પ્રતિમા નીચે છે.

❖ વિ.સં. ૧૬મા સૈકામાં ગિરનાર પર અંબિકાદેવીના મંદિરનો જીર્ણોદ્ધાર થયો.

❖ વિ.સં. ૧૬મા સૈકા (૧૫૦૯)માં શ્રેષ્ઠિ શાણરાજ અને ભુંભવે ગિરનારમાં બાવન જિનાલયવાળો ઈન્દ્રનીલ તિલક નામનો પ્રાસાદ બનાવ્યો.

❖ વિ.સં. ૧૬૮૩માં દીવ નિવાસી શ્રીમાળી શેઠ માનસિંહ મેઘજીએ ગિરનારની પાજનો ઉદ્ધાર કરાવ્યો, આવો લેખ ગિરનારના ૨૬૦૦ પગથિયાં પાસે રાણકદેવીના પથ્થર આગળ છે.

# ગિરનારના અર્વાચીન ઉદ્ધારો

❖ વિ.સં. ૧૮૪૩માં શેઠ પ્રેમાભાઈ હેમાભાઈએ સંગ્રામસોનીની ટૂંકનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

વિ.સં. ૧૮૪૮ થી વિ.સં. ૧૮૭૫/૭૯ દરમ્યાન **પ.પૂ.આ. જિનેન્દ્રસૂરીશ્વરજી મ.સા.** ની નિશ્રામાં જીર્ણોદ્ધાર થયો હતો.

મારવાડમાં શુદ્ધદંતિ (સોજલ)માં મહેતા હરખચંદના ધર્મપત્ની શ્રીમતિ ગમનાબાઈની કુક્ષીએ વિ.સં. ૧૮૦૧ની સાલમાં તેઓશ્રીનો જન્મ થયો હતો. વિ.સં ૧૮૧૭માં દીક્ષા થઈ હતી. જ્ઞાનાભ્યાસાદિ યોગોમાં અપ્રમત્ત રહી પ્રગતિ કરતાં વિ.સં. ૧૮૪૧ના માગશર સુદ પાંચમના દિવસે તેઓશ્રીને વડીલો દ્વારા આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યું હતું.

પ્રભુવીરની ૫૮ મી પાટે થયેલ અકબર બાદશાહ પ્રતિબોધક તપાગચ્છીય પ.પૂ. આચાર્ય હીરસૂરીશ્વરજી મહારાજ સાહેબની ૯ મી પાટે બિરાજતા પૂજ્યશ્રીને વિ. સં. ૧૮૪૧ મહા સુદ દસમના દિવસે ગચ્છનાયકના પદે સ્થાપવામાં આવ્યા હતા અને મહા સુદ અગ્યારસના દિવસે શ્રી શત્રુંજયગિરિ પર મોદી પ્રેમચંદની ટૂંકમાં શ્રી સર્વતોભદ્ર જિનપ્રાસાદમાં અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા તેઓશ્રીના શુભ હસ્તે થઈ હતી.

આચાર્ય ભગવંતના માર્ગદર્શનથી શ્રી ગિરનાર મહાતીર્થના શ્રી નેમિનાથ ભગવાનના મુખ્ય જિનાલયના પરિસરમાં, મેરકવસીની ટૂંક, સગરામ સોનીની ટૂંક આદિ જિનાલયોમાં અનેક પ્રકારના જીર્ણોદ્ધારના કાર્યો થયાં હતાં. તેઓશ્રીના શુભહસ્તે વિ. સં. ૧૮૪૮ વૈશાખ સુદ છટ્ઠ શુક્રવારના મંગલદિને અંજનશલાકા થયેલ, લગભગ ૧૦૭ પ્રભુજીની પ્રતિષ્ઠા નેમિનાથ ભગવાનના પ્રથમ રંગમંડપમાં, ભમતીમાં તથા જેઓ આ જીર્ણોદ્ધારની દેખરેખ રાખતા હતા તે શેઠ જગમાલ ગોરધન દ્વારા બંધાવેલ શ્રી આદિનાથ ભગવાનના જિનાલયમાં કરવામાં આવી હતી. વિ.સં. ૧૮૫૯-૬૨ની સાલમાં લગભગ ૮૭ પ્રભુજીની અંજનશલાકા પ્રતિષ્ઠા મેરકવસીના જિનાલયના પરિસરમાં મુખ્ય જિનાલય ઉપરાંત અદબદજી જિનાલય, પંચમેરૂ જિનાલયાદિમાં થઈ હતી અને વિ.સં. ૧૮૭૫-૭૯ આદિ સાલમાં લગભગ ૧૫ પ્રભુજીની અંજનશલાકા-પ્રતિષ્ઠા સગરામસોનીના જિનાલયમાં કરવામાં આવી હતી.

આ રીતે ગિરનારના અર્વાચીન ઉદ્ધારમાં લગભગ ૨૦૯ પ્રભુજીની અંજનશલાકા- પ્રતિષ્ઠા તપાગચ્છીય આચાર્ય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના શુભ હસ્તે થઈ હોવાનો ઉલ્લેખ જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૪માં કરવામાં આવેલ છે. આ સિવાય તેઓશ્રી દ્વારા વિ. સં. ૧૮૬૦માં સુરતમાં શા. પ્રેમચંદ ઝવેરચંદ ઓશવાલ અને અનેક શ્રાવકો દ્વારા ભરાવેલાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ હતી. શત્રુંજયના પાંચ પાંડવના દેરાસરમાં સહસ્ત્રકૂટની પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૬૦ના વૈશાખ સુદ પાંચમે કરી હતી, શત્રુંજય મહાતીર્થના છાલાકુંડની ઉપર શ્રીપૂજની ટૂંકની પ્રતિષ્ઠા કરી હતી. આ ટૂંકનું બીજું નામ જિનેન્દ્ર ટૂંક પણ છે. તેઓશ્રીએ સિરોહીમાં પણ જિનેન્દ્ર ટૂંકની સ્થાપના કરી હતી અને રાંતેજમાં બાવન દેરીવાળા જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવીને પ્રતિષ્ઠા કરી હતી.

❖ વિ.સં. ૧૮૮૪ પોષ વદ ૧૧ના તેઓશ્રી સિરોહી (કે સિહોર)માં કાળધર્મ પામ્યા હતા.

❖ વિ.સં. ૧૮૫૭ના લેખવાળી અભિનંદન સ્વામીજીની મૂર્તિ કુમારપાળની ટૂંકના મુખ્ય મંદિરમાં છે.

❖ વિ.સં. ૧૯૦૧માં ઓસવાલ શેઠ માનસિંહ ભોજરાજે ગિરનાર ઉપર ટૂંક બંધાવી.

❖ વિ.સં. ૧૯૩૨માં શેઠ નરશી કેશવજીએ ગિરનારજીના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

વિ.સં. ૧૯૭૯ થી લગભગ ૨૬ વર્ષ ગિરનાર તીર્થોદ્ધારક **પ.પૂ.આ. શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.** ની નિશ્રામાં (જન્મ - વિ.સં. ૧૯૩૦ સ્વર્ગવાસ વિ.સં. ૧૯૯૮) જીર્ણોદ્ધાર થયો હતો.

❖ વિ.સં. ૧૯૭૮ના તે ધન્યદિનની મંગલઘડી!

વેરાવળ મુકામે પ.પૂ.આ. શ્રીનીતિસૂરિ મહારાજ સાહેબની પાવન નિશ્રામાં પરમાત્મભક્તિનો અટ્ઠાઈ મહોત્સવ હતો. સંગીતની સૂરાવલિ સાથે પરમાત્માની પૂજા ભણાતી હતી ત્યારે જૂનાગઢના દિવાન સાહેબ શ્રી ત્રીભોવનદાસભાઈની પૂજામાં પધરામણી થઈ હતી. પરમાત્માની સંગીતમય પૂજા અને પૂજ્યશ્રીના દર્શન પામી ધન્યતા અનુભવી રહેલા દિવાનના મુખ ઉપર આનંદ વર્તાઈ રહ્યો હતો, ત્યારે વર્ષોથી ગિરનારના જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવવાના

મનોરથો સેવતા પૂજ્યશ્રીએ આ તકનો લાભ ઉઠાવી વેરાવળના ટ્રસ્ટીગણને ઈશારો કર્યો. સમજુ શ્રાવકોએ પૂજ્યશ્રીની ભાવના જાણીને દિવાનસાહેબને તે જીર્ણોદ્ધાર માટે નવાબસાહેબની સંમતિ મેળવી આપવા વિનંતી કરી હતી. દિવાનસાહેબ પણ આ જીર્ણોદ્ધાર થાય તેમાં રાજી હોવાથી તે આગેવાનોને જૂનાગઢના સંઘના અગ્રણીઓને સાથે લઈને જૂનાગઢમાં મળવા આવવા માટે જાણ કરી તથા આ સંમતિ અપાવવા તૈયારી દર્શાવી હતી.

ચાતુર્માસ પૂર્ણ થતાં પૂજ્યશ્રી વિહાર કરી જૂનાગઢ પધાર્યા અને વેરાવળના આગેવાનો તથા જૂનાગઢ સંઘના અગ્રણીઓએ સાથે જઈ દિવાનસાહેબ પાસે જીર્ણોદ્ધાર કરાવવા અંગે પ્રસ્તાવ મૂક્યો. દિવાનસાહેબે તે આગેવાનો પાસેથી જીર્ણોદ્ધાર કરાવવાની પદ્ધતિ, તેના માટે આર્થિક અને વહીવટીય વ્યવસ્થા અને કામકાજ માટે વિવિધ સમિતિઓ દ્વારા કઈ રીતે કામ થશે વગેરે માહિતી જાણી ત્યારે તેમણે જણાવ્યું કે, “નવાબસાહેબને પણ આ જીર્ણોદ્ધાર થાય તેમાં વિશેષ રસ હોવાથી આ જીર્ણોદ્ધાર સુંદર રીતે સંપન્ન થાય તેનો ખ્યાલ રાખવો અને તેમાં રાજ્ય તરફથી પણ જે સગવડની જરૂરિયાત હશે તે પણ મળી જશે, એવું તેમણે જણાવ્યું છે.”

પૂજ્યશ્રીના પ્રચંડ પુણ્યોદયે અનંતા તીર્થંકર પરમાત્માના અનંતા કલ્યાણકોથી ભાવિત થયેલા ગઢ ગિરનારના જિનાલયોનો જીર્ણોદ્ધાર નક્કી થઈ ગયો. જિનાલયોની કથળતી પરિસ્થિતિને જોઈને વર્ષોથી જીર્ણોદ્ધારના સ્વપ્નદષ્ટા એવા પૂજ્યશ્રીના આનંદનો પાર ન હતો. પૂજ્યશ્રીએ ચોતરફ આ જીર્ણોદ્ધારના સમાચાર વહેતા મૂક્યા અને ગામોગામ અનેક સંઘોમાં સૌના હૈયે આજે આનંદ સમાતો ન હતો. પૂજ્યશ્રીના અથાગ પ્રયત્ન અને પ્રેરણાથી ગામેગામથી ફૂલ નહીં તો ફૂલની પાંદડી સ્વરૂપે આ જીર્ણોદ્ધાર માટેની રકમો નોંધી-નોંધીને ભરાવા લાગી હતી.

પૂજ્યશ્રીના માર્ગદર્શન હેઠળ વિવિધ વ્યવસ્થાઓની કમિટિઓ કાર્યપદ્ધતિઓ, આર્થિક વ્યવસ્થા, કુશળ શિલ્પીઓ દ્વારા વિવિધ નકશા, વિવિધ કારીગરો અને યોજનાઓ અંગેની વિચારણાઓ સાથે ચતુર્વિધ સંઘના હર્ષોલ્લાસપૂર્વક ગિરનાર મહાતીર્થની પહેલી ટૂંકના ૧૪ જિનાલયોના જીર્ણોદ્ધારના કાર્યની ભૂમિકા રચવાનું કામ ખૂબ જોરમાં શરૂ થયું. અવસરે - અવસરે માર્ગદર્શનાદિની અનુકૂળતાર્થે પૂજ્યશ્રીએ વિ.સં. ૧૯૭૯નું ચાતુર્માસ જૂનાગઢ ગામમાં જ કર્યું.



ભારત દેશ અને ગુજરાત રાજ્યની વિષમ પરિસ્થિતિ અને ગિરનાર પહાડ ઉપરના વિકટ કુદરતી વાતાવરણ વચ્ચે વિ.સં. ૧૯૭૯, ચૈત્ર સુદ ૧૦ થી ગિરનાર મહાતીર્થની પહેલી ટૂંકના શ્રીનેમિનાથ ભગવાનના મુખ્ય જિનાલય સહિત ચોદ-ચૌદ જિનાલયોના જીર્ણોદ્ધારનું ભગીરથ કાર્ય શરૂ થયું હતું અને પૂજ્યશ્રીના તપ-જપ-સંયમ તથા ગુરૂ-પ્રભુ અને શાસન પ્રત્યેની અવિહડ શ્રદ્ધા, નિષ્ઠા અને સંકલ્પબળના પુણ્યપ્રભાવે આ જીર્ણોદ્ધારનું કાર્ય તેઓશ્રીની હયાતિ અને ત્યારબાદ પણ તેઓશ્રીના શિષ્યવૃંદ દ્વારા અવિરતપણે લગભગ ૨૬-૨૭ વર્ષ પર્યંત ચાલ્યું હતું.

આ જીર્ણોદ્ધાર દરમ્યાન દરેક જિનાલયમાં શ્વેતવર્ણના આરસના પાષાણો દ્વારા પરમાત્માની ગાદીઓ, પબાસણો, ગોખલાઓ, દેરીઓ, થાંભલીઓ, કેટલીક દેવકુલિકાઓનું નવનિર્માણ, કેટલાક જિનાલયોના શિખરો તૂટી ગયેલા તે સમરાવ્યા હતા, કેટલાક જિનાલયોનાં રંગમંડપના ઘુમ્મટો, સામરણો અને છતો નષ્ટપ્રાયઃ થવા પામ્યા હતા તેનું જરૂરિયાત મુજબ સમારકામ અથવા નવનિર્માણ કરાવવામાં આવ્યું હતું, તો કોઈ જિનાલય સંપૂર્ણતયા નષ્ટ થઈ ગયેલ હોવાથી તેનું નવનિર્માણ કરાવવામાં આવ્યું હતું, કેટલાક ઘુમ્મટોને તો રંગબેરંગી ટાઈલ્સના ટૂકડાઓની વિવિધ ડિઝાઈનો બનાવીને સુશોભિત કરવામાં આવ્યા હતા. લગભગ બધા શિખરોના આમલસારો, કળશ અને ધજાદંડો નવા બનાવવામાં આવ્યા હતા. આ જીર્ણોદ્ધાર દરમ્યાન વિ.સં. ૧૯૮૫માં મા.વ. ૫ના દિવસે કેટલીક નૂતન દેરીઓમાં પ.પૂ.આ. નીતિસૂરિ મહારાજ સાહેબના શુભહસ્તે અનેક પ્રભુજીની પ્રતિષ્ઠાઓ પણ થઈ હતી. (ત્યાર બાદ વિ.સં. ૨૦૦૬ માં તેઓશ્રીના શિષ્યરત્ન પૂ.આ. હર્ષસૂરિ મ.સા. આદિ દ્વારા પણ અનેક પ્રભુજીની પ્રતિષ્ઠાઓ થઈ હતી) વર્તમાનમાં આ તીર્થ ઉપર પૂ.આ. નીતિસૂરિ મહારાજ સાહેબ તથા તેઓશ્રીના શિષ્યવૃંદ દ્વારા અંજનશલાકા-પ્રતિષ્ઠા થયેલા લગભગ ૪૧ પ્રભુજીઓ બિરાજમાન છે.

પૂજ્યશ્રીની પ્રેરણા માર્ગદર્શનથી ગિરનાર, પ્રભાસ પાટણ, મેવાડ, ચિત્તોડ આદિ અનેક તીર્થોના જીર્ણોદ્ધાર તથા સંઘોના જિનાલયોના જીર્ણોદ્ધાર પણ થયા હતા.



વિ.સં. ૧૯૮૩ થી શાસનસમ્રાટ **પ.પૂ. આ. શ્રી નેમિસૂરીશ્વરજી મ.સા.** (જન્મ - વિ.સં. ૧૯૨૯ સ્વર્ગવાસ - વિ.સં. ૨૦૦૫) તીર્થ અંગે માર્ગદર્શન આપતાં હતા.

સોહામણા સોરઠ દેશની રમણીય ધરતી ઉપર મહુવા બંદર આવેલું છે. જેમાં સૌરાષ્ટ્રમાં વર્ધમાનપુરી અર્થાત્ વઢવાણ (સીટી)ના મૂળવતની પછી વર્ષો પહેલાં મહુવા જઈ વસેલા પ્રખ્યાત એવા સતરા કુટુંબમાં ખૂબ જ ધર્મિષ્ઠ, સંસ્કારી, સંતોષી અને અધ્યાત્મરસિક એવા લક્ષ્મીચંદભાઈ રહેતા હતા. અનેક ગુણોથી સદા દીપતાં એવાં દીવાળીબેન તેમના ધર્મપત્નિ હતાં. વિ.સં. ૧૯૨૯ના નૂતનવર્ષના કારતક સુદ એકમના મંગલદિને દીવાળીબેનની રત્નકુક્ષીએ ભાવિમાં જિનશાસનમાં ધર્મનો પ્રકાશ ફેલાવનારા પુત્રરત્નનો જન્મ થયો હતો, જેનું નામ નેમચંદ પાડવામાં આવ્યું હતું. અનેકવિધ સંસ્કારો, સત્ત્વ અને શૌર્યના સ્વામી નેમચંદે અનેકવિધ વિઘ્નોનો સામનો કરીને વિ.સં. ૧૯૪૫ જેઠ સુદ સાતમના દિવસે ચારિત્રગ્રહણ કર્યું હતું.

દિનપ્રતિદિન શાસ્ત્રાભ્યાસ, વિચક્ષણબુદ્ધિ, કટોકટી અવસરે તાત્કાલિક નિર્ણય કરવાની ગજબની શક્તિ, ત્યાગ, શાસનપ્રભાવકતા, ગીતાર્થતા, નિર્દંભતા, પરોપકારિતા, કાર્યકુશળતા, અલૌકિક બુદ્ધિમત્તા આદિ અનેક ગુણોને પોતાના જીવનમાં આત્મસાત્ કર્યા હતા, જેના કારણે અનેક સંઘો, પૂજ્યો તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટીગણ પણ અવારનવાર તેઓશ્રીની સલાહ લેવા પધારતા હતા.

પૂજ્યશ્રીની તીર્થભક્તિ અનેરી હતી. સ્તંભનતીર્થ, શેરીસાતીર્થ, કદમ્બગિરિતીર્થ, કાપરડાતીર્થ આદિના ઉદ્ધારો તથા પ્રતિષ્ઠાદિ પૂજ્યશ્રીના શુભહસ્તે થયા હતા. ગિરનાર મહાતીર્થની વિષમ પરિસ્થિતિ અવસરે પૂજ્યશ્રી પેઢીને સચોટ માર્ગદર્શન આપતા અને પેઢીની સહાયમાં રહેતા હતા. પૂજ્યશ્રીને પોતાના નામવાળા નેમિપ્રભુ અને ગિરનાર મહાતીર્થ સાથે વિશેષ લાગણી હોવાથી તેઓશ્રીની પાવન નિશ્રામાં ઐતિહાસિક સંઘોનાં આયોજન થયાં હતાં.

વિ.સં. ૧૯૮૩ માગશર વદ ૧૩ના મંગલદિને પૂજ્યશ્રીની નિશ્રામાં પાટણના શેઠશ્રી નગીનદાસ કરમચંદભાઈએ પાટણથી કચ્છ - ભદ્રેશ્વર થઈ ગિરનારનો અનુમોદનીય સંઘ કાઢ્યો



હતો જેમાં લગભગ ૬૫ સાધુમહાત્માઓ, ૨૬૭ સાધ્વીજીભગવંતો, ૫૮૫ મોટરગાડીવાળા, ૪૨૮ નોકરચાકરો, ૮૦ ચોકીયાત, ૨૫૦ છ'રીપાલિત ભાવુકો, ૨૬૦૦ યાત્રિક સાથે ચાંદીનું જિનાલય, અનેક તંબૂ-પાલ, શમીયાણાઓ વગેરે સાધનસામગ્રીઓ હતી. અચાનક શાસનના વિશિષ્ટ કાર્યાર્થે પૂજ્યશ્રીને અમદાવાદ તરફ જવું અનિવાર્ય હોવાથી તેઓશ્રી ધ્રાંગધ્રાથી આ સંઘથી છૂટા પડી ગયા હતા તે અવસરે પ.પૂ.આ. નીતિસૂરિ મ.સા., પ.પૂ.આ. ભક્તિસૂરિ મ.સા., પ.પૂ.આ. માણિક્યસિંહસૂરિ મ.સા., પ.પૂ.પં. ભક્તિવિજયજી (રાધનપુરવાળા) વગેરે પૂજ્યો સંઘ સાથે કચ્છ ભદ્રેશ્વર થઈ ગિરનાર પહોંચ્યા હતા.

આ ઉપરાંત પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં આ યુગના ભગીરથકાર્ય તરીકે રાજનગરના શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈ દ્વારા રાજનગર- અમદાવાદથી ગિરનાર મહાતીર્થ થઈ સિદ્ધાચલ મહાતીર્થના વિશાળ સંઘનું આયોજન થયું હતું. આ સંઘમાં પૂજ્યશ્રી સમેત પૂ. સાગરજી મ.સા., પૂ. મોહનસૂરિ મ.સા., પૂ.આ. મેઘસૂરિ મ.સા. વગેરે ૨૭૫ આસપાસ મુનિભગવંતો, ૪૦૦ આસપાસ સાધ્વીજી ભગવંતો, લગભગ ૧૩ હજાર છ'રી પાળતાં યાત્રિકો, ૮૫૦ જેટલા બળદગાડાઓ, અનેક મોટર-ગાડી વગેરે ૧૩૦૦ જેટલાં વાહનો, ચાંદીનો મહેન્દ્રધ્વજ, સુવર્ણરસેલો ચાંદીનો રથ, ચાંદીનો મેરુપર્વત, ચાંદીનું જિનમંદિર, ચાંદીની અંબાડી, બે-બે ગજરાજો વગેરે અનેક રાચ રચીલા સહિતનો આ સંઘ જોવા માટે રાણી વિક્ટોરિયા પણ ખાસ પધાર્યા હતાં.

આ ઉપરાંત જામનગરથી ગિરનારનો પણ ઐતિહાસિક સંઘ કાઢ્યો હતો.

વિ.સં. ૧૯૮૪ ફાગણ સુદ ૩ શુક્રવાર, વિ.સં. ૧૯૯૯ ફાગણ સુદ- ૨ સોમવાર તથા વિ.સં. ૨૦૦૪ વૈશાખ વદ-૫ શુકવારના મંગલદિને પૂજ્યશ્રીના શુભહસ્તે અંજનશલાકા થયેલ લગભગ ૪૪ પ્રભુજીઓ આજે પણ આ ગિરનાર મહાતીર્થ ઉપર જોવા મળે છે, જેમાંથી કેટલીક પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા સ્વયં પૂજ્યશ્રીના શુભહસ્તે થઈ હોવાની સંભાવના છે. બાકી વિ.સં. ૨૦૦૬ વૈશાખ સુદ સાતમના પૂ.આ. નીતિસૂરિ મ.સા.ના શિષ્ય પૂ.આ. હર્ષસૂરિ મ.સા.ના શુભહસ્તે થઈ હતી.

જીવદયા, જીર્ણોદ્ધાર, તીર્થરક્ષા, શુદ્ધ સંયમપાલન, જ્ઞાનોદ્ધાર આદિ જિનશાસનના અનેકવિધ અંગોમાં સફળતા પામેલ પૂજ્યશ્રી "શાસનસમ્રાટ"ના વિશેષણથી પ્રસિદ્ધિ પામ્યા હતા.



વિ.સં. ૨૦૨૭ નેમિપ્રભુના- દીક્ષા કેવળજ્ઞાન કલ્યાણકભૂમિ સહસાવનને પ્રકાશમાં લાવવા માટે સહસાવનનો તીર્થોદ્ધાર કરાવનાર **પ.પૂ.આ. હિમાંશુસૂરીશ્વરજી મ.સા.** (જન્મ - વિ.સં. ૧૯૬૩, સ્વર્ગવાસ વિ.સં. ૨૦૫૯)

ગરવા ગિરનારના પવિત્ર વાયુમંડળથી સુવાસિત બનેલી જૂનાગઢની પાવનભૂમિ ! હેમાભાઈના વંડાનો ઉપાશ્રય !

વિક્રમ સંવત ૨૦૨૭ની સંધ્યાનો સુવર્ણ સમય ! તપસ્વી સમ્રાટ પ.પૂ.આચાર્ય હિમાંશુસૂરીશ્વરજી મહારાજા પોતાની નિત્યજાપની આરાધનામાં લીન હતા ત્યાં અચાનક જ તે સ્થાનમાં દિવ્યપ્રકાશ થયો અને શાસનદેવીએ દિવ્યસ્વરૂપે દર્શન આપી પૂજ્યશ્રીને કલ્યાણકભૂમિ સહસાવનનો ઉદ્ધાર કરવા પ્રેરણા કરી. આ દિવ્ય પ્રેરણાના આલંબનથી પૂજ્યશ્રીના માનસપટ ઉપર અનેક વિચારો ગતિમાન થવા લાગ્યા હતા.

આ તીર્થોદ્ધાર કેવી રીતે કરવો ? ક્યાંથી શરૂઆત કરવી ? વગેરે અનેક પ્રશ્નોના નિરાકરણ માટે વિચાર કરતાં - કરતાં પ્રથમ તો પહેલી ટૂંકથી સહસાવન જવાના માર્ગના પગથિયાં તૂટેલાં અને અસ્તવ્યસ્ત હતાં, તેનું સમારકામ કરાવવા પ્રેરણા કરી અને સહસાવનથી તળેટી જવા માટે માત્ર જંગલની કાચી કેડીનો માર્ગ હયાત હતો, તેના સ્થાને પૂજ્યશ્રીની પાવન પ્રેરણા અને પુણ્યપ્રભાવે સરકારી ખાતામાંથી સંમતિ મેળવીને કાળાપાષાણને ઘડીને પગથિયાંનો સુગમ માર્ગ બનાવવામાં આવ્યો હતો. સાથે સાથે અનંતા તીર્થંકરોના કલ્યાણકોથી વાસિત થયેલ સહસાવનના ગાઢ જંગલમાં એક નયનરમ્ય જિનાલયના નિર્માણ માટે ભૂમિ મેળવવા માટે વિક્રમ સંવત ૨૦૩૪-૩૫થી ચક્રો ગતિમાન થયા હતા. તેના ફળ સ્વરૂપે સહસાવનની ભવ્યભૂમિમાં જ્યાં ૧ ફૂટ જગ્યા પણ મેળવવી મુશ્કેલ હતી, ત્યાં હજારો ફૂટ જમીન શ્રીસરકાર પાસેથી ૯૯ વર્ષના ભાડાપટ્ટે મળી હતી.

આ જગ્યા મળતાં જિનાલય નિર્માણ માટેનો પૂજ્યશ્રીનો ઉલ્લાસ દિનપ્રતિદિન વધવા લાગ્યો. તેઓની દીર્ઘદૃષ્ટિથી આ કલ્યાણકભૂમિની ભાવિ ભવ્યતા માટે નેમિનાથ પરમાત્માના દીક્ષા અને કેવળજ્ઞાનકલ્યાણકભૂમિની ચીરકાલીન સુરક્ષા-સ્મૃતિ અર્થે એક નયનરમ્ય સમવસરણ મંદિરનું નિર્માણકાર્ય ઝડપભેર ચાલવા લાગ્યું અને આવા જંગલમાં જિનાલય માટેનો માલ-સામાન ઉપર

ચડાવી કામ કરવું અત્યંત કઠિન હોવા છતાં પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે વિક્રમસંવત ૨૦૪૦ ચૈત્ર વદ પાંચમના શુભદિવસે પૂજ્યશ્રી ઉપરાંત પૂજ્યશ્રીના સંસારી પુત્ર પ. પૂ. આ. નરરત્નસૂ. મ.સા., અધ્યાત્મયોગી પ.પૂ.આ. કલાપૂર્ણસૂ. મ.સા., વૈરાગ્ય દેશના દક્ષ પ.પૂ.પં. હેમચન્દ્રવિજય ગણિવર્ય આદિ અનેક પૂજ્યોની ઉપસ્થિતિમાં સમવસરણ મંદિરમાં મૂળનાયક સંપ્રતિકાલીન નેમિનાથ ભગવાન સહિત અન્ય શ્યામવર્ણના શ્રીનેમિનાથ પરમાત્માની અંજનશલાકા-પ્રતિષ્ઠાનો પ્રસંગ ખૂબ જ ઉલ્લાસભેર સંપન્ન થયો.

જ્યાં વર્ષમાં ગણીને ૨૫ યાત્રિક પણ સહસાવનની કલ્યાણકભૂમિના દર્શન-સ્પર્શન-પૂજનાદિ માટે પધારતા ન હતા, તેના સ્થાને સેંકડો લોકો પહેલી ટૂંકથી સહસાવન કલ્યાણકભૂમિની સ્પર્શના કરીને જ નીચે ઉતરવા લાગ્યા. સૌના હૈયામાં સહસાવન કલ્યાણકભૂમિ પ્રત્યેનો આદરભાવ વધતાં સહસાવન તરફ યાત્રિકોનો પ્રવાહ વધવા લાગ્યો. આ જિનાલયમાં અંદર પ્રવેશતાં એક વિશાળ સમવસરણના સ્વરૂપને જોઈને સાક્ષાત્ નેમિપ્રભુના સમવસરણમાં પ્રવેશ કરતા હોઈએ તેવા ભાવો ભાવિકોના હૈયામાં પ્રગટ થાય છે. જૈન બંધુઓના માનસપટ ઉપરથી લગભગ ભૂંસાય રહેલી આ કલ્યાણકભૂમિની મહત્તા આજે સૌના હૈયામાં પુનઃ જાગૃત થઈ છે. ત્યારબાદ વિક્રમ સંવત ૨૦૪૭માં પૂજ્યશ્રીની પ્રેરણાથી ગિરનાર ઉપરથી મોક્ષમાં ગયેલા ગત ચોવીસીના ૧૦ તીર્થંકર પરમાત્મા તથા આવતી ચોવીસીમાં ગિરનારથી મોક્ષે જનારા પ્રથમ પદ્મનાભસ્વામી (શ્રેણિક મહારાજાનો આત્મા) આદિ ચોવીસ પરમાત્મા સહિત વરદત્ત વગેરે ૧૮ ગણધર અને ગુફામાં રહેલા નેમિનાથ પરમાત્માની અંજનશલાકા પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. હાલ જીવિતસ્વામી નેમિનાથ પ્રભુજી અને એક ગુફામાં રહનેમિજી પણ અત્રે બિરાજમાન છે.

આ સિવાય પૂજ્યશ્રીના શુભહસ્તે ગિરનારની પહેલી ટૂંકની મોટી ભમતીમાં જ્યાં હાલ કેશર ઘસવાના ઓરસીયા છે, તે દેરીઓમાં વિ.સં. ૨૦૩૮ મહા સુદ ૧૦ના દિવસે લગભગ ૩૪ પ્રભુજીઓની પ્રતિષ્ઠા પણ થઈ હતી. શ્રી સંઘની એકતા અને શાસનોત્કર્ષના ભીષ્મસંકલ્પ સાથે પૂજ્યશ્રીએ પોતાના જીવનકાળ દરમ્યાન ૩૦૦૦થી વધુ ઉપવાસ તથા ૧૧૫૦૦થી વધુ આયંબિલ તપની આરાધના કરી હતી.

સેંકડો વર્ષના ઈતિહાસમાં તેઓશ્રીની પાવન નિશ્રામાં ગિરનારતીર્થની તળેટીમાં વિ.સં. ૨૦૫૮માં પ્રાયઃ સર્વ પ્રથમવાર સામૂહિક ચાતુર્માસિક આરાધનાનું આયોજન થયું હતું. આ ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીએ ગિરનાર તીર્થમાં પણ શત્રુંજય તીર્થ જેવી એક 'જયતળેટી'નું નિર્માણ થાય તે માટે પેઢીને પ્રેરણા કરી હતી. તે પ્રેરણાને ઝીલીને પેઢી દ્વારા વર્તમાનમાં પ.પૂ.આ. હેમવલ્લભસૂ.મ.સા.ના માર્ગદર્શન સાથે એક ભવ્ય ''જય તળેટી''નું નિર્માણ થયેલ છે.

વિક્રમ સંવત ૨૦૫૯માં માગશર સુદ ૧૪ના દિવસે જૂનાગઢ ગામના હેમાભાઈના વંડાના ઉપાશ્રયમાં પૂજ્યશ્રી કાળધર્મ પામ્યા. તેઓશ્રીના પાર્થિવ દેહની અંતિમસંસ્કાર વિધિ પણ માગશર વદ-૧ના આ સહસાવનમાં જ થતાં ગિરનાર મહાતીર્થની પાવનભૂમિ ઉપર અંતિમ સંસ્કારનો નવો ઈતિહાસ સર્જાયો હતો.

| |
|---|
| વિ.સં. ૨૦૫૨-૫૩ દરમ્યાન **પ.પૂ. પંન્યાસ વજસેનવિજયજી મ.સા.** તથા **આ. હેમપ્રભસૂરિ મ.સા.** દ્વારા પણ આ તીર્થના જીર્ણોદ્ધારમાં યત્કિંચિત્ યોગદાન અપાયું હતું. |

નમસ્કારમંત્ર આરાધક પ.પૂ. પંન્યાસ ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબને ગિરનાર મહાતીર્થ પ્રત્યે વિશેષ લગાવ હતો. તેઓશ્રીએ સહસાવન (ગિરનાર)માં આરાધના-સાધના કરી હતી તેથી તેઓશ્રીના પ્રશિષ્યો પ.પૂ.પં. વજસેનવિજયજી મહારાજ સાહેબ તથા પ.પૂ. મુનિરાજ હેમપ્રભવિજયજી મહારાજ સાહેબ (હાલ આચાર્ય)ને પણ ગિરનાર મહાતીર્થ પ્રત્યે વિશેષ લાગણી હતી.

વિક્રમ સંવત ૨૦૫૨માં પ.પૂ.પં, વજસેનવિજયજી મહારાજ સાહેબ તથા પ.પૂ. મુનિરાજ હેમપ્રભવિજયજી મહારાજ સાહેબને ગિરનાર પધારવાનું થયું હતું ત્યારે સહસાવન તીર્થોદ્ધારક પ.પૂ.આ. હિમાંશુસૂરિ મહારાજ સાહેબ અમદાવાદમાં બિરાજમાન હતા. આ બંને મહાત્માઓની કુશાગ્ર બુદ્ધિથી વાકેફ એવા સહસાવન તીર્થોદ્ધારક આચાર્ય ભગવંતે સહસાવનના જિનાલયમાં સમવસરણ મંદિરને વિશેષ આકર્ષક બનાવવા કંઈક કરવા પ્રેરણા કરી હતી. શિલ્પકલા અને કલાત્મક રચનાઓના કાર્યોમાં અનેરી સૂઝબૂઝવાળા બંને મહાત્માઓએ કુશળ કારીગરો અને શિલ્પીઓના અભિપ્રાય અને સહાયથી સમવસરણમાં વિશિષ્ટ પ્રકારનાં અશોકવૃક્ષ અને

ચૈત્યવૃક્ષની રચના કરાવી હતી. સાથે સાથે સમવસરણના ત્રણ ગઢના ચાર-ચાર દરવાજે આરસની કોતરણી સહિતની કલાત્મક કમાનો તથા ગઢના કાંગરાઓનું નિર્માણકાર્ય કરાવ્યું હતું. આજે આ સમવસરણ મંદિર પ્રભુના સાક્ષાત્ સમવસરણનું સ્મરણ કરાવી અનેક ભાવુકોના અંતરમાં બોધિબીજનું આરોપણ કરવામાં નિમિત્તભૂત બની રહ્યું છે.

ગિરનાર મહાતીર્થે કોઈ યોગ્ય ધર્મશાળાના અભાવમાં યાત્રિકોને ઉતરવા-રહેવા-જમવાની ખૂબ મુશ્કેલી પડી રહી હતી, તેવા અવસરે લગભગ વિક્રમ સંવત ૨૦૫૩ દરમ્યાન આ બંને મહાત્માઓના પુણ્યપ્રભાવે સૌ ભાવુકજીવો વારંવાર ગિરનાર પધારે અને આ કલ્યાણકભૂમિના દર્શન-પૂજન-સ્પર્શન દ્વારા આત્મકલ્યાણની આરાધના કરી શકે તે માટે ગિરનાર તળેટીમાં જ “શ્રી નેમિજિન યાત્રિક ભવન” નામની એક વિશાળ ધર્મશાળાનું નિર્માણ થયું હતું, જેના કારણે યાત્રિકોની અવરજવરમાં વધારો થવા લાગ્યો હતો. આ રીતે આ બંને મહાત્માઓનું પણ આ તીર્થ માટે સારું યોગદાન રહ્યું છે.

ત્યારબાદ કચ્છીભવન ધર્મશાળા અને તાજેતરમાં છેલ્લા દસ વર્ષ દરમ્યાન “ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા”, “શ્રી ગિરનાર રાજેન્દ્ર-શાંતિ સેવા ટ્રસ્ટ”, શ્રી દેવચંદ લક્ષ્મીચંદ પેઢીના પરિસરમાં “કાંતાબા સંકુલ” નામની ધર્મશાળાઓનું નિર્માણ થઈ ગયું છે અને આગામી બે વર્ષમાં અન્ય બે-ત્રણ ધર્મશાળાનું નિર્માણ થવા સંભવ છે.

વિ.સં. ૨૦૬૯થી ગિરનાર મહાતીર્થ સાથે વિશેષ સ્વરૂપે જોડાયેલ વિમલગચ્છાધિપતિ **પ.પૂ. આચાર્ય પ્રદ્યુમ્નવિમલસૂરીશ્વરજી મ.સા.** (જન્મ - વિ.સં. ૨૦૨૦) દ્વારા તીર્થની સુરક્ષા માટે અનેરું યોગદાન આપવામાં આવેલ છે. (પૂજ્ય ભાઈમહારાજ)

મરૂધર દેશના જાલોર જિલ્લાના જૈતુ ગામની ધન્યધરા ઉપર માતા બાદલીબાઈ ઉકચંદજીની કૂખે એક શાસનરત્ન બાળકનો જન્મ થયો હતો, જેમનું નામ **“પ્રભુ”** પાડવામાં આવ્યું હતું. વિ.સં. ૨૦૩૨ના માગશર સુદ ચોથના દિવસે માત્ર ૧૦ વર્ષની બાળવયમાં પ્રભુએ જિનેશ્વરપ્રભુના ચીંધેલા ચારિત્રમાર્ગનો સ્વીકાર કરીને અનેકવિધ સાધનાના સાધક એવા પ.પૂ.આ. શાંતિવિમલસૂરિ મહારાજ સાહેબના ચરણોમાં જીવન સમર્પણ કર્યું હતું. બાળવયથી



કુશાગ્ર બુદ્ધિના ધારક એવા પ્રદ્યુમ્નવિમલમુનિએ ગુરૂકુળવાસમાં રહી સંયમજીવનની ગ્રહણ-આસેવન શિક્ષા પ્રાપ્ત કરી હતી. સાધક એવા ગુરૂભગવંતની અમીદૃષ્ટિથી નાની ઉંમરથી જ તેઓશ્રીએ સાધનામાર્ગમાં સારું ખેડાણ કર્યું હતું. મેધાવી એવા બાલમુનિ હિન્દી, ગુજરાતી, મારવાડી, સંસ્કૃત, પ્રાકૃત આદિ વિવિધ ભાષાઓના આલંબનથી જ્ઞાનાભ્યાસમાં આગળ વધતા ગયા અને વિદ્વાન મુનિવર પૂ. જંબૂવિજયજી મ.સા.ના સાંનિધ્યમાં રહી તેઓશ્રીએ જૈન ધર્મના સિદ્ધાંતો અને આગમાદિ ગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો હતો.

મુનિ પ્રદ્યુમ્નવિમલના અનેક ગુણોને ધ્યાનમાં લઈ તેઓશ્રીને ઈ.સ. ૧૯૮૩માં ગચ્છાધિપતિપદે આરૂઢ કરવામાં આવ્યા અને ઈ.સ. ૧૯૯૬ની ૨૦મી ફેબ્રુઆરીના મહાસુદ ૧૩ના શુભદિને આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યું હતું.

પ્રચંડ પુણ્યપ્રભાવક પૂજ્યશ્રીની પ્રેરણાથી તેઓશ્રીના શુભહસ્તે ૧૦૦થી અધિક જિનમંદિર-ગુરૂમંદિર આદિના નિર્માણ અને પ્રતિષ્ઠા થયેલ છે. તેઓશ્રીના પ્રયાસથી તપાગચ્છાધિષ્ઠાયક શ્રી માણીભદ્રવીરનું મહાપ્રભાવક સ્થાન મગરવાડા (પાલનપુર) આજે વિશેષ ઉત્થાન અને વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે. સિદ્ધગિરિના તળેટીમાર્ગ ઉપર પણ તેઓશ્રીની પાવનીય પ્રેરણાથી શ્રી માણીભદ્રવીરના એક સ્વતંત્ર મંદિરનું નિર્માણ થયેલ છે. આ સિવાય સિદ્ધગિરિની છત્રછાયામાં હિમ્મતવિહાર ધર્મશાળામાં જીવદયા અનુકંપાનાં અનેકવિધ કાર્યો અવસરે-અવસરે થયા કરે છે.

અનંતા તીર્થંકરો સહિત નેમિપ્રભુના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક જે પાવનભૂમિ ઉપર થયા છે, તે સાધનાભૂમિ ગિરનાર મહાતીર્થ પ્રત્યે પણ સાધક એવા પૂજ્યશ્રીને વિશેષ લાગણી અને આદર-બહુમાન હોવાથી છેલ્લા લગભગ ૯ વર્ષથી તેઓશ્રી પણ આ તીર્થ સાથે સારી રીતે જોડાઈને તીર્થના ઉત્કર્ષ અને વિકાસના કાર્યોમાં અનંતર કે પરંપર અનેક રીતે ઉપયોગી થઈ રહ્યા છે. તેઓશ્રીની પાવનનિશ્રામાં વિ.સં. ૨૦૬૯ના લગભગ ૫૦૦ આરાધકો અને વિ.સં. ૨૦૭૨માં સેંકડો વર્ષના ઈતિહાસમાં સર્વપ્રથમવાર ૧૩૦૦થી અધિક આરાધકોની વિશાળ સંખ્યા સાથે ખૂબ જ શાસન પ્રભાવનાપૂર્વક સામૂહિક ચાતુર્માસિક આરાધનાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિ.સં. ૨૦૭૫માં સ્વસાધના માટે ગિરનાર મુકામે ચાતુર્માસ કર્યું હતું. તેઓશ્રીની અમીદષ્ટિથી "ગિરનાર રાજેન્દ્રશાંતિ સેવા ટ્રસ્ટ" નામની એક બહુમાળી ધર્મશાળાનું પણ નિર્માણ થયેલ છે.



ગિરનાર તળેટીના ભવનાથ વિસ્તારમાં કોઈ દવા કે દવાખાનાની યોગ્ય સુવિધાના અભાવમાં તેઓશ્રીના શુભાશિષથી એક વિશાળ હોસ્પિટલનું નિર્માણ પણ થયેલ છે અને ડાયાલિસીસ અને આંખના ઓપરેશન વગેરે થઈ શકે તેવી સુવિધાયુક્ત અન્ય એક નવી હોસ્પિટલનું નિર્માણ ટૂંક સમયમાં થશે. તેઓશ્રીના પુણ્યપ્રભાવથી સો વર્ષથી અધિક સમયથી ગિરનારમાં ચાલી રહેલા કેટલાક વિવાદો-વિખવાદોવાળા પ્રશ્નોનું પોતાની કુશાગ્ર બુદ્ધિથી સરળ નિરાકરણ લાવીને જૂનાગઢ કલેક્ટર, હિન્દુ મહંતો - સંતો અને જૈનાચાર્યોની ઉપસ્થિતિમાં સર્વત્ર શાંતિસ્થાપક એક ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવ્યો છે. આ રીતે પૂજ્યશ્રીનું ગિરનાર મહાતીર્થના ઉત્કર્ષના કાર્યમાં યોગદાન ઉડીને આંખે વળગે તેવું છે.

પૂજ્યશ્રીની સરળતા, નમ્રતા, ઉદારતા, દીર્ઘદૃષ્ટિ, આત્મિયતા આદિ ગુણોને કારણે તેઓશ્રી 'ભાઈ મહારાજ'ના હુલામણા નામથી લોકચાહના મેળવી સર્વત્ર પ્રસિદ્ધ થયા છે.

વિ.સં. ૨૦૬૫માં ગિરનાર મહાતીર્થની વિકટ પરિસ્થિતિ અવસરે આ તીર્થના ઉત્કર્ષ માટે યુગપ્રધાન આચાર્યસમ પ. પૂ. પં. ચન્દ્રશેખર વિજયજી મ.સા.ની ભાવના અને આજ્ઞાથી તેમના શિષ્ય-પ્રશિષ્ય **પ. પૂ. આ. ધર્મરક્ષિતસૂરિ મ.સા.** (વિ.સં. ૨૦૧૧-સ્વર્ગવાસ ૨૦૭૫) તથા **પ. પૂ. આ. હેમવલ્લભસૂરિ મ.સા.** (જન્મ ૨૦૧૮) ગિરનાર પધાર્યા હતાં.

**જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;**
**એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર.**

શત્રુંજય ગિરિરાજ ઉપરથી અનંતા આત્માઓ સિદ્ધિપદને પામ્યા છે જ્યારે ગિરનાર ગિરિરાજ ઉપરથી અનંતા આત્માઓ અરિહંતપદને પામીને સિદ્ધ થયા છે.

શત્રુંજય મહાતીર્થની સ્પર્શના દ્વારા દર વર્ષે લાખો ભાવુકો પાવન થઈ રહ્યા હતા, પરંતુ છેલ્લાં કેટલાંય વર્ષોથી ચતુર્વિધ સંઘ દ્વારા ગિરનાર મહાતીર્થ તરફ દુર્લક્ષ અપાયેલ હોવાથી તેના પ્રત્યે ઉપેક્ષા સેવાતી હતી, જિનાલયો અત્યંત જીર્ણ- શીર્ણ થવા લાગ્યાં હતાં અને ખંડેર થવા મથી રહ્યાં હોય, તેવું લાગતું હતું.



શેઠ આણંદજી કલ્યાણજી પેઢી, જૂનાગઢ જૈન સંઘના ભાવુકો તથા અનેક મહાત્માઓ આ તીર્થની કથળતી જતી સ્થિતિ જોઈને ચિંતિત બન્યા હતા. પેઢી તથા જૂનાગઢના ભાવુકો દ્વારા અનેક આચાર્યભગવંતોના સંપર્ક કરી આ તીર્થના વિકાસ માટે કાંઈક કરવા વિનંતીઓ થવા છતાં કોઈ મહાત્માઓ તરફથી અનુકૂળ પ્રતિસાદ મળતો ન હતો. આવા અવસરે જેની રગેરગમાં શાસનપ્રેમ અને હૈયામાં શાસનહિતની તલપ રહેતી હતી, તેવા પ.પૂ.પં.શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ સમક્ષ કોઈ પુણ્યશાળીએ ગિરનાર તીર્થની દયાજનક પરિસ્થિતિની વાત મૂકીને કાંઈક કરવા આજીજી કરી. જેના દિલમાં જિનશાસન પ્રત્યેની દાઝ ઝળહળતી હતી, તેવા પૂ.પંન્યાસજી મહારાજે પોતાના પ્રશિષ્ય મુનિ હેમવલ્લભવિજયજીને તાત્કાલિક ગિરનાર જવાનો આદેશ ફરમાવી વિક્રમ સંવત ૨૦૬૪ના કાંદિવલી ચાતુર્માસના અંતે મુંબઈથી વિહાર કરાવ્યો હતો. અમદાવાદથી મુનિ ધર્મરક્ષિતવિજયજી પણ તેમની સાથે જોડાયા અને તેઓ પણ સાથે ગિરનાર પહોંચ્યા હતા.

ગિરનાર મહાતીર્થના જિનાલય આદિની અત્યંત કરૂણ પરિસ્થિતિ જોઈને બન્ને મુનિઓનું દિલ કકળી ઉઠ્યું. પેઢી દ્વારા અનેક પ્રયત્નો કરવા છતાં લેન્ડ રેવન્યૂ ડિપાર્ટમેન્ટ, પુરાતત્ત્વવિભાગ અને વનવિભાગમાંથી જીર્ણોદ્ધાર કરવા માટે સંમતિ મળતી ન હતી.

આ બન્ને મહાત્માઓએ તીર્થની સુરક્ષા અને વિકાસના સંકલ્પ સાથે સ્વયં તથા ગિરનારપ્રેમી એવા કેટલાક પૂજનીય સાધુ-સાધ્વીજી-શ્રાવક-શ્રાવિકા દ્વારા વિશેષ આરાધના-સાધનાનો પ્રારંભ કરાવ્યો. મુનિ હેમવલ્લભવિજયજીએ પણ સંકલ્પ સાથે અટ્ઠમતપની આરાધના શરૂ કરી અને ત્રીજા દિવસે સંધ્યા સમયે તીર્થના અધિષ્ઠાયિકા અંબિકાદેવી તરફથી જીર્ણોદ્ધાર અંગેનો દિવ્ય સંકેત મળ્યો હતો અને ટૂંક સમયમાં સરકારશ્રી તરફથી પણ જીર્ણોદ્ધાર માટેની સંમતિ મળી હતી.

લગભગ ૭૫ વર્ષ બાદ વિક્રમ સં.૨૦૬૫ વૈશાખ સુદ પાંચમના શુભદિને મુનિ હેમવલ્લભવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં જીર્ણોદ્ધારનો પ્રારંભ થયો. કુશળ શિલ્પીઓ અને વાસ્તુશાસ્ત્રીઓના માર્ગદર્શન મુજબ કેટલાક શિલ્પદોષ અને વાસ્તુદોષ નિવારણના પ્રયત્નો સાથે જીર્ણ-શીર્ણ જિનાલયોની સ્થિતિ સુધારવાનું કાર્ય શરૂ થયું. જ્ઞાનવાવના સંભવનાથ જિનાલયથી આ જીર્ણોદ્ધારનો પ્રારંભ થયો અને ધીમે ધીમે એક પછી એક જિનાલયોનું કાર્ય શરૂ થવા લાગ્યું.





**પ.પૂ.આ.હેમવલ્લભસૂરિ મહારાજ સાહેબ**
(જન્મ - વિ.સં. ૨૦૧૮ (જેઠ સુદ-૪) ઈ.સ. ૬-૬-૧૯૬૨

ગિરનારના મહિમાથી અજ્ઞાત એવા ચતુર્વિધ સંઘમાં પ્રચાર માટે મુનિ હેમવલ્લભવિજયજી દ્વારા ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી - આ ચાર ભાષામાં "સૌ ચાલો ગિરનાર જઈએ..." પુસ્તકનું સંપાદન અને પ્રકાશન થયું. "સૌ ચાલો ગિરનાર જઈએ..."ના અભિયાનનો પ્રારંભ થયો અને દેશ-વિદેશમાં પ્રચાર - પ્રસારના માધ્યમથી સૌ જૈનોના ઘર-ઘરમાં અને ઘટ-ઘટમાં ગિરનારનો મહિમા ગાજતો થયો.

ગિરનારની છત્રછાયામાં સામૂહિક ચોમાસા, નવ્વાણુ યાત્રા, આયંબિલની શાશ્વતી ઓળી, શિબિરો વગેરે આયોજન થવાં લાગ્યાં. વ્યાખ્યાનમાં મુનિ ધર્મરક્ષિતવિજયજી દ્વારા આરાધકો અને યાત્રિકોને અવિરતપણે ગિરનારના મહિમાની અનેક વાતો થવા લાગી. અનંતા તીર્થંકરોના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણકભૂમિના સ્પર્શન-દર્શન-પૂજન વગેરે માટે ઠેરઠેર પ્રેરણાઓ, ભાવયાત્રાઓ, પ્રચારો થવાના કારણે સોના હૈયામાં ગિરનાર પ્રત્યે વિશેષ ભક્તિ-બહુમાન જાગવા લાગ્યા. અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો, શ્રાવક-શ્રાવિકાઓ, સમકિતગ્રુપ, વર્ધમાન સંસ્કાર ધામ, પાર્શ્વભક્તિ પરિવાર, ગિરનારભક્તિ યુવા ગ્રુપ, ગિરનારભક્તિ પરિવાર, કલ્યાણમિત્ર ગ્રુપ આદિ ગ્રુપોના તીર્થવિકાસ અને તીર્થજાગૃતિના સહિયારા પુરુષાર્થના પરિણામે ગિરનાર ઉપર જૈન યાત્રિકોનું આવાગમન વધવા લાગ્યું. પૂર્વે વાર્ષિક ૩૦-૪૦ હજાર યાત્રિકોના આવાગમનની સામે વર્તમાનમાં વાર્ષિક ચારથી સાડા ચાર લાખથી વધુ યાત્રિકોની અવર-જવર ચાલુ થઈ ગઈ છે.

આજીવન આયંબિલના અભિગ્રહધારી તથા અખંડ ૯,૫૦૦ ઉપરાંત આયંબિલના તપસ્વી મુનિ હેમવલ્લભવિજયજીએ (હાલ આચાર્ય) છેલ્લા ૧૪ વર્ષ દરમ્યાન વરસાદ આદિના દિવસો સિવાય લગભગ રોજ ગિરનાર ઉપર જઈ (૩૫૦૦થી અધિક યાત્રા સાથે) જીર્ણોદ્ધારના કાર્યો અંગે માર્ગદર્શન આપવાપૂર્વક ગિરનાર સાથે સૌ જોડાય, ગિરનારના માહાત્મ્યને જાણે અને માણે તે માટે ગિરનાર વિષયક અનેક સાહિત્યનું સર્જન, સંપાદન અને પ્રકાશન થયેલ છે. આજે પહેલી ટૂંકના ૧૪ જિનાલયોમાં અતિ આવશ્યક એવા જીર્ણોદ્ધારના કાર્યો લગભગ થઈ ચૂક્યા છે અને નાના-નાના અન્ય કાર્યો ચાલુ છે.





આ જીર્ણોદ્ધાર દરમ્યાન કેટલાક વાસ્તુશાસ્ત્ર અને શિલ્પદોષાદિના કારણે સ્થાનમાં ફેરફાર કરાયેલ લગભગ ૩૭ પ્રભુજીઓ તથા દીક્ષા-કેવલજ્ઞાનની દેરીના પગલાંની પુનઃપ્રતિષ્ઠા આ મહાત્માઓ દ્વારા થયેલ છે. તેઓના પુરુષાર્થને કારણે આજે ગિરનારમાં પણ શત્રુંજય મહાતીર્થ જેવી “જયતળેટી”નું નિર્માણ થયેલ છે તથા યાત્રિકો માટે સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધાર સમિતિ - જૂનાગઢ દ્વારા “ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા” તથા દેવચંદ લક્ષ્મીચંદ પેઢી સંચાલિત “કાંતાબા સંકુલ”નું નિર્માણ પણ થયેલ છે.

બાલબ્રહ્મચારી નેમિનાથ પરમાત્માની અસીમકૃપા, શાસનદેવ-દેવીઓ તથા ચતુર્વિધ સંઘની સહાય અને ચૌદ-ચૌદ વર્ષથી ધૂણી ધખાવી આ મહાતીર્થની છત્રછાયામાં રહેલા દીર્ઘકાલીન આયંબિલના તપસ્વી એવા આ બન્ને મહાત્માઓના તપ-જપ-સંયમ આદિના પ્રભાવ અને ભગીરથ પુરુષાર્થથી આજે દેશ-વિદેશમાં વસતા લાખો જૈન બાળકો-યુવાનો અને વડીલોના હૈયે અને હોઠે ગિરનારના ગુણગાનનું ગુંજન થવા લાગ્યું છે, સૌના શ્વાસોશ્વાસમાં “જય જય ગરવો ગિરનાર...”નો નાદ ધબકી રહ્યો છે.

## સૌ ચાલો ગિરનાર જઈએ...

### જય ગિરનાર... જય નેમિનાથ...







# ગિરનાર જિનવર જુહારીએ...

(૧૦-૨૦ મિનિટોની ગિરનાર નમસ્કાર યાત્રા)

જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર.

પ્રાય : શાશ્વતા એવા આ શત્રુંજય અને ગિરનાર મહાતીર્થનો મહિમા અજબ-ગજબનો છે.

## સ્તુતિ


(રાગ : શ્રી સિદ્ધાચલ નયણે જોતાં...)

શ્રી ગિરનારને નયણે જોતાં, હૈયું મારું હર્ષ ધરે,
મહિમા મોટો એ ગિરિવરનો, સુણતા તનડું નૃત્ય કરે;
એ ગિરિએ જિન અનંતા સિધ્યા, પાવન એ ગિરિ દુખડાં હરે,
એ ગિરનારનું શરણું હોજો, ભવો ભવ બંધન દૂર કરે.

ગિરનાર મહાતીર્થના આલંબને અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા-કેવલજ્ઞાન અને મોક્ષકલ્યાણકો ભૂતકાળમાં થઈ ચૂક્યા છે, વર્તમાનમાં નેમિનાથ ભગવાનના થયા છે અને ભાવિમાં પણ દરેક ચોવીસીમાં થતા રહેવાના છે !

વસ્તુપાળ ચરિત્ર અને ગિરનાર મહાતીર્થ કલ્પ આદિમાં તો જણાવેલ છે કે અન્ય સ્થાને રહીને પણ જે જીવ શુદ્ધ ભાવથી ગિરનાર ગિરિવરનું ધ્યાન ધરે છે, તે ચોથા ભવે મુક્તિપદને પામે છે.

કલિકાળમાં સંસારની ઝંઝાળમાં પડેલો જીવ તીર્થસ્થાનોની સાક્ષાત્ યાત્રા ક્યારેક કરવા પામતો હોય છે, તેવા જીવોએ રોજ અલ્પ સમયમાં આ ગિરનાર મહાતીર્થ જેવી કલ્યાણકભૂમિની ભાવયાત્રા કેવી રીતે કરવી ? આ પ્રશ્નના ઉત્તર સ્વરૂપે ગિરનાર - ગિરિવર ઉપર બિરાજમાન જિનબિંબાદિની આ નમસ્કાર યાત્રાનું આલેખન થયેલ છે.





ગિરનાર મહાતીર્થની તળેટીથી લઈને પ્રથમ ટૂંક, સહસાવન આદિ સ્થાને આવેલા જિનાલયોમાં જિનબિંબો, પગલાં, સિદ્ધ મહાત્માઓ, ગુરૂભગવંતો, શાસન દેવ-દેવી વગેરેના પ્રતિમાજીઓ તથા પગલાંઓનું સ્મરણ કરતાં - કરતાં યથાયોગ્ય સ્થાને "નમો જિણાણં", "નમો સિદ્ધાણં", "મત્થએણ વંદામિ" અને "પ્રણામ" કહી બે હાથ જોડી મસ્તક નમાવતાં - નમાવતાં આ નમસ્કાર યાત્રા કરવાની છે ! તો ચાલો, યાત્રા શરૂ કરીએ...

યાત્રાના ભાવથી ભાવિત થઈને, કલ્પના કરો કે, આપણે ગિરનાર મહાતીર્થની તળેટીમાં આવી ગયા છીએ. તળેટીના જિનાલયમાં જ્યાં ગિરનાર યાત્રાનું પહેલું ચૈત્યવંદન થાય છે, તે મૂળનાયક આદિનાથ આદિ (૫) પ્રભુને **"નમો જિણાણં"**

ગોમુખયક્ષ-ચક્રેશ્વરીદેવીને **"પ્રણામ"**

જ્યાં બીજું ચૈત્યવંદન થાય છે, તે "જયતળેટી"માં

નેમિનાથ આદિ પાંચ પ્રભુના પગલાંને **"નમો જિણાણં"**

જય તળેટીમાં દાદા સાહેબ, પ્રેમચંદજીનાં પગલાં ને **"મત્થએણ વંદામિ"**

જયતળેટીમાં ગોમેધયક્ષ, અંબિકાદેવીને **"પ્રણામ"**

❖ **ચાલો હવે ગિરિવર આરોહણ કરીએ...**

સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
સહસાવન ફરશ્યો નહીં, એનો એળે ગયો અવતાર...

દીક્ષા કેવલ સહસાવને, પંચમે ગઢ નિર્વાણ;
પાવનભૂમિને ફરશતા, જનમ સફળ થયો જાણ.....

એકેકું પગલું ચઢે, સ્વર્ણગિરિનું જેહ,
હેમ વદે ભવોભવ તણાં, પાતિક થાએ છેહ...

## જય જય શ્રી નેમિનાથ, જય જય શ્રી નેમિનાથ




- ❖ પાંચમા પગથિયે જમણી બાજુ દેરીએ નેમિનાથ પગલાંને “નમો જિણાણં”
- ❖ પાંચમા પગથિયે જમણી બાજુ દેરીએ અંબિકાદેવીને “પ્રણામ”
- ❖ ચાલો ! આગળ વધીએ...
  જય જય શ્રી નેમિનાથ જય જય શ્રી નેમિનાથ
  ૧૯૫૦ પગથિયે આ આવ્યો ત્રીજો વિસામો...
- ❖ જય જય શ્રી નેમિનાથ જય જય શ્રી નેમિનાથ
  લગભગ ૨૩૦૦ પગથિયે આવી આ માળી પરબ...
- ❖ જય જય શ્રી નેમિનાથ, જય જય શ્રી નેમિનાથ
  લગભગ ૨૮૭૫ પગથિયે જમણી બાજુ નેમિનાથ પ્રભુને “નમો જિણાણં”

**નેમિનાથ દાદાની પહેલી ટૂંકમાં મુખ્ય જિનાલય (કુલ ૩૩૫ પ્રભુજી)**

- ❖ ૩૮૪૦ પગથિયે પહેલી ટૂંકમાં જ્યાં ત્રીજું ચૈત્યવંદન થાય છે,
  તે મુખ્ય જિનાલયમાં પ્રવેશતાં જમણી બાજુની દેરીમાં અંબિકાદેવીને “પ્રણામ”
- ❖ રંગમંડપમાં પ્રવેશતાં જમણી બાજુ ગભારામાં તીર્થાધિપતિ
  નેમિનાથ દાદાને “નમો જિણાણં”
- ❖ દાદાની પ્રથમ પ્રદક્ષિણામાં નાની ભમતીના ૪૯ પ્રભુજીને “નમો જિણાણં”
- ❖ પ્રથમ રંગમંડપમાં ૨૧ પ્રભુજીને “નમો જિણાણં”
- ❖ પ્રથમ રંગમંડપમાં ચોવીસ પ્રભુના પીળા પાષણના પટને “નમો જિણાણં”
- ❖ પ્રથમ રંગમંડપમાં સિદ્ધાત્મા સતી શિરોમણિ રાજીમતીશ્રીજીને “નમો સિદ્ધાણં”
- ❖ નેમિનાથ ભગવાનના મુખ્ય ગણધર શ્રી વરદત્ત સહિત પરિકરમાં
  રહેલા શેષ ૧૭ ગણધર ભગવંતને “નમો સિદ્ધાણં”
- ❖ કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય તથા પૂ. શાંતિચન્દ્રસૂરિજીને “મત્થએણ વંદામિ”
- ❖ ગુર્જરેશ્વર કુમારપાળ મહારાજાને “પ્રણામ”
- ❖ સત્ત્વ શિરોમણિ સિદ્ધાત્મા રહનેમિજીને “નમો સિદ્ધાણં”



- બીજી પ્રદક્ષિણા માટે બહાર નીકળીને જમણી બાજુની નૂતન દેરીમાં નેમિપ્રભુના શાસનના અધિષ્ઠાયક શ્યામવર્ણના ગોમેધ યક્ષને **"પ્રણામ"**
- ડાબી બાજુની દેરીમાં પીળા વર્ણના મહાવીરસ્વામીના પગલે **"નમો જિણાણં"**
- પ્રદક્ષિણા દેતા મૂળનાયકના જિનાલયની પાછળ જગમાલ ગોરધનના જિનાલયે જ્યાં યાત્રાનું ચોથું ચૈત્યવંદન થાય છે, તે આદિનાથ વગેરે પાંચ પ્રભુજીને **"નમો જિણાણં"**
- શ્યામવર્ણના નેમિપ્રભુના પગલાંને **"નમો જિણાણં"**
- પૂ. આચાર્ય વિજયાનંદસૂરિજી (આત્મારામજી મહારાજ) ને **"મત્થએણ વંદામિ"**
- બીજા રંગમંડપમાં ૪૧ પ્રભુજીને **"નમો જિણાણં"**
- ત્રીજી પ્રદક્ષિણામાં નંદીશ્વરદ્વીપ તીર્થપટ તથા સમેતશિખરજી તીર્થપટને **"નમો જિણાણં"**
- ભમતીમાં ૧૬૫ પાષાણના પ્રભુજીની પ્રતિમાને **"નમો જિણાણં"**
- ભમતીની દેરીમાં ધાતુના ૧૩ પ્રભુજીને તથા નેમિપ્રભુના નવભવના પટને **"નમો જિણાણં"**
- ભમતીમાં અમિઝરાના રંગમંડપમાં પ્રવેશતા સામેના શ્વેતવર્ણના નેમિપ્રભુને **"નમો જિણાણં"**
- રંગમંડપમાં ડાબી તરફ જતાં પૂ.આ. નીતિસૂરિજીને **"મત્થએણ વંદામિ"**
- પૂ.આ. હીરચન્દ્રસૂરિજી, પૂ. રામવિજય ગણિ, પૂ.આ. જિનચન્દ્રસૂરિજીના ચરણ પાદુકાને **"મત્થએણ વંદામિ"**
- મહાવીર પ્રભુના પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામી ભગવંતથી ગિરનાર તીર્થોદ્ધારક પ. પૂ. આ. નીતિસૂરિજી સુધીની પાટપરંપરાના કુલ ૭૩ પૂજ્યોના પગલાં સન્મુખ **"મત્થએણ વંદામિ"**
- અતીત (ગત) ચોવીસીમાં ગિરનાર ઉપરથી મોક્ષે ગયેલા ૧૦ તીર્થંકર તથા ત્રીજા શ્રી સાગરતીર્થંકર વગેરે સ્વ વર્ણમાં બિરાજમાન કુલ ૧૧ પ્રભુજીને **"નમો જિણાણં"**
- નેમિપ્રભુ, યુગાદિદેવ આદિનાથ પ્રભુના પગલાંને **"નમો જિણાણં"**





- ❖ તથા સિદ્ધાત્મા સતી શિરોમણિ રાજીમતીશ્રીજીના પગલાંને "નમો સિદ્ધાણં"
- ❖ શ્યામવર્ણના બે નેમિપ્રભુ તથા અનાગત (આવતી) ચોવીસીમાં ગિરનારથી મોક્ષે જનારા શ્રી પદ્મનાભ સ્વામી વગેરે ૨૪ તીર્થંકરો તથા મૂળનાયક શ્રી પદ્મનાભ પ્રભુ આદિ કુલ ૨૭ પ્રભુજીને "નમો જિણાણં"
- ❖ પૂ.આ. નીતિ સૂ.મ.સા.ની બીજી પ્રતિમાને "મત્થએણ વંદામિ"
- ❖ અમિઝરાના ભોંયરામાં જ્યાં પાંચમું ચૈત્યવંદન થાય છે, તે અમિઝરા પાર્શ્વનાથ ભગવાનને "નમો જિણાણં"
- ❖ ભમતીમાં બિરાજમાન પ્રભુજીને "નમો જિણાણં"

**મેરકવસીની ટૂંક (કુલ ૧૨૦ પ્રભુજી)**

- ❖ પંચમેરુના જિનાલયે ઋષભદેવ આદિ ૨૦ પ્રભુને "નમો જિણાણં"
- ❖ અદબદજી જિનાલયે ૧૫૧ ઈંચના આદિનાથ પ્રભુને "નમો જિણાણં"

**મેરકવસી જિનાલય (કુલ ૯૯ પ્રભુજી)**

- ❖ બીજા રંગમંડપમાં બિરાજમાન પાર્શ્વનાથ ચોવીસી આદિ ૨ પ્રભુજીને "નમો જિણાણં"
- ❖ પહેલા રંગમંડપમાં બિરાજમાન ૧૦ પ્રભુજીને "નમો જિણાણં"
- ❖ ગભારામાં મૂળનાયક શ્વેતવર્ણના સહસ્ત્રફણા પાર્શ્વનાથ આદિ પાંચ પ્રભુજીને "નમો જિણાણં"
- ❖ આરસના નવપદના મોટા ગટ્ટાને "નમો જિણાણં"
- ❖ ભમતીમાં મોટી દેરીમાં અષ્ટાપદના ૨૪ પ્રભુને "નમો જિણાણં"
- ❖ મૂળનાયકની પાછળની દેરીમાં નીલવર્ણના મહાવીર પ્રભુને તથા કાઉસ્સગીયા પાર્શ્વનાથ ભગવાનને "નમો જિણાણં"
- ❖ ભમતીમાં મોટી દેરીમાં ચૌમુખજી શાંતિનાથ દાદાને "નમો જિણાણં"
- ❖ ભમતીમાં બિરાજમાન બાવન (૫૨) પ્રભુજીને "નમો જિણાણં"





## સગરામ (સંગ્રામ) સોનીની ટૂંક (કુલ ૮૩ પ્રભુજી)

- ❖ ગભારામાં મૂળનાયક શ્વેતવર્ણના સહસ્ત્રફણા પાર્શ્વનાથ આદિ ૭ પ્રભુજીને "નમો જિણાણં"
- ❖ રંગમંડપમાં ૩ પ્રભુજીને "નમો જિણાણં"
- ❖ રંગમંડપમાં નંદીશ્વરદ્વીપ, પ્રભુ સહિત ચોવીસ જિન માતાના પટને "નમો જિણાણં"
- ❖ ભમતીમાં બિરાજમાન ૭૩ પ્રભુજીને "નમો જિણાણં"

## કુમારપાળ મહારાજાની ટૂંક (કુલ ૩ પ્રભુજી)

- ❖ ગભારામાં મૂળનાયક શ્વેતવર્ણના અભિનંદન સ્વામી આદિ ૩ પ્રભુજીને "નમો જિણાણ"
- ❖ રંગમંડપમાં અલગ - અલગ ગોખલામાં પ.પૂ. હેમચન્દ્રાચાર્ય તથા પૂ. શાંતિસૂરિ મ.સા. ને "મત્થએણ વંદામિ"
- ❖ કુમારપાળ મહારાજાને "પ્રણામ"

## માનસંગ ભોજરાજનું જિનાલય (કુલ ૩ પ્રભુજી)

- ❖ ગભારામાં મૂળનાયક શ્વેતવર્ણના સંભવનાથ આદિ ૩ પ્રભુજીને "નમો જિણાણં"

## વસ્તુપાળ-તેજપાળની ટૂંક (કુલ ૧૬ પ્રભુજી)

- ❖ ગભારામાં મૂળનાયક શામળા પાર્શ્વનાથ આદિ ૩ પ્રભુજીને "નમો જિણાણં"
- ❖ રંગમંડપમાં પાંચ પ્રભુજીને "નમો જિણાણં"
- ❖ રંગમંડપમાં પદ્માવતી દેવીને "પ્રણામ"
- ❖ ગોળ ગઢમાં ચૌમુખજીને "નમો જિણાણં"
- ❖ અષ્ટકોણ ગઢમાં ચૌમુખજીને "નમો જિણાણં"

## ગુમાસ્તાનું જિનાલય (કુલ ૨ પ્રભુજી)

- ❖ મૂળનાયક શ્વેતવર્ણના સંભવનાથને "નમો જિણાણં"
- ❖ રંગમંડપમાં પાર્શ્વનાથ પ્રભુને "નમો જિણાણં"





## સંપ્રતિ મહારાજાની ટૂંક (કુલ ૨૧ પ્રભુજી)

❖ ગભારામાં મૂળનાયક શ્યામવર્ણના નેમિનાથ આદિ ૭ પ્રભુજીને **"નમો જિણાણં"**

❖ રંગમંડપમાં ૧૪ પ્રભુજીને **"નમો જિણાણં"**

❖ રંગમંડપમાં શ્રુતદેવી મા સરસ્વતી દેવીને **"પ્રણામ"**

## જ્ઞાનવાવનું જિનાલય (કુલ ૪ પ્રભુજી)

❖ મૂળનાયક શ્વેતવર્ણના સંભવનાથ આદિ ચૌમુખજીને **"નમો જિણાણં"**

## નાગીમાતાની દેરી

❖ શ્યામવર્ણના નેમિપ્રભુને **"નમો જિણાણં"**

❖ અંબિકાદેવીને **"પ્રણામ"**

## ચન્દ્રપ્રભસ્વામીની ટૂંક (કુલ ૧ પ્રભુજી)

❖ મૂળનાયક શ્વેતવર્ણના ચન્દ્રપ્રભ સ્વામીને **"નમો જિણાણં"**

# ગજપદ કુંડના જલ સ્પર્શીને પાવન થઈએ...

## ધરમચંદ હેમચંદનું જિનાલય (કુલ ૯ પ્રભુજી)


❖ ગભારામાં મૂળનાયક શ્વેતવર્ણના શાંતિનાથ આદિ ૯ પ્રભુજીને **"નમો જિણાણં"**

## મલ્લવાળું જિનાલય (કુલ ૩ પ્રભુજી)

❖ મૂળનાયક શ્વેતવર્ણના શાંતિનાથ આદિ ૩ પ્રભુજીને **"નમો જિણાણં"**

## ચૌમુખજી જિનાલય (કુલ ૪ પ્રભુજી)

❖ મૂળનાયક શ્યામવર્ણના નેમિનાથ આદિ ૪ પ્રભુજીને **"નમો જિણાણં"**



**રહનેમિનું જિનાલય (કુલ ૧ પ્રભુજી)**

- ❖ મૂળનાયક શ્યામવર્ણના સિદ્ધાત્મા રહનેમિ પ્રભુજીને — **"નમો જિણાણં"**
- ❖ અંબાજી ટૂંક પાછળ શાંબ મુનિના પગલાંને — **"નમો સિદ્ધાણં"**
- ❖ ગોરખનાથ ટૂંકે પ્રદ્યુમ્ન મુનિના પગલાંને — **"નમો સિદ્ધાણં"**
- ❖ ઓઘડટૂંકે નેમિનાથ ભગવાનના પગલાંને — **"નમો જિણાણં"**
- ❖ પાંચમી ટૂંકે નેમિનાથ ભગવાનની મૂર્તિ તથા પગલાંને — **"નમો જિણાણં"**

**હવે ચાલો સહસાવન તરફ...**

- ❖ ગૌમુખી ગંગાના મંદિરમાં ચોવીસ જિનના પગલાંને — **"નમો જિણાણં"**

**સહસાવન સમવસરણ મંદિર (કુલ ૫૭ પ્રભુજી)**

- ❖ જિનાલયના દ્વાર પાસે માણિભદ્ર વીર તથા સરસ્વતી દેવીને — **"પ્રણામ"**
- ❖ જિનાલયમાં પ્રવેશતાં ગોમેધ યક્ષ-અંબિકાદેવીને — **"પ્રણામ"**
- ❖ સમવસરણમાં બિરાજમાન મૂળનાયક ચૌમુખજી નેમિનાથ દાદા સહિત ૮ પ્રભુજીને — **"નમો જિણાણં"**
- ❖ પહેલા રંગમંડપમાં પરિકરયુક્ત અનાગત ચોવીસીના પદ્મનાભ ભગવાન સહિત ૨૪ પીળા વર્ણના પ્રભુજીને — **"નમો જિણાણં"**
- ❖ પહેલા રંગમંડપમાં અતીત ચોવીસીના ૧૦ પ્રભુજી અને શ્યામવર્ણના નેમિનાથ ભગવાનને (૧૧) — **"નમો જિણાણં"**
- ❖ બીજા રંગમંડપમાં શ્યામવર્ણના જીવિત સ્વામી નેમિનાથ પ્રભુજીને — **"નમો જિણાણં"**
- ❖ ત્રીજા રંગમંડપમાં ચૌમુખજી પ્રભુને (૪) — **"નમો જિણાણં"**
- ❖ બીજા-ત્રીજા-ચોથા રંગમંડપમાં નેમિપ્રભુના ૧૮ ગણધરને — **"મત્થએણ વંદામિ"**
- ❖ એક ગોખલામાં ધાતુના ૭ પ્રભુજીને — **"નમો જિણાણં"**
- ❖ નીચેના રંગમંડપોમાં પૂ.આ. હિમાંશુસૂરિ મહારાજના ઉપકારી ગુરુભગવંતોના પગલાંને — **"મત્થએણ વંદામિ"**



- ❖ શંખગુફામાં શ્યામવર્ણના નેમિનાથ દાદાને — **"નમો જિણાણં"**
  તથા સિદ્ધાત્મા રહનેમિજીને — **"નમો સિદ્ધાણં"**
- ❖ જિનાલયની બહાર નીકળી ૧૦ પગથિયાં ઉતરતાં
  આ. હિમાંશુસૂરિ મહારાજની અંતિમ સંસ્કારભૂમિએ પગલાંને — **"મત્થએણ વંદામિ"**
- ❖ આ અંતિમ સંસ્કારભૂમિની ઉપર દેખાતી પાંચમી ટૂંક
  (નેમિનાથ મોક્ષકલ્યાણક ભૂમિ)ને — **"નમો જિણાણં"**
- ❖ ૬૦ પગથિયાં ઉતરી નેમિનાથ કેવલજ્ઞાનભૂમિએ નેમિપ્રભુના પગલાંને — **"નમો જિણાણં"**
- ❖ રાજીમતી અને રહનેમિજીના પગલાંને — **"નમો સિદ્ધાણં"**
- ❖ ૧૫ પગથિયાં ઉતરી નેમિનાથ દીક્ષા કલ્યાણકભૂમિએ
  નેમિપ્રભુના પગલાંને — **"નમો જિણાણં"**
- ❖ તળેટી ઉતરીને ગિરનાર ગિરિરાજને — **"નમો તિથ્થસ્સ"**








# શ્રી ગિરનારજી મહાતીર્થનાં
# મહાકલ્યાણકારી ૧૦૮ નામ

૧.કૈલાસગિરયે નમો નમઃ
૨.ઉજ્જયંતગિરયે નમો નમઃ
૩.રૈવતગિરયે નમો નમઃ
૪.સ્વર્ણગિરયે નમો નમઃ
૫.ગિરનારગિરયે નમો નમઃ
૬.નંદભદ્રગિરયે નમો નમઃ
૭.પારસગિરયે નમો નમઃ
૮.યોગેન્દ્રગિરયે નમો નમઃ
૯.સનાતનગિરયે નમો નમઃ
૧૦.સુરભિગિરયે નમો નમઃ
૧૧.ઉદયગિરયે નમો નમઃ
૧૨.તાપસગિરયે નમો નમઃ
૧૩.આલંબનગિરયે નમો નમઃ
૧૪.પરમગિરયે નમો નમઃ
૧૫.શ્રીગિરયે નમો નમઃ
૧૬.સપ્તશિખરગિરયે નમો નમઃ
૧૭.ચૈતન્યગિરયે નમો નમઃ
૧૮.અવ્યયગિરયે નમો નમઃ
૧૯.ધ્રુવગિરયે નમો નમઃ
૨૦.પરમોદયગિરયે નમો નમઃ
૨૧.નિસ્તારગિરયે નમો નમઃ
૨૨.પાપહરગિરયે નમો નમઃ
૨૩.કલ્યાણકગિરયે નમો નમઃ
૨૪.વૈરાગ્યગિરયે નમો નમઃ
૨૫.પુણ્યદાયકગિરયે નમો નમઃ
૨૬.સિદ્ધપદગિરયે નમો નમઃ
૨૭.દૃષ્ટિદાયકગિરયે નમો નમઃ
૨૮.ઈન્દ્રગિરયે નમો નમઃ
૨૯.નિરંજનગિરયે નમો નમઃ
૩૦.વિશ્રામગિરયે નમો નમઃ
૩૧.પંચમગિરયે નમો નમઃ
૩૨.ભવચ્છેદકગિરયે નમો નમઃ
૩૩.આશ્રયગિરયે નમો નમઃ
૩૪.સ્વર્ગગિરયે નમો નમઃ
૩૫.સમત્વગિરયે નમો નમઃ
૩૬.અમલગિરયે નમો નમઃ
૩૭.જ્ઞાનોદ્યોતગિરયે નમો નમઃ
૩૮.ગુણનિધિગિરયે નમો નમઃ
૩૯.સ્વયંપ્રભગિરયે નમો નમઃ
૪૦.અપૂર્વગિરયે નમો નમઃ
૪૧.પૂર્ણાનંદગિરયે નમો નમઃ
૪૨.અનુપમગિરયે નમો નમઃ
૪૩.પ્રભંજનગિરયે નમો નમઃ
૪૪.પ્રભવગિરયે નમો નમઃ
૪૫.અક્ષયગિરયે નમો નમઃ
૪૬.રત્નગિરયે નમો નમઃ
૪૭.પ્રમોદગિરયે નમો નમઃ
૪૮.પ્રશાંતગિરયે નમો નમઃ
૪૯.પદ્મગિરયે નમો નમઃ
૫૦.સિદ્ધશેખરગિરયે નમો નમઃ
૫૧.ચંદ્રગિરયે નમો નમઃ
૫૨.સુરજગિરયે નમો નમઃ
૫૩.ઈન્દ્રપર્વતગિરયે નમો નમઃ
૫૪.આત્માનંદગિરયે નમો નમઃ






૫૫.આનંદધરગિરયે નમો નમઃ
૫૬.સુખદાયીગિરયે નમો નમઃ
૫૭.ભવ્યાનંદગિરયે નમો નમઃ
૫૮.પરમાનંદગિરયે નમો નમઃ
૫૯.ઈષ્ટસિદ્ધિગિરયે નમો નમઃ
૬૦.રામાનંદગિરયે નમો નમઃ
૬૧.ભવ્યાકર્ષણગિરયે નમો નમઃ
૬૨.દુઃખહરગિરયે નમો નમઃ
૬૩.શિવાનંદગિરયે નમો નમઃ
૬૪.ઉજ્વલગિરયે નમો નમઃ
૬૫.આનંદગિરયે નમો નમઃ
૬૬.તીર્થોત્તમગિરયે નમો નમઃ
૬૭.મહેશ્વરગિરયે નમો નમઃ
૬૮.રમ્યગિરયે નમો નમઃ
૬૯.બોધિદાયકગિરયે નમો નમઃ
૭૦.મહોદ્યોતગિરયે નમો નમઃ
૭૧.અનુત્તરગિરયે નમો નમઃ
૭૨.પ્રશમગિરયે નમો નમઃ

૭૩.મોહભંજકગિરયે નમો નમઃ
૭૪.પરમાર્થગિરયે નમો નમઃ
૭૫.શિવસ્વરૂપગિરયે નમો નમઃ
૭૬.લલિતગિરયે નમો નમઃ
૭૭.અમૃતગિરયે નમો નમઃ
૭૮.દુર્ગતિવારણગિરયે નમો નમઃ
૭૯.કર્મક્ષાયકગિરયે નમો નમઃ
૮૦.અજેયગિરયે નમો નમઃ
૮૧.સત્ત્વદાયકગિરયે નમો નમઃ
૮૨.વિરતિગિરયે નમો નમઃ
૮૩.વ્રતગિરયે નમો નમઃ
૮૪.સંયમગિરયે નમો નમઃ
૮૫.સર્વજ્ઞગિરયે નમો નમઃ
૮૬.કેવલગિરયે નમો નમઃ
૮૭.જ્ઞાનગિરયે નમો નમઃ
૮૮.નિર્વાણગિરયે નમો નમઃ
૮૯.તારકગિરયે નમો નમઃ
૯૦.શિવગિરયે નમો નમઃ

૯૧.હંસગિરયે નમો નમઃ
૯૨.વિવેકગિરયે નમો નમઃ
૯૩.મુક્તિરાજગિરયે નમો નમઃ
૯૪.મણિકાન્તગિરયે નમો નમઃ
૯૫.મહાયશગિરયે નમો નમઃ
૯૬.અવ્યાબાધગિરયે નમો નમઃ
૯૭.જગતારકગિરયે નમો નમઃ
૯૮.વિલાસગિરયે નમો નમઃ
૯૯.અગમ્યગિરયે નમો નમઃ
૧૦૦.સુગતિગિરયે નમો નમઃ
૧૦૧.વીતરાગગિરયે નમો નમઃ
૧૦૨.ચિંતામણિગિરયે નમો નમઃ
૧૦૩.અતુલગિરયે નમો નમઃ
૧૦૪.મહાવૈદ્યગિરયે નમો નમઃ
૧૦૫.પાવનગિરયે નમો નમઃ
૧૦૬.અચલગિરયે નમો નમઃ
૧૦૭.લબ્ધિગિરયે નમો નમઃ
૧૦૮.સૌભાગ્યગિરયે નમો નમઃ
(ગુણવંતગિરયે નમો નમઃ)

**શ્રી ગિરનારજી મહાતીર્થના શાસ્ત્રાધારે છ આરાના છ નામો જોવામાં આવે છે, પરંતુ તીર્થભક્તિ માટે તેના વિવિધ ગુણાનુસાર આ ૧૦૮ નામોની રચના કરવામાં આવી છે.**





વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાન સહિત
અનંતા તીર્થંકરોના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણકથી પાવન બનેલ ગરવા ગઢ
ગિરનાર મહાતીર્થની આરાધનાર્થે

# ગિરનારતપ આરાધના

બાવીસમા શ્રી નેમિનાથ ભગવાન તથા અનંતા તીર્થંકરોના કલ્યાણકની આરાધનાર્થે થતાં આ તપમાં કુલ બાવીસ ઉપવાસ કરવા.

આ તપમાં પહેલાં છટ્ઠથી શરૂઆત કરીને પારણામાં બેસણા સાથે એકાંતરે આઠ ઉપવાસ કરવા, પછી અટ્ઠમ કરવો, ત્યારપછી એકાંતરે ૭ ઉપવાસ કરીને છેલ્લે એક છટ્ઠ કરવો.

આ રીતે કુલ ૩૯ દિવસમાં બાવીસમા નેમિનાથ ભગવાનને મુખ્ય રાખી આ તીર્થમાંથી સિદ્ધપદ પામેલ અનંતા તીર્થંકર પરમાત્માની આરાધના સ્વરૂપે કુલ ૨૨ ઉપવાસ કરવા, જો ચોમાસામાં આ તપ કરાવવામાં આવે તો તેમાં શક્ય હોય તો શ્રાવણ સુદ-૪ના મહિનાનું ઘર, શ્રાવણ સુદ-૫ નેમિનાથ ભગવાનનો જન્મકલ્યાણક દિવસ તથા શ્રાવણ સુદ ૬ નેમિનાથ ભગવાનનો દીક્ષાકલ્યાણક દિવસ એ ત્રણ દિવસનો અટ્ઠમ થાય તેવો ખાસ પ્રયત્ન કરવો. આ તપમાં એક સાથે સળંગ બે પારણા ન કરવા, પરંતુ શક્તિ અને ભાવના અનુસાર એક સાથે વધારે ઉપવાસ કરીને કુલ ૨૨ ઉપવાસની આરાધના કરી શકાય.

પ્રથમ છટ્ઠમાં બન્ને દિવસે "ઉજ્જિંત સેલ સિહરે દિક્ખા નાણં નિસ્સીહિઆ જસ્સ, તમ્ ધમ્મ ચક્કવટ્ટીં, અરિટ્ઠનેમિં નમંસામિ" આ પદની ૨૦ માળા ગણવી.

અટ્ઠમમાં પ્રથમ દિવસે નેમિનાથ સહિત અનંત તીર્થંકર પ્રભુના ચ્યવનકલ્યાણકની આરાધનાર્થે **"શ્રી નેમિનાથ સહ અનંતજિન પરમેષ્ઠિને નમઃ"** ૨૦ નવકારવાળી ગણવી.

બીજા દિવસે શ્રી નેમિનાથ સહિત અનંતા તીર્થંકર પ્રભુના જન્મકલ્યાણકની આરાધનાર્થે **"શ્રી નેમિનાથ સહ અનંતજિન અર્હતે નમઃ"** ૨૦ નવકારવાળી ગણવી.

ત્રીજા દિવસે નેમિનાથ સહિત અનંતા તીર્થંકર પ્રભુના દીક્ષાકલ્યાણકની આરાધનાર્થે **"શ્રી નેમિનાથ સહ અનંતજિન નાથાય નમઃ"** ૨૦ નવકારવાળી ગણવી.





છેલ્લા છટ્ઠ દરમ્યાન પહેલા દિવસે નેમિનાથ સહિત અનંતા તીર્થંકર પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકની આરાધનાર્થે

**"શ્રી નેમિનાથ સહ અનંતજિન સર્વજ્ઞાય નમઃ"** ૨૦ નવકારવાળી ગણવી.

બીજા દિવસે નેમિનાથ સહિત અનંતા તીર્થંકર પ્રભુના મોક્ષકલ્યાણકની આરાધનાર્થે શ્રી **"નેમિનાથ સહ અનંતજિન પારંગતાય નમઃ"** ૨૦ નવકારવાળી ગણવી.

રોજની આરાધના **"ૐ હ્રીં અર્હં શ્રી નેમિનાથ સહ અનંતજિનાય નમઃ"** પદની **૨૦ માળા,**

**સાથિયા - ૨૨,**

## ૨૨ ખમાસમણાના દુહા

❖ રૈવતગિરિ સમરું સદા, સોરઠ દેશ મોઝાર;
માનવભવ પામી કરી, ધ્યાવું વારંવાર.

કૈલાસ ગિરિવરે શિવવર્યા, તીર્થંકરો અનંત;
આગે અનંતા પામશે, તીરથ કલ્પ વદંત. (આ બન્ને દુહા બોલીને ખમાસમણ દેવું.)

❖ શ્રી ગિરનાર મહાતીર્થ આરાધનાર્થે
**કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં શ્રી ગિરનાર મહાતીર્થ આરાધનાર્થં કાઉસ્સગ્ગં વંદણવત્તિયાએ પૂઅણવત્તિયાએ...**

વગેરે સૂત્ર બોલીને ૨૨ લોગસ્સ ન આવડે તો ૮૮ નવકારનો કાઉસ્સગ્ગ કરવો પછી એક લોગસ્સ પ્રગટ બોલવો.

(તપાવલીમાં ગિરનારતપ જોવામાં આવતો નથી, પરંતુ ગિરનાર મહાતીર્થના ઉત્કર્ષાર્થે આ તીર્થની વિશેષ આરાધના માટે આ વિધિ તૈયાર કરવામાં આવેલી છે)



# અમાસના દિવસે કલ્યાણકારી કલ્યાણકભૂમિની સ્પર્શના

દેવાંગના ને દેવતાઓ, જેની સેવના ઝંખતા,
મળી તીર્થકલ્પો વળી, જેના ગુણલાં ગાવતા,
જિનો અનંતા જે ભૂમિએ, પરમપદને પામતા,
એ ગિરનારને વંદતા, મુજ જન્મ આજ સફળ થયો.


શાસ્ત્રકારો ફરમાવે છે કે...

ગિરનાર મહાતીર્થ મધ્યે આજપર્યંત અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા, કેવળ અને મોક્ષ કલ્યાણક થયેલ છે, તથા અન્ય અનંતા તીર્થંકર પરમાત્માના માત્ર મોક્ષકલ્યાણક થયા છે.

આ મહાતીર્થ ઉપર થયેલ અનંતા તીર્થંકર પરમાત્માના કલ્યાણક દિવસોની તિથિ તથા ચોક્કસ સ્થાનથી પણ આપણે આજે અજ્ઞાત છીએ ત્યારે આપણા જન્મો જનમના અજ્ઞાન તિમિરને દૂર કરવા.

ચાલો ! શ્રી નેમિનાથ પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકની માસિક તિથિના દિવસે આ કલ્યાણકભૂમિની સ્પર્શના-ભક્તિની સાથે સાથે ભૂતકાળમાં થયેલ અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષાકલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક અને મોક્ષકલ્યાણકની પાવનભૂમિની પણ સ્પર્શના-ભક્તિની આરાધના દ્વારા આપણા અનંતા જન્મોના વિષય-કષાયના કર્મમલને દૂર કરી આત્મકલ્યાણની આરાધના કરીએ.

શ્રી નેમિપ્રભુના કેવળજ્ઞાનકલ્યાણક અવસરે અમાસના દિવસે કરોડો દેવતાઓ દ્વારા સમવસરણની રચના થઈ હતી. ત્યારે શ્રી નેમિપ્રભુના શાસનના તથા શ્રી ગિરનારજી મહાતીર્થના અધિષ્ઠાયિકા દેવી તરીકે અંબિકાદેવીની સ્થાપના પણ અમાસના દિવસે જ થઈ હતી. જે આજે પણ આ ગિરનાર મહાતીર્થની રક્ષા કરી રહ્યા છે.






આ શ્રીનેમિનાથ પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણક દિન તથા નેમિનાથ પ્રભુના શાસનના અધિષ્ઠાયિકા અંબિકાદેવીના ઉત્પત્તિ દિનની દર મહિને આરાધના કરવા માટે

**દર માસની અમાસે ગિરનારજી મહાતીર્થની યાત્રા કરવા અવશ્ય પધારો !**

## સાધુ-સાધ્વીજી ભગવંતો માટેના વિહાર માર્ગો

- પાલીતાણા-ગારીયાધાર-અમરેલી-બગસરા-ગિરનાર (૧૮૦ કિ.મી.)
- પાલીતાણા-ગારીયાધાર-અમરેલી-ચિતલ-દેરડી- જેતપુર-ગિરનાર (૨૧૦ કિ.મી.)
- પાલીતાણા-ગારીયાધાર-અમરેલી-બગસરા-રાણપુર- ગિરનાર (૧૮૦ કિ.મી.)
- પાલીતાણા-જેસર-સાવરકુંડલા-બગસરા-બિલખા- ગિરનાર (૧૯૫ કિ.મી.)
- પાલીતાણા-મહુવા-ઉના-અજાહરા-વેરાવળ- માંગરોળ-વંથલી-ગિરનાર (લગભગ ૩૫૦ કિ.મી.)
- અજાહરા-ઉના-પ્રભાસપાટણ-વેરાવળ-માંગરોળ-વંથલી-ગિરનાર (૧૮૫ કિ.મી.)
- પોરબંદર-બળેજ-વંથલી-ગિરનાર (૧૧૦ કિ.મી.)
- પાટણવાવ-છત્રાસા-વંથલી-ગિરનાર (૪૮ કિ.મી.)
- પાટણવાવ-મોટીમારડ-મજેવડી-ગિરનાર (૩૭ કિ.મી.)
- જામનગર-કાલાવાડ-જામકંડોરણા-ધોરાજી-ગિરનાર (૧૪૫ કિ.મી.)
- જામનગર-ભાણવડ-ઉપલેટા-ધોરાજી-ગિરનાર (૧૭૫ કિ.મી.)
- રાજકોટ-ગોંડલ-જેતપુર-ગિરનાર (૧૦૫ કિ.મી.)
- ધંધુકા-વિંછીયા-જસદણ-આટકોટ-ગોંડલ-જેતપુર-ગિરનાર (૨૦૦ કિ.મી.)
- અમદાવાદ-કલીકુંડ-કોઠ-ફેદરા-ધંધુકા-રાણપુર-વિંછીયા- ગોંડલ-જેતપુર-ગિરનાર (૩૨૦ કિ.મી.)
- અમદાવાદ-સાણંદ-વિરમગામ-સુરેન્દ્રનગર-ડોળીયા-ચોટીલા-ગોંડલ-જેતપુર-ગિરનાર (૩૪૦ કિ.મી.)






# શ્રી ગિરનાર મહાતીર્થની ૯૯ યાત્રાની વિધિ

શ્રી ગિરનાર મહાતીર્થ પૂર્વે અનંતા તીર્થંકરોના કલ્યાણક અને વર્તમાન ચોવીસીના બાવીસમા બાલબ્રહ્મચારી નેમિનાથ પરમાત્માના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ કલ્યાણક દ્વારા આ પુનિતભૂમિ પાવનકારી બનેલ છે. આવતી ચોવીસીના ૨૪ તીર્થંકરો મોક્ષે જવાના છે. આ મહાતીર્થની ૯૯ યાત્રાની વિધિ માટે શાસ્ત્રોમાં વિશેષ કોઈ ઉલ્લેખ આવતો નથી, પરંતુ આ ચોવીસીમાં પશ્ચિમ ભારતમાં તીર્થંકરના માત્ર આ ત્રણ કલ્યાણકો જ થવા પામ્યા હોવાથી તે મહાકલ્યાણકારી ભૂમિનાં દર્શન-પૂજન અને સ્પર્શન દ્વારા અનેક ભવ્યજનો આત્મકલ્યાણની આરાધનામાં વિશેષ વેગ લાવી શકે તે માટે પુષ્ટ આલંબન સ્વરૂપે ગિરનાર - ગિરિવરની ૯૯ યાત્રાઓનું આયોજન કરાય છે.

વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને નીચે મુજબ યાત્રા કરી શકાય.

❖ **ગિરનારના પાંચ ચૈત્યવંદન તથા ૯૯ યાત્રાની સમજ**

- કાંતાબા સંકુલમાં આદિનાથ ભગવાનના જિનાલયમાં પ્રથમ ચૈત્યવંદન કરવું.
- આ સંકુલમાં નિર્માણ પામેલ વિશાળ જય તળેટીમાં પાંચ પરમાત્માના પગલાંની દેરી તથા ગિરિશિલા સન્મુખ બીજુ ચૈત્યવંદન કરવું. પછી ડુંગર ચઢતાં પાંચમા પગથિયે જમણી બાજુ નેમિનાથ ભગવાનના પગલાંની દેરીમાં પગલાં અને શાસનદેવી અંબિકાદેવીનાં દર્શન કરી નિર્વિઘ્ને યાત્રા થાય તે માટે પ્રાર્થના કરવી.
- ડુંગર ચઢતાં લગભગ ૩૮૦૦ પગથિયે પહેલી ટૂંકમાં નેમિનાથ દાદાના મુખ્ય જિનાલયમાં મૂળનાયક નેમિનાથ દાદાનું ત્રીજુ ચૈત્યવંદન કરવું.
- મૂળ દેરાસર પાછળ આદિનાથના દેરાસરે ચોથુ ચૈત્યવંદન કરવું.



- અમિઝરા પાર્શ્વનાથનું પાંચમુ ચૈત્યવંદન કરવું. ત્યાંથી સહસાવન (દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણક) અથવા જયતળેટી આવતાં પ્રથમ યાત્રા પૂર્ણ થયેલ કહેવાય. પછી પાછા જયતળેટીથી અથવા સહસાવનથી ઉપર ચડતાં પૂર્વમુજબ બે ચૈત્યવંદન કરવાં. આ રીતે બેમાંથી કોઈપણ સ્થાનેથી પુનઃ દાદાની ટૂંકે દર્શન ચૈત્યવંદન કરી, આ બેમાંથી કોઈપણ સ્થાને નીચે ઉતરતાં બીજી યાત્રા થઈ ગણાય. ક્રમશઃ આ મુજબ ૧૦૮ વખત દાદાની ટૂંકની સ્પર્શના કરવી આવશ્યક છે.

❖ **નિત્ય આરાધના**

- ઉભયટંક પ્રતિક્રમણ
- નિત્ય જિનપૂજા તથા ૯૯ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત દરેક દેરાસરમાં (૧૪) મૂળનાયક દાદાનું દેવવંદન.
- ઓછામાં ઓછું એકાસણાનું પચ્ચક્ખાણ.
- ભૂમિ સંથારો.
- દરેક યાત્રામાં મૂળનાયકની ૩ પ્રદક્ષિણા.
- 'ઉજ્જિંત સેલ સિહરે દીક્ખા નાણં નિસ્સીહીઆ જસ્સ,
  તં ધમ્મચક્કવટ્ટીં અરિટ્ટનેમિં નમંસામિ.'

  (અથવા)

  ૐ હ્રીં અર્હં શ્રી નેમિનાથાય નમઃ'' આ પદની ૨૦ માળા ગણવી.
- ''શ્રી રૈવતગિરિ મહાતીર્થ આરાધનાર્થં.....''
  ૯ લોગસ્સ સંપૂર્ણનો કાઉસ્સગ્ગ,
- ગિરનાર મહાતીર્થના ૯ ખમાસમણાં.

* ૯૯ યાત્રા દરમ્યાન ૧ વખત મુખ્ય દેરાસર સાથે મૂળનાયક દાદાની ૧૦૮ પ્રદક્ષિણા / ૧૦૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ / આખા ગિરનાર ગિરિવરની પ્રદક્ષિણા (લગભગ ૨૮ કી.મી.)
* યથાશક્તિ ચોવિહાર છટ્ઠ કરીને સાત યાત્રા.

❖ **ગિરનાર ગિરિવરની ૯૯ યાત્રા કેવી રીતે કરશો ?**

ગિરનારની ૯૯ યાત્રાથી આપ ગભરાઈ ગયા ? તેમાં ગભરાવાની કોઈ જરૂર નથી - હકીકતમાં શત્રુંજયની ૯૯ યાત્રા કરતાં તો ગિરનારની ૯૯ યાત્રા સાવ સરળ છે.

હા ! હા !! તેમાં આશ્ચર્ય પામવાની જરૂર નથી. શત્રુંજયની પ્રથમ યાત્રા લગભગ ૩૬૦૦ પગથિયાં થાય, ગિરનારની પહેલી યાત્રા લગભગ ૩૮૪૦ પગથિયાં થાય.

શત્રુંજયમાં બીજી યાત્રા માટે ઘેટીપાગના ૨૮૦૦ પગથિયાં ઉતરવાનાં થાય જ્યારે ગિરનારમાં બીજી યાત્રા માટે ૧૦૦૦ પગથિયાંનાં ડિસ્કાઉન્ટ સાથે સહસાવન સુધીનાં માત્ર ૧૮૦૦ પગથિયાં ઉતરવાનાં થાય.

**શત્રુંજયની ત્રણ યાત્રામાં જેટલા પગથિયાં થાય તેનાથી ઓછા પગથિયાંમાં ગિરનારની તો ચાર યાત્રા થઈ જાય એટલે ગિરનારની ૯૯ યાત્રા ખૂબ જ અઘરી છે, તેવો જરાપણ ભય ન રાખશો. કોઈપણ ડર રાખ્યા વગર ગિરનારની આ ૯૯ યાત્રાની અમૂલ્ય તક ચૂકશો નહીં.**



# સજ્જન ! સાદ સૂણજો...


મહાભાગ્યવાન્ !

જગપ્રસિદ્ધ ગિરનાર મહાતીર્થના આ અચિન્ત્ય મહિમાને જાણી ચાલો ! આજે જ સંકલ્પ કરીએ કે વર્ષોથી ચતુર્વિધ સંઘમાં અજ્ઞાત રહેલા ગિરનારના માહાત્મ્યની વાતોને સરોવરના જલ સમાન એક જ સ્થાનમાં સંગ્રહ ન કરતાં નદીના જલની માફક વહેતી રાખવાથી તેનો મહિમા ઘટ-ઘટ અને ઘર-ઘરમાં પ્રસરવા લાગશે. જગમાં સર્વશ્રેષ્ઠ તીર્થ તરીકે સ્થાન પામેલા આ તીર્થનું પુનઃ ઉત્થાન થઈ ચૂક્યું છે. ચાલો ! આપણે સૌ સાથે મળીને સૌને આ તીર્થના પ્રભાવનું આસ્વાદન કરાવવા પ્રબળ પુરૂષાર્થ કરીએ !

આ ગિરનાર મહાતીર્થની આરાધના - સાધના - ઉપાસના સૌને નિકટ મોક્ષગામી બનાવવામાં સહાયક બનશે. હવે ! દર વર્ષે ઓછામાં ઓછા એક વખત તો આ ગિરનાર મહાતીર્થની યાત્રાનો સંકલ્પ જરૂર કરીએ !

## બાલબ્રહ્મચારી શ્રી નેમિપ્રભુના કલ્યાણક દિન

| | | | |
|---|---|---|---|
| ❖ | ચ્યવનકલ્યાણક | આસો વદ-૧૨ | શૌરીપુરી |
| ❖ | જન્મકલ્યાણક | શ્રાવણ સુદ-૫ | શૌરીપુરી |
| ❖ | દીક્ષાકલ્યાણક | શ્રાવણ સુદ-૬ | સહસાવન (ગિરનાર) |
| ❖ | કેવળજ્ઞાનકલ્યાણક | ભાદરવા વદ અમાસ | સહસાવન (ગિરનાર) |
| ❖ | મોક્ષકલ્યાણક | અષાઢ સુદ-૮ | પાંચમી ટૂંક (ગિરનાર) |






# ગિરનાર વિષયક નવા પ્રકાશનો

**શાસન પ્રભાવક પ.પૂ.પં. ચન્દ્રશેખરવિજયજી ગણિવર્યના શિષ્યરત્ન**

**પ.પૂ.આ. ધર્મરક્ષિતસૂરિના શિષ્ય પ.પૂ.આ. હેમવલ્લભસૂરિ**

**લિખિત / સંકલિત સાહિત્ય**

૧. સૌ ચાલો ગિરનાર જઈએ.... ગુજરાતી
૨. ચલો ગિરનાર ચલે... હિન્દી
3. Come on move to Girnar
૪. ગિરનાર : ગ્રન્થોની ગોદમાં, ભાગ ૧-ગુજરાતી
૬. ગિરનાર યાત્રા વિધિ - હિન્દી
૭. ગિરનારની શોભા
૮. ગિરનાર કી શોભા - હિન્દી
૯. શ્રી ગિરનારજી શ્રી નવ્વાણું પ્રકારી પૂજા-ગુજરાતી
૧૦. ગિરનાર નેમિ ભક્તામર (પ્રાચીન)
૧૧. ગિરનાર ગીતગંગા (સ્તુતિ-થોય-સ્તવનાદિ)
૧૨. ચલા ગિરનારલા જાઊ - મરાઠી
૧૩. ગિરનાર ભક્તિ ત્રિવેણી સંગમ
૧૪. ગિરનાર ગ્રંથોની ગોદમાં, ભાગ ૨-૩ ગુજરાતી
૧૫. ગિરનાર સંવેદના (ભાવયાત્રા) (ગુજરાતી - હિન્દી - ઈંગ્લીશ)
૧૬. ગિરનાર ગીતગંગા (હિન્દી)
૧૭. ગિરનાર દર્શન યાત્રા (ગુજરાતી-હિન્દી-ઈંગ્લીશ)
૧૮. ગિરનાર જિનવર જુહારિએ (ગુજરાતી-હિન્દી)
૧૯. યાત્રા નવ્વાણુ કરીએ રૈવતગિરિ (હિન્દી)
૨૦. ગિરનારી નેમિભક્તામર (સચિત્ર) (ગુજરાતી - હિન્દી - ઈંગ્લીશ)
૨૧. ગિરનાર ગુણ ગાઓ સૌ
૨૨. ગિરનારની બાલવાર્તાઓ (ગુજરાતી)
૨૩. ગિરનાર કી બાલકથાએ (હિન્દી)
૨૪. GIRNAR`S CHILDREN STORIES
૨૫. ગિરનાર સ્પંદન
૨૬. ગિરનાર ગુણગુંજન






૧. નેમિનાથ જિનાલય




૨. મેરકવસી જિનાલય



૩. સંગ્રામ સોની જિનાલય




૪. કુમારપાળ જિનાલય




૫. ચંદ્રપ્રભ જિનાલય



૬. માનસંગ ભોજરાજ જિનાલય




૭. વસ્તુપાલ જિનાલય




૮. ગુમાસ્તા જિનાલય



૯. સંપ્રતિ જિનાલય



૧૦. જ્ઞાનવાવ જિનાલય



૧૧. ધરમચંદ હેમચંદ જિનાલય



૧૨. મલ્લવાળું જિનાલય



૧૩. ચૌમુખજી જિનાલય



૧૪. રહનેમિ જિનાલય

# ગિરનારનો મહિમા ન્યારો... એનો ગાતાં નાવે આરો...

दीक्षाकेवलं निवृत्ति कल्याणत्रिकमनंततीर्थकृतां ।
युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराजः ॥ (શ્રી ગિરનાર મહાતીર્થકલ્પ - શ્લોક-૪)

જ્યાં અનંતા તીર્થંકર ભગવંતોની દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ એમ ત્રણ કલ્યાણકો એક સાથે થયા છે અને અનંતાનું મોક્ષકલ્યાણક થયું છે, તે ગિરનાર ગિરિરાજ જય પામે છે.

नित्यानित्य स्थावरजंगमतीर्थाधिकं जगत् त्रितये ।
पर्वसु ससुरेन्द्रार्च्यः, स जयति गिरनारगिरिराजः ॥ (શ્રી ગિરનાર મહાતીર્થકલ્પ - શ્લોક-૨૦)

ત્રણ જગતમાં રહેલા નિત્ય અનિત્ય અર્થાત્ શાશ્વત - અશાશ્વત સ્થાવર જંગમતીર્થોથી જે અધિક શ્રેષ્ઠ છે અને પર્વ દિવસોમાં દેવો સહિત ઇન્દ્રો જેને પૂજે છે, તે ગિરનાર ગિરિરાજ જય પામે છે.

स्वर्भूर्भुवःस्थचैत्ये यस्याकारं सुरासुरनरेशाः ।
संपूजयन्ति सततं, स जयति गिरनारगिरिराजः ॥ (શ્રી ગિરનાર મહાતીર્થકલ્પ - શ્લોક-૫)

સ્વર્ગલોક, પાતાળલોક અને મૃત્યુલોકના ચૈત્યોમાં સુર, અસુર અને રાજાઓ જેના આકારને હંમેશા પૂજે છે, તે શ્રી ગિરનાર ગિરિરાજ જય પામે છે.

अन्यस्था अपि भविनो, यद्ध्यानाद् घातिकर्ममलमुक्तः ।
सेत्स्यंति भवचतुष्के, स जयति गिरनारगिरिराजः ॥ (શ્રી ગિરનાર મહાતીર્થકલ્પ - શ્લોક-૧૯)

બીજા સ્થાનમાં પણ રહેલા (અર્થાત્ ગિરનારથી દૂર ઘર-દુકાન-દેશ-વિદેશ ગમે તે સ્થાનમાં પણ રહીને) જે ભવ્ય જીવો ગિરનારનું ધ્યાન ધરે છે તે જીવો ઘાતીકર્મના મલ દૂર કરી ચાર ભવમાં મોક્ષ પામે છે, તે શ્રી ગિરનાર ગિરિરાજ જય પામે છે.

अन्यत्रापि स्थितः प्राणी, ध्यायन्नेनं गिरीश्वरम् ।
आगामिनि भवे भावी, चतुर्थे किल केवली ॥ (વસ્તુપાળચરિત્ર-પ્રસ્તાવ-૫, શ્લોક-૮૫)

અન્ય સ્થાને (ગિરનાર સિવાય) પણ રહેલો જીવ આ ગિરનાર ગિરીશ્વરનું ધ્યાન ધરે તો તે આગામી ચાર ભવમાં કેવલીપણાને પામી, મોક્ષપદને પ્રાપ્ત કરે છે.


महातीर्थमिदं तेन, सर्वपापहरंस्मृतम् ।शत्रुंजयगिरेरस्य, वन्दने सदृश फलम् ।
विधिनास्य सुतीर्थस्य, सिद्धान्तोक्तेन भावतः ।एकशोऽपिकृपा यात्रा, दत्ते मुक्तिं भवान्तरात् ॥
(વસ્તુપાળચરિત્ર-પ્રસ્તાવ-૫, શ્લોક-૮૦/૮૧)

ગિરનારનો અનેરો મહિમા હોવાથી આ ગિરિવરને સર્વ પાપને હરણ કરનાર કહેલ છે તથા શત્રુંજય અને ગિરનારને વંદન કરવામાં બન્નેનું એકસરખું ફળ કહેવામાં આવેલ છે.આ ગિરનાર મહાતીર્થની શાસ્ત્રાનુસાર ભાવપૂર્વક એકપણ યાત્રા કરવામાં આવે તો તે ભવાન્તરમાં મુક્તિપદને આપનાર બને છે.

ગિરનાર તીર્થની યાત્રા કરવા વર્ષમાં એકવાર આવવાનો સંકલ્પ કરવો.


શ્રી નેમિનાથ દીક્ષા કલ્યાણકની દેરી


સહસાવન


શ્રી નેમિનાથ કેવલજ્ઞાન કલ્યાણકની દેરી